# ગીરનાર માહાત્મ્ય.

અનેક ગ્રંથોને આધારે,

ડાયર બનાવનાર,



દોલતચંદ પુરૂષોત્તમ બરોડીઆ બી. એ.

પ્રમુખ, જૈનધર્મપ્રવર્તક સભા, અમદાવાદ.

મેંબર, જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગર.

આસિસ્ટંટ. માસ્તર, હાઇસ્કૂલ,

જુનાગઢ ઇત્યાદિ.


અમદાવાદ.

"આર્યોદય" પ્રેસમાં છાપ્યું.

કિંમત રૂ. ૧-૮-૦.

સંવત ૧૯૫૦. સને ૧૮૯૪.

६२१७

संशोध्याति परिश्रमेण नितरां चार्वक्षरै र्मुद्रयते
स्यात्तत्रापिच किंचिदीक्षणगतप्रमादादशुद्धं यदि
क्षांत्वा शोध्यमुदारबुद्धि विभवैः प्राज्ञैः कृपादृष्टितो
मिथ्यादुष्कृतमस्तु नम्रवचसा संप्रार्थये सज्जनान्॥ १॥

શેઠ સાહેબ. પ્રેમચંદ રાયચંદ,

મુંબઈ.

આપે બે લાખ રૂપિઆની બક્ષીસ આપી બોમ્બે યુનિવર્સિટિ લાઈબ્રેરી સ્થાપી છે તથા બીજા બે લાખ રૂપિઆ ખરચી મુંબઇમાં રાજાબાઇ ટાવર બંધાવ્યો છે. કલકત્તામાં ત્રણ લાખ રૂપીઆ આપી પ્રેમચંદ રાયચંદ સ્ટુડંટશીપ કહાડીછે. વળી જૈન યાત્રાળુઓના સુખાર્થે ઠામ. ઠામ ધર્મશાળાઓ કરાવી છે, અને બીજા લોકોપયોગી કામમાં લાખો રૂપિઆ વાપર્યા છે. આપ મારાં શુભેચ્છક તેમજ અભ્યાસના કાર્યમાં મદદ કરવામાં અગ્રેસર છો. ઈત્યાદિ કારણોથી આ ગીરનાર માહાત્મ્ય ગ્રંથ આપને અર્પણ કરવાની રજા લઉં છું તે આપ સ્વીકારશો.

તા. ૧ જુલાઇ ૧૮૯૪
જુનાગઢ.

હું છું,
આપનો તાબેદાર શેવક.
દોલતચંદ પુરૂષોત્તમ બરોડીઆ.

# ॥ मंगल कुसुमांजलि ॥

ओंकारं बिंदुसंयुक्तं नित्यं ध्यायंति योगिनः
कामदं मोक्षदं चैव ओंकाराय नमोनमः ॥१॥

अर्हंतो भगवंत इन्द्रमहिताः सिद्धाश्च सिद्धिस्थिताः
आचार्या जिनशासनोन्नतिकराः पूज्या उपाध्यायकाः
श्री सिद्धान्तसुपाठका मुनिवरा रत्नत्रयाराधकाः
पंचैते परमेष्ठिनः प्रतिदिनं कुर्वन्तु वो मंगलं ॥२॥

ख्यातोऽष्टापदपर्वतो गजपदः संमेतशैलाभिधः
श्रीमान् रैवतकः प्रसिद्धमहिमा शत्रुंजयः पावकः
वैभारो विपुलोर्बुदो गिरिवरः श्री चित्रकूटाचलः
तत्र श्री ऋषभादयो जिनवराः कुर्वन्तु वो मंगलं ॥३॥

नाभेयादिजिनाधिपास्त्रिभुवने ख्याताश्चतुर्विंशतिः
श्रीमंतो भरतेश्वरप्रभृतयो ये चक्रिणो द्वादश
ये विष्णुप्रतिविष्णुलांगलधराः सप्ताधिका विंशतिः
त्रैलोक्येऽभयदास्त्रिषष्टिपुरुषाः कुर्वन्तु वो मंगलं ॥४॥

ब्राह्मी चंदनबालिका भगवती राजीमती द्रौपदी
कौशल्या च मृगावती च सुलसा सीता च भद्रासती

कुंती शीलवती नलस्य दयिता चूला प्रभावत्यथ
पद्मावत्यपि सुंदरी दिनमुखे कुर्वंतु वो मंगलं ॥५॥
यः सर्वैरपि सेव्यते सुकृतिभिर्ध्यायंति यं योगिनो
येनातारि भवोदधि र्बुधजना यस्मै नमस्कुर्वते
यस्माद्ज्ञान धनागम स्त्रिभुवने यस्यास्त्यनंतं सुखं
लीनं यत्र सतां मनः स दिशताद्वः पुण्यभावं जिनः ॥६॥
किं कर्पूरमयं सुधारसमयं किं चंद्रज्योतिर्मयं
किं लावण्यमयं महामणिमयं कारुण्यकेलीमयं
विश्वानंदमयं महोदयमयं शोभामयं चिन्मयं
शुक्लध्यानमयं वपुर्जिनपते र्भूयाद्भवालंबनं ॥७॥
या कुंदेन्दुतुषारहारधवला या श्वेतपद्मासना
या वीणावरदंडमंडितकरा या शुभ्रवस्त्रैर्वृता
या ब्रह्माच्युतशंकरप्रभृतिभि र्देवैः सदा वंदिता
सा मां पातु सरस्वती भगवती निःशेष जाड्यापहा ॥८॥
अज्ञान तिमिरान्धस्य ज्ञानाञ्जनशलाकया
नेत्रमुन्मीलितं येन तस्मै श्री गुरवे नमः ॥९॥
सर्वारिष्ट प्रणाशाय सर्वाभिष्टार्थदायिने
सर्वलब्धि निधानाय गौतमस्वामिने नमः ॥१०॥

महत्वादीश्वरत्वाच्च यो महेश्वरतां गतः
रागद्वेषविनिर्मुक्तं देवं वंदे महेश्वरं ॥११॥
कृतारिष्टतमःशांतिश्चारु हेमतनुद्युतिः
प्रत्यादिष्टभवभ्रांतिः श्री शांतिर्जयताज्जिनः ॥१२॥
सुरासुरा अप्यतुलप्रमाणं नमंति बद्धांजलयो यमुच्चैः
ध्यायंति यं योगविदो हृदंतस्तं नेमिनाथं प्रणतः
स्तवीमि ॥१३॥
फणामणि कराद्यस्य मुखेन्दोर्नखदीधितेः
नम स्त्रिजगतों यातं स पार्श्वः पातु वो जिनः ॥१४॥
सुराद्रिं सुरनाथस्य संशयापनयाय यः
अकंपय त्त्रिधावीरः श्रीवीरः श्रेयसेस्तु वः ॥१५॥
सुरासुर शिरोरत्नरोचिः कंचुकितक्रमः
आदिनाथो जगन्नाथः पातु वः कर्ममाथकृत् ॥१६॥
यस्योपसर्गाःस्मरणे प्रयांति
विश्वे यदीयाश्च गुणा न मांति
मृगांकलक्ष्म्या कनकस्य कांतिः
संघस्य शांतिं स करोतु शांतिः ॥१७॥
कमलोदरकोमलपादतलं गणनापरिवर्जित बाहुबलं

प्रणमामि जगत्त्रयबोधिकरं गिरिनारविभूषणने-
मिजिनं ॥१८॥

वंदेहं पार्श्वनाथांघ्रिपंकजं सर्वसौख्यदं
समस्तमंगलश्रेणीलतापल्लवतोयदं ॥१९॥

वीरः सर्वसुरासुरेन्द्रमहितो वीरं बुधाः संश्रिताः
वीरेणाभिहतः स्वकर्मनिचयो वीराय नित्यं नमः
वीरात्तीर्थमिदं प्रवृत्तमतुलं वीरस्य घोरं तपो
वीरे श्रीधृतिकीर्तिकांतिनिलयो हे वीर भद्रं दिश ॥२०॥

त्रिभुवनाभयदानविधायिने
त्रिभुवनाद्भुतवांछितदायिने
त्रिभुवनप्रभुतापदशालिने
भगवते ऋषभाय नमो नमः ॥२१॥

अर्हच्चक्रिश्रियःस्वामी चामीकरसमप्रभः
स्तुत्यः सत्कृत्यलाभाय श्रीशांतिःशुभतातिकृत् ॥२२॥

नमोस्तु नेमये नम्रशचीकम्राय नायिने
द्वाविंशायार्हतेऽर्च्याय हरिवंश्याय योगिने ॥२३॥

विश्वाधीशं विश्वलोके पवित्रं
पापागम्यं मोक्षलक्ष्मीकलत्रं

अंभोजाक्षं सर्वदा सुप्रसन्नं
श्रीपार्श्वेशं नौमि शंखेश्वरस्थं ॥२४॥

स्नातस्याप्रतिमस्य मेरुशिखरे शच्या विभोः शैशवे
रूपालोकनविस्मयाहृतरसभ्रांत्या भ्रमच्चक्षुषा
उन्मृष्टं नयनप्रभाधवलितं क्षीरोदकाशंकया
वक्त्रं यस्य पुनःपुनः स जयति श्रीवर्धमानो जिनः॥२५॥

मल्लिनाथं सदा नौमि भोयणीग्रामभूषणं
वासुपूज्यं तथा वंदे वटपद्र निवासिनं ॥२६॥

सौराष्ट्रदेशे खलु रत्नतुल्यं सुतीर्थयुग्मं परिवर्ततेयत्
शत्रुंजयाख्यं गिरिनारसंज्ञं नमाम्यहं तद्बहुभाव
भक्त्या ॥२७॥

ज्योतिर्व्यंतरभावनामरगृहे मेरुकुलाद्रौ स्थिताः
जंबूशाल्मलिचैत्यशाखिषु तथा वक्षाररूप्याद्रिषु
इष्वाकारगिरौ च कुंडलनगे द्वीपे च नंदीश्वरे
शैलेये मनुजोत्तरे जिनगृहाः कुर्वंतु वो मंगलं ॥२८॥

पाताले यानि बिंबानि यानि बिंबानि भूतले
स्वर्गेपि यानि बिंबानि तानि वंदे निरंतरं ॥२९॥

योऽनंतोऽव्यक्तमूर्तिर्जगदखिलभवद्भावविभूतार्थमुक्तः

सर्वज्ञः सर्वदर्शी सकलजननतः संस्तुतः साधुसंघैः
अक्षीणः क्षीणकर्मा पवनपथमतिक्रम्य यो दूरवर्ती
स श्रीमानादिनाथस्तव दिशतु सदा मंगलं पुण्य
लभ्यः ॥३०॥

श्री शत्रुंजयशक्रवारणभवो मुक्तामणिः सच्छ्रियः
श्रेणिः पुण्यनभोमणिः शुभयशो वेणि स्त्रिलोकीगुरुः
श्रीमान्नाभिनरेंद्रवंशजमणिः श्रीमान्युगादिप्रभु
र्देयात्सौख्यमखंडितं कुवलयोद्बोधैकदोषा-
मणिः ॥३१॥

सकलकुशलवल्ली पुष्करावर्तमेघो
दुरित तिमिरभानुः कल्पवृक्षोपमानं
भवजलनिधिपोतः सर्वसंपत्तिहेतुः
स भवतु सततं वः श्रेयसे शांतिनाथः ॥३२॥

तुभ्यं नमस्त्रिभुवनार्तिहरायनाथ
तुभ्यं नमःक्षितितलामलभूषणाय
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय
तुभ्यं नमोजिन भवोदधिशोषणाय ॥३३॥

नेत्रानंदकरी भवोदधितरी श्रेयस्तरोर्मंजरी

श्रीमद्धर्ममहानरेंद्रनगरी व्यापत्ताधूमंरी
हर्षोत्कर्षशुभप्रभावलहरी रागद्विषं जित्वरी
मूर्तिःश्री जिनपुंगवस्य भवतु श्रेयस्करी [illegible] ॥३४॥
पुण्यानां विपणिस्तमोदिनमणिः कामेभकुंभसृणिः
मोक्षे निस्सराणिः सुरेन्द्रकरणी ज्योतिः प्रकाशारणिः
दाने देवमणि नंतोत्तमजनश्रेणिकृपासाराणिः
विश्वानंदसुधाघृणिर्भवभिदे श्रीपार्श्वचिंतामणिः॥३५॥
बुद्धस्त्वमेव विबुधार्चित बुद्धिबोधात्
त्वं शंकरोसि भुवनत्रय'शंकरत्वात्
धातासि धीर शीवमार्ग विधेर्विधानात्
व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोसि ॥३६॥
भव्यांभोजविबोधनैकतरणे विस्तारिकर्मावली
रंभासामज नाभिनंदन महानष्टापदाभासुरैः
भक्त्या वंदितपादपद्म विदुषां संपादय प्रोज्झिता
रंभासाम जनाभिनंदन महानष्टापदाभासुरैः ॥३७॥
मालामालानबाहुर्दधददधदरं यामुदारा मुदारा
लीनालीनामिहाली मधुरमधुरसां सूचितोमाचितो मा
पातात्पातात्स पार्श्वो रुचिररुचिरदो देवराजीवराजी

पत्रापत्रा यदीया तनुरतनुरवो नंदको नोदकोनो ॥३८॥

देवेन्द्रवंद्य विदिताखिलवस्तुसार
संसारतारक विभो भुवनाधिनाथ
त्रायस्व देव करुणाह्रद मां पुनीहि
सीदंतमद्य भयदव्यसनांबुराशेः ॥३९॥

स जयति परमात्मा केवलज्ञानमूर्तिः
दलितनिखिलकर्मा शाश्वतानंदमग्नः
हृदयकमलमंतर्यः सदालोक्यमानो
वितरति च मुमुक्षो र्मोक्षलक्ष्मीं प्रसन्नः ॥४०॥

# ઉપોદ્ઘાત.

અતીત, અનાગતને વર્તમાનકાળના અનંત તીર્થંકર, આ અવસર્પિણીના ચોવીસ અરિહંતના ૧૪૫૨ ગણેશ, તમા વાગીશ્વરી દેવીને ત્રિકરણ શુદ્ધિથી નમસ્કાર કરી વાંચકવર્ગને સવિનય વિદિત કરૂં છું કે શ્રી પરબ્રહ્મ પરમાત્માના પ્રસાદથી મને જે પુસ્તકો પ્રાપ્ત થયાં તેના અધારે મેં આ ગ્રંથ લખ્યો છે. તે છતાં અલ્પજ્ઞાનથી અથવા મતિ વિભ્રમથી કદાપિ ઉત્સૂત્ર કે શુદ્ધ માર્ગની વિરૂદ્ધ લખાયું હોય તો આરંભમાંજ હું મિથ્યા મે દુષ્કૃતં (મિચ્છામિ દુક્કડં) કરૂં છું. ને સર્વ સાહેબોની ક્ષમા યાચી વિજ્ઞાપના કરૂં છું કે તેઓ હંસની માફક સારનું ગ્રહણ કરી મારા દોષ મનેજ દર્શાવશે તો હું અતિ આભારી થઈશ.

જ્યારે હિમાદ્રિનું અવરેસ્ટશૃંગ ૨૯૦૦૦ ફુટ ઉંચું છે, જૈન લોકોનો પવિત્ર અર્બુદ ૫૬૫૦ ફુટ ઉંચો છે, બંગાળાનો પારસનાથ અથવા સમેતશિખરના અભિધાનથી ઓળખાતો પર્વત ૪૫૦૦ ફુટ તથા પાલીટાણાનો શેત્રુંજ્ય ૧૯૭૭ ફુટ ઉંચો છે, ત્યારે જીર્ણદુર્ગ જેને આધુનિકકાળના એક કવિએ કાશીની માશી કહેલી છે તેની પૂર્વદિશાએ આવેલો ગિરિનાર ગિરિ ૩૬૬૬ ફુટ ઉંચો છે, દ્વારિકા નગરી, જ્યાં હલધર ભ્રાતા ગિરિધરે કાલકુંવરના પ્રચંડ કોપથી મથુરા પુરીનો ત્યાગ કરી કરોડો યાદવો સહિત આવીને આશ્રય લીધો હતો; ઉષ્ણ વારિવાળા સાત કુંડવાળું તુલસીશ્યામ જ્યાં એમ કહેવાય છે કે કૃષ્ણ*દામોદરે જાલંદર દૈત્યની રૂપાળી સ્ત્રી તુલસીને ભ્રષ્ટ કરી

*દશ અવતાર—૧. મત્સ્ય. ૨. કૂર્મ. ૩. વરાહ. ૪. નરસિંહ. ૫. વામન. ૬ પરશુરામ. ૭. રામચંદ્ર. ૮. કૃષ્ણ. ૯. બુદ્ધ. ૧૦. કલ્કી.

તેજા વાળની તુલસી બનાવી ભકતપુરૂષોમાં તેની પાવનતા પ્રખ્યાત કરી; માધવપુર, જ્યાં બલરામબાંધવે સ્વપરાક્રમથી દુષ્મનના દલમાંથી રૂકિમણીનું હરણ કરી તેનું કરપીડન કર્યું હતું; સોમનાથ, જેનો ઈ. સ. ૧૦૨૪માં મહુમદ ઘઝનીએ નાશ કર્યો, તથા જ્યાં મહાદેવનાં દ્વાદશ* લિંગમાંનું એક લિંગ સર્વદા પ્રકાશે છે; પ્રાચીકુંડ, જ્યાં વૈષ્ણવ લોકો પાણી વડે પીંપળાનું પૂજન કરી શ્રાદ્ધથી પિતૃવર્ગને તૃપ્ત કરી પ્રેતાદિને નસાડી મૂકે છે; ભદ્રાવતી, જે સૂર્યની પુત્રી કહેવાય છે અને નવીબંદર આગળ પોતાના પ્રિયપતિ સાગરને મળે છે; ગઢડા, જ્યાં અર્વાચીન સમયમાં સ્વામિનારાયણે પોતાની મુખ્ય ગાદી સ્થાપી છે; સિદ્ધાચલ, જે સ્વર્ગપુરીની શોભાથી પરિપૂર્ણ છે; તથા જ્યાં નેમિનાથ શિવાયના ત્રેવીસ જીનેશ્વરોનું આગમન થયું હતું; ઇત્યાદિ અનેક તીર્થરૂપી અલંકારોથી સુશોભિત થયેલા સૌરાષ્ટ્ર દેશમાં સર્વ માનવોને મોક્ષનગરનો માર્ગ બતાવી સંસાર સમુદ્રમાંથી તારવાને તત્પર એવો ચાર નદી ને ચાર ડુંગરોથી વીંટાયલો ઉજ્જયંત પર્વત છે. ડાબી બાજુ તરફથી લખનાર, દાઢી રાખનાર, આથમતા રવિને પૂજનાર ને વામપાર્શ્વનાં બોરીઆંવાળાં અંગરક્ષક પહેરનાર મુસલમાન લોકો પણ ગ્રેનીટ પ્રસ્તરના ગિરનાર શિખરીને તેમજ રામંડલિકના વખતમાં સિંધના નગરઠઠ્ઠાથી પીરપટ્ટાએ મોકલેલા જીમીયલશાપીરનો જ્યાં કિલ્લો છે એવા દાતારના સુંદર ડુંગરને અત્યંત પવિત્ર ગણે છે; તેથી ભારતવર્ષ-

---

* ૧૨ શિવલિંગનાં નામ—મહાકાલ (ઉજ્જન), કેદારેશ (હિમાલય), વિશ્વેશ્વર (કાશી), સોમનાથ (પાટણ), ઓંકારેશ્વર (નર્મદા), ત્ર્યંબકેશ્વર (નર્મદા), વૈદ્યનાથ (દેવગઢ), ભીમશંકર (રાજમહેંદ્રિ), અમરેશ્વર (ઉજ્જન), રામેશ્વર (મદુરા), મલ્લિકાર્જુન (તૈલંગણ) અને ગૌતમેશ.

માં ભારે ભપકાથી દીપાયમાન તથા પ્રતિદિન સવાશેર સુવર્ણનું દાન આપે છે એવી જનકથા જેના વિષે ચાલે છે એવો આ જીવતો પ્રાચીનકાળનો જવાળામુખી પર્વત પોતાના પુણ્ય સ્પર્શથી મહી માતાને મંડન કરી રહ્યો છે, અને છાયા વડે પણ સ્પર્શ કરનાર પ્રાણિઓને સુખની પરંપરાનો સ્વાદ ચખાડી રહ્યો છે.

શાંતિનું સરોવર, આનંદનો અર્ણવ ને શોક તિમિર હરનાર સવિતા એવો સર્વ દૈવત રૈવતાચલ છે કે જ્યાં આવતી ઉત્સર્પિણીના ૨૪ તીર્થંકરોમાંથી ૨૨ તીર્થંકરો મુક્તિ પામશે.

દર્શનીય દેવાલયો, ગુહ્ય ગુફાઓ, અસલી શિલાલેખો, ચમત્કારિક ઔષધિઓ, સુવર્ણરજ, અબરખ, રકતમૃત્તિકા ઇત્યાદિ વસ્તુઓ જ્યાં જોવામાં આવે છે એવા ગીરનાર પર્વતનો ચઢાવ શહેરથી આશરે અઢી માઇલ ઉપર શરૂ થાય છે. મનોરંજક નવીન મકાનોની ભવ્યશોભાથી જેને નવાગઢ કહેવાનું મન થાય છે એવું આ જુનાગઢ શહેર કાઠીઆવાડ દ્વીપકલ્પના દક્ષિણ ભાગમાં દરીઆ કિનારેથી વીસ માઇલને અંતરે આવેલું છે. તેના ઉત્તર અક્ષાંસ ૨૦ ને પૂર્વ રેખાંશ ૭૦ છે.

વઢવાણથી ૧૯૮½ માઇલ તથા ભાવનગરથી ૧૨૬¾ માઇલ દૂર આવેલા રેલવે સ્ટેશનથી નીકળી રમણિક તથા રાક્ષસી રેગેટમાં દાખલ થઇ, મનુષ્યને ઉલ્લાસ ઉપજાવે એવા મનોહર મુકબરાઓને દક્ષિણ બાજુએ મૂકી ગંજાવર જેલ તરફની નવી સડક પકડી, જમણા હાથ તરફનો બજારમાં જવાનો રસ્તો છોડી દઇ, બારોબાર જઇએ તો શ્રાવક લોકોનાં દેવાલયો તથા અમદાવાદના નગર શેઠ. પ્રેમાભાઇ હેમાભાઇ તથા બાબુની ધર્મશાળાઓ આવે છે. ત્યાં આગળ ઉપરકોટ નામનો પુરાતન ને

કદાવર કિલ્લો પ્રવાસીજનની નજરે પડે છે. તેની આસપાસ ઘણી ગુફાઓ વાળી જબરી ખાઇ આવી રહેલી છે. આ કિલ્લામાં અસલી ભોંયરાં, અડીચડીની વાવ, નોંઘણ કૂવો, રા. મહીપાલના દીકરા મંડલીકનો સંવત ૧૫૦૭ નો લેખ, વીગેરે ઘણું જોવા લાયક છે. ઉપરકોટમાં લીલમ તોપ છે તેની લંબાઇ ૧૭ ફીટ ને પરિધિ ૭॥ ફીટ છે. વળી બીજી ચુડાનાલ નામની તોપ છે તે ૧૩ ફીટ લાંબી છે. મલેક ઇયાઝ જે ઇ. સ. ૧૫૨૫ માં જુનાગઢનો થાણદાર હતો, તે ગુજરાતના સુબા બહાદુર શાહના હુકમથી તે તોપને દીવથી લાવ્યો હતો. લીલમ તોપના લેખ ઉપરથી જણાય છે કે તે સલીમખાંના દીકરા સુલતાન સુલેમાનના રાજ્યમાં રહેનાર મહમદ હમઝાએ બનાવેલી છે.

ઉપરકોટ મુકી આગળ ચાલતાં છીનાળવાવ તથા ગોધાવાવ મુકયા પછી રામઝરૂખો ને લલાટવાવ સામસામા આવે છે. ત્યાંથી ઉપરકોટની એક બારી દેખાય છે, ત્યાંથી ગુનેગારોને નાંખી દેવામાં આવતા હતા એમ કહેવાય છે. વાઘેશ્વરી દરવાજા સામે બાગ છે, તથા તળાવ છે. તેને વાઘેશ્વરીનું તળાવ કહે છે. સડકને રસ્તે આગળ જતાં જમણે હાથે પત્થરનો બાંધેલો રસ્તો આવે છે ત્યાંથી વાઘેશ્વરીના દેવળમાં જવાય છે. તે દેવળથી મોટી વાઘેશ્વરી જવાનો રસ્તો ડુંગર ઉપર જાય છે. મોટી વાઘેશ્વરીનું સ્થાનક એક મોટી શિલાએ કરેલી સિંદૂરની નિશાનીથી નજરે પડે છે. વાઘેશ્વરી જવાનો રસ્તો મૂકીને સીધી સડકે આગળ ચાલતાં જમણી બાજુએ એક ગોળ પત્થર ઉપર ચંદ્રગુપ્તના ને રૂદ્રદામાના લેખ છે. તેના રક્ષણને મા-

ટે છાપરૂં છે. આગળ જતાં દામોદરજીની યાત્રા કરનારાઓને ટીકીટો આપવાની ઓરડી છે, ત્યાં પુલ છે. તથા નીચાણમાં રાધાજીની ઓરડી છે. આગળ ચાલતાં વસ્તુપાલ તેજપાલની કરાવેલી મુચુકુંદની ગુફા ને દેરૂં દેખાય છે. ત્યાં જવાનો રસ્તો બતાવવા માટે એક પથરા ઉપર રાતા અક્ષરે નામ લખ્યું છે. આગળ ચાલતાં દામોદર કુંડ આવે છે ત્યાં દીવાન સાહેબ હુરીદાસ વિહારીદાસે બંધાવેલા મજબૂત પુલ ઉપર થઇને દામોદરજીના મંદિરે તથા રેવતી કુંડે જવાય છે.

રેવતી કુંડમાં માતાઓની મૂર્તિઓ જોવામાં આવે છે. પૂર્વ તરફ આવેલું દામોદરજીનું મંદિર ગિરનારપર આવેલા નેમિનાથના તથા અંબાજીના મંદિર જેવું છે. એ ત્રણે મંદિર સંપ્રતિ રાજાએ બંધાવેલાં છે, એવી દંતકથા છે. દામોદર કુંડને વૈષ્ણવો ઘણોજ પવિત્ર માને છે. જુનાગઢના હિંદુઓ મુડદાંને બાળીને દામોદર કુંડમાં નાહીને ભીને લુગડે શેહેરમાં આવે છે.

દામોદર કુંડ ૨૭૫ ફુટ લાંબોને ૫૦ ફુટ પોહોળો છે. આગળ જતાં ડાબી બાજુએ નાગી માતાનું તથા તાયફાનું મકાન આવે છે. ને જમણી બાજુએ શંકરનાં દેરાં છે તેને લગતી જગાને ખાખચોરો કહે છે. ત્યાર પછી નદી આવે છે. તેના ઉપર પુલ બાંધેલો છે. આગળ ચાલતાં બોરીઆમાંથી નીકળેલી લાખાં મેડીનાં પથરાનાં કમાડ વીગેરે નિશાનીઓ એક ગોળ કોટમાં જોવામાં આવે છે. પછી સુવર્ણ રેખા જેને સોનરેખ કહે છે તે નદી ઉપર બાંધેલો પુલ આવે છે, પછી એક વાવ આવે છે. ત્યાંથી દુધેશ્વર જવાય છે. ત્યાર પછી ભવેશ્વર તથા મૃગીકુંડ જવાનો રસ્તો ડાબી બાજુ નીકળે છે. ભવેશ્વરમાં શિલાદિત્યનો હાથી ભુવનાલંકાર મરણ પામ્યો છે એમ કહેવાય છે.

પછી મુચકુંદાનંદની જગો આવે છે ત્યાર પછી તલેટી આવે છે. ત્યાં મુંબઇ વાળા શેઠ પ્રેમચંદ રાયચંદની શ્વેતાંબરી જૈન ધર્મશાળા છે. તેમાં જૈન લોકનું દેરૂં છે તથા પછવાડેના ભાગમાં પ્રેમચંદજીનાં પગલાં છે. પ્રેમચંદ રાયચંદની ધર્મશાળાની પાસેજ લખતરના કામદાર સંઘવી. પુલચંદભાઇની ધર્મશાળા છે. શ્વેતાંબરી ધર્મશાળાની સામે દિગંબરી જૈન લોકોનું દેરૂં તથા ધર્મશાળા છે ત્યાં આગળ ચેડાની વાવ છે. તે સિદ્ધરાજની બંધાવેલી છે. ચડાની વાવની પાસે જ ગિરનોર ઉપર જવાનો દરવાજો છે ત્યાં પરદેશીને એક આનાની તથા દેશી લોકોને અર્ધા આનાની ટીકીટ અપાય છે. દરવાજાની અંદર ડાબી બાજુએ હનુમાનને આને બાવાની જગ્યા છે. ને જમણી બાજુએ. વીશા શ્રીમાલી શ્રાવક લખમીચંદ પ્રાગજીની દેરી છે. તેમાં નેમિનાથનાં પગલાં છે. ગીરનાર લોટરીની ઉપજમાંથી નવાં બંધાવેલાં પગથીઆં ઉપર ચડીને રસ્તો કાપતાં આગળ પાંચ પાંડવોની દેરીઓ આવે છે. તેમાંની ચાર દેરીઓ ડાબી તરફ છે ને જમણી તરફ પાંચમી દેરીનું નિશાન છે. આગળ ચઢતાં ચુનાદેરી જમણી તરફ આવે છે. તે પછી છોડીઆ પરબ પણ જમણી તરફ આવે છે. તે જમીનની સપાટીથી આશરે ૪૮૦ ફીટ ઉંચું છે એમ બર્જેસ સાહેબ કહે છે. ત્યાર પછી ડાબી તરફ વાલુની આંબલી આવે છે. ત્યાં અસલ વાલુ નામે એક ગાનારી બેસતી હતી. આગળ જતાં વાંકી રાંયણ ડાબે હાથે આવે છે. ત્યાં હાલ દેવચંદ લખમીચંદના કારખાનાની વતી પાણીની પરબ બેસે છે. ત્યાંથી ઉંચે ચડતાં જટાશંકરની દેરી આવે છે. તે અસલ ચોરનું નાકું હતું. જટાશંકર મહાદેવની જગાએ જવાનો ડાબી બાજુએ રસ્તો નીકળે છે. આગળ જતાં ધોળી દેરી આગળ એક ઝરો નીકળે છે. ત્યાં કુંડ બંધાવવો જોઇએ. આ જગા જમીનની સપાટીથી

આશરે ૧૦૦૦ ફીટ ઉંચી હશે. ત્યાંથી આગળ કાળી દેરી આવે છે. પછી માળી પરબ આવે છે ત્યાં પાણીનો કુંડ છે. ત્યાંથી ચઢાવ સખત છે, પણ પગથીઆંને લીધે સહેલો લાગે છે. થોડુંક ચડીએ એટલે કાઉશગીઆનો પથ્થર તથા હાથી પહાણો આવે છે. ત્યાર પછી એક લેખ આવે છે. તેમાં નીચે પ્રમાણે કોતરેલું છે. **स्वस्ति श्री संवत १६८३ वर्षे कार्तिक वदी ६ सोमे श्री गिरनारनी पूर्वनी पाजनो उद्धार श्री दीवना संघे पुरुषा निमिंत्त श्री मालज्ञातीय. मां. सिंघजी मेघजीने उद्धार कराव्यो.**

આગળ ચઢતાં રસ્તામાં કાઉસગીઆ તથા તીર્થંકરની મૂર્તિ આવે છે ત્યાં ઝરણું છે, તથા કુંડ બંધાવેલો છે. ત્યાંથી ઉંચે ચઢતાં ખબૂતરી ખાણ આવે છે. ત્યાર પછી સુવાવડીનાં પગલાં આવે છે. પછી એક વીસામો આવે છે ત્યાંથી પંચેશ્વર જવાનો જમણી તરફ રસ્તો છે. થોડુંક ચઢીએ એટલે નેમિનાથજીના કોટનો દરવાજો દેખાય છે. તે દરવાજા ઉપર નરસી કેસવજીએ માડ બંધાવેલો છે. નેમિનાથજીના કોટમાં દેરાંની તથા દરેક દેરામાં કેટલી પ્રતિમાઓ છે, વગેરેની તપસીલ નીચે પ્રમાણે છે.

## नेमिनाथना कोटनां देवालय.

### માનસંગ ભોજરાજની ટુંક.

જમણી બાજુએ પ્રથમ આ નામની ટુંક આવે છે. તેમાં હાલ એકજ મંદિર છે. તેમાં મૂળનાયક શ્રી સંભવનાથની એકજ પ્રતિમા છે. પહેલા ચોકમાં સૂરજ કુંડ નામે એક સુંદર કુંડ છે તે કચ્છમાંડવીના વીશા ઓસવાળ વણિક માનસંગ

ભોજરાજે બંધાવેલો છે. તે વખતે તેણે આ દેવાલય સમરાવ્યું તેથી આખી ટુંક તેના નામથી ઓળખાય છે. સંવત ૧૯૩૨ માં નરસી કેસવજીએ સૂરજકુંડ સમરાવ્યો છે. આ કુંડની પાસે યાત્રાળુઓને નહાવાની ગોઠવણ કરેલી છે. જુનાગઢના આદીશ્વરના નાના દેરાસરની પ્રતિષ્ઠા માનસંગ ભોજરાજ તરફથી સંવત ૧૯૦૧ માં થયેલી છે.

## નેમિનાથની ટુંક.

ડાબી બાજુએ નેમિનાથની ટુંકમાં જવાનો દરવાજો છે. તે દરવાજાની બહાર એક શાસ્ત્રી લેખ છે, તેની સાલ જોવામાં આવતી નથી. પણ બામ્બે રોયલ એશીઆટીક સોસાઇટીના ચોપાનીયાના પહેલા વોલ્યુમના પૃષ્ટ ૯૪ ની ફૂટનોટમાં જેકબ સાહેબે લખેલું છે કે આ લેખ સંવત ૧૧૧૫ ના ચૈત્ર સુદ ૭ નો છે. આ લેખના નવમા શ્લોકમાં લખ્યું છે કે યદુવંશમાં મંડલીક રાજા થયો તેણે સોનાનાં પતરાંથી નેમિનાથનું દેવાલય બાંધ્યું. તેના પુત્ર નવઘન (નોંઘણ) નું નામ દસમા શ્લોકમાં આવે છે. અગીઆરમા શ્લોકમાં નોંઘણના પુત્ર મહીપાળદેવનું નામ આવે છે, બારમા શ્લોકમાં મહીપાળના પુત્ર ખેંગારનું નામ આવે છે. ત્યાર પછીના શ્લોકમાં જયસિંહદેવ, મોકલસિંહ, મેલકદેવ, મહીપાળદેવ, ને મંડલિકનાં નામ અનુક્રમે આવે છે.

દરવાજામાં પેસતાં ચોકીદારોને રહેવાની જગા છે તેની ડાબી બાજુએ ચૌદ ઓરડાની ધર્મશાળા છે. યાત્રાળુઓને રહેવાની ઓરડીઓનો ચોક મૂક્યા પછી પુજારી અથવા ગોઠીની ઓરડીઓનો મોટો ચોક આવે છે. તેમાં થઇને નેમિનાથના ચોકમાં જવાય છે. તે ચોક આશરે ૧૩૦ ફીટ પહોળો ને ૧૯૦

ફીટ લાંબો છે. તેમાં મુખ્ય દેવળ ૨૨મા તીર્થંકર શ્રી નેમિનાથનું છે. તે વિશાળ દેવળનો રંગમંડપ ૪૧½ ફીટ પોહોળો ને ૪૪½ ફીટ લાંબો છે. ગર્ભાગાર (ગભારા)માં નેમિનાથની શ્યામમૂર્તિ બિરાજે છે. તેની આગળ હમેશાં અખંડ દીવો પ્રકાશે છે. ગર્ભાગારની આસપાસ ભમતી છે, તે અંદરની ભમતી કહેવાય છે. તેમાં તીર્થંકર, યક્ષ, યક્ષિણી, સમેતશિખર, નંદીશ્વર દ્વીપ વગેરેની સર્વ મળી ૧૭૫ મૂર્તિઓ છે. રંગમંડપમાં ૩૮ પ્રતિમા છે. ગર્ભાગારમાં ૫ છે. એટલે કૂલ ૨૧૮ પ્રતિમાઓ નેમિનાથના દેવાલયમાં છે.

રંગમંડપના એક થાંભલા ઉપર નીચે પ્રમાણે લેખ છે. **संवत् ११९३ वर्षे जेठमासे १४दिने श्रीमत् नेमीश्वर जिनालयः कारितः** વળી બીજા થાંભલામાં કોતરેલું છે કે **संवत ११३५ वर्षे प्रतिष्ठा कारिता** વળી ત્રીજા સ્તંભમાં ઈ. સ. ૧૨૭૮ માં દેવાલય સમરાવ્યા બાબતનો લેખ છે.

બહારનો રંગમંડપ ૨૧ ફીટ પહોળો ને ૩૮ ફીટ લાંબો છે તેમાં એક ગોળ ઓટલા ઉપર સંવત ૧૬૯૪ ના ચૈત્ર વદિ બીજને દિન સ્થાપન કરેલાં ગણધરનાં ૪૨૦ જોડ પગલાં છે. આ ઓટલાની પશ્ચિમે સમવસરણની ચોરસ રચનાનો ઓટલો છે. તેમાં પણ ૪૨૦ પગલાંની જોડ છે. આ બંને ઓટલા પીળા પથ્થરના છે. પશ્ચિમ તરફની જાળી ઉઘાડી ઝરૂખામાંથી નજર કરીએ છીએ તો પાસે દેવસ્થાનોનાં ચિન્હ દેખાય છે. * નેમિનાથના દેવાલયનો ઉદ્ધાર સંવત ૬૦૯ માં

---

* ટાડ સાહેબને એક લેખ મળ્યો હતો તેમાં લખેલું હતું કે શ્રી પંડિત દેવસેને સંઘની આજ્ઞાથી સંવત ૧૨૧૫ ના ચૈત્ર સુદ ૮ રવિવારે દેવતાનાં જૂનાં દેરાં કાઢી નાંખી નવાં બનાવ્યાં.

રત્નશા શ્રાવકે કર્યો, તેથી હાલ પણ તેને રતનશા ઓસવાળનું દેરૂં કહે છે. તેની પછવાડે પોરવાડ. જગમાલ ગોરધનવાળું પૂર્વ દ્વારનું દેરૂં છે. તેમાં ૫ પ્રતિમા છે, મૂળનાયક આદીશ્વરજી છે. તેની પ્રતિષ્ઠા સંવત ૧૮૪૮ માં વૈશાખ શુદી ૬ શુક્રવારે વિજયજીનેંદ્રસૂરિએ કરેલી છે. તે દેરાની જમણી બાજુએ સતી શિરોમણિ શ્રીરાજીમતીનાં પગલાંની દેરડી છે. આ ટુંકમાં થઇને મેરકવશીની, સગરામ સોનીની, તથા કુમારપાળની ટુંકોમાં જવાય છે.

અમીઝરા પાર્શ્વનાથ—આ ભરતક્ષેત્રમાં વર્તમાનકાળની ચોવીશીમાં ત્રેવીસમા તીર્થંકરનું નામ પાર્શ્વનાથ છે, તેમનું નામ અન્ય ધર્મના લોકોમાં એટલું બધું પ્રખ્યાત છે કે તીર્થંકરની કોઇ પણ મૂર્તિને તેઓ પાર્શ્વનાથ અથવા પારસનાથની મૂર્તિ કહે છે. વળી બંગાળામાં આવેલો સમેતશિખર નામનો શ્રાવક લોકોનો પવિત્ર પર્વત પણ પારસનાથનો પર્વત એવા નામથી પ્રસિદ્ધ છે. જૂદે જૂદે ઠેકાણે પધરાવેલા પાર્શ્વનાથનાં જૂદાં જૂદાં નામ છે. જેમ પાટણમાં પંચાસરા પાર્શ્વનાથ છે. માંગરોળ બંદરમાં નવપલ્લવ પાર્શ્વનાથ છે. ઘોઘામાં નવખંડા પાર્શ્વનાથ છે. ભાવનગર તથા મુંબઇમાં ગોડીજી પાર્શ્વનાથ છે. અમદાવાદમાં ચિંતામણિ પાર્શ્વનાથ છે. પોરબંદરની પાસે બડેચા પાર્શ્વનાથ છે. તેમજ નેમિનાથની મોટી ભમતીમાં એક ભોંયરૂં છે તેમાં પધરાવેલા પાર્શ્વનાથને અમીઝરા પાર્શ્વનાથ કહે છે તેનું કારણ એ છે કે તેમના શરીર ઉપર અમૃતનાં ટીંપાં પુણ્યશાલી પુરૂષોને જોવામાં આવે છે. આ ભોંયરામાં પેસતાં સામે રહનેમિ તથા નેમીશ્વરની પ્રતિમા છે તેને જીવતસ્વામીની મૂર્તિ કહે છે. દીવાની મદદથી ભોંયરાની ડાબી બાજુએ જઇએ તો

એક દ્વાર આવે છે તેમાં થઈને એક નાના ઓરડામાં જવાય છે, તેમાં નીચેના ભોંયરામાં ઉતરવાનાં પગથીઆં છે. તે પગથીઆં ઉતરીએ છીએ કે સન્મુખ અમીઝરા પાર્શ્વનાથની પ્રભાવિક મૂર્તિનાં દર્શન થાય છે. આ મૂર્તિ સંપ્રતિ રાજાની ભરાવેલી છે. તે તેના નખ ને ખભાની પાછળના ટેકા ઉપરથી સિદ્ધ થાય છે. આ મૂર્તિની ડાબી બાજુએ ગુફામાં નેમિનાથની મૂર્તિ છે તેમાં સંવત ૧૩૫૮ નો લેખ છે. તે ઉપરથી માલુમ પડે છે કે ખરતર ગચ્છના શ્રી જીનચંદ્રસૂરિએ તેની પ્રતિષ્ઠા કરાવી છે. નેમિનાથની ટુંકના ચોકમાં તથા મોટી ભમતીમાં બધી મળી ૧૩૩ પ્રતિમા છે, તથા ૧૮ જોડ પગલાં છે. તેમાં મોટામાં મોટાં પગલાં શ્રી નેમિનાથનાં છે. તે દક્ષિણ તરફના દ્વારની ડાબી બાજુએ છે. તેજ દ્વારની બહાર જમણી બાજુએ નેમિનાથની અધિષ્ઠાયક અંબિકા દેવીની મૂર્તિ છે.

## મેકરવશીની ટુંક.

નેમિનાથની ટુંકમાં ઉત્તર તરફ નીચે ઉતરવાનો દરવાજો આવે છે તેમા ઓસરીમાં નીચે પ્રમાણે લેખ જોવામાં આવે છે.

**श्रीमत् सूरि धनेश्वरः समभवत् श्री शीलभद्र शिष्यस्त स्यैवपंकजे मधुकर कीरिटोरुवों योमिवान् सोभितठेत्रनेमिसदने श्री भद्रसूरि श्री मद्रैवतके चकार थुवरिकार्य पतिष्ठा श्री संवत् महा मास ए- थवी विदितोत्तवेश्रेयः तथा ·ववद्रादि जवतान्वितः इति ॥**

ત્યાંથી જંગુને થકવી નાંખે એવાં કાળા પાહ્ણાણનાં પગથી-આં નીચે ઉતરીએ. એટલે ડાબે હાથે અદબદજી દાદા એટલે પલાંઠી નીચે ઋષભના ચિન્હવાળી તથા ખભા ઉપર કાઉશ-ગીઆવાળી શ્રી ઋષભદેવજીની મૂર્તિ પદ્માસને જોવામાં આવે છે. શત્રુંજય પર્વત ઉપર પણ એવી મૂર્તિ છે. આ મૂર્તિને અન્ય ધર્મના કેટલાક અજ્ઞાન લોકો ઘડી ઘટુકો કહે છે. આ નામ ભીમસેનના પુત્ર ગટ્રોરગચ્છ (ઘટોત્કચ) નું હોય એમ લાગે છે. જેમ્સ બર્જેસ સાહેબ લખે છે કે આ મૂર્તિની બેઠક આગળ ચોવીસ તીર્થંકરની મૂર્તિઓવાળો એક પીળો પત્થર છે તે ઇ. સ. ૧૪૪૨ની સાલનો કોતરાયલો છે. અદબદજીની સામે પંચ મેરૂનું દેવાલય છે, તેમાં જૈન સિદ્ધાંતમાં વર્ણવેલા મેરૂ નામના પાંચ સુવર્ણના શાશ્વત પર્વતના આકાર છે. તે દરેકમાં સંવત ૧૮૫૯ની પ્રતિષ્ઠિત ચોમુખજી એટલે ચારે દિશા તરફનાં મુખ-વાળી ચાર પ્રતિમાઓ છે. ચદર ખુણે ચાર મેરૂ ને પાંચમો મેરૂ મધ્ય ભાગે છે. અદબદજીના દેવળની ડાબી બાજુના બારણા-માં થઇને મેરકવશીમાં જવાય છે. તેમાં મુખ્ય મંદિરના બ-હારના રંગમંડપમાં ખંડિત કરેલી ઘણી મૂર્તિઓ જોવામાં આવે છે. મૂળ નાયકજી સહસ્રફણી પાર્શ્વનાથ છે. તેમની બેઠકે નીચે પ્રમાણે લેખ છે. **संवत १८५९ वर्षे अमदावाद वीसा श्रीमाली शा. वलभुशाखाना शा. इंदरजी सुत शा. काशीदासेन स्वश्री अर्थ श्री गीरनारजी तीर्थे श्री सहस्त्रफणी पार्श्वनाथ बिंबं कारावितं श्री वि-जय जिनेंद्र सूरिभिः प्रतिष्ठितं.** મૂળનાયકની આસપાસ

૭ પ્રતિમા છે. ભમતીમાં ૫૮ પ્રતિમા છે. દક્ષિણ તરફની ભમતીમાં અષ્ટાપદ પર્વત છે તેમાં ૨૪ પ્રતિમા છે. ઉત્તર તરફની ભમતીમાં ચોમુખનું જોવા લાયક દેવાલય છે. પંચમેરૂની વીસ પ્રતિમા ગણુતાં સર્વ મળી આ ટુંકમાં ૧૧૩ પ્રતિમા છે. આ ટુંકના રંગમંડપની તેમજ ભમતીની કોરણી ઘણીજ સુંદર છે, ને કારીગરી વખાણવા લાયક છે. કેટલીક પ્રતિમાઓ પણ જોવા જેવી છે. મેરકવશીની ટુંકમાં એક ટાંકું છે તેમાંના પાણીથી અરિહંતની પ્રતિમાઓનું પ્રક્ષાલન થાય છે.

આ ટુંકમાં ચોમુખજીનું દેરૂં છે, તેના ઘુંમટની કોરણી ઉત્તમ છે. દરેક પ્રતિમા નીચે આવો લેખ છે. **संवत् १८५९. वर्षे वैसाख सुदि ७ गुरौ श्री समस्त संघेन श्री. गिरनार तीर्थे श्री शांतिनाथ बिंबं कारावितं भ० श्री विजय जिनेंद्र सूरिभिः प्रतिष्ठितं.**

કેટલાક કહે છે કે મેલકશા નામે શેઠે આ ટુંક બનાવી છે, કેટલાક કહે છે કે પંચના પૈસાથી આ ટુંક બાંધી છે.*

## સગરામ સોનીની ટુંક.

સગરામ સોનીએ શ્રી ભગવતી સૂત્રના ૩૬૦૦૦ પ્રશ્નોની ૩૬૦૦૦ સોનામહોરો જ્ઞાન ખાતે કાઢીને તેમાંથી સુવર્ણની સાહીથી કલ્પસૂત્ર વગેરે પુસ્તકો લખાવ્યાં એમ કહેવાય છે. તેની ટુંકમાં દેરૂં છે, તે ઘણુંજ સરસ, જુનું ને જોવાલાયક છે. રંગમંડપની શોભા રમણિક છે. તેની ઉપર સ્ત્રીઓને માટે બેઠક છે. જ્યારે રંગમંડપમાં પૂજા ભણાય ત્યારે પુરૂષ વર્ગને નીચે

---

* વશી=વસતી. કેટલાક મેરકવશીની ટુંકને ચંદરાજાની ટુંક કહે છે.

અને સ્ત્રીવર્ગને મેડા ઉપર બેસવાને ઘણીજ સગવડ પડે છે. ગર્ભાગાર પણ વિશાળ છે, તેમાં પણ મૂળનાયકજી સહસ્રફણી પાર્શ્વનાથ છે, તેની આસપાસ ૨૫ પ્રતિમા છે તથા ભમતીમાં ત્રણ દેરાસર છે, તેમાંના બે દેરાસરમાં ત્રણ ત્રણ ને ઉત્તર દિશાના દેરામાં પાંચ પ્રતિમા મળી ૧૧ પ્રતિમા છે તથા એક પાષાણની ચોવીશી છે. તેથી કુલ મળી ૩૭ પ્રતિમા આ ટુંકમાં છે. આ ટુંકની ભમતીમાં પાસે નવા બનતા કુંડની સુરંગોથી ઘણું નુકશાન થયું છે. આ ટુંકના મુળનીયકજીની માંહેની-ચે પ્રમાણે લેખ છે. **संवत् १८५९ जेठसुदि ७ गुरौ श्री समस्त संघेन स्वश्रेयोर्थे श्री पार्श्वजिनाबिंबं कारावितं श्री गिरनार तीर्थे श्रीमत् तपागच्छे विजय जिनेंद्र सूरिभिः प्रतिष्ठितं मांगरोल निवासी वोरा. प्रसोतम गोडीदासेन बिंबं कारावितं श्री गिरनार तीर्थे.**

જેમ્સ બર્જેસ સાહેબ કહે છે કે સગરામ સોની ૧૬મા સૈકાના પાછલા અર્ધ ભાગમાં થયો છે તથા શેઠ. પ્રેમાભાઈ હેમાભાઈએ આશરે ૧૮૪૩ માં આ ટુંક સમરાવી છે. સગરામ સોનીનું દેરૂં ગિરનાર ઉપર સૌથી ઊંચુ લાગે છે. દક્ષિણની દેરીમાં શેઠ. આણંદજી કલ્યાણજીની કરાવેલી તથા સંવત ૧૮૭૫ના વૈશાખ સુદિ ૭ શનિવારે શ્રી વિજયજીનેંદ્ર સૂરિએ સ્થાપિત કરેલી શ્રી અજીતનાથની મૂર્તિ છે. પશ્ચિમની દેરીમાં ૧૮૬૨ના લેખવાળી શ્રી આદિનાથની પ્રતિમા છે. ઉત્તરની દેરીમાં ૧૮૬૨ ની સાલમાં વિજયજીનેંદ્રસૂરિનું સ્થાપેલું અજીતનાથનું બિંબ છે. સગરામ સોની અકબર બાદશાહના વખતમાં પાટણમાં થયો

છે, ને તેને અકબર બાદશાહ મામો કહી બોલાવતા એમ કહે-
વાય છે.

## કુમારપાળની ટુંક.

કુમારપાળ સને ૧૧૪૩થી ૧૧૭૪ સુધી ગુજરાતનો રાજા હતો. તેણે આ ટુંક બંધાવી છે. તેમાં મૂળનાયક અભિનંદન નામના ચોથા તીર્થંકર છે. આ દેવાલય માંગરોલના શેઠ. ધરમશી હેમચંદે સમરાવ્યું છે. તેમના પ્રપૌત્ર શેઠ. વલભજી હાલ માંગરોલમાં રહે છે. આ દેવાલયનો પણ કેટલોક ભાગ નવા કુંડની સુરંગોથી નાશ પામ્યો છે. આ ટુંકમાં દેડકી વાવ છે. તે વાવનું પાણી હમેશની સપાટી કરતાં કદી ઉંચે ચઢતું નથી. તેની પાસે શેઠ. જુઠાભાઈ ઓધવજીએ ઘણી મહેનત લઇ બગીચો કર્યો છે તેથી પૂજા માટે ઘણીવાર ફુલ મળે છે. આ ટુંકનો બહારનો રંગમંડપ મોટો ને જોવાલાયક છે. પશ્ચિમ તરફ બીજું દ્વાર છે, પણ હાલ તે બંધ છે. બીજું દ્વાર ભીમકુંડ ઉપર પડે છે તેથી યાત્રાળુઓ માટે નહાવા સારૂં પાણી લાવવું સુગમ પડે છે. સુરજકુંડમાં પાણી થઇ રહે છે ત્યારે નાહાવાની ગોઠવણ આ ટુંકના ચોકમાં કરવામાં આવે છે. પણ પરમેશ્વરની અંગપૂજા કરવાને યોગ્ય થવા માટે નહાવા પહેલાં હાલ જે પાણી ભીમકુંડમાં જોવામાં આવે છે તેના કરતાં વધારે શુદ્ધ કરવા માટે બંદોબસ્ત કરવાની અવશ્ય જરૂર છે. ભીમકુંડની પૂર્વ તરફના કિલ્લા ઉપર અસલની ખંડિત પ્રતિમાઓ જોવામાં આવે છે તેનું યોગ્ય સંગ્રહસ્થાન થાય તો સારૂં. કેટલાંક વર્ષ ઉપર વૈષ્ણવોએ આ ટુંક ભીમેશ્વર મહાદેવની છે એમ કહી તકરાર કરી હતી, તે પ્રસંગે અમદાવાદવાળા ઠાકરશી-

ભાઈ પુંજાસાએ ઉમરા ઉપર તથા બીજે ઠેકાણે જૈનનિશાનીઓ બતાવી સિદ્ધ કરી આપ્યું હતું કે તે જીનાલય છે પણ શિવાલય નથી. મૂળનાયક નીચે નીચે પ્રમાણે લેખ છે. **संवत् १८७५ वर्षे वैशाख सुदी ७ शनौ शा. आणंदजी कल्याणजी केन श्री अभिनंदन बिंबं करावितं श्री सिद्ध शैल शृंगे भट्टारक श्री विजय जिनेंद्रसूरि प्रतिष्ठितं शा. नानजी जेकरण प्रतिष्ठा करिता मांगरोलबंदरे व्यापारी छे.** તે નીચે બીજો લેખ નીચે પ્રમાણે છે. **संवत् १८८१ वर्षे शाके १७४६ श्री वैशाख सुदी ७ सोमवारे. श्री गिरनार तीर्थे मां: श्री ५. हंसराज जेठाबषाइ बिंब प्रवेश करावितं श्रीतपा सा. पं. श्री ५. राज सागरजीने परिवा—स्थापी.**

## વસ્તુપાળ તેજપાળની ટુંક.

આ ટુંક નેમિનાથની ટુંકનું અસલ દ્વાર જે હાલ બંધ છે તેની સામે એટલે નરસી કેસવજીનો બંગલો મૂકી સંપ્રતિ રાજાની ટુંકે જતાં જમણી બાજુએ છે. આ ટુંકમાં ગઢના બારણામાં પેસતાં જ જમણે હાથે લેખ છે તે ઉપરથી જણાય છે કે સંવત ૧૯૩૨ માં નરસી કેશવજીએ સંપ્રતિ રાજાની કુમારપાળની, વસ્તુપાળ તેજપાળની વગેરે ટુંકોની આસપાસ કિલ્લા બંધાવ્યા તથા દેરાસરો સમરાવ્યાં. આ ટુંકમાં ત્રણ દેરાં સાથે છે. વચલા દેરામાં ગર્ભાગાર છે તેમાં મૂળનાયકજી શામળાપાર્શ્વનાથ છે. આસપાસનાં દેવાલયોમાં ચોરસ તથા ગોળ સમવસ-

ણમાં ચોમુખજી પધરાવેલા છે. આ દેવળોમાં સંબીના પથ્થર વાપરવામાં આવેલા છે. એમ કહેવાય છે કે વસ્તુપાળ તેજપાળ આ પથ્થર પરદેશથી લાવેલા છે. આ ટુંકમાં દેવાલયોનાં બારણાં ઉપર શુદ્ધ વંચાય એવા લેખ છે, તેમાંનો એક લેખ આ પુસ્તકમાં આવેલા સૌરાષ્ટ્રના ઇતિહાસમાં ઘણે ભાગે આપેલો છે. વળી એક જીર્ણ પુસ્તકમાં સંસ્કૃતમાં લખેલું છે કે સંવત ૧૨૯૮ ની સાલમાં+ અંકેવાળીયા ગામમાં શ્રી વસ્તુપાળ સ્વર્ગે ગયાં. મંત્રી દિવંગત થયાં પછી શ્રી વર્ધમાનસૂરિએ આંબિલ વર્દ્ધમાન તપ શરૂ કર્યો. મૃત્યુ પામી તે શંખેશ્વરના અધિષ્ઠાયક દેવતા થયા. તેમણે મંત્રી (વસ્તુપાળ) ની ગતિનું વિલોકન કર્યું પણ જણાઈ નહીં, તેથી મહાવિદેહ ક્ષેત્રમાં જઇને સીમંધરસ્વામીને પ્રણામ કરી પૂછયું. સીમંધર સ્વામીએ કહ્યું, આજ વિદેહમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નગરીમાં તે 'કુરૂચંદ્ર' રાજા છે. ત્રીજે ભવે સિદ્ધિ પામશે. અનુપમાદેવીનો જીવ અત્રેજ આઠ વર્ષની ઉમરની શેઠની પુત્રીપણે છે, ને મેં તેને દીક્ષા આપી છે. પૂર્વકોટિના આયુષવાળી છે. અંતે કેવળ પામી મોક્ષે જશે. તે સાધ્વી તે વ્યંતરને દેખાડી. ત્યાર પછી તે વ્યંતર દેવતાએ અહીં આવીને ગીતાર્થ આગળ તેમની ગતિ પ્રગટ કરી. તેઓએ પુસ્તકોમાં લખ્યું. બર્જેસ સાહેબ કહે છે કે વચલા દેવાલયનો રંગમંડપ ૨૯½ ફીટ પોહોળો ને ૫૩ ફીટ લાંબો છે તથા ગભારો ૧૩ ફીટ ચોરસ છે. તેમાં ૧૯ મા તીર્થંકર મલ્લિનાથની મૂર્તિ છે, તે નીચે વસ્તુપાલની સ્રી લલિતાદેવી તથા સોખુના નામના લેખ છે.

આસપાસના દેરાના રંગમંડપ ૩૮½ ફીટ ચોરસ છે.

મૂળનાયક પાર્શ્વનાથ છે. તેમાં નીચે પ્રમાણે લેખ છે. સં-

---

+ વઢવાણની પાસે છે.

वत १३०५ वर्षे वैशाख सुद ३ शनौ श्री पार्श्वनाथ बिंबं श्रीमालज्ञातीय श्रीबाहडेन करावितं इत्यादि० પ્રદ્યુમ્નસૂરિએ પ્રતિષ્ઠા કરી છે. એમ પણ લેખમાં લખ્યું છે. વચલા દેરાના રંગમંડપમાં ઉંચે બે લેખ છે. તેમાં પાર્શ્વનાથ ને વસ્તુપાલનાં નામ છે.

ડાબી બાજુના દેરામાંના સમવસરણના ચોમુખની ત્રણ પ્રતિમાઓ પાર્શ્વનાથની છે. તેમાં સંવત ૧૫૫૬ નો લેખ છે. ચોથી પ્રતિમા ચંદ્ર પ્રભુની છે તેમાં ૧૪૮૫ નો લેખ છે.

જમણી બાજુના દેરાના ચોમુખમાં પશ્ચિમ મુખવાળી પ્રતિમા સ્વસ્તિક લાંછન વાળી છે. ઉત્તરે શંખ ચિન્હ વાળી છે. પૂર્વે સ્વસ્તિક ચિન્હ વાળી છે. તે ત્રણેમાં ૧૫૪૬ ની સાલ છે. દક્ષિણે ચંદ્રપ્રભુની મૂર્તિ છે.

આ દેરાની પાછળ વસ્તુપાળ તેજપાળની માતાનું દેરૂં છે, તેમાં શંભવનાથની મૂર્તિ છે.

## સંપ્રતિ રાજાની ટુંક.

ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના નિર્વાણથી ત્રણસેં વર્ષે એટલે આજ (સં. ૧૯૫૦) થી ૨૧૨૦ વર્ષ ઉપર ઉજ્જનમાં સંપ્રતિ રાજા થયો (કારણ કે મહાવીર સ્વામી ઇ. સ. પૂ૦ ૫૨૬ વર્ષ ઉપર મોક્ષ પામ્યા છે). પૂર્વભવે તેણે ભિક્ષુકપણું તજી દઇ ચારિત્રનો સ્વીકાર કર્યો. ઘણું ખાવાથી રોગગ્રસ્ત થઇ ચારિત્રની અનુમોદના કરતાં મૃત્યુ વશ થયો, ને પુણ્યોદયથી સંપ્રતિ રાજા થયો. આર્ય સુહસ્તિગિરિના ઉપદેશથી જૈનધર્મ ગ્રહણ કરી સંપ્રતિ રાજાએ સવા લક્ષ નવાં દેવાલય કર્યાં, સવાકોટિ અર્હત્પ્રતિમા કરાવી તથા પંચાણુસહસ્ર ધાતુનાં બિંબ ભરાવ્યાં.

મહાવીર સ્વામી વિચરતા હતા ત્યારે ઉજ્જનમાં શ્રેણિક રાજા હતો. તેની પાટે કોણિક થયો ને કોણિકની પાટે ઉદાયિન થયો. ત્યાર પછી તેજ પાટે નવ નંદ રાજા થયા ને મૌર્યવંશનો ચંદ્રગુપ્ત રાજા નવમા નંદની ગાદીએ બેઠો. ચંદ્રગુપ્ત પછી બિંદુસાર થયો, ને બિંદુસારની ગાદીએ અશોકશ્રી થયો. અશોકનો પુત્ર કુણાલ થયો ને કુણાલનો પુત્ર સંપ્રતિ રાજા થયો. તે જન્મ્યો કે તરતજ તેના દાદા અશોકશ્રીએ તેને ઉજ્જનનું રાજ્ય સોંપ્યું. ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર કર્તા શ્રીહેમાચાર્યના બનાવેલા પરિશિષ્ટ પર્વમાં સંપ્રતિનો ઇતિહાસ આપેલો છે. સંપ્રતિ રાજાની ટુંકમાં એક મોટું જીનાલય છે, તેને સંપ્રતિ રાજાનું દેરૂં કહે છે. તે દેરૂં ઘણું જુનું ને જેવા લાયક છે. બહારની તેમજ અંદરની કોરણી ઉત્તમ પ્રકારની છે. મૂળનાયક નેમિનાથ છે. રંગમંડપમાં ચક્રેશ્વરીની પ્રતિમા છે. એક કાઉશગીઓ ૫૪ ઇંચ ઉંચો છે. બીજા બે કાઉશગીઆ તેર તેર ઇંચના છે. આ શિવાય બીજી પાંત્રીસ જીનેશ્વરની પ્રતિમાઓ રંગમંડપ તથા ગર્ભાગારમાં છે. રંગમંડપમાં વિમલનાથની મૂર્તિ ૪૮ ઇંચની છે તેમાં નીચે પ્રમાણે લેખ છે. **संवत १५०१ माहा सुद २ शुक्रे. सुरतवासी श्री. श्रीमालज्ञातीय श्री. भाइ: खेताभाइ झांझणप्रमुख कुटुंबयुतेन श्री विमलनाथ बिंबं कारितं प्रतिष्टितं बृहत्तपागच्छे श्री रतनसिंह सूरिभिः** સંવત ૧૯૩૨ માં આ ટુંકના ચોકમાંથી આમાંની ઘણી ખરી પ્રતિમાઓ નીકળી હતી તેની સાથે. એક સુંદર કારીગરીનું ધાતુનું પરિકર નીકળ્યું છે જે હિંદુસ્તાનની પ્રાચીનકળાનો એક સરસ નમુનો છે; તેમાં નીચે પ્રમાણે લેખછે.

**संवत १५२३ वर्षे वैशाख शुदि १२ गुरौ श्री वृहत्तपापक्षे श्री गच्छनायक भट्टारक श्री रत्नसिंह सूरीणां तथा भट्टारक उदय वल्लभ सूरीणामुपदेशेन श्री संघेन विमलनाथ परिकरः कारितः प्रतिष्ठितो ज्ञानसागरसूरिणा.**

જેમ્સ બર્જેસ સાહેબે આ દેવાલયમાં કર્ણરામ જયરામની સં. ૧૪૬૧ માં પ્રતિષ્ઠા કરેલી નેમિનાથની કૃષ્ણ મૂર્તિ જોઇ છે તથા ઈ. સ. ૧૧૫૮ નો લેખ વાંચેલો છે.

## કોટનાં બીજાં દેવાલય.

સંપ્રતિરાજાની ટુંકથી ઉત્તરે જ્ઞાન વાંવ તથા શંભવનાથનું ચોમુખનું દેરાસર આવે છે. તેની સામે સગરામ સોનીની ટુંકનું પૂર્વદ્વાર છે. કેટલીક નીશાનીઓ જોતાં એમ લાગે છે કે અત્રે અસલના વખતમાં મોટું દેરૂં હશે. આગળ જતાં સામે કુમારપાળની ટુંકનું દક્ષિણદ્વાર આવે છે, તેની ડાબી તરફને રસ્તે ભીમકુંડ જવાય છે.

સગરામ સોનીની ટુંક ને કુમારપાળ રાજાની ટુંક વચેના ગરનાળામાં થઇને ચંદ્ર પ્રભુજીના દેરાસર આગળ જવાય છે. તે માર્ગે કોઈ દેવાલયની નિશાનીઓ જોવામાં આવે છે. ચંદ્ર પ્રભુના દેવાલયમાં ચંદ્રપ્રભુની પ્રતિમા છે, તેમાં સંવત ૧૭૦૧ ની સાલ છે. તેની સામે એક માતાની મૂર્તિ છે, તેમાં ૧૩૧૮ નો લેખ છે. આ દેવળ મૂકી જમણી તરફ જતાં મોટા મોટા લેખ આવે છે પણ તે વંચાય તેવા નથી. તે મૂકી આગળ જતાં હાથી પગલાનો જુનો કુંડ આવે છે, તેમાં હાથીનું એક પથ્થરનું પગલું છે. તેના ઉપર નાગી બાવી રહેતી, તે યાત્રાળુઓને

હરકત કરતી એમ કહેવાય છે. આ કુંડ મૂકી પશ્ચિમ તરફ જતાં શા. દેવચંદ લખમીચંદે સમરાવેલો હાથી પગલાંનો નવો કુંડ આવે છે.

નવા કુંડની દક્ષિણે ઉંચાણમાં કેટલીક ઓરડીઓ છે તેને વિશે એમ કહેવાય છે કે હંસરાજ જુઠા ખખાઇ નામે કારખાનાના એક મુનીમે ચોવીસ તીર્થંકરોને પધરાવવા માટે ચોવીસ ઓરડીઓ કરવા માંડી હતી પણ તે કામ અધુરૂં રહ્યું.

## કોટની બહારનાં દેવાલયો.

સંપ્રતિ રાજાની ટુંક તથા વસ્તુપાળ તેજપાળની ટુંક વચ્ચેના રસ્તે આગળ જતાં કોટનો બીજો દરવાજો આવે છે. તે દરવાજે પસાર થઇએ એટલે નેમિનાથના રાક્ષસી કિલ્લાની જબરી ભીંતો જોવામાં આવે છે. આગળ ચડતાં ડાબી તરફ શાંતિનાથનું મંદિર આવે છે. તેમાં નવ પ્રતિમાઓ છે. જમણી બાજુની એક મૂર્તિમાં કળશનું ને ડાબી બાજુની મૂર્તિમાં સસલાનું લાંછન છે. આ દેવળ માંગરોળના દશાશ્રીમાળી વણિક ધરમશી હેમચંદે સંવત ૧૯૩૨ માં સમરાવ્યું છે. પગથીઆંને રસ્તે ડાબી બાજુએ મલવાળું (જોરાવર મલનું) દેરૂં આવે છે તેમાં પણ મૂળ નાયક સોળમા શાંતિનાથ છે. તેની આસપાસ બે મૂર્તિઓ છે. આ દેરાની પાસે નીચાણમાં નેમિનાથની નવ ભવની પત્ની રાજીમતીની ગુફા છે. તેમાં રાજીમતીની ઉભી મૂર્તિ છે. તથા પડખે રહેનેમિની નાની મૂર્તિ છે. મલવાળા દેરાની પાસે જમણી તરફ હુંમડની જગા છે. જૈન લોકોની મુખ્ય બે શાખા છે. ૧. શ્વેતાંબરી. ૨. દિગંબરી. દિગંબરી લોકોને હુંમડ કહે છે. સંવત ૧૯૧૫ માં પ્રતાપગઢવાળા ફતેચંદ લાલચંદના પુ-

લ કસ્તુરચંદ બંડીએ શ્વેતાંબરી લોકો સાથે મળીને ચાલવું એવો લેખ કરી અમદાવાદના નગર શેઠ. હેમાભાઇનો પત્ર લાવી ગીરનાર ઉપર દેવળ બંધાવવાનું કામ શરૂ કર્યું. ને લોંકાગચ્છના મીઠા સંઘવી પાસેથી જમીન લઇ હુમડનું કારખાનું દેવચંદ લખમીચંદના શ્વેતાંબરી કારખાના સામે બાંધ્યું. વળી અનંતજી દીવાનની ચીઠ્ઠી લઇ વસ્તુપાળ તેજપાળની ટુંકની દક્ષિણ તરફની ધર્મશાળામાં મુકામ કર્યો. ત્યાર પછી શેઠ. પ્રેમચંદ રાયચંદની ધર્મશાળાની સામે તેઓએ પોતાની ધર્મશાળા બાંધી. વીસપંથી તેરાપંથી વગેરે તેમની શાખાઓ છે. શ્વેતાંબરી લોકોની માફક તેએ પ્રતિમાના નવ અંગે પૂજા કરતા નથી, તેમજ પુષ્પ, આભૂષણ ઇત્યાદિક ચઢાવતા નથી. ગીરનારજી ઉપર હુંમડની જગામાં બે દેવળ છે. મોટું દેવળ ઉત્તરદ્વારનું છે. તેમાં ૧૧ જીનબિંબ છે. મૂળનાયક નેમિનાથ છે. તેમાં સંવત ૧૯૨૪ ની સાલ છે. નેમિનાથની એક મૂર્તિ સંવત ૧૭૪૯ ની તથા શાંતિનાથની એક મૂર્તિ સં. ૧૬૬૫ ની સાલવાળી છે. નાનું દેરૂં પશ્ચિમદ્વારનું છે. તેમાં બે બાજુએ પાર્શ્વનાથ તથા મધ્યે નેમિનાથ મળી ત્રણ પ્રતિમા છે. તે નેમિનાથની પ્રતિષ્ઠા સં. ૧૭૪૫ માં ભટ્ટારક જીવરાજજી એ કરેલી છે. આ દેરાંની ઊંચાણમાં શીતળનાથની જગા છે. મલવાળું દેરૂં મૂકી આગળ રસ્તો લેતાં જમણી તરફ ચોમુખનું (ચોરીવાળું) જીનાલય આવે છે. તેની પ્રતિષ્ઠા સં. ૧૫૧૧ માં જીન હર્ષ સૂરિએ કરેલી છે. પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર ને પૂર્વના બિંબોમાં અનુક્રમે કચ્છપ, શશી, કમલ ને સ્વસ્તિકનાં ચિન્હ છે. આ દેરૂં શામળા પાર્શ્વનાથનું કહેવાય છે. ચોમુખની ચોરીના થાંભલાઓમાં તીર્થંકરની મૂર્તિઓ છે. તે મૂકી આગળ જતાં એક બ્રહ્મચારીની બેઠક આવે

છે. ત્યાર પછી ગૌમુખી આવે છે. ત્યાં કુંડ છે તેમાં ગાયના મુખમાંથી ઝરણુ આવે છે. તેની પાસે ચોવીસ તીર્થંકરનાં પગલાં છે. દરેક પગલાંની જોડ પાસે અરિહંતનું નામ બાળબોધમાં કોતરેલું છે. ગૌમુખીની જગામાં હાલ શિવાલયો છે.* જમણી બાજુએ ઉપર ચઢતાં રહનેમિનું દેવાલય આવે છે. દંડનેમિ, અતિનેમિ, દ્રઢનેમિ ને રથનેમિ (રહનેમિ) એ ચાર અરિષ્ટ નેમિના ભાઇ હતા. નેમિનાથ રાજીમતીનું પાણી ગ્રહણ કર્યા શિવાય તોરણથી પાછા ચાલ્યા ગયા તેથી રાજીમતી સંસાર વિરક્ત થઇ પોતાની સખીઓ સાથે સંયમ લેવા ગિરનાર ઉપર ચડી. રસ્તામાં વૃષ્ટિ થવાથી એક ગુફામાં પોતાનાં વસ્ત્ર સૂકવવા આવી. તેજ ગુફામાં રહનેમિ તપ કરતા હતા, તે રાજીમતીને જોઇ કામાંધ થયા. રાજીમતીએ પ્રતિબોધ દીધો, તેથી લજ્જાયમાન થઈ પોતાના આત્માની નિંદા કરતા રહનેમિ પોતાના ભાઇ અરિષ્ટ નેમિ (નેમિનાથ) પાસે આવ્યા, ને દીક્ષા લઈ સિદ્ધિ પામ્યા. શિવસુંદરી રૂપી પોતાની શોકને જાણે અગાઉથી જોવાને ઇચ્છતી હોય તેમ રાજીમતી પણ પોતાના સ્વામી પાસે દીક્ષા લઇ તેમના પહેલાં મોક્ષે ગઇ.

દિગંબરીના સંબંધમાં શ્રી આવશ્યકની વૃંદારવૃત્તિ નામની ટીકામાં લખેલું છે કે એક પ્રસંગે દિગંબરી તથા શ્વેતાંબરી

---

* એમ કહેવાયછે કે સુંદરજી સંઘવીના સમયમાં અનંતજી દીવાનની મદદથી ભૈરવાનંદ (લક્કડભારથી) બાવાએ ગૌમુખીમાં મુકામ કર્યો. સુંદરજીના ગુરૂ હસ્તિ વિજયે તથા ચોમાસી સાધુ પ્રેમસાગરે પ્રયત્ન કર્યા છતાં ડુંગર ઉપર વસતી વધારવાના બહાને તે જગા સુંદરજીએ પોતાના કબજામાંથી છોડી દીધી. હસ્તિ વિજયના શિષ્ય ભક્તિ વિજય તથા તેના શિષ્ય લક્ષ્મી વિજય હાલ વેરાવળ રહે છે. હસ્તિ વિજયના વખતમાં લીલાશેઠ નેમિનાથના કારખાનાના મુનીમ હતા. તેના પુત્ર ગબ્બર શેઠની હવેલીમાં હાલ ગુજરાતી નિશાળ છે.

સંઘ રેવતાચલ તીર્થે ભેગો થયો. તે અવસરે દિગંબરી લોકો તથા શ્વેતાંબરી લોકો વચે જુનાગઢના રાજાની સમક્ષ વાદવિવાદ ચાલ્યો. રાજાએ શાસ્ત્રનું પ્રમાણ માગવાથી શ્વેતાંબરી સંઘે કાયોત્સર્ગ ધ્યાન ધર્યું, તેથી શાસન દેવીએ દૂર દેશથી એક કન્યાને લાવીને તેના મુખથી નીચેની ગાથા બોલાવી.

**उज्जिंत सेलसिहरे दिख्खानाणं निसिहिया जस्स।**
**तंधम्मचक्कवट्टिं अरिठ्ठनेमिं नमंसामि ॥**

અર્થ—ઉજ્જયંત પર્વતના શિખર ઉપર જેનાં દીક્ષા, કેવળજ્ઞાન, ને નિર્વાણ થયાં એવા ધર્મચક્રવર્તી અરિષ્ટનેમિને નમુંછું.

આ વિષે એમ પણ કહેવાયછે કે મહારાષ્ટ્રના વરૂણ શેઠે તથા હસ્તિનાપુરના ધનાશેઠે જીર્ણદુર્ગના વિક્રમરાજાની કચેરીમાં તકરાર ચલાવી. તે અવસરે પદ્માવતી દેવીએ સીણવલ્લી ગામની પાંચ વર્ષની કુમારિકાને લાવીને ઉપરનો પાઠ બોલાવ્યો. તે ઉપરથી ધનાશેઠનો (શ્વેતાંબરીનો) જય થયો. ઉપરની ગાથા પ્રતિક્રમણમાં "સિદ્ધાણં બુદ્ધાણં" નામના સૂત્રમાં હજીપણ હમેશાં બોલાય છે.

## અંબાજીની ટુંક.

રહનેમિના દેવળથી અંબાજીની ટુંક ઉપર જવાનો રસ્તો નીકળેછે. સાચા કાકાની જગા ઉપરનો ચઢાવ કઠણ છે. પણ પગથીઆં બાંધેલાં છે તેથી સુગમ પડેછે. આ દેવળની બાંધણી સંપ્રતિરાજા તથા દામોદરજીના દેવળની બાંધણીને મળતી આવેછે. એમ કહેવાય છે કે સંપ્રતિ રાજાએ હાલનું સંપ્રતિનું, અંબાજીનું, દામોદરજીનું, તથા માહીગઢેચીનું એવાં ચાર દેવળ બંધાવ્યાં હતાં. માહીગઢેચી બાર સૈયદની જગા તથા માજીબુના મુકબરાની પાસે છે.

ત્યાંથી મહાવીર સ્વામીની પ્રતિમા નીકળી હતી. તેની પ્રતિષ્ઠા સંવત ૧૯૦૫ માં જુનાગઢમાં હાલના મોટા દેરામાં મૂળનાયક તરીકે કરવામાં આવી છે. રૂપકુશળજી મહારાજ પાસેથી સાંભ-ળ્યું છે કે તેમણે અષ્ટમંગલિકની નિશાનીઓ * તથા સંપ્રતિ રાજાના “सं” એવા અક્ષરો માહીગઢેચીના પડી ગયેલા મકા-નમાં જોયેલા છે. અંબાજીનું દેરૂં અસલ જીનાલય હતું તથા તેમાં મૂલનાયક નેમિનાથ હતા એમ કહેવાય છે. વળી દેરાની આસપાસ તીર્થંકરોની પ્રતિમાઓ ભંડારેલી છે એમ કેટલાક કહે છે. બર્જેસ સાહેબ લખે છે કે બુદ્ધ કે જૈન લોકોને આ દેવળ છોડવું પડયું ત્યાર પછી તે ભાંગ્યેજ સાફ કરવામાં આવ્યું હશે. જૈન લોકોનાં દેવાલયો અંદરથી સ્વચ્છ હોય છે, પણ અંબા-જીનું દેવળ ધુમાડાથી કાળું થઇ ગયું છે. તથા હમેશાં ઘી અને નાળીએરના પાણીથી ગંદુ જોવામાં આવે છે. વળી રંગ મંડપમાં બાવાઓ રહે છે. તે પણ ઠીક નથી. શેત્રુંજય માહાત્મ્યમાં અં-બિકા દેવીનું ચરિત્ર છે, તેમજ અંબાગિરિ તથા અંબાકુંડનાં નામ આવે છે. વળી કાળમેઘ, ઇંદ્રિ, બ્રહ્મેંદ્ર, રૂદ્ર, મલ્લિનાથ, બ-લભદ્ર, વાયુ, ઉત્તર કુરૂની સાત માતા, કેદાર, મેઘ નાદ, સિદ્ધિ ભાસ્ય, સિંહનાદ, વગેરે અધિષ્ઠાયક દેવતાઓ પ્રત્યેક શિખરે તથા પ્રત્યેક વૃક્ષે નેમીશ્વરના ધ્યાનમાં તત્પર રહી સંઘનાં કષ્ટ દૂર કરે છે, ને અંબાના ગિરિથી દક્ષિણે ગોમેધ યક્ષ છે તથા ઉત્તરે મહાજ્વાલા દેવી છે, તે પણ સંઘનાં વિઘ્ન હરેછે. (શત્રુંજ-ય માહાત્મ્ય).

---

*અષ્ટમંગલિક—દર્પણ, વર્ધમાન, કલશ, મત્સયુગ્મ, શ્રીવત્સ, સ્વસ્તિક, નં-દાવર્ત, ભદ્રાસન.

## ત્રીજી, ચોથી તથા પાંચમી ટુંક.

અંબાજીની ટુંક મુકી આગળ મુસાફરી કરીએ એટલે ઓઘડ શિખર આવે છે, તેને ત્રીજી ટુંક કહે છે. ત્યાં પ્રથમ નેમિનાથનાં પગલાં આવે છે, તેમાં સંવત ૧૯૨૭ ના વૈશાક સુદી ૩ શનિનો લેખછે તે ઉપરથી જણાયછે કે બાબુ ધનપતિસિંહ પ્રતાપસિંહજીએ તે પગલાં સ્થાપેલાં છે. તેની પાસે ઓરડી છે તેમાં બાવો રહેછે. તેની પાસે છેક ટોચ ઉપર બૌદ્ધ ગુરૂ મત્સ્યેંદ્રનાથ (મછંદરનાથ) જે ગોપીચંદ રાજાના વખતમાં થઇ ગયા છે તેમના શિષ્ય ગોરખનાથનાં પગલાં છે. આ ટુંકની નીચાણમાં સુગંધી વાળાનાં છોડ થાય છે.

ત્યાંથી આશરે ૪૦૦ ફીટ નીચે ઉતરી રહ્યા પછી ચોથી ટુંકે જવાયછે. તે રસ્તો બાંધેલો નથી. રસ્તો આકરો છે. ટુંકની ઉપર એક મોટી કાળીશિલામાં શ્રી નેમિનાથની પ્રતિમા તથા બીજી શિલાઉપર પગલાંછે. તેમાં ૧૨૪૪ ની પ્રતિષ્ઠાનો લેખછે. કેટલાક એમ કહેછે નેમિનાથ આ ટુંક ઉપર મોક્ષ પામ્યા છે. ચોથી ટુંકથી બારોબાર પાંચમી ટુંકે હોશીઆર ને જોરાવર માણસથી જવાયછે. ત્રીજી ટુંકથી નીચે ઉતરી રહ્યા પછી પગથીઆંને રસ્તે ઉપર ચઢીએછીએ એટલે કમંડલકુંડ જવાનો રસ્તો આવેછે. ત્યાં બાવાનું મકાન છે. કમંડલકુંડની નીચાણમાં રતનબાગ છે તેમાં આશ્ચર્યકારક વનસ્પતિ થાયછે. કમંડલને રસ્તે નહીં જતાં આગળ પગથીઆંને રસ્તે ઉંચા ગયા પછી ચઢાવ ઘણોજ જબરો છે. પાંચમી ટુંકે પોચીએછીએ ત્યારે એક જાતનો અનન્ય આનંદ થાયછે તેથી તથા ઠંડા પવનની લેહેરથી મુસાફરીનો થાક ઉતરી જાયછે; તેની સાથે પાપ પણ ઉતરી જાયછે ને પુણ્ય ચઢેછે. પાંચમી ટુંકની જે પેદાશ થાયછે તે કમંડલકુંડના બાવાઓ લેછે.

ઉપર ગંજાવર ઘંટછે, તથા નેમિનાથનાં પગલાં છે તેના ઉ-પર છત્ર બંધાવેલુંછે. તેની નીચાણમાં પગલાં તથા નેમિનાથની પ્રતિમા છે. વળી નીચે પ્રમાણે લેખ છે. **सं. १९१७ प्रथम आसो वद ७ मे गुरुवासरे सा. देवचंद लक्ष्मीचंदेन जिनालयं प्रतिष्ठितं.** પાંચમી ટુંકથી પાંચ સાત પગથીઆં નીચે ઉતરતાં એક મોટો લેખ આવેછે. તેમાં સંવત ૧૧૦૮ ની સાલ છે. પાંચમી ટુંકની અગ્નિકોણમાં રતનબાગ છે. તેની પેલી તરફ શેર બાગ છે. નૈઋત્યકોણમાં ગબ્બરનો ડુંગર છે. વાયવ્યકોણમાં ભેરવજપ છે. ઈશાનકોણમાં રામચાલી છે ત્યાં શિલોદક પાણીને. ઝરો છે. પાંચમી ટુંકને વૈષ્ણવલોકો ગુરૂદત્તાત્રીની ટુંક કહેછે. નેમિનાથના પ્રથમ ગણધર વરદત્ત ત્યાં મોક્ષ પામ્યાં છે. વરદત્તનુ ટુંકુ નામ દત્ત થઈ દત્તાત્રી થયુંછે એમ પણ કહેવાય છે *વળી ઘણાખરાનો એવો મત પણ છે કે નેમિનાથ આ પાંચમી ટુંકે મોક્ષ પામ્યાછે. આ ટુંક તથા સાતમી ( કાળીકા ) ટુંક વચે છઠ્ઠી ટુંક છે તેને રેણુકા શિખર કહેછે. વાઘેશ્વરી દરવાજાથી ગિરનારનાં મુખ્ય સ્થાનોનું અંતર આ પ્રમાણેછે. વાઘેશ્વરી માતા ૧૨૦૮ ફુટ. અશોકનો લેખ ૨૭૩૩. દામોદર કુંડ ૫૦૩૩. ભવેશ્વર ૧૧૧૩૩. ચડાનીવાવ ૧૨૦૪૩ (૨$\frac{૫}{૧૬}$ મૈલ). માળી પરબ ૧૯૦૨૮. નેમિનાથનો કોટ ૨૨૦૪૩. અંબાજી ૨૪૨૪૩. ઓઘડ શિખર ૨૫૫૯૩. પાંચમી ટુંક ૨૭૫૦૩ ( ૫ મૈલ ). રામાનંદીનાં પગલાં ૨૪૧૪૩. પથરચટિ ૨૪૨૬૮. સેસાવન ૨૬૧૪૩ (૫ મૈલ). હનુમાનધારા ૨૭૭૪૩ ફુટ. પાંચમી ટુંકના બાવાઓ પરદેશી

---

* શ્રી નેમિનાથ ને ૧૮ ગણધર હતા, તેમનાં નામ—વરદત્ત, નરદત્ત, ધર્મદત્ત, સુયશ, ઋષભસેન, વિશ્વભૂતિ, વજ્રનાભ, હરિષેણ, સુમિત્ર, ગુણનાથ, યશઃકીર્તિ, મહાયશ, સર્વાનુભૂતિ, શ્રીધર, અચલ, દયાલ, મહાસેન, સિદ્ધાર્થ.

યાત્રાળુઓને કોઇવાર હેરાન કરેછે. ત્યાં એક મોટો ઘંટ છે, તે ઉપર સંવત ૧૯૯૪ ની સાલ છે. ને બાવા શ્રવણુનાથે તે ઘંટ ચઢાવ્યો છે એમ લખેલું છે.

## કાલિકા ટુંક.

કમંડળ કુંડ આગળ બાવાની જગા છે ત્યાં અગર નેમિનાથના કોટમાં રાત રહીને સવારના વહેલા ઉઠીને ભોમીઆ બાવાઓની મદદથી કાલિકા ટુંકે જવાય છે. રસ્તો અતિશય વિક્રાળ ને ભયંકર લાગે છે. મુસાફર ભૂલો ન પડે તેથી ઠેકાણે ઠેકાણે સિંદુરની નિશાનીઓ દેખાય છે. ઘણોજ જોરાવર ને હિમતવાન આદમી હોય તોજ તે ઠેઠ પોંચી શકે છે: કેટલાક લોકો એમ કહે છે કે બે માણસ કાલિકા ટુંકે જાય તેમાંથી એક માણસ જીવતું પાછું આવે છે તે વાત કેટલેક દરજ્જે યથાર્થ છે: કારણ કે રસ્તો એવો વિકટ છે કે પથરા ઠેકીને કાંટાના ઝાડમાં થઇ જવું પડે છે તેથી બેમાંથી એકને નુકશાન થવાનો સંભવ છે. છેક ટોચે ત્રિશૂળ છે. તથા કાલિકાનું સ્થાન છે. વળી એવી દંતકથા સાંભળવામાં આવી છે કે ત્યાં નીલવર્ણી પારેવાની શિલા છે તે રસ્તે ભોંયરામાં ઉતરાય છે. તેમાં બીજોરાં તથા હરડે એવી થાય છે કે એક ફળ સવા પાશેરનું થાય છે. વળી ચંપાનાં વૃક્ષ છે. નીલવર્ણી શિલા મૂકીને બાબરીઆ કુંડ જવાય છે, ત્યાં માતાની મૂર્તિ છે. રાણપુરની ઘોડી[1] ઉપરથી પણ કાલિકાની ટુંકે જવાય છે. તે રસ્તે ડુંગર ઉપર સુવર્ણ વાલુકા નદી આવે છે, તે ભરત વનમાં જાય છે. ત્યાં સાલંગ્રામ થાય છે.

---

૧. રાણપુર નામનું ડુંગરની તળેટીમાં એક ગામ છે. ઘોડી=ડુંગરની ધાર.

## સહેસાવન.

ગૌમુખી મુકીને ડાબે રસ્તે સપાટ રસ્તો નીકળેછે તે સહેસાવન જવાનો છે. જાંબુ ગુફા મુકીને પ્રથમ રામાનંદીની જગા આવેછે, ત્યાં પગલાં તથા ઘંટ છે. વળી તેજ ઠેકાણે ભેરવજપ (ભૈરવઝંપા) છે. તે ઉપર ચઢીને અસલના વખતમાં દુઃખી લોકો પરભવમાં સુખ પામવાની આશાએ ઝંપાપાત કરી પ્રાણ ખોતા; ને નગારાંના નાદથી પડનારનાં સગાંવહાલાંની બુમ ઢંકાઈ જતી. તેની ડાબી તરફ સેવાદાસની જોવા લાયક ગુફા ને કુંડ છે, ને જમણી બાજુએ પથરચટી નામની આચાર્જીની જગા તથાં કુંડ છે, ત્યાં યાત્રાળુઓને ખીચડી અપાયછે. વળી જમણી બાજુએ નીચાણમાં રસ્તો બાંધેલો છે. તે સહેસાવન (સહસ્રાવન) જાયછે. સહેસાવનમાં નેમિનાથનાં પગલાં છે તે ઉપર છત્રી બંધાવેલીછે. ત્યાં શ્રાવક લોકોની ધર્મશાળા તથા એક બાવાની જગા છે. સહેસાવનથી આશરે એક માઈલ જઇએ ત્યારે ભરતવન તથા હનુમાનધારા આવે છે, સહેસાવનથી નીચે ઉતરીને તલેટી જવાનો રસ્તો છે. હાલ તેને દુરસ્ત કરવામાં આવ્યો છે. મુખ્યત્વે કરીને હુમડ (દિગંબરી) લોકો આ રસ્તો ઉપયોગમાં લેછે.

## ડુંગરની દંત કથાઓ.

૧. એક સમયે કોઇ કઠીઆરે રતનબાગમાં કોઇ વાંદરાને કુહાડી મારી, તે દૈવયોગે કોઇ કુંડમાં પડી જવાથી સોનાની થઈ ગઈ. તેની નીશાનીઓ રાખીને કઠીઆરો બીજે દીન ગયો ત્યારે ભૂલો પડયો; ને એક પણ નિશાની જોઇ નહીં.

૨. સંતદાસના ચેલા સેવાદાસજીએ કહેલી એવી એક વાત છે કે, કેટલાએક યાત્રાળુઓ ભૂલા પડયા. તે કોઈ યોગીની ગુ-

ફા આગળ આવી પહોંચ્યા. યોગીએ તેમને શાંત પાડીને કોઈ ઝાડનાં પાંદડાં ખાવા આપ્યાં; તે તેમને પાપડ જેવાં લાગ્યાં. તેથી ખાઇને સંતોષ પામ્યા. પછી તે યોગીએ તેમની આંખ્યોએ પાટા બાંધીને કોઈ રસ્તે મૂકી દીધા. તેથી તેઓ પોતાને રસ્તે ચાલ્યા ગયા; ને બીજે દહાડે તે ગુફા જોવા આવ્યા પણ જડી નહીં.

૩. કોઈ દુઃખીઆરો રોગથી પીડાએલો હોવાથી તેણે અંબાજીની ટુંકથી પડતું મૂકયું. પણ સાર નસીબે કોઈ હરડેના ઝાડ પાસે પડવાથી તેને ઝાડો થયો ને બધો રોગ જતો રહ્યો. તેણે જુનાગઢમાં આવી ગોરજી લાધાજી જયવંતજીના ગુરૂને વાત કરી. તેથી તેણે તે હરડે લાવીને નવાબ સાહેબની દવામાં વાપરી તેથી નવાબ સાહેબની તબીયત ઘણીજ દુરસ્ત થઇ.

૪. એક બાવાએ કોઇ રસકૂપિકા શોધી કહાડીને તેમાંથી તુંબડી ભરી લીધી. રાત્રે કોઇ સોનીને ત્યાં તેણે મુકામ કર્યો; ને સ્વારે ઉઠીને પોતાને રસ્તે ચાલતો થયો. સોનીના ઘરમાં પેલી તુંબડીમાંથી પાણીના છાંટા જે વસ્તુ ઉપર પડ્યા હતા તે સોનાની થઇ ગઈ. સોની બાવાને ખોળવા ગયો, પણ હાથ લાગ્યો નહીં.

૫. ગોરજી કાંતિવિજયજીના કહેવા પ્રમાણે જુનાગઢના કેટલાક વાણીઆએ ગબ્બર અથવા ગદ્ધેસિંહના ડુંગરમાં જઇ ગદ્ધઇઆં નામના રૂપાના શિક્કાની ગાંસડીઓ બાંધી બોરદેવીના મુકામે આવી ત્યાંના બાવાને હેરાન કર્યો. બાવાના ગુસ્સાથી કેટલાક ત્યાંજ ગાંડા થઇ મૃત્યુ પામ્યા. બીજાઓ રસ્તામાં નાસતાં મરી ગયા; ને બાકીના જુનાગઢમાં આવીને ગુજરી ગયા.

૬. ગોરજી કાંતિવિજયજી કહે છે કે પથ્થરચટીની ઉંચાણમાં એક અઘોરી રહેતો. તે કોઇ બ્રાહ્મણના છોકરાને ઉપાડીને તેનું ભક્ષણ કરી ગયો. તે છોકરાનો પિતા ત્યાં આવ્યો. અઘોરી પાટણમાં નાશી ગયો. અધિષ્ઠાયક દેવની સહાયથી તે છોકરો સજીવન થઇ પોતાના પિતા પાસે આવ્યો. અઘોરીનું નામ હરનાથગર હતું તેને વરદત્ત શિખરના અધિષ્ઠાયક દેવે લાકડી મારી લંગડો કર્યો હતો. તેનો ચોથી પહેડીનો પુલગર નામનો ચેલો સિદ્ધપુર પાટણના જુના કિલ્લા આગળ રહેછે ને ગાયકવાડનો ગરાસ ખાય છે. હરનાથગરને ગીરનાર મૂકી જતું રહેવું પડ્યું. તે વખતમાં સઘળાં અઘોરીઓ ગીરનારમાંથી નીકળી હિમાલય વગેરે સ્થાને ગયા. આ શિવાય બીજી ઘણી દંતકથાઓ ચાલેછે.

## બીજાં જોવા લાયક સ્થાન.

૧ શ્રી નેમિનાથના કોટની અગ્નિખુણમાં પ્રેમચંદજી મહારાજની ગુફા છે તેમાં ઘણા પુરૂષોએ ધ્યાન ધરેલું છે. પ્રેમચંદજી તપગચ્છના સાધુ હતા. તે યોગ વિદ્યામાં પ્રવીણ હતા. પોતાના ગુરૂભાઈ કપુરચંદજીને શોધવા માટે તેઓ અત્રે આવી રહ્યા હતા. કપુરચંદજી વીશે એવું માનવામાં આવેછે કે તેઓ અનેક રૂપ કરતા તથા તેમનામાં અનેક સ્થળે જવાની વિદ્યા હતી. આ ગુફા દેવચંદ લખમીચંદના કારખાનાને સ્વાધીન છે. તેમાં વખતો વખત જોઇતી મરામત પણ આ કારખાના તરફથી થાય છે. ત્યાં જવાનો રસ્તો ઘણો કઠણ છે. ત્યાં જવાના રસ્તા નીચે પંચેશ્વરની જગા છે ત્યાં પાણીનો કુંડ છે. પ્રેમચંદજી મહારાજનાં પગલાં

તળેટીની ધર્મશાળામાં છે. તેમાં સંવત ૧૯૨૧ ની સાલ છે. તેની પાછો સંવત ૧૯૨૨માં સ્થાપેલાં દયાચંદજીનાં પગલાં છે. આ ગુફાથી બારોબાર પાટવડને નાકે થઈ બીલખા જવાય છે.

૨. સાતપુડાનો કુંડ સાતપુડાના ડુંગરમાં છે. ત્યાં જવાના બે રસ્તા છે. એક રસ્તો રાજુલની ગુફા ઉપર થઇને જાય છે, બીજો અંબાજી જતાં રહેનેમિના દેરાથી નીકળે છે. આ કુંડનું પાણી ઘણું સ્વચ્છ છે ને કોઈ પણ દીન ખુટતું નથી. ગીરનારનાં બીજાં જળાશયોમાં પાણી જોવામાં આવતું નથી તે વખતે આ કુંડમાંથી જોઈએ તેટલું સ્વચ્છ પાણી મળી શકે છે. ત્યાં જવાનો રસ્તો ઘણો સખત તેમજ વિકટ છે. કુંડની ઉપર કુદરતી કાળાં પથ્થરની શિલાઓનું ઢાંકણુ છે. જેથી સૂર્યનું પ્રતિબિંબ પણ ત્યાં જવા પામતું નથી. કુંડમાં પ્રવેશ કરવા માટે ઘણોજ સાંકડો રસ્તો છે. એક માણસ પણ મુસ્કેલીથી અંદર જઇ શકે છે. આ કુંડનું પાણી હમેશાં એવું તો શીતળ ને આરોગ્યતા વર્ધક છે કે તેનું પાન કર્યાથી આત્માને અમૃત મળ્યું હોય એવો આનંદ થાય છે.

૩. ગબ્બર અથવા ગધેસિંહનો ડુંગર પાંચમી ટુંકની નૈરૂત્ય ખુણમાં છે. ત્યાં શાશ્વતી પ્રતિમાઓ છે પણ તેમાં કુંજ દ્રુહ નામનો ધરો છે તેને તાંતણીઓ ધરો કહે છે. રતનબાગમાંથી તેમાં પાણી આવે છે. તે ધરો અગાધ છે. તેનો પાર આવતો નથી તેથી શાશ્વતી પ્રતિમાના સ્થાને જવાતું નથી. તાંતણીઓ ધરો બીલખા તરફ થઇને હોજતને મળેછે.

૪. કાળીકા ટુંક જતાં પાંડવગુફા આવે છે, તે ગુફા રતનબાગથી શરૂ થાય છે. તે છતરાસા પાસેના પાટણવાવના ડુંગરમાં નીકળે છે ત્યાં દેવીનું ધામ છે. એવીજ એક ગુફા માલ્ય-

વંત અથવા માળી પરબથી નીકળી શત્રુંજય પર્વત આગળ સિદ્ધવડની પાસે હાલ જ્યાં આણંદપુર ગામ છે ત્યાં નીકળે છે એમ સાંભળવામાં આવ્યું છે. આ ગુફા મુકી લક્ષ્મણગુફા જવાય છે.

૫. કાળી દેરી આગળની ટેકરીને વાલ્મીકિ ઋષિની ટેકરી કહે છે. તે મુંકયા પછી જટાશંકર જવાનો રસ્તો નીકળે છે. ત્યાં જતાં પ્રથમ પુતળીઓ ગાળો આવેછે ત્યાં મોટા ચોખાના આકારના પથરા થાય છે.

૬. ગબ્બર ને દાતારના ડુંગરની વચે નવનાત ૮૪ સિદ્ધની ટેકરી છે તેને હાલ ટગટગીઆનો ડુંગર કહે છે. ટગટગીઆથી રતનેસર જવાય છે. ને રતનેસરથી કાળીના મુકામે જવાય છે. આ ડુંગરમાં અસલ ઘણા અઘોરી રહેતા.

૭. દુધેશ્વરથી જોગણીઓના ડુંગર ઉપર જવાય છે. ત્યાં ગુફા તથા તોપો છે. વળી નાગેશરીનું ઝાડ છે. તે ઝાડ ચંપા જેવું થાય છે, પણ તેનાં ફુલ કાળાં હોય છે. તેને નાગના જેવી પાંખડીઓ થાય છે. ગુફામાં પથ્થરનું બારણું છે. આ ડુંગરને અશ્વત્થામાનો ડુંગર કહે છે.

૮. ભરતવન—સહેસાવનમાં નેમિનાથનાં પગલાં મૂકી કેડીને રસ્તે ઉત્તર તરફ ચાલતાં આશરે એક માઇલ ઉપર ભરતવન આવેછે. ત્યાં અરીઠાનું મોટું ઝાડ છે તથા બાવાની ઓરડી છે. આસપાસ વિવિધ પ્રકારની લીલોતરી જોવામાં આવેછે. નીચાણમાં કુંડ છે. ત્યાંથી બારોબાર ઝીણા બાવાની મઢીએ જવાય છે.

૯. સહેસાવનથી ભરતવન આવતાં એક ડાબી બાજુએં રસ્તો નીકળે છે તે હનુમાનધારા જાય છે. ત્યાં હનુમાનની શિ-

ખરબંધ દેરડી છે તથા ઉંચાણમાં સરસ કુંડ છે તેમાં હનુમાનના મુખમાંથી ઝરણનું પાણી પડેછે. આ કુંડની નીચાણની વનસ્પતિ જોવાલાયક છે. હનુમાન ધારાથી જાંબુડીને નાકે તથા ડેરવાણના નાકે જવાય છે. ડેરવાણના નાકેથી વડાલ જવાય છે.*

## ગીરનારની પ્રદક્ષિણા.

ગીરનારની બાર ગાઉની પ્રદક્ષિણા કરવા માટે પ્રથમ દામોદરકુંડ જવાયછે. આ ભરતક્ષેત્રની અતીત ચોવીશીના નવમા તીર્થંકર દામોદરને આ સ્થાને કેવળજ્ઞાન ઉપજ્યું હતું. તેથી સંપ્રતિ રાજાએ અત્રે દેવાલય બંધાવી શ્રી દામોદરજીની સ્થાપના કરી હતી, હાલમાં દામોદરજીના મંદિરમાં મુખ્ય મૂર્તિ દામોદરજી (કૃષ્ણ)ની છે. તેને જમણે પડખે કલ્યાણરાય ને ડાબે પડખે રાધિકાની મૂર્તિ છે. વળી કલ્યાણરાયને જમણે પડખે લક્ષ્મીનારાયણ છે. જમણી તરફના મંદિરમાં બળરામની પ્રતિમા છે. તેની જમણી બાજુએ પરસોતમરાય ને ડાબી બાજુએ રેવતીજીની પ્રતિમાઓ છે.

દામોદરજીના મંદિરના રંગમંડપમાં નરસીમેતા તથા તેની પુત્રી કુંવરબાઇની ડેરી છે. પશ્ચિમદ્વારથી નીકળીએ એટલે રેવતીકુંડ આવેછે.

દામોદરકુંડની પાસે શ્મશાનભૂમિ છે. મુડદાંના હાડકાં કુંડના પાણીમાં ગળી જાયછે એમ કહેવાય છે. દામોદરકુંડ મૂકી દૂધેશ્વર જવાયછે. ત્યાંથી સહેસાવન જવાનો રસ્તો છે. તળેટીમાં હુમડની ધર્મશાળાથી પણ સહેસાવન જવાનો રસ્તો નીકળેછે. તે હાલમાં સુધરાવ્યો છે. સહેસાવનથી હનુમાનધારા જ-

---

* જુનાગઢ તાબે ૧૯ મહાલ છે તે નીચે પ્રમાણે—વડાલ, નવાગઢ, ભેંસાણ, વીસાવદર, કુંગર, વનથલી, કેશોદ, માળીઆ, ચોરવાડ, વેરાવળ, પાટણ, સુતરાપાડા, ઉના, બાબરીઆવાડ, ગાધકડા, શીલ, બાલાગામ, કુંતીઆણા, સાસણ, (ગીર).

વાયછે, ત્યાંથી ઝીણાબાવાની મઢી આવેછે. પછી સરખડીઆ હનુમાન આવેછે ત્યાંથી સુરજકુંડ જવાયછે. સુરજકુંડ મુકી ડુંગરની ઘોડીએ ચડીએ ત્યારે માલવેલા આવેછે. માલવેલાની બંને બાજુએ નદીઓ દેખાયછે. ત્યાંથી ઊંચે ચડીએ ત્યારે બે રસ્તા આવેછે. એક રસ્તે પાણીની કુઇ આવેછે. ત્યાંથી કાલિકા ટુંકે જવાય છે. બીજો રસ્તો રામટેકરી અથવા ટગટગીઆના ડુંગર ઉપર જવાનો ઘોડી ઉપર ચાલેછે, તે બન્ને રસ્તા બે બાજુએ મૂકી નીચે ઉતરતાં નળનાં પાણી આવેછે. નળનાં પાણી મુકી બોરીએ જવાયછે. બોરીઆમાં બદ્રિકા માતાનું સ્થાન છે. અહીં અગાઉ હીરાગરનામે બાવો રહેતો હતો તેના ઉપર કોઇ ખાંટે વહેમ આણ્યો કે તે માંસમાટી ખાયછે તેથી તેની ઓરડીમાં દેવંતા લેવાના બહાને ગયો. ઢાંકણી ઉઘાડી જુએછે તો ચોખા ચડતા જોયા. બાવાએ શ્રાપ દીધો કે ખાંટ લોકોની પડતી આવશે. ત્યારથી ખાંટ લોકોનું જોર ગીરનારમાં ઘટી ગયું; ને બોરીઆંની જગા કાઠી લોકોના હાથમાં હતી, પણ હાલમાં તે સ્થાન સેવાદાસજીની દેખરેખ તળે છે; ને નવાબ સાહેબનું ઉપરીપણું છે. બોરીઆથી લાખામેડીનો કોઠો જે તળેટીની સડક ઉપર છે ત્યાં અવાય છે. દીવાન અનંતજી અમરચંદ જે ભાવનગરના ગગા ઓઝા જેવા તથા જામનગરના ભગવાનજીની જોડીના કહેવાતા હતા તેમણે બારગાઉની પ્રદક્ષિણા ઠાઠથી કરી હતી એમ કહેવાય છે. ૨૪ ગાઉની પ્રદક્ષિણામાં નીચે પ્રમાણે ગામો અનુક્રમે આવેછે—સાબળપર, બાહમણગામ, હડમતીયું, કાથરોટું, બરીયાવડ, કરીયુ દુધાળું, છોડવડી, બીલખા, ખડીઆ, ડુંગરપર, ને પાદરીઉ.

સ્કંદપુરાણમાં વર્ણવેલું પ્રભાસક્ષેત્ર ૪૮ ગાઉના ઘેરાવાવા-

ણું છે. પ્રભાસક્ષેત્રનું ગર્ભગૃહ વસ્ત્રાપથ ક્ષેત્ર ૨૪ ગાઉના ઘેરાવાવાળું છે, ને 'વસ્ત્રાપથના ગર્ભગૃહ ગિરનારનો ઘેરાવો ૧૨ ગાઉનો' છે.

## ગીરનારની વનસ્પતિ.

ગીરનાર પર્વત રોજ સવામણ સોનું આપતો હતો ને હાલ રોજ સવાશેર સોનું આપેછે એમ કહેવાય છે. હાલ પણ સવારમાં તળેટી જતી વખત માંથે લાકડાનાં ભારા, ઘાસ તથા લીલોતરી લઇને આવનાર સેંકડો પુરૂષ તથા સ્ત્રીઓ નજરે પડેછે. વળી કેરી, જામફળ, સીતાફળ, પપનસ વગેરે ઘણી જાતનાં ફળ ગિરનારની નીચાણની જમીનમાં થાયછે. સહેસાવન (સહસ્ત્રામ્રવન)માં તેમજ લાખાવન ને ભરતવનમાં આંબાનાં ઝાડ પુષ્કળ જોવામાં આવેછે. વાઘેશ્વરી દરવાજેથી તળેટી જતાં રસ્તામાં સાગનાં ઝાડનાં વન આવેછે તેમજ કરમદી, પીંપળો ને ગુલર એ ઝાડ જ્યાં જઇએ ત્યાં નજરે પડેછે. તે શિવાય સાજડ, ટીંબરવો, હળદરવો, કલમ, કડાયો, હરડાં, બેડાં, આંબળાં, રાયણ, આંબલી, અરીઠી, ગરમાળાનો ગોળ, ઇંદ્રજવ, મરડાસીંગ, માલવેળો, વગેરેનાં ઝાડ દ્રષ્ટિગોચર થાયછે. માળીપરબથી ઊંચે જતાં પણ કરમદી, ગુલર, મચકુંદ, જાયનીવેલો વગેરે નજરે પડે છે. સહેસાવનમાં પણ મચકુંદ, કરમદી ને વેલ ઘણી છે. હનુમાનધારા જતાં પાંદડીનાં ઝાડ પુષ્કળ છે.

આ જંબૂદ્વીપના આ ભરતક્ષેત્રની વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના પ્રથમ ગણધર પુંડરીકે ભગવંતની આજ્ઞાથી સવાલક્ષ શ્લોકનું શત્રુંજયમાહાત્મ્ય રચ્યું. તે ઉપરથી ચોવીસમા તીર્થંકર શ્રી વર્ધમાન સ્વામિના સુધર્મા ગ-

ણધરે ચોવીસ હજાર શ્લોકનું શત્રુંજય માહાત્મ્ય સંક્ષેપમાં કર્યું. તેમાંથી સાર કાઢીને સૌરાષ્ટ્રના રાજા શિલાદિત્યના આગ્રહથી શ્રીમાન્ ધનેશ્વરસૂરિએ વલભીપુરમાં શત્રુંજય માહાત્મ્ય નામ્ને જે ગ્રંથ બનાવ્યો છે તેમાં ૧૦૦૮૫ શ્લોક છે તથા પંદર સર્ગ છે. દસમાથી તેરમા સર્ગ સુધી શત્રુંજય પર્વતના પાંચમા શિખર રૈવતાચલનો મહિમા વર્ણવેલો છે તેનો મુખ્ય આધાર લઇ આ ગીરનાર માહાત્મ્ય પ્રગટ કરવામાં આવ્યું છે.

આ અવસર્પિણીના જંબુ ભરતના પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવનો પુત્ર ભરત ચક્રવર્તી સંઘ કહાડી શત્રુંજયનો ઉદ્ધાર કરી રૈવતાચલ પર્વત તરફ ચાલ્યો. તે પર્વત સુવર્ણ, રત્ન, માણિક્ય, નીલમણિ, સ્ફટિક પાષાણ આદિની કાંતિએ ભરેલો છે. જ્યાં કિન્નરનાં બાળકો રત્નના કકડા ક્રીડામાં ઉછાળી રહ્યા છે તેથી દિવસે પણ આકાશમાં તારા દેખાતા હોય એમ લાગેછે. જ્યાં રાત્રિને વિષે ચંદ્રમણિના શૃંગથી વહેતા અમૃતના ઝરાઓથી વનસ્પતિ હમેશાં લીલીજ રહેછે, જ્યાં પંચવર્ણી મણિની કાંતિથી ચિતરાયેલાં વાયુચપલ વનવૃક્ષો નૃત્ય કરતા મયૂરની નકલ કરેછે. જેનું કાંચનમય શિખર વિવિધ વૃક્ષથી વીંટાયલું હોવાથી પૃથ્વી રૂપી પ્રમદાના ચોટલાની રક્ષામણિમાફક બિરાજી રહ્યું છે. જે પર્વતના રસકુંડો એવું રટણ કરી રહ્યાછે કે, અમારા જેવો ધર્મ કોનો છે? અમે કોનું દારિદ્રય હણતા નથી? જેના ઉપર ફળદ્રુપ કેળ તથા આંબાના ઝાડોથી તોરણ બંધાયાં છે, ને જ્યાં વિદ્યાધરની સ્ત્રીઓ હરરોજ ગાઇ રહી છે. જ્યાં દિવસે સૂર્યમણિ દીપી રહ્યાં છે ને રાત્રે ઔષધિઓના દીવા થાય છે. જે કેળપત્રની ધ્વજાઓએ કરીને જાણે અનંત લક્ષ્મીનો અધિપતિ હોય એવો લાગે છે, જેના શૃંગના અગ્ર ભાગે

પ્રકાશના મોટા મણિના સમૂહે કરીને દિવસે પણ આકાશમાં સેંકડો ચંદ્રમા ફરતા હોય એવું દેખાય છે. જેના સ્ફટિકમણિની કુલ્યા (નીકો)ને વિષે રહેલું ઝરણનું જળ શેષનાગના શરીરે લેપ કરેલા અથવા ચંદ્રમાને ચર્ચેલા ચંદનની પેરે શોભી રહ્યું છે. પાણીના ધોધ ક્રીડા કરવા આવેલા હાથીઓની પેરે નાદ કરી રહ્યા છે. જે રેવતાચળ ચારો ચરતા મૃગના મદ (કસ્તૂરી)થી લીંપાયો છે. જે દેવતા યક્ષને અપ્સરાઓના વૃંદથી સદા સેવાયલો છે. જ્યાં ચંદ્રસૂર્ય પણ પોતાના વિમાનોને ક્ષણવાર વિસામો આપી અતિ આનંદ પામી સ્તુતિ કરતા ચાલ્યા જાય છે. જ્યાં લવંગ, કદલી, નાગવલ્લી, મલ્લી, (માલતી), તમાલ, કદંબ, જંબૂ, માકંદ (આંબા), નિંબ, અંબક (અંભેડાં), તાલીવૃક્ષ, તાલ, તિલક, લોધ્ર, ન્યગ્રોધ (વડ), બકુલ, અશોક, અશ્વથ્થ (પીંપળા) પલાશ, પ્લક્ષ (પીંપર), માધવ, ચંદન, કલ્પવૃક્ષ, કણવીરક (કણીઅર), માતુલિંગ (બીજોરાં), દેવદારૂ, પાટલ, અંકુશ, કુરૂબક, અંકુલ, પ્રમુખ વૃક્ષો પોતાની છાયા, ફળ, પત્ર ને પુષ્પોથી મનુષ્યોને પ્રમોદ પમાડેછે.

ભરતચક્રીએ ઉપવાસ કરીને રોહણાચળ, વૈતાઢ્ય તથા મેરૂ પર્વતની સંપત્તિનો તસ્કર એવા રૈવતાચલ પર્વતને વિષે ઉતારો કર્યો ને સંઘસહિત શત્રુંજયની પેરે તીર્થપૂજા કરી. સુરાષ્ટ્રના રાજા શક્તિસિંહે સંઘસહિત ભરત ચક્રીને જમાડયો. રૈવતાચલને દુર્ગમ જાણીને ભરત ચક્રીએ હજાર યક્ષ પાસે પગથીઆંના ચાર મોટા રસ્તા કરાવ્યા ને દરેક રસ્તાને મુખે નગર વસાવ્યાં. પંથીજનોને વિશ્રામ લેવા માટે વાપી અને વનપ્રાસાદ બંધાવ્યાં. દાન, શીલ, તપ ને ભાવ વડે જેમ મોક્ષસ્થાનમાં જવાય છે તેમ સઘળો સંઘ સુખેથી તે ચાર પાજ (પદ્યા)ની સ-

હાયતાથી ગિરિનાર ઉપર ચઢયો. ૨૨ મા તીર્થંકર શ્રી નેમિનાથનાં ત્રણ કલ્યાણક રૈવતાચલે થવાનાં છે એમ જાણીને વાર્ધિકરત્નવડે નેમિનાથનો મહા પ્રાસાદ ભરત રાજાએ કરાવ્યો. વિવિધ વર્ણનાં માણુરત્નોના કિરણોથી તે જીનપ્રાસાદમાં અનાયાસે ચિત્રામણ થયાં તથા તેની ધ્વજાઓ ચક્રવર્તીની કીર્તિના ભંડારની વાનગી દેખાડતી હોય એમ ફરકવા લાગી. પ્રત્યેક દિશાએ અગીઆર એમ ચુમાલીસ મંડપે કરીને તે સુરસુંદર નામે જીનાલય દીપતું હતું. ગવાક્ષ તેમજ કમાનોએ કરી મનોહર એવા તે ત્રિજગદીશ્વરના મંદિરની આસપાસ સર્વ ઋતુને અનુકૂળ એવા ઉદ્યાન આવી રહ્યા છે. આવા સ્ફટિક પાષાણના ચૈત્યની અંદર શ્રી નેમીશ્વરની નીલમણિમય મૂર્તિ ચક્ષુને વિષે કીકી શોભે છે એમ શોભી રહી હતી. આ જીનમંદિર મુખ્ય શૃંગની નીચાણમાં એક યોજનને અંતરે આવેલું હતું. વળી ભરત ચક્રીએ સ્વસ્તિકાવર્ત નામે ત્યાં શ્રી આદીશ્વરનું દેવાલય કરાવ્યું. પછી ગણધરો પાસે વિમલાચળની પેરે માણિક્યની, રત્નની, સોનાની, રૂપાની તેમજ અન્ય ધાતુની બનાવેલી અરિહંતની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવી. આ શુભ પ્રસંગે ઇંદ્રમહારાજ ઐરાવણ હાથી ઉપર બેસી શ્રી નેમિનાથનું વંદન કરવા આવ્યા. જે સ્થાને તે હાથીએ પોતાના એક પગે ભૂમિનું આક્રમણ કર્યું તે સ્થાને ઇંદ્રે ગજપદ કુંડ બનાવ્યો. અનુક્રમે ગજપદ કુંડમાં સ્નાન કરી ધોયેલાં વસ્ત્ર પહેરી ભરત રાજાએ શ્રી નેમીશ્વર મહારાજની પૂજા કરી ભગવંતની આરતી તથા મંગળ દીવો ઉતાર્યો; ને ઉજ્વલ ભાવથી અરિહંતની સ્તુતિ કરી. પછી શક્તિસિંહ રાજાને રૈવતાચલનું વર્ણન કરવા વિનંતિ કરી. તે ઉપરથી શક્તિસિંહ રાજા કહે છે.

"રૈવતાચલ પર્વત શત્રુંજયનું પાંચમુ શિખર છે. ઉત્સર્પિણીના પહેલા આરામાં તે સો ધનુષનો હોય છે, બીજા આરામાં બે યોજનનો, ત્રીજામાં દશ યોજનનો, ચોથામાં સોળ યોજનનો, પાંચમામાં વીસ ને છઠ્ઠામાં છત્રીસ યોજનનો હોય છે. અવસર્પિણીકાળના આરામાં એજ પ્રમાણે ઘટતો જાય છે. આ શાશ્વત પર્વતનું નામ પહેલા આરામાં કૈલાસ, બીજામાં ઉજ્જયંત, ત્રીજામાં રૈવત, ચોથામાં સ્વર્ગ પર્વત, પાંચમામાં ગિરિનાર ને છઠ્ઠામાં નંદભદ્ર છે. અહીં અનંત તીર્થંકર આવ્યા છે ને વળી આવશે. કેટલાએક સાધુ અહીં સિદ્ધિ પામ્યાછે. રસકુંડ, ચિંતામણિ, કલ્પદ્રુમ ને ચિત્રાવેલિયુકત આ ગિરિ બંને ભવમાં સુખદાયક છે. આ પર્વતની ચારે બાજુએ શ્રીદગિરિ, સિદ્ધિગિરિ, વિદ્યાધર ને દેવગિરિ, એવા ચાર ગિરિ આવેલા છે. તેમજ પૂર્વ દિશામાં શ્રીદ તથા સિદ્ધિ એ બે ગિરિની મધ્યે ઊદયંતી નદી છે. દક્ષિણે ઉજ્જયંતી, પશ્ચિમે સુવર્ણરેખા, ને ઉત્તરે દિવ્યલોલા નદીઓ વહે છે."

ત્યારપછી બરટ રાક્ષસને હરાવી ભરતે બરટ ( બરડા ) પર્વત ઉપર શ્રી આદિનાથ તથા નેમિનાથનાં મંદિર કરાવ્યાં. શત્રુંજય તથા રૈવતાચલ એ બે તીર્થનું રક્ષણ કરનાર સુરાષ્ટ્રનૃપ શક્તિસિંહને આનંદપુરમાં બે છત્ર આપી ભરતે અર્બુદ (આબુ) પર્વતે જઇ ત્યાં અતીત, અનાગત ને વર્તમાન અર્હતનાં પ્રાસાદ કરાવ્યાં. ને વૈભારગિરિ ઉપર મહાવીરસ્વામીનું તેમજ સમેતશિખર ઉપર વીસ તીર્થંકરનાં મનોહર ચૈત્ય કરાવ્યાં.

ભરત ચક્રવર્તી પછી શત્રુંજય તથા રૈવતાચલના અસંખ્ય ઉદ્ધાર થયા છે. પણ સગર ચક્રવર્તી પ્રમુખ પ્રસિદ્ધ સંઘપતિઓથી થયેલા શત્રુંજયના મોટા ઉદ્ધાર સોળ કહેવાય છે તેમાં

શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ પહેલાં ચોરાશી હજાર, વર્ષ ઉપર થઇ ગયેલા પાંડવોનો ઉદ્ધાર બારમો કહેવાય છે. ત્યાં સુધી શત્રુંજયના જેટલા ઉદ્ધાર થયા તેટલા ઉદ્ધાર ઉજ્જયંતગિરિના પણ થયા છે. વળી વીસમા તીર્થકૃત્ મુનિસુવ્રતસ્વામી જે મહાવીર મોક્ષ પહેલાં અગીઆર લાખ ને ચોરાશી હજાર વર્ષ ઉપર નિર્વાણ પામ્યા છે તેના વખતમાં દશરથ રાજાએ રામ, લક્ષ્મણ, ભરત ને શત્રુઘ્ન સહિત સિદ્ધગિરિની યાત્રા કરી ત્યાં મોટા જીનપ્રાસાદ કરાવ્યા. ત્યાંથી ગિરનાર તીર્થે આવી નેમીશ્વર ભગવંતની પૂજા કરી ક્ષેત્રનો ઉદ્ધાર કર્યો. ભામંડલની ભગિની સીતાએ પણ પ્રભાસપાટણમાં ચંદ્રપ્રભ તીર્થંકરનો નવો પ્રાસાદ કરાવ્યો. તથા કૈકેયીએ બરટ: (બરૈડા) પર્વત ઉપર નેમિનાથનું દેવાલય સમરાવી ત્યાં ભગવાનની મૂર્તિ સ્થાપી. શ્રી ઋષભસ્વામીના વખતમાં સોરઠ દેશનો રાજા શક્તિસિંહ રૈવતાચલની તળેટીમાં આવેલા ગિરિદુર્ગ નગરમાં રાજ્ય કરતો હતો. વર્ધમાન જીનેશ્વરના વખતમાં તેજ નગરમાં ગોધિ નામના નરેશનો પુત્ર રિપુમલ્લ નામનો યાદવરાજા રાજ્ય કરતો હતો. તે બંને રાજાઓ જૈની હતા. પાંડવ પછી રત્નશા ઓસવાળ, સાજન, વસ્તુપાલ તેજપાલ, મેથડપુત્ર ઝાંઝણ આદિ પુરૂષો ઉજ્જયંત પર્વતના ઉદ્ધારકર્તા થયા. વિક્રમ સંવત ૧૪૪૯ માં શ્રી જયતિલકસૂરિના સદ્બોધથી શા. હરપતિએ શ્રી નેમિનાથનું મંદિર સમરાવ્યું.

શ્રી ગીરનારજીના તીર્થ વિશે જેટલું લખીએ તેટલું ઓછું છે. મુનિરાજ ચારિત્રવિજયજી સદુપદેશથી આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. તેમજ ગોરજી લાધાજી જયવંતજી, ગોરજી કાંતિવિજયજી, રા. સારાભાઇ તુલસીદાસ, શેઠ. જુઠાભાઇ ઓધવજી આદિ સજ્જનો મને સાહાય્યકારી થયા છે. આ સર્વ

સાહેબોનો યથાયોગ્ય ઉપકાર માનું છું ને હિંદુ, મુસલમાન, જૈન વગેરે સર્વ કોમના મનુષ્યો આ ગ્રંથને આદિથી અંત સુધી વાંચી ભૂલચૂક માફ કરી પરસ્પર પ્રીતિ દર્શાવી સલાહસંપથી સદાચરણમાં પ્રવર્તશે તો મારો પ્રયાસ સફળ થયો એમ હું સમજીશ.

તા. ૧ જુલાઈ ૧૮૯૪ }
મુ. જુનાગઢ. } દોલતચંદ પુરૂષોત્તમ બરોડીઆ.

# ગિરનાર છત્રીશી.

શ્રી ગણેશ ગૌતમ સમરી, વાગીશ્વરીવર અમરી,
રૈવત પર્વત આખ્યાન, રચું દો કાન,
ધ્યાન સુભ ધારી, ચાલોને ગઢ ગિરનારી;
શોભા બની બહુ ભારી, ચાલોને. ૧
સ્ટેશન ઉપર ઊતરીએ,[1] જુનાગઢ જાત્રા કરીએ;
વંદીને શ્રી મહાવીર, તરો ભવતીર,
દુરિત દલદારી, ચાલોને. ૨
વાઘેશ્વરી દરવાજો, રસ્તો બનાવ્યો તાજો;
દામોદર રૈવતી કુંડ, ઝાડનાં ઝુંડ,
ફૂલ ફળહારી. ચાલોને. ૩
સુવર્ણ રેખ સરિતા, સુગંધ સમીર સહિતા;
મનહર કુદરત દેખાવ, ભલો લે લાવ,
મોહ મદ મારી. ચાલોને. ૪
બે પૂલ પ્રીતિકારી, નીચે નદી વહે સારી;
આગળ આવે ભવનાથ, મૃગીકુંડ સાથ,
કરો તૈયારી, ચાલોને. ૫
પ્રેમચંદ રાયચંદ કાવે, તસ ધર્મશાળા મન ભાવે;
ત્યાં ભેટો રીખવદેવ, કરો નિત સેવ,
દેહ સણુગારી. ચાલોને. ૬
દીગંબરી વિશ્રામ, વાપી ચડાની નામ;
લઇ ટીકટ જો થઇ ધીર, મારૂતિ વીર,
પીર સુખકારી. ચાલોને. ૭

---

૧. સને ૧૮૮૧માં જુનાગઢની વસ્તી ૨૪૦૦૦ માણસની હતી તે વધીને સને ૧૮૯૧ માં ૩૧૦૦૦ ની થઈ. વાર્ષિક ઉપજ આશરે ત્રીશ લાખ રૂપિઆની છે.

પછી પાંચે પાંડવ કેરી, દેખોને દીપે દેરી;
વિસામા બીજા ઘણા, નથી કંઇ મણા,
પગથીઆં જારી. ચાલોને. ૮
દેરી ધોળી ને કાળી, માળીપરબ પણ ભાળી;
મૂસાફર કર પયપાન, ભુલાવે ભાન,
હુવઃ હિતકારી. ચાલોને. ૯
નેમીશ્વરજીનો કિલ્લો, દુનીઆમાં જે દોહિલ્લો;
ત્યાં બેઠા નેમકુમાર, જગત આધાર,
બાળ બ્રહ્મચારી. ચાલોને. ૧૦
જે સમુદ્રવિજય કુળચૂંદ, શીવાદેવીનો નંદ;
સતી રાજીમતી ભરતાર, સુણી પોકાર,
તજી સન્નારી. ચાલોને. ૧૧
જે ઉગ્રસેન જામાતા; બલભદ્ર કૃષ્ણના ભ્રાતા;
કીધો પ્રાણી ઉપકાર, કૃપા અવતાર,
સંયમ સ્વીકારી. ચાલોને. ૧૨
જેની ધનુષ દસની કાયા, સુર કિન્નર નરવર ગાયા;
યદુવંશ દ્વારિકા પૂર, અનંતુ નૂર,
અલખ અણગારી. ચાલોને. ૧૩
જેને ચોસઠ ઇંદ્ર નમે છે, અવિચલ સિદ્ધિ સુખ લે છે;
જેમ ચહે ચંદ્ર ચકોર, મેઘને મોર,
જાઉં હું વારી. ચાલોને. ૧૪
જીન મૂરત મોહનકારી, કાયા શુભ કામણગારી;
શંખલંછન શ્યામલ વર્ણ, શરણ તવ ચર્ણ,
કરે નરનારી. ચાલોને. ૧૫
ત્રિકરણ રાખો શુદ્ધિ, વિલસે રિદ્ધિની વૃદ્ધિ;

પ્રભુ પૂજા અષ્ટપ્રકાર, ઉતારે પાર,
મોક્ષ દેનારી. ચાલોને. ૧૬
ત્યાં અમીઝરાજી શોભે, પૂજન કરવા ચિત લોભે;
મેરકવશીની ટૂંક, મમતા મૂક,
કોતરણી કયારી. ચાલોને. ૧૭
સોની સગરામ કુમારપાળ, રાજાની ટુંક વિશાળ;
ઉત્તર બાજુ ભીમકુંડ, શીતળ જળ બુંદ,
બાગ બલિહારી. ચાલોને. ૧૮
માલવદેશે મહારાજ, સંપ્રતિ નૃપતિ શિરતાજ;
કરી ટુંક ભભકાદાર, આગમ અનુસાર,
પથિકને પ્યારી. ચાલોને. ૧૯
વસ્તુપાળ ને તેજપાળ, એ નામે ટુંક નિહાળ;
કોટીગમ ખરચ્યા દામ, અનુપમ કામ,
નિરખ નિર્ધારી. ચાલોને. ૨૦
દેવાલય રમણિક ભારે, જે ભવિકજનને તારે;
સહેસાવન સુંદર ધામ, ભીડજો હામ,
વિનંતિ મારી. ચાલોને. ૨૧
ચૌમુખ ગૌમુખ સુખકંદી, રહેનેમિ રામાનંદી;
આચારજી દાન અતુલ, ગુફા રાજુલ,
પાપ હરનારી. ચાલોને. ૨૨
હુંમડ નેમલનું દેરૂં, વળી શાંતિ શંભવ કેરૂં;
જ્યાં નવો કુંડ ત્યાં આવ, જ્ઞાનની વાવ,
હૃદય વિચારી. ચાલોને. ૨૩
ભર ચંદ્રપ્રભુ પ્રતિ ડગલું, નગપર ગજવરનું પગલું;

શંતપૂકે નિર્મળ નીર, ફેરવ ગંભીર,
નજર તું તારી. ચાલોને. ૨૪

અંબાજી દર્શન કરજો, ઓઘડ શીખર સંચરજો;
પંચમટુંક પુણ્ય ભરાય, કમંડલ જાય,
શું કહું વિસ્તારી. ચાલોને. ૨૫

વનભરંત હનુમન ધારા, પાંડવ ગુફા અઘ આરા;
લાખાવન રતન બાગ, ફરો જોઇ લાગ,
કાળી ભયકારી. ચાલોને. ૨૬

જટાશંકર જો ચઢી, ઝીણા બાવાની મઢી;
નળ, સરખડીઆં હંનુમાન, સુરજ કુંડ સ્થાન,
બોરીઆ બારી. ચાલોને. ૨૭

દિવ્યૌષધી રસ કૂપી, પંચમકાળે કયાં છૂપી;
મણિ સોમકાંત રવિકાંત, દેવ દ્રુમ શાંત,
કલ્પ ભૃંગારી. ચાલોને. ૨૮.

ચિંતામણિ સુરધેનુ, નવગૌરવ ગાજે કેનું;
છે મંદ મંત્રને તંત્ર, દેવતા યંત્ર,
ન દે ઊગારી. ચાલોને. ૨૯.

પણ સુવિધ યાત્રા કરતાં, અશાતના પરિહરતાં;
મુક્તિ મંદિરમાં વાસ, પામશો ખાસ,
ટળી સંસારી. ચાલોને. ૩૦.

ઉજ્જયંતથી ઊતરીએ, જીરણગઢ નગરી ફરીએ;
શક્કર મોતી સરદાર, ભવ્ય બજાર,
કચેરી ભારી. ચાલોને. ૩૧.

મુકબરા રમ્ય મકાન, તુરંગ હરે તોફાન;

રે ગઢ ઉપર કોટ ચાર, ગિરિ દાતાર,
મનુજ દુઃખહારી. ચાલોને. ૩૨.

પ્રાચીન લિપીના લેખો, અશોકાદિકના પેખો;
રાણક નૃપ રાખેંગાર, વાવ દિલદાર,
ન દો વિસારી. ચાલોને. ૩૩.

નવાબ રસુલખાં રાજે, બાવાદીન દીનને છાજે;
હિંદુ ને મૂસલમાન, ગણાય સમાન,
ઠાઠ દરબારી. ચાલોને. ૩૪.

સંવત ઓગણીસ પચાસ, પરમેશ્વર પૂરો આશ;
તુજ વિનવે દોલતદાસ, અહોનિશ પાસ,
રહું વ્રતધારી, ચાલોને. ૩૫.

જે ગિરિપતિ ગુણ ગાશે, શિવરમણી સદને જાશે,
લે અજરામર પદ સાર, અક્ષય ભંડાર,
આતમા તારી. ચાલોને. ૩૬.

---

વાગીશ્વરી અમરી=સરસ્વતી દેવી. દુરિત દલદારી=પાપનો જથ્થો કાપીને. દારી=સુંદર. સરિતા=નદી. સમીર=પવન. વાપી=વાવ. મારૂતિ=હનુમાન. પય=પાણી. નંદ=પુત્ર. સન્નારી=સારી સ્ત્રી. સંયમ=દીક્ષાવ્રત. કિન્નર=એક જાતના દેવતા. અલખ=અલક્ષ્ય, સિદ્ધ. અણગારી=ઘર વગરના, સાધુ. ત્રિકરણ=મન વચન ને કાયાની. કોતરણી ક્યારી=કોતરણીનું સ્થાન. આગમ=સિદ્ધાંત. પથિક=મુસાફર. કોટિગમ=કરોડો. સુખકંદી=સુખનું મૂળ. નગ=પર્વત. ઓઘડ શીખર=ગોરખનાથની ટુંક. અઘઆરા=પાપની આરી, પાપ કાપનાર. દેવદ્રુમ=કલ્પવૃક્ષ. કલ્પભૃંગારી=કામકુંભ. ઉજ્જયંત=ગીરનાર, રૈવત. શિવરમણી સદન=મુક્તિ રૂપી સ્ત્રીનું ઘર. અજરામર પદ=મોક્ષ.

The quality of mercy is not strain'd,
If droppeth as the gentle rain from heaven
Upon the place beneath; it is twice blest;
It blesseth him that gives & him that takes.
'Tis mightiest in the mightiest: it becomes
The throned monarch better than the crown;
His sceptre shows the force of temp'ral power,
The attribute to awe and majesty,
Wherein doth sit the dread & fear of kings;
But mercy is above the sceptred sway,
If is enthroned in the heart of kings:
It is an attribute to God himself,
& earthly power doth then show likest God's
When mercy seasons justice.

SHAKESPEARE.

## અનુક્રમણિકા.

### ભાગ ૧. ઉપોદ્ઘાત.


મંગળ કુસુમાંજલિ.... ૫.
સૌરાષ્ટ્રની શ્રેષ્ઠતા...... ૧૩
ગિરનાર ગૌરવ......... ૧૪
જુનાગઢ............... ૧૫
ઉપરકોટ. વાઘેશ્વરી.... ૧૬
દામોદરજી. ભવેશ્વર..... ૧૭
પ્રેમચંદ રાયચંદની ધર્મશાળા. વિસામા......... ૧૮
નેમિનાથનો કોટ...... ૧૯
નેમિનાથની ટુંક......... ૨૦
નેમિનાથનું દેવાલય..... ૨૧
અમીઝરા પાર્શ્વનાથ...... ૨૨
મેરકવશીની ટુંક......... ૨૩
પંચમેરૂ.................. ૨૪
સગરામ સોનીની ટુંક... ૨૫
કુમારપાળની ટુંક. ભીમકુંડ ૨૭
વસ્તુપાળ તેજપાળની ટુંક. ૨૮
વસ્તુપાળની ગતિ......... ૨૯
સંપ્રતિરાજાનો ઇતિહાસ. ૩૦
સંપ્રતિરાજાની ટુંક...... ૩૧
કોટનાં બીજાં દેવાલય. ૩૨
હાથી પગલાંનો કુંડ. ૩૨
કોટની બહારનાં દેવાલયો. રાજીમતી (રાજુલ) ની ગુફા.......... ... ... ... ૩૩
દિગંબરી જૈન. તેમનાં દેરાં. ૩૪
ગૌમુખી. રાજીમતી ને રહેનેમિ.................. ૩૫
અંબાજીની ટુંક......... ૩૬
અંબાજીનું દેવાલય...... ૩૭
ઓઘડ શિખર. ગોરખનાથ. કમંડળ કુંડ......... ૩૮
પાંચમી ટુંક. દત્તાત્રી... ૩૯
કાલિકા (મહાકાળી)ની ટુંક........................ ૪૦
રામાનંદી. ભેરવજપ. આચારજી. સહેસાવન...... ૪૧
ડુંગરની દંતકથાઓ. અઘોરી.................. ૪૨
પ્રેમચંદજીની ગુફા. પંચેશ્વર.................... ૪૩
સાતપુડો. પાંડવ ગુફા. રતનબાગ.............. ૪૪
જટાશંકર. ભરતવન. હનુમાનધારા............ ૪૫
ગીરનારની પ્રદક્ષિણા. દામોદરનું મંદીર......... ૪૬
બોરીઆ. ખાંટલોકો...... ૪૭
ગીરનારની વનસ્પતિ.... ૪૮
શત્રુંજય માહાત્મ્ય. કુદરતી દેખાવ.............. ૪૯

ભરત ચક્રવર્તી........... ૫૦
ભરતની ગીરનાર ઉપર યાત્રા.................. ૫૧
રૈવતાચળ (ગીરનાર) મહિમા................ ૫૨
રામ. સીતા. લક્ષમણ. ઇત્યાદિ.................. ૫૩
ગીરનાર છત્રીસી........ ૫૫
દયા વિષે ઇંગ્રેજી કવિતા... ૬૦.

## ભાગ ૨. ગીરનારમાહાત્મ્ય.

ઉપક્રમણિકા. ૧

શ્રી અરિષ્ટ નેમિ અધિકાર. ૫
દ્વારિકાની ઉત્પત્તિ......... ૭
પાંડવ, કૃષ્ણ, જરાસંધ... ૯
નેમિનાથ પાણિગ્રહણ પ્રેરણા... ૧૨
નેમિનાથનો વરઘોડો... ૧૫
નેમિનાથ દીક્ષાગ્રહણ... ૨૦
અંબિકા ચરિત્ર......... ૨૨
ગોમેધયક્ષની વાર્તા... ... ૩૪
વરદત્ત વ્યાખ્યાન......... ૩૬
સિદ્ધશિલા સ્વરૂપ...... .. ૩૬
રત્નસાર કથા............ ૪૦
હાથી પગલાંના કુંડનો ઇતિહાસ................ ૪૫
વસિષ્ઠ ચરિત્ર............ ૪૬
પાંડવોએ કરેલો શત્રુંજય ઉદ્ધાર.................. ૫૦
દ્વારિકાનો દાહ............ ૫૨
વાસુદેવ વધ............ ૫૭
બલભદ્ર સંયમ ધારણ... ૫૯
બલભદ્ર સ્વર્ગગમન...... ૬૧
કૃષ્ણનો મહિમા...... .. ૬૩.
પાંડવ ચારિત્ર સ્વીકાર... ૬૪
શ્રી નેમિનાથ નિર્વાણ...... ૬૫
દીનાનાથ દેહદહન...... ૭૦
પાંડવ મોક્ષપ્રાપ્તિ......... ૭૧

## ભાગ ૩. ટીકા.

પંચ પરમેષ્ઠિના ગુણ... ૭૩
ખટ દ્રવ્ય................ ૭૬
સાત નય.............. ૭૭
નવ તત્વ.................. ૭૯
આશ્રવની ૨૫ ક્રિયા...... ૮૧
દસ અચ્છેરાં............ ૮૪
જંબુ ભરતની અતીત તથા અનાગત ચોવીશી તથા જંબુ ઐરવતની વર્તમાન ચોવીશીના તીર્થંકરનાં નામ........... ૮૫
મનુષ્ય ક્ષેત્રના દ્વીપ તથા સમુદ્રના ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર ને તારાની સંખ્યાનું કોષ્ટક................ ૮૬

જંબુ ભરતની વર્તમાન ચોવીશીના તીર્થંકરનાં તથા તેમના માતા પિતા, જન્મનગર, ને યક્ષ યક્ષિણીનાં નામ, તથા ગર્ભકાળ, દેહપ્રમાણ, લાંછન, આયુષ ઇત્યાદિ.......... ૮૭
ચોવીસ દંડકનો કોઠો—દરેક દંડકનું નામ, ઉત્કૃષ્ટ દેહમાન, આયુષ, ઇંદ્રિય, પ્રાણ તથા પર્યાપ્તિ... ૮૯
ચોવીસ દંડકના ભેદનો સંગ્રહ.................. ૯૧
દેવતાના વિભાગ.......... ૯૪
દેવતાનું સુખ.......... ૯૫
દેવતાની પરીક્ષા......... ૯૬
દંડકનાં મુખ્ય દ્વાર......, ૯૭
જીવ વિચાર..............૧૦૨
અજીવ વિચાર...........૧૦૫
સમવસરણ ..............૧૦૬
જીનાલયમાં વર્જવાની ૮૪ આશાતના............ ...૧૧૧
પૂજા પ્રકરણ..............૧૧૩
દશ ત્રિક.................૧૧૫
પાંચઅભિગમન...........૧૧૬
જીવ અજીવનો સંબંધ...૧૧૭
પરમાણું પ્રબંધ............૧૧૯
કર્મ વિચાર... ... ......૧૨૦
કર્મ પ્રકૃતિ...............૧૨૧
કર્મ સ્થિતિ...............૧૨૨
ચૈત્ય વિચાર...............૧૨૩
ત્રિલોક ચૈત્યાદિ સંખ્યા......૧૨૫
બાર દેવલોકનાં નામ, તથા તેના દેવતાનાં આયુષ, લાંછન, ચૈત્ય તથા વિમાન સંખ્યા, ૫૬ અને દેહમાન.................૧૨૫
નવ ગ્રૈવેયક.................૧૨૬
પાંચ અનુત્તર..............૧૨૭
દસ ભવનપતિ. ૧૨૭
શત્રુંજય માહાત્મ્ય..........૧૩૦
પ્રથમ ઉદ્ધાર...............૧૩૨
દ્વિતીય ઉદ્ધાર.............૧૩૩
અન્ય ઉદ્ધાર................૧૩૪
માનવભવનાં દસ દૃષ્ટાંત...૧૩૭
શ્રાવકનાં ૧૨ વ્રત..........૧૪૫
૨૨ અભક્ષ્યનાં નામ.......૧૪૫
૩૨ અનંતકાયનાં નામ...૧૪૬
શ્રાવકના ૨૧ ગુણ..........૧૪૬
શ્રાવકની કરણી............૧૪૯
શ્રાવકના ૧૪ નિયમ......૧૫૧
સૂતક વિચાર...............૧૫૩
જંબુદ્વીપની ભૂગોળ.......૧૫૫
ભરતખંડનું વર્ણન........૧૬૧
મહાવિદેહક્ષેત્રનું વર્ણન...૧૬૩
વીસ વિહરમાનનું વર્ણન...૧૬૩

૧૭૦ ઉત્કૃષ્ટ જીનનાં નામ.૧૬૬
ગતિ આગતિ દ્વાર અથવા ચોવીસ દંડકના જીવો ક્યાંથી આવે ને મરીને ક્યાં જાય તેનું વર્ણન...૧૬૮
તીર્થંકરના ૩૪ અતિશય...૧૭૦
તીર્થંકરની વાણીના ૩૫ ગુણ.૧૭૪
નિગોદનું સ્વરૂપ તથા કાળના ભેદ ... ... ....૧૭૮
ષટ્ આરક આખ્યાયિકા અથવા છ આરાનું વર્ણન...૧૮૦
જીવોનું અલ્પ બહુત્વ......૧૮૪
ચોવીસ દંડકના જીવોનું અલ્પ બહુત્વ..............૧૮૬
૪૫ સૂત્ર....................૧૮૭
૧૪ પૂર્વ....................૧૮૮
સાધુની ૨૮ લબ્ધિ.........૧૯૦
અષ્ટ મહાસિદ્ધિ...........૧૯૨
નવ નિધિ..................૧૯૨
સંસારની અસારતા.......૧૯૫
ધર્મની અગત્યતા.........૧૯૭
શ્રી મહાવીર ચરિત્ર......૨૦૫
આવતી ઉત્સર્પિણીના શલાકી પુરૂષોનાં નામ...૨૦૯
વર્તમાન ત્રિષષ્ટિ એટલે ૬૩ શલાકી પુરૂષોનાં નામ.૨૧૦
મહાવીરનું ભવિષ્ય કથન...૨૧૧
તીર્થંકરના ભવ...........૨૧૫
સામાયકના ૩૨ દોષ......૨૧૭
૧૫ કર્માદાન...............૨૧૮
આવતી ચોવીશીનો વૃત્તાંત.૨૨૦
વર્તમાન ચક્રી તથા વાસુદેવનો અનુક્રમ...........૨૨૨
વર્તમાન ત્રિષષ્ટિનું વિશેષ વર્ણન.................૨૨૪

## भाग ४ थो. स्कंद पुराणना गीरनार माहात्म्यनो सार.

માહાત્મ્ય મૂળ..........૨૨૫
યાત્રાવિધિ.............. ૨૨૬
વસ્ત્રાપથ ક્ષેત્ર.......... ૨૨૭
દામોદર તથા રેવતીકુંડ માહાત્મ્ય.................. ૨૨૮
ભીમકુંડનું માહાત્મ્ય......૨૨૯
મૃગીકુંડનું માહાત્મ્ય......૨૩૦
ભવનાથ માહાત્મ્ય...... ૨૩૨
દાન માહાત્મ્ય...........૨૩૩
ગૌમુખી ગંગાનું માહાત્મ્ય૨૩૩
ગજપદ માહાત્મ્ય........૨૩૪
વનથલીમાહાત્મ્ય.........૨૩૫
સ્વર્ણરેખાનું માહાત્મ્ય...૨૩૫
દાતારનો મહિમા.........૨૩૬

અંબિકા માહાત્મ્ય......૨૩૬
જીર્ણદુર્ગ (જુનાગઢ)નું માહાત્મ્ય ..................૨૩૭
વસિષ્ઠ તીર્થ (ત્રિવેણી) નું માહાત્મ્ય..............૨૩૭
પર્વત માહાત્મ્ય......... ૨૩૭
જ્ઞાન માહાત્મ્ય......... ૨૩૮
ગાયનું માહાત્મ્ય.........૨૩૮
ગીરનારા બ્રાહ્મણનું માહાત્મ્ય ..................૨૩૮
૨૫ તત્વનું માહાત્મ્ય....૨૩૯

## भाग ५ मो. सौराष्ट्र-नो इतिहास.

કૃષ્ણ. નંદ. ચંદ્રગુપ્ત.......૨૪૧
અશોક. વિક્રમ............૨૪૨
સુદર્શન તળાવ. શિલાદિત્ય..................... ૨૪૩
વલભિપુર. વનરાજ......૨૪૪
ઉગોવાળો................ ૨૪૪
રાહ કવાટ................ ૨૪૫
નોંઘણ (નવઘન)......... ૨૪૭
મહમદ ગીજની......... ૨૪૮
સિદ્ધરાજજયસિંહ. રાખેંગાર ને રાણકદેવી......૨૪૯
સાજન...................... ૨૫૦
કુમારપાળ...................૨૫૧
પૃથુરાજ ચોહાણ......... ૨૫૨
મહેપો. વિરધવળ.........૨૫૩
વસ્તુપાળ તેજપાળ...... ૨૫૪
વસ્તુપાળ તેજપાળનો લેખ.૨૫૬
મહમદ તઘલખ............૨૫૮
અહમુદશાહ................૨૫૯
મંડળીક. નરસિંહ મેહેતા...૨૬૦
મહમદ બેગડો.............૨૬૧
કુતુબુદ્દિન ફોજદાર.........૨૬૨
સરદારખાં ફોજદાર.......૨૬૩
ભાવનગર સ્થાપન (૧૭૨૩) શેરખાં (૧૭૨૮).........૨૬૪
નવાબ બહાદુરખાં (શેરખાં) ૧૭૪૪................૨૬૬
નવાબ મહોબતખાં ૧૭૫૮ અમરજી...................૨૬૭
ગોંડળના કુંભોજી..........૨૬૮
નવાબ હામીદખાં ૧૭૭૪...૨૬૯
પોરબંદરના સુલતાનજી...૨૭૦
દીવાન રઘુનાથજી.........૨૭૧
ગોંડલ. જેતલસર... ... ...૨૭૨
રાવલ વખતસિંહજી. ઢસાનું યુદ્ધ...................૨૭૩
ખંડણી.......................૨૭૪
નવાબ બહાદુરખાન ૧૮૧૧.......................૨૭૫

જોરતલબી....................૨૭૬
નવાબ હામીદખાં ૧૮૪૦.
નવાબ મહોબતખાનજી
૧૮૫૧. દીવાન અનતજી...૨૭૭
ગોકુલજી ઝાલા............૨૭૮
નવાબ બહાદુરખાનજી
૧૮૮૨ ...................૨૭૯
નવાબ સાહેબ મહમદ ર-
સુલખાનજી ૧૮૯૨. વઝીર
બહાઉદ્દીનભાઈ.......... ૨૮૦
ગીરનારની કવિતા........૨૮૧
જુનાગઢની કવિતા........૨૮૩
ગ્રાહકોનાં નામ...........૨૮૬
અશોકના લેખ...........૨૯૩
સ્કંદ ગુપ્તના લેખ........૨૯૯
રૂદ્ર દામાના લેખ.........૩૦૩

## શુદ્ધિ પત્રક.

| પૃષ્ટ. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૨ | ૧ | मुद्रयते. | मुद्र्यते. |
| ૯ | ૧૫ | कुर्वतु. | कुर्वंतु. |
| ૧૪ | ૨૩ | નમદા | નર્મદા. |
| ૧૫ | ૧ | સુવણ | સુવર્ણ. |
| ૨૩ | ૪૧ | મેકરવશી | મેરકવશી. |
| ૨૩ | ૧૯ | તેમા | તેમાં. |
| ૫ | ૨૧ | કુમારિઆ | કુમારીઓ. |
| ૪૯ | ૧૪ | જયષ્ઠ | જયષ્ઠ. |
| ૫૦. | ૧ | પાડવોએ | પાંડવોએ. |
| ૬૬ | ૨૫ | મહિતાંન્હિંપદ્મ | મહિતાંન્હિપદ્મ. |
| ૮૫ | ૨૫ | શુદ્ધમાત | શુદ્ધમતિ. |
| ૮૫ | ૨૮ | સંપ્રાત | સંપ્રતિ. |
| ૮૭ | | આભનંદન | અભિનંદન, |
| ૮૭ | | સુવાધનાથ | સુવિધિનાથ. |
| ૮૭ | | ાવજયા | વિજયા. |
| ૮૭ | | ાસદ્ધાર્થા | સિદ્ધાર્થા. |
| ૮૭ | | વાદરો | વાંદરો. |
| ૮૭ | | ચક્રેશ્વરી | ચક્રેશ્વરી. |
| ૮૮ | | ાવપ્રા | વિપ્રા. |
| ૮૮ | | સુામત્રા | સુમિત્રા. |
| ૯૩ | ૯ | મનુષ્યક્ષેત્રની | મનુષ્યક્ષેત્રમાં. |

| | | | |
|---|---|---|---|
| ૯૭ | ૪ | વિકલેંદ્રીને | વિકલેંદ્રિ, ને. |
| ૧૦૩ | ૬ | પૂરેપૂરો | પૂરેપૂરી. |
| ૧૦૪ | ૬ | સુક્ષ્મ, સ્થાવર | સૂક્ષ્મસ્થાવર. |
| ૧૨૧ | ૨૨ | ઉદારિ, ઉદારિક | ઉદારિકઉદારિક. |
| ૧૯૭ | ૧૧ | ધર્મ | ધર્મં |
| ૨૩૬ | ૧૮ | अंलिका | अंबिका. |
| ૨૪૭ | ૧૮ | નોંધણુ | નોંધણુને. |
| ૨૭૪ | ૮ | પોતાતા | પોતાના. |
| ૨૮૦ | ૧૦ | ૧૯૯૩ | ૧૮૯૩. |
| ૨૮૪ | ૧૯ | Hll | Hill. |
| ૨૮૯ | ૨૩ | રનનજી | રતનજી. |

# ગીરનાર માહાત્મ્ય.

## उपक्रमणिका.

આ *અવસર્પિણી કાળમાં આ જંબુદ્વીપના ભરતખંડના ચરમ તીર્થંકર શ્રીમાન્ મહાવીરસ્વામી શ્રી સિદ્ધાચલ ક્ષેત્રમાં સમવસર્યા, તે સમયે સુધર્મા સુરલોકના ઇંદ્રે સ્થાવરતીર્થ શ્રી શત્રુંજયના મહિમાનું વર્ણન કરવા વર્ધમાન વીતરાગને વિનંતિ કરી. તદનંતર તે ભવ્ય ભૂધરના ૧૦૮ શેખરમાંના મુખ્ય ૨૧ શિખરનું વ્યાખ્યાન આપવાની વિશેષ કૃપા કરવા પુનઃપ્રાર્થના કરી. તે ઉપરથી જગજ્જંતુઓના અનુપમ ઉપકાર કરનાર મહાપ્રતાપી મહાવીર પ્રભુ સકલ પ્રાણિઓના અપાર હિતને અર્થે નીચે પ્રમાણે ભાષણ આપે છે.

હે શક્રેન્દ્ર, સિદ્ધ શિલોચ્ચયનું પાંચમું શૃંગ, પંચમ જ્ઞાનનો પ્રદાતા, સર્વ પર્વતોનો પાર્થિવ અને સમસ્ત રાજાઓથી સેવિત એવો રૈવત નામે ગિરિપ્રવર જયવંત પ્રવર્તે છે. અજ્ઞાનરૂપી અંધકારનો અંત આણવાને તે અગમેશ્વર આદિત્ય સમાન છે, [1]અદોષાકર છે, તોપણ [2]અંભોજનો ઉલ્લાસ આણવાને અતિ દક્ષ છે. જ્યાં ભક્તિભાવથી આચરેલાં અનુકંપાદિ સુપાત્રદાન અખિલ અર્થને આપે છે. જેમ દેદીપ્યમાન દિનકરના તેજથી [3]નવનીત ગળી જાય છે, તેમ ભવ ભ્રમણ કરવાથી પ્રાપ્ત થયેલાં પાપપિંડ આ ન-

---

૧ અદોષાકર=ચંદ્રવિનાનો, અદોષનો ભંડાર. ૨ અંભોજ=નીરજ, જલજ, પયોજ, સરોજ, અંબુજ, પંકજ, સરસિજ, પંકેરૂહ, સરોરૂહ, પદ્મ, કમલ, કુમુદ, પુંડરીક, અબ્જ, કજ, ઇત્યાદિ. ૩ નવનીત=માખણ. *અવસર્પિણી, જંબુદ્વીપ, ભરતખંડ—ટીકા જુઓ.

ગેશને વિષે અહર્નિશ નાશ પામે છે. જે પ્રાણિ નિત્ય પુણ્ય કરવામાં નિપુણ થયો હોય તેની નેત્રગોચર એ યાત્રાભૂમિ થાય છે. આ ચારૂતમ ગોધરમાં ચમરી ગાયો તથા ચિત્તાપહારી ગગનાંગનાઓ પુચ્છગુચ્છથી તથા પાણિપદ્મથી અનુક્રમે ચામર ઢાળે છે. જ્યાં [1]આપલ્લવને આવાસ કરવાનું આયતન માત્ર વૃક્ષ છે. તમોભર ગિરિકંદરની અંદર છે. [2]જડતા જલાશયમાં છે. [3]દુર્વર્ણતા ધાતુને વિષે છે. [4]દ્વિજીહ્વત્વ વિષધરને વિષે છે. [5]કુમુદ ઉદકની મધ્યે છે ને કાઠિન્યતા પાષાણની અંદર છે. ઉગ્રતા તપમાં છે. કુસુમમાં બંધન છે. લતામાં ચપલતા છે. કેવળ પક્ષિઓ સપક્ષતા સંપાદન કરે છે, તથા વિભાવરીમુખ [6]પ્રદોષભાવ ધારણ કરે છે. જ્યાં [7]મુક્તાહાર મુનિપુંગવો ને નિર્જરો શ્રીમન્નેમિનાથને નિરંતર નમસ્કૃતિ કરી રહ્યા છે. અમાન ધ્યાનથી મલિન થયેલા અંતરંગને શુદ્ધ કરવાને સમર્થ એવા સમ્યક્ત્વ રામતાધારી સત્પુરૂષો જ્યાં અઘઓઘનો અભાવ કરનાર અરિષ્ટનેમિ અરિહંતનું સનાતન ધ્યાન ધરી રહ્યા છે.

આ ઉજ્જયંત ઉર્વીધર ઉપર અનેક પ્રકારે ગીતોદ્ગાન કરનાર અપ્સરા, ગંધર્વ, ગરૂડ, વિદ્યાધર ને નાગદેવતાના સમુદાય ભવ્યોપકારી ભગવંતને સદા સેવી રહ્યા છે. જે મહીધ્રની મધ્યે [8]મૂષકમાર્જાર, [9]હરિહસ્તિ, સર્પ [10]શિખંડી, ઈત્યાદિ પરસ્પર [11]નૈસર્ગિક શત્રુતા દર્શાવનાર પ્રાણિઓ પણ પ્રશાંત વૈરવાન છે. વળી જે શૈલેંદ્રમાં મણિસમૂહની કામ્યકાંતિથી સકલ પ્રદેશ પ્રકાશી રહ્યા છે, તેથી

---


૧. આપલ્લવ=આપત્તિનો અંશ, પાંદડાં. ૨. જડતા=મૂર્ખતા, જળ. ૩ દુર્વર્ણ=દુષ્ટવર્ણ, નીચજાતિ, રૂપું. ૪ દ્વિજીહ્વત્વ=ચાડી, બે જીભ. ૫ કુમુદ=શોક, કમળ. સપક્ષતા=પક્ષપાત, પાંખ. ૬ પ્રદોષભાવ=દોષ, સંધ્યાકાલ. ૭ મુક્તાહાર=આહારત્યાગી, મોતીની માળાવાળા. ૮ મૂષક=ઉંદર. ૯ હરિ=સિંહ. ૧૦ શિખંડી=મયૂર. ૧૧ નૈસર્ગિક=કુદરતી.

સોમસૂર્યનું પણ કંઈ પ્રયોજન પડતું નથી. જે પૃથુ પૃથ્વીભૃત્‌ની પાસે દેખાતા અહીં જાણે પરમ દેવાધિદેવની સેવા કરવા આવેલા હોય એવી કલ્પના થાય છે. ચંદ્રકાંતને તારાપતિનાં કિરણનો સ્પર્શ થવાથી ઝરતા નીરની નિર્મલ નદીઓ ચોતરફ નિકળી રહી છે. જ્યાં ષડ્ ઋતુઓ સાથે સ્પર્ધા કરી ધર્મધુરંધર સ્વામીની [૧]શુશ્રૂષા કરી રહી હોય એમ લાગે છે. જ્યાં [૨]કીચકો કર્ણપ્રિય મધુર સ્વર કરી રહ્યા છે, ઝરાઓ ઝંકૃતિ ધ્વનિ કાઢી રહ્યા છે, ને કિન્નરીઓ ગીતગાન ગાઈ રહી છે, તેથી ત્રિવિધ વાજિત્રોથી જાણે નવાઈ જેવું નાટક થતું હોય એમ જણાય છે. અતિચાર કરી ચાર ગતિદ્વારમાં અનાદિ કાળથી અથડાતા અધમ જીવોને જાણે આધાર આપવા તૈયાર ઉભા હોય એવી રીતે ગિરિનારની ચાર દિશાએ ચાર [૩]ધરાધર પ્રતિહારની પેરે આવી રહેલા છે.

ચારે બાજુએ ચાલતી ચાર સૌમ્ય[૪] સરસ્વતીના પારદર્શક પાણીના પ્રવાહ પાપપુંજનું પ્રક્ષાલન કરવા એકત્ર થતા હોય એમ ઉછળી રહ્યા છે. જે ધરણિધરમાં દ્વિપેંદ્રપ્રમુખ અનેક કુંડ ઓપી રહ્યા છે. તે જાણે અમરોએ અમરત્વ પામવા અમૃતથી ભરેલા હોય એવો આભાસ આપે છે. અન્યદાન અમે આપીએ છીએ, પણ મોક્ષદાન દઈ શકતા નથી, તેથી તેનો અભ્યાસ આદરવા માટે અમે અત્રે આગમન કર્યું છે, એમ જાણે કહેતાં હોયની, તેવી રીતે કલ્પદ્રુમોએ પોતાની મેળે આવી તે ક્ષિતિધરને વિષે વિદ્યાર્થીની પેરે વાસ કર્યો છે, જે શૈલાધીશમાં સુવર્ણસિદ્ધિ આદિ અનેક સમીહાઓને સંતુષ્ટ કરનારી રંજનકારી રસકૂપિકાઓ શોભી રહેલી છે, [૫]કમલોદય આપનાર મનોરમ કુંડ જ્યાં

૧ શુશ્રૂષા=સેવા. ૨ કીચક=છિદ્રવાળા વાંસ. ૩ ધરાધર=પર્વત. શૈલ, ઉર્વીધર, પૃથ્વીધર, ક્ષિતિધર, ભૂધર, મહીધર, ધરણીધર, ગિરિ, અગમ, અદ્રિ, નગ, શિલોચ્ચય, સાનુમાન્. શિખરી. ઇ૦ ૪ સરસ્વતી=નદી. ૫ કમલોદય=ધનપ્રાપ્તિ, કમલનું ખીલવું.

દિવ્ય દીપ્તિથી દીપી રહેલા છે. આ રમ્ય રૈવતાદ્રિ એવો છે કે, જેના સ્મરણ માત્રથી સુખસંપત્તિનો સમાગમ થાય છે, ને જેના તરફ દૂરથી પણ દૃષ્ટિ કરવાથી વિપત્તિનું વિદારણ થાય છે. જે શુભ ધામમાં દેવાયલાં દાન ને તપાયલાં તપ સિદ્ધ તીર્થાધિરાજની પેરે સમગ્ર સમૃદ્ધિ સાધક છે, તથા જે નગનાથનું શ્રી નેમીશ્વર જીનેંદ્રે શરણુ લીધું તેનો અન્યજનોએ આશ્રય કેમ ન લેવો? તારા કે રત્નાકરની રેતિની સંખ્યાસમાન ગીર્વાણગુરૂ બૃહસ્પતિ રસના પામે, તોપણ તે આ વિશાલ ને વિખ્યાત ગિરિનગર ગિરિગુરૂના ગુણગણની ગણના ગણવા શક્તિમાન થાય નહીં.



# શ્રી अरिष्टनेमि अधिकार.

આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં શૌર્યપૂર નામે નગર હતું. ત્યાં રિપુઓનો મદ ગાળનાર તથા તેમને પોતાના તાપથી બાળનાર, રાજ્યનો ભય ટાળનાર, પ્રજાને રૂડી રીતે પાળનાર, તથા આ ખંડલની પેરે જેની આજ્ઞા અખંડિત છે એવો સમુદ્રવિજય નામે યાદવ કુળનો રાજા રાજ્ય કરતો હતો. અનુક્રમે તેની શિવાદેવી નામની રાણીએ પાછલી રાત્રે ચૌદ સ્વપ્ન દીઠાં. તેનાં નામ—હુસ્તિ, ઋષભ, સિંહ, લક્ષ્મી પુષ્પમાલા, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કલશ, પદ્મસરોવર, સમુદ્ર, વિમાન, રત્નરાશિ, ને નિર્ધૂમાગ્નિ. તે અવસરે પાંચ અનુત્તર વિમાનમાંના અપરાજીત વિમાનથી ચવીને શંખ રાજાનો જીવ કાર્તિક વદ ૧૨ ને ચંદ્રવારે ચિત્રા નક્ષત્રના યોગે રાણીની કુક્ષિમાં તીર્થંકરપણે ઉત્પન્ન થયો. આઠ માસ ઉપર આઠ દિવસ થયા, ત્યારે જેના સંપૂર્ણ દોહદ પૂર્ણ કર્યા છે એવી તે પ્રિય રાણીએ શ્યામવર્ણ ને શંખલંછન પુત્રરત્ન શ્રાવણ શુદી પંચમીની મધ્ય રાત્રિએ પ્રસવ્યો. તેજ પ્રસંગે, દરેક ચાર હજાર સામાનિક દેવ તથા સોળ હજાર અંગરક્ષક દેવ સહિત એક યોજન પ્રમાણ વિમાનમાં બેસીને આવનારી એવી છપ્પન દિશા કુમારીઓ હાજર થઈ. તેમાંની અધોલોકની આઠ કુમારીઓએ સંવર્તક વાયુથી એક યોજન પ્રમાણ ભૂમિકા શુદ્ધ કરી. ઊર્ધ્વલોકની આઠ દિક્‌કુમારીઓએ પુષ્પજળની વૃષ્ટિ કરી. પૂર્વરૂચકની આઠ કુમારિઓએ દર્પણ ધર્યાં. દક્ષિણરૂચકની આઠે કલશ ધર્યા, ઉત્તર રૂચકની આઠે ચામર વીંજ્યાં; અને પશ્ચિમની આઠે પંખા ધર્યા. વિદિશીરૂચકની ચારે દીપ ધર્યા. ને રૂચકદ્વીપની ચાર કુમારીઓએ નાલ કાપ્યો, ને ત્રણ કેલિગૃહ કર્યાં. દક્ષિણગૃહમાં મર્દન કર્યું. પૂર્વ ગૃહમાં સ્નાન કરાવ્યું. ઉત્તર ગૃહમાં અરણિના

અગ્નિમાં ચંદનનો હોમ કરી રક્ષાપોટલી બાંધીને તીર્થંકર ભગવાનને તેમની માતા પાસે મૂક્યા. એ રીતે દિશાકુમારીઓએ પોતપોતાનો પ્રસૂતિકર્મનો આચાર કર્યો. ચોસઠ સુરપતિ આવીને અષ્ટોત્તર સહસ્ર લક્ષણધારક ભવતારક જીનપતિને સુરગિરિના શીર્ષ ઉપર લઈ ગયા. ત્યાં પચીશ યોજન ઉંચા, બાર યોજન પહોળા, ને એક યોજન નાળવાળા આઠ જાતિના ૧૬૦૦૦૦૦ કલશોથી અઢીસેં અભિષેક કર્યા. ને ૩૨ ક્રોડ મણિ માણિક્યની વૃષ્ટિ કરી. પ્રાતઃકાળે પુત્રપ્રાપ્તિની વધામણી સાંભળી સમુદ્રવિજય રાજાએ બંદીવાનને છોડી મૂકયા, ને અતિ આનંદે જન્મમહોત્સવ કર્યો: તે પ્રસંગે વસુદેવે પણ મથુરામાં ઉત્સવ કર્યો. બારમે દિન સ્વજન સંબંધીને ભોજનાદિકથી સંતોષ પમાડીને ભગવંતનું અરિષ્ટનેમિ એવું નામ પાડ્યું. ઇંદ્રની આજ્ઞાથી અપ્સરાઓ આવીને સરખી વય ધારણ કરી નરેંદ્રસુરેંદ્રનતાંહ્રિપદ્મ એવા પ્રભુને બાલ્યાવસ્થામાં રમાડતી હતી. એકદા ત્રિદશેશ્વરે પોતાની સભામાં અરિષ્ટનેમિની પ્રશંસા કરી. તે સહન નહિ કરનાર કોઈ દેવ બળપરીક્ષા કરવા આવ્યો. તેને મુષ્ટિપ્રહારથી પછાડી પાતાળમાં પાડી નાંખ્યો. તેથી તે દેવ ભવિકાંભોજવિબોધતરણિ એવા ભગવંતને સ્તવી દેવલોકમાં ચાલ્યો ગયો.



## द्वारिकानी उत्पत्ति.

આ ભરતક્ષેત્રની વર્ત્તમાન અવસર્પિણીના પ્રથમ તીર્થંકર શ્રી નાભિજન્મ ઋષભદેવ થયા. તેમનો પુત્ર ભરતચક્રી થયો. ભરતની પાછળ અસંખ્યાત પુરૂષ થયા. પછી શીતળનાથ નામે દશમા તીર્થંકર થયા. તેના શાસનમાં કૌશાંબી નગરના સુમુખ નામના રાજાએ કુવિંદ નામે કોઈ વીરની વનમાલા નામની સ્ત્રીને હરીને પોતાના મહેલમાં આણી. કુવિંદવીર પણ સ્ત્રીવિયોગથી દુર્દશામાં ફરતો ફરતો તેજ મહેલ આગળ આવ્યો. તેને જોઇ બંનેને પસ્તાવો થયો. તેવામાં અકસ્માત્ વિજળી પડવાથી સુમુખ ને વનમાળા બંનેનું મૃત્યુ થયું. ને આ જંબુદ્વીપના હરિવર્ષ ક્ષેત્રમાં હરિ ને હરિણી નામનું યુગલ થયું.. કુવિંદવીર પણ તપ કરીને સૌધર્મ દેવલોકમાં દેવતા થયો. વનમાલા ને સુમુખ બંનેનું યુગ્મ થયું છે, એમ અવધિજ્ઞાનથી જાણીને તે યુગલને ઉપાડી તેની સો ધનુષની કાયા કરીને આ ભરતક્ષેત્રની ચંપા નગરીની ભાગોળે લાવ્યો. ત્યાંનો રાજા ચંદ્રકીર્તિ મરણ પામ્યો હતો. તેથી પૌરજનને ભેગા કરીને તેમને એમ સમજાવ્યું કે, આ યુગલને માંસાદિકનો આહાર આપવો; ને ચંપાનગરીની ગાદીએ બેસાડવું. એ ઉપરથી હરિ ને હરિણી બંનેને રાજપાટ મળ્યું. ને તેમના વંશનું નામ હરિવંશ પડ્યું. હરિ અને હરિણીનો પુત્ર પૃથ્વીપતિ થયો. પૃથ્વીપતિનો પુત્ર મહાગિરિ, અને મહાગિરીનો પુત્ર હિમગિરિ, એમ અસંખ્ય રાજાઓ થયા. પછી મુનિસુવ્રત નામે વીશમા તીર્થંકર થયા. તેમની પાટે ઘણા રાજા થયા. પછી એકવીસમા તીર્થંકર નમિનાથ થયા. તેના તીર્થમાં યદુ નામનો રાજા મથુરામાં થયો. તે ઉપરથી યાદવકુળ થયું. યદુનો પુત્ર શૂરી થયો. તેને શૌર ને સુવીર નામના બે પુત્રો થયા.

શૌરે પોતાના નાના ભાઈ સુવીરને મથુરાનું રાજ્ય સોંપી કુશાવર્ત દેશમાં શૌર્યપુર નામનું નગર વસાવ્યું.

શૌરના પુત્ર અંધકવૃષ્ણિને સુભદ્રા નામની રાણી હતી, તેને દશ પુત્ર થયા. તેનાં નામ વયના અનુક્રમે નીચે પ્રમાણે હતાં—સમુદ્રવિજય, અક્ષોભ્ય, સ્તિમિત, સાગર, હિમવાન્, અચળ, ધરણ, પૂરણ, અભિચંદ્ર ને વસુદેવ. એ દશ ભાઈ દશારહ (દશારથ) કહેવાતા હતા. તેમને કુંતી અથવા પૃથા ને મુદ્રી નામની બે બહેનો હતી. મુદ્રી ડાહડદેશના રાજા દમઘોષને પરણાવી હતી. તેનો પુત્ર શિશુપાલ થયો. વળી આ હુંડાવસર્પિણીના અગ્રિમ તીર્થંકર યુગાધીશ ચતુરવક્ત્ર વૃષભદેવના સો પુત્રોમાં એક કુરૂ નામે પુત્ર હતો; તેના ઉપરથી કુરૂ ક્ષેત્ર થયું. કુરૂનો પુત્ર હસ્તિ થયો; તેણે હસ્તિનાપુર સ્થાપ્યું. અનુક્રમે હસ્તિનાપુરમાં શાંતનુ નામે રાજા થયો; તે પહેલીવાર રત્નપુરના વિદ્યાધરોના રાજા જન્હુની પુત્રી જાન્હવી અથવા ગંગાને પરણ્યો; તેનો પુત્ર ગાંગેય (ભીષ્મ) થયો. બીજીવાર ભીષ્મના આગ્રહથી સત્યવતી જે નાવિકને ત્યાં ઉછરી હતી તેને પરણ્યો; તેનો પુત્ર વિચિત્રવીર્ય થયો. વિચિત્રવિર્ય કાશીના રાજાની અંબા, અંબિકા ને અંબાલિકા નામની ત્રણ કન્યાઓ પરણ્યો; અંબાનો પુત્ર વિદુર થયો, અંબિકાનો ધૃતરાષ્ટ્ર થયો, તે જન્માંધ હતો. અંબાલિકાનો પુત્ર પાંડુ થયો, તે જન્મથી રોગી હતો. દશ દશારથની બહેન કુંતીને પાંડુ રાજા પરણ્યો. ગુપ્તસંયોગથી કુંતીને કર્ણ નામનો પુત્ર થયો. ત્યાર પછી યુધિષ્ઠિર, ભીમ ને અર્જુન એ ત્રણ પુત્ર થયા. પાંડુ રાજાની બીજી સ્ત્રી માદ્રી હતી, તે મદ્રકરાજાની પુત્રી હતી, તેને સહદેવ ને નિકુલ નામના બે પુત્ર થયા. એ રીતે પાંચ પાંડવો થયા. શૌરના ભાઈ સુવીરે સિંધુ નદીને કાંઠે સુવીરપુર વસાવ્યું. તેને ભોજકવૃષ્ણિ નામનો પુત્ર

થયો. ભોજકવૃષ્ણિને દેવક ને ઉગ્રસેન એ બે પુત્ર થયા. દેવક પોલાશપુરનો રાજા થયો, ને ઉગ્રસેન મથુરાનો રાજા થયો. ઉગ્રસેનની રાણી ધારિણીને ગર્ભ રહ્યો, ત્યારે તેને ઉગ્રસેનનું માંસ ભક્ષણ કરવાનો ડાહોળો થયો; તેથી તેને પુત્ર જન્મ્યો ત્યારે કાંસાની પેટીમાં ઘાલીને તેને યમુના નદીમાં નાંખ્યો. તે પેટી શૌર્યપુરના સુભદ્ર નામના વણિકના હાથમાં આવી. તેનું નામ કંસ પાડીને. તેને દશ વર્ષ સુધી ઉછેર્યો. અનુક્રમે કંસે સિંહરથરાજાને હરાવ્યો. ને મગધદેશના રાજા બૃહદ્રથનો પુત્ર જરાસંધ જે. રાજગૃહમાં રાજ્ય કરતો હતો, ને ત્રણખંડનો અધિપતિ હતો તેથી પ્રતિવાસુદેવ કહેવાતો હતો, તેની પુત્રી જીવયશાને પરણ્યો. પોતાના પિતા ઉગ્રસેનને કેદ કરી કાષ્ઠના પાંજરામાં ઘાલી કંસ મથુરાનો રાજા થયો. કંસના નાના ભાંઈ અયમંતા (અપ્રમત) મુનિએ જીવયશાને વિવાહ સમયે કહ્યું હતું .કે,. કંસના કાકા દેવકની પુત્રી દેવકી અને દશમા દશાંરથ વસુદેવથી ઉત્પન્ન થયેલો સાતમો પુત્ર કંસને મારશે. તે ઉપરથી કંસે વસુદેવને મથુરામાં બોલાવ્યો. પણ દેવકીને પેટે કૃષ્ણ જન્મ્યો કે તરંત વસુદેવ તેને છાનોમાનો ગોકુલમાં નંદરાજાની રાણી યશોદા પાસે લઈ ગયો. ત્યાં વસુદેવની રાણી રોહિણીનો પુત્ર બળદેવ કૃષ્ણની રક્ષા કરતો હતો.

અનુક્રમે કૃષ્ણે કંસને મારીને તેના પિતા ઉગ્રસેનને મથુરાના દરવાજા ઉપર રાખેલા લાકડાના પાંજરામાંથી મુક્ત કર્યો, ને તેને મથુરાની ગાદીએ બેસાડ્યો. ઉગ્રસેને પોતાની દીકરી સત્યભામા કૃષ્ણને પરણાવી. કંસની રાણી જીવયશા નાશીને રાજગૃહમાં ગઈ. ત્યાં તેણે પોતાના પિતા જરાસંધને સર્વ વૃત્તાંત કહ્યો. તે ઉપરથી જરાસંધે કૃષ્ણ ને બળરામની માગણી કરી,

પણ તેમાં ફાવ્યો નહિ, તેથી તેનો પુત્ર કાળકુંવર પોતાના બનેવીનું વેર લેવા ૫૦૦ રાજપુત્રો સહિત મથુરા ઉપર ચઢાઈ કરવા તૈયાર થયો. તેના ભયથી ત્રાસ પામીને મથુરાના ૧૧ કુલ કોડી યાદવો તથા શૌર્યપુરના સાત કુલ કોડી એમ ૧૮ કુલ કોડી યાદવો પશ્ચિમ સમુદ્ર ભણી નાઠા. કૃષ્ણને નૈમિતિઆએ કહ્યું હતું કે, સત્યભામાને જ્યાં પુત્ર યુગ્મ જન્મે, ત્યાં મુકામ કરવો; તે ઉપરથી તેને ભામ ને ભાનુ નામના બે પુત્ર જન્મ્યા, ત્યાં રાત્રિ રહ્યા.

ત્યાં કૃષ્ણે અઠમનો તપ કરી ગૌતમ દ્વીપમાં રહેનારા સ્વસ્તિક નામે લવણાધિપતિને આરાધ્યો. તે ઉપરથી તેણે પ્રસન્ન થઈ અઠમની ત્રીજી રાત્રિમાં સમુદ્રને દૂર ખસેડીને બાર યોજન લાંબી ને નવ યોજન પહોળી એવી રત્નમય દ્વારિકા નગરી ઉત્પન્ન કરી. તેને અરાડ હાથ ઉંચો ને નવ હાથ પહોળો રત્નમયી સોનાનો કોટ હતો. તેની અંદર તથા બહાર હજારો મંદિરો, બાગબગીચા ને મહેલ આવી રહ્યા હતાં. તેની ઉત્પત્તિના આરંભમાં સાડાત્રણ દિન સૂધી વસ્ત્ર, ધન, ધાન્ય, આભૂષણ, રત્ન, મણિ, ને કંચન, આદિ અનેક વસ્તુઓની વૃષ્ટિ થઈ હતી. આણિમેર કાળકુંવરને યાદવોના નાસવાની ખબર પડવાથી તે તેમની પછવાડે લવણ સમુદ્રના કિનારા તરફ દોડયો. તેવામાં અર્ધભરતની અધિષ્ઠાયક દેવીએ માયારૂપ કરી યાદવોની ચિતા સળગાવીને પોતે જાણે કૃષ્ણની વૃદ્ધ બહેન હોય એવું રૂપ કરી રોવા બેઠી. ત્યાં કાળકુંવર આવ્યો, ત્યારે બોલી, યાદવોએ કાળકુંવરની બીકથી આ ચિતાઓમાં પ્રવેશ કર્યો છે, ને હું પણ એક ચિતામાં બળી મરીશ. કાળકુંવર તે સાંભળી ચિતાઓમાં પડયો, કારણ કે તેણે એવી પ્રતિજ્ઞા લીધી હતી કે યાદવોને ચિતામાંથી પણ પ-

કડી લાવવા. પણ અધિષ્ઠાત્રી દેવીની માયા આગળ તેનું કંઈ ફાવ્યું નહિ, પણ પોતેજ બળી ભસ્મ થયો. જીવયશાને ખબર મળ્યા કે યાદવો ને કાળકુંવર બળી ગયા. કેટલોક કાળ વીત્યા પછી કોઈ વેપારી રત્નકાંબળ લઈ રાજગૃહમાં વેચવા આવ્યો, પણ ત્યાં તેની કાંબળ ખપી નહિ, તેથી તેણે દ્વારિકાની રિદ્ધિની વાત કરી, તે જીવયશાએ સાંભળી. તે ઉપરથી તેણે તે વેપારીને પોતાની પાસે બોલાવ્યો. વ્યાપારીએ યાદવોનો સર્વ વૃત્તાંત કહ્યો. જીવયશાએ પોતાના પિતા જરાસંધને ઉશ્કેરીને યાદવો સામે લડવા મોકલ્યો. પંચાસરમાં લડાઈ થઈ. કૃષ્ણ જીત્યો, ને નવો વાસુદેવ પ્રગટ થયો, એવી વધામણી ફેલાઈ; ને ત્યાં શંખેશ્વર પાર્શ્વનાથનું તીર્થ થયું.



## નેમિનાથપાણિગ્રહણ પ્રેરણા.

અન્યદા ધનપાળની અલકાપુરીને અનન્ય ઉજ્વળતાથી અંજાવી અલગી કરનારી, અમર્ત્યપતિની અમરાવતીને અત્યંત શોભાવડે શરમાવી ઉંચે ઉડાવનારી, ને રાવણની લંકાપુરીને પોતાની લાવણ્યતાથી લજ્જા પમાડી લવણ સમુદ્રમાં ઝંપાપાત કરાવનારી, દ્વારિકાનગરીમાં દસ ધનુષની તનુ ધારણ કરનાર શ્રી અરિષ્ટનેમિ ભગવાન સમાન વયવાળા સ્વમિત્રોની સાથે શ્રી કૃષ્ણ વાસુદેવની આયુધશાળામાં ક્રીડા કરવા ગયા. ત્યાં સુદર્શન ચક્ર, સારંગ શરાસન, કૌમોદકી ગદા ને નંદક કૃપાણ પ્રમુખ કૃષ્ણનાં આયુધ પડેલાં હતાં. પ્રિય વયસ્યના પ્રોત્સાહનથી નેમીશ્વરે પંચજન્મ શંખ પૂર્યો. તેના ગંભીર ને ભયંકર ઘોષથી વિષ્ણુની અશ્વશાલાના ઘોડા વિદ્યુત્‌ના વેગથી ભાંગવા લાગ્યા. વારણ પણ *બંધન સ્તંભ તોડીને પ્રાસાદની પંક્તિઓને ચકચુર કરતા દ્વા*રિકાની બહાર ધરતી ધૂજાવતા દોડવા લાગ્યા. જેનાં વીચિ વેપમાન છે એવા અપાંપતિનાં મોજાં સ્વર્ણમય કોટની સાથે અથડાઈને ઘેરો ઘાલનારી ફતેહમંદ ફોજની માફક મોજ મારવા લાગ્યાં. કૃષ્ણ મહારાજ રાજસભામાં બીરાજતા હતા, ત્યાંથી આવીને આયુધશાળામાં નજર કરે છે, તો નેમિકુમારને વ્યાયામ કરતા જોયા.

આ ઉપરથી કૃષ્ણના મનમાં એવો સંદેહ ઉત્પન્ન થયો કે નેમિકુમાર મારૂં રાજ્ય અલ્પ કાળમાં લઈ લેશે. તેથી તેના બળની પરીક્ષા કરવા માટે વાસુદેવે પોતાનો બાહુ પ્રસાર્યો. તેને કોમળ નલિનીના નાળની માફક નેમિનાથે સહેલાઈથી વાળી નાંખ્યો. ત્યાર પછી નેમીશ્વરે પોતાની ભુજા લાંબી કરી. તે કૃષ્ણ વાસુદેવથી કિંચિન્માત્ર પણ વળી શકી નહિ. તેથી પ્લવંગમની

પેરે લઘુભ્રાતાના દોર્દંડ નીચે લટકી પડયા, ને પોતાનું હરિ એવું નામ યથાર્થ કર્યું. કૃષ્ણ ચિંતાતુર થઈ કહે છે—

॥ क्लिश्यंते केवलं स्थूलाः सुधीस्तु फलभुजते ।
दंता दलंति कष्टेन जिव्हा गलति लीलया ॥
ममंथशंकरः सिंधुं रत्नान्यापुर्दिवौकसः ॥

એવામાં આકાશવાણી થઈ કે, આ નેમીશ્વર બાવીશમા તીર્થંકર પાણિગ્રહણ કર્યા સિવાય રાજ્યની નિરિચ્છા કરતાં પ્રવ્રજ્યા સ્વીકારશે. આ વચનથી કૃષ્ણની શંકા દૂર થઈ. તે છતાં પણ નિશ્ચય કરવા માટે પોતાની અઢાર હજાર રાણીઓ સાથે નેમીશ્વરને લઇ ઉજ્જયંત ઉર્વીભૃતના એક ઉત્કૃષ્ટ ઉપવનમાં જલક્રીડા કરવા ગયા. હવે કુંડિનપુરના ભીષ્મક રાજાની પુત્રી રૂકિમણી, વૈતાઢ્ય પર્વતના જાંબવંતરાજાની પુત્રી જાંબુવતી, સિંહલદ્વીપના રાજાની પુત્રી લક્ષ્મણા, રાષ્ટ્રવર્ધન રાજાની પુત્રી સુસીમા, વીતભયનગરની ગૌરી, હિરણ્યનાભ રાજાની પુત્રી પદ્માવતી, ગંધાર (કંદહાર) ની ગંધારી, એ સાત તથા ઉગ્રસેનની પુત્રી સત્યભામા, એ રીતે આઠ અગ્ર મહીષીઓ અને બીજી પરમાંગનાઓ એક સુશોભિત સરોવરમાં સલિલ ક્રીડા કરતાં નેમિકુમારને જૂદીજૂદી જાતનાં કામજનક વચન ને કટાક્ષ કથન તથા અનેક રીતના ચાળાઓથી પરણવાનો અંગીકાર કરવા સારૂ અભ્યર્થના કરવા લાગી. દરેક ભાતૃજાયાનાં ભિન્ન ભિન્ન વાકયો શ્રવણ કરી શ્રી નેમિસ્વામ સામાન્ય સદુત્તર કરે છે, “હું તમારી અને મારી ઇચ્છા પરિપૂર્ણ કરીશ.” ત્યાર પછી નેમિકુમારને કુંજર ઉપર બેસાડી હર્ષ અને ગોપાંગનાઓ સહિત કૃષ્ણ વાસુદેવ દ્વારિકાપુરમાં આવ્યા; ને સમુદ્રવિજય રાજાની આજ્ઞા લઇને નેમિકુમારને પરણાવવા

માટે ઉગ્રસેન રાજાની પુત્રી રાજીમતીનું માગું કરવા ગયા. ઉગ્રસેને તે માગણી માન્ય રાખી. અને પોતાની પૂર્ણ રૂપવતી પુત્રીનું પરિણયન કરવા માટે તત્કાળ પ્રારબ્ધિ કરવા માંડી. કૃષ્ણે પણ દ્વારિકામાં આવી સમુદ્રવિજય રાજાને સર્વે સમાચાર કહ્યા. તરતજ કૌષ્ટુકિ નામના જોશી પાસે લગ્ન જોવડાવ્યું. મૌહૂર્તિક કહે, "વર્ષાકાલમાં અન્ય કાર્ય કરવાં ઉચિત નથી તો વિવાહ જેવું ગૃહસ્થનું મુખ્ય કૃત્ય કેમ કરાય?" સમુદ્રવિજય બોલ્યા, "હે જ્યોતિષી! કાળનો વિલંબ કરવો યોગ્ય નથી. કૃષ્ણે ઘણો શ્રમ લીધો છે. માટે લગ્નનું મુહૂર્ત જેમ વહેલું આવે તેમ કરવું જોઈએ. ત્યારે કૌષ્ટુકિ કહે, "શ્રાવણ માસના શુકલપક્ષની છઠનું લગ્ન વરવધૂને વૃદ્ધિકારક છે." આ શબ્દો કાને પડતાં વારનેજ નિર્ણય કરી તેજ દિવસે ને તેજ સમયે જાનની સામગ્રી કરી.

ટીકા—નેમિનાથ પરણવા ગયા, ત્યારે તેમની ઉમર સવાસો વર્ષની હતી; ને રાજુલની ઉમર પોણાબસો વધારે હતી, એટલે ત્રણસેં વર્ષની હતી. રાજુલ ૧૦૦૧ વર્ષની વયે મોક્ષ પામી; ને નેમિનાથ ૧૦૦૦ વર્ષની ઉમરે તેના પછી મોક્ષ પામ્યા,

## નેમિનાથનો વરઘોડો.

યાદવકુળની યશસ્વતી યુવતીઓ મનોજ્ઞ ગાયન કરી રહી છે. સુભ્રૂને સારંગાક્ષી સન્નારીઓ સાવધાન થઈ સરસ શૃંગાર સજી રહી છે. કૌતુકમંગળનાં તાર તોરણો ઘેરેઘેર ઝુલી રહ્યાં છે. અંતઃકરણમાં આનંદ ઉપજાવે એવા મંજુલમાંચાઓ માર્ગમાં બંધાઈ રહ્યા છે. સુગંધિ ધૂપગુટિકાઓ ઠામ ઠામ મુકાય છે. સુભાગ્યવતી નગરીમાં સુવાસિત જલનો છંટકાવ થઈ રહ્યો છે. પંચવર્ણી સુરભિ પુષ્પો પથરાઈ રહ્યાં છે. તેથી દ્વારિકાપુરી જાણે પૂજાથી પવિત્ર થઈ હોય એમ દિસવા લાગ્યું. એવા અવસરે અવેરાતથી ઝગઝગાટ મારતી જાદવોની જાન નીકળી. સર્વની આગળ કરોડો રાજાઓ તથા રાજકુમાર ચાલતા હતા. મધ્યમાં નેમિકુમારનો મનોરંજક રથ ચાલતો હતો. વરરાજાની બંને બાજુએ ગજ ઉપર બેઠેલા બે સુરૂપ ભૂપ પરમશોભાથી શોભી રહ્યા હતા. તેમની પાછળ સમુદ્રવિજય, પાંડવો, કૃષ્ણ, આદિ અનેક રાજાઓ હૃદયંગમ તુરંગમાતંગ ઉપર સ્વાર થઈ સરઘસની શોભામાં વૃદ્ધિ કરતા હતા. તેમની પાછળ પાલખીઓમાં બેઠેલી, કાયાની પ્રેક્ષણીય પ્રભાથી આસપાસના આકાશને પ્રકાશિત કરનારી, અંતઃપુરની સર્વ સખીઓ સહિત ધવળ મંગળ ગાતીગાતી, શિવાદેવી, કુન્તી ને રૂકિમણી પ્રમુખ પૂજનીય પદ્મિની, કમનીયકાન્તા, રમણીય રમણીઓ ને મહનીય મહીલાનાં વૃંદારકવૃંદ ચાલતાં હતાં. ઝાંઝરના ઝમકાર, ઘુઘરીના ઘમકાર, પગના ઠમકાર, ને આંખના ચમકારા મારતી, હાથના ચાળાઓથી હાવભાવ બતાવતી, ને પુદડીઓ લેતી, જુવાનીના જોરવાળી, ચાવંગી ને મૃદંગી વારાંગનાઓનાં મધુર, ઝીણા ને તીણા સ્વરવાળાં નંદક નાટક નૃત્ય થઈ રહ્યાં છે;

વિવિધ વાજીંત્રો વાગી રહ્યાં છે; નિશાન નગારાંને નોબતના નાદ નિકળી રહ્યા છે; બંદીજનો વિરૂદાવલી બોલી રહ્યા છે; ગાન તાનનું ધ્યાન મચી રહ્યું છે; કોટીશઃ મનુષ્યો નેમિનાથનું મુખાંબુજ નિહાળીને નિરખી રહ્યાં છે; સુભગ સુંદરીઓ શ્યામવર્ણસ્વામીની સેવા કરવાનો સંકલ્પ ધારી રહી છે; એવા દેવાંશી ચળકાટ, ઠાઠમાઠને ધામધૂમથી વરઘોડો મંદમંદ ચાલતો ચાલતો ઉગ્ર તેજસ્વી ઉગ્રસેનના મનોરમ મહાલયના મંડપની અંતિકે આવ્યો.

જેણે સ્નાન કરી શ્વેત વસ્ત્ર પહેર્યાં છે. તથા જે સરખી ઉમ્મરવાળી સખીઓથી વીંટાયલી છે એવી રૂપનિધાન રાજીવાક્ષી રાજીમતી વરઘોડાનાં વાદ્ય સાંભળી વિશેષ પ્રફુલ્લિત થઈ. તેના મનનો અભિપ્રાય જાણી ચંદ્રાનના નામની પ્રિય સહચરી કહે છે. જગત્‌ની અંદર રાજીમતી ધન્ય છે કે જેને વરવા માટે આવો વિશ્વવિભૂષણ વર આવે છે. નાકનાયકો પણ જેને નમસ્કાર કરે છે એવો ત્રિભુવનનો સ્વામી યદુપંતિ રાજીમતીનો ભર્તાર થશે. આવાં પ્રિય વચન બોલતી પ્રેમાળ ને પ્રિયંકર સાહેલીઓ ગવાક્ષમાં ઉભી રહી છે. " મને પણ જોવા દો " એવી ઉક્તિ ઉચ્ચારતી રોમરાજીવિરાજીત રાજીમતી બહેનપણીઓની વચ્ચે આવી ઉભી. તે પ્રસંગે મૃગલોચના નામની સખી સ્મિત પૂર્વક બોલી, " આ વરમાં એક દોષ છે. " રાજીમતી રોષ લાવી બોલી, " કલ્પપાદપમાં કૃપણતા, ક્ષીરસિંધુમાં ક્ષારત્વ, ચંદનમાં દુર્ગંધ, અહર્મણિમાં અંધકાર, લક્ષ્મીમાં દરિદ્રતા ને વાગીશ્વરીમાં મૂઢતા કદી પણ સંભવે નહિ. પૂણી પડવાથી પુરી ચંપાય એ કેમ મનાય ? આ વરમાં દૂષણ દેખાડવાં તે દૂધમાં પોરા કાઢવા જેવું છે."

ચંદ્રાનના મૃગલોચનાને કહે છે, "શી ખામી છે ?" મૃગલોચનાએ પ્રત્યુત્તર વાળ્યો, "વર તો કાજળ જેવો કાળો છે". મંજુભાષિણી

રાજીમતીએ કહ્યું, "હું ધારતી હતી કે મારી સખી શાણી ને સમજુ છે, પણ તેમ નથી; કારણ કે, કૃષ્ણવર્ણ સર્વ શોભાનું કારણ છે. ચિત્રાવેલ, અગર, કસ્તુરી, વાદળ, કાજળ, કેશ ને આંખની કીકીઓ એ સર્વ શ્યામ હોય તોજ શોભે છે, ને વધારે મૌલ્યવાન ગણાય છે. મૌક્તિક ધોળું છે, પણ વીંધાય છે. કર્પૂર સિત હોય છે, પણ તેની સાથે અસિત મરી હોય તોજ રહી શકે છે. ગોરા ગાત્રવાળો કુષ્ઠ રોગી કહેવાયછે. લવણ ધોળું છે, પણ ખારૂં હોયછે. ચૂનો રંગે શ્વેત હોયછે, પણ રસનાને બાળે છે. કાગળ ધોળો છે, પણ કાળા-વર્ણ વિના શોભતો નથી." આવી રીતે હાસ્યવિનોદ કરતાં કરતાં રાજી થતી રાજીમતીનું જમણું અંગ ફરકયું. તેથી પોતે ઉદાસ થઈ સખીઓ પ્રત્યે કહેછે. પ્રિય સખીઓ, મારૂં દક્ષિણ શરીર ફરકે છે, તે અદક્ષિણ અશુભ સૂચવે છે. સુહૃદ્ સખીઓ બોલી, "તારાં સર્વ અમંગળ નાશ પામો."


વરઘોડો ભવમંડપમાં નાટક નાચવા માટેજ આવ્યો હતો. આણીગમ અરિષ્ટકુમાર પાસેના વાંડાઓમાં પૂરેલા અનેક પ્રકારના પશુઓના પોકાર ને નિશ્વાસ સાંભળી સારથિને કહેછે "અરે ! આ નિરપરાધી દીન પ્રાણીઓને આવી રીતે કેમ રૂંધી રાખ્યાં છે ?" સારથિ ઉત્તર દેછે, "ભગવંત, આપના સમુદ્દાહમાં એ જીવો જમણને માટે ભેગાં કરેલાં છે."

એવામાં જેણે પોતાની પ્રિયાને કંઠે સ્વકંઠ સ્થાપેલો છે એવા હરિણને તેની હરિણી કહેછે. હે પ્રાણનાથ, આ વિશ્વવત્સલ ને-મિસ્વામીને વિનય પુરઃસર વિજ્ઞાપના કરો કે આપણને આ મહા દુઃખમાંથી છોડાવે. તે ઉપરથી તે મૃગ નેમિકુમારને કહેછે, હે શિવશંકર, મૃત્યુ કરતાં દંપતીનો વિયોગ વધારે દુઃસહ છે. અમે નિરપકારી તિર્યંચ નિર્ઝરણાનાં નીર પીને કોઇને હાની કર્યા વિના

તૃણ ભક્ષણ કરીએ છીએ, અમારા જેવા દુર્બળ ને પામર પ્રાણીને અપરાધ વગર મારવાં એ અઘટિત છે. માટે હે પરોપકારી જગજીવન! રક્ષ, રક્ષ. એ સાંભળી નિવર્તમાતુર નેમિપ્રભુ વિષાદ પામી વિચાર કરે છે. અહો! મારા એકલાનો વિવાહ આ સર્વે અવાચક જનાવરના અવિવાહનો હેતુ છે, માટે ક્ષણમાત્રના સંતોષ સારૂં એવું અનુચિત કૃત્ય કરનારને ધિક્કાર છે.

અલ્પકાળના અજવાળા માટે પોતાના આરામવાસને અગ્નિ લગાડવા કોણ ઉત્સાહવાન થાય ? મારે વિષયરાગની વાંછના કરવી નથી. મોક્ષમાર્ગમાં મારે આ મોટી અર્ગલા છે. એમ કહી રથવાહ પાસે રથ પાછો વળાવી બોલ્યા, "મારે મનુષ્ય વર્ગની સ્ત્રી પરણવી નથી, પણ અનંત આનંદ આપનારી અપવર્ગ રૂપી અદ્વિતીય વધૂને વરવી છે." સમુદ્રવિજય આદિ વડિલ રાજાઓ નેમિકુમારને પાછા વળતા જોઈ કહેછે, હે વત્સ ! અમારી મહાભિલાષાઓ ભંગ કરવા તમે કેમ ઉત્કંઠિત થયાછો? શિવાદેવી પણ અસ્ખલિત અશ્રુપાત કરતી કહેછે, હે પુત્ર! મારા મનોરથરૂપી મહીરૂહનું ઉન્મૂલન કરવા માટે કેમ ઉત્સુક થયા છો? બળરામ અને કૃષ્ણ પણ અનેક પ્રકારના આગ્રહ કરતા હતા. સર્વ જાનઈઆ તથા જાનઈડીઓ અરિષ્ટનેમિની આસપાસ ફરી વળ્યાં, તેથી જેમ ઉડુથી ઘેરાયેલો ઓષધિપતિ શોભે છે, તેમ તે શોભતા હવા. કોઈની શીખામણ માની નહિ, ને નેમિકુમાર પાછા ફર્યા. તે જોઈ રૂપરાશિ રાજીમતી એકદમ ખેદ પામી મૂર્છાંગત થઈ. શીલવતી ને સદાચારિણી સખીઓએ શીતોપચારથી તેને સચેત સ્વસ્થ ને શાંત કરી. પછી રાજીમતી કરૂણ રૂદન કરતી બોલી. "અહો! જે મૃગ નિર્મળ કલાધરને કલંક દેવામાં તથા રામસીતાનો વિરહ રચવામાં કારણભૂત છે, તેજ મૃગે મારા સં-

ગમાં ભંગ કર્યો; તેથી કવિલોકો તેને કુરંગ કહેછે, તે સત્ય છે. હા દૈવ! હું કેવી હતભાગ્ય કે મારે ઘેર આવેલું સુરદ્રમં પાછું જાયછે. હે સ્વામિ! હું વિડંબનારૂપી વલ્લરીથી વેષ્ટિત છું. "પાણિગ્રહણ કરવા માટે આપનો હાથ મારા હાથમાં ન આવ્યો. તેથી હવે તેજ કર મારા શિર ઉપર થાઓ." આ વેળા જીનરાજ નેમીશ્વર અને રાજીમતી વચ્ચે નવ ભવનો સંબંધ હોવાથી જ્યારે નેમીશ્વર નિઃશ્રેયસમાં જવા તત્પર થયા, ત્યારે પોતે પરિણયનના નિમિત્તે જાણે રાજીમતીને નિમંત્રણ કરવા આવ્યા હોય એમ લાગતું હતું.



# નેમિનાથ દીક્ષાગ્રહણ.

હવે યોગ્ય સમય આવ્યો, ત્યારે ત્રૈલોકય ચૂડામણિ ભટ્ટારક ભગવત્ જાણતા હતા તે છતાં પણ લોકાંતિક દેવો પોતાના આચાર પ્રમાણે આવીને કહેછે; ભગવંત, તીર્થ પ્રવર્તાવો. આ ઉપરથી રોજ સવારે એક પ્રહર પર્યંત એક ક્રોડ આઠ લાખ સુવર્ણ મોહોરનું દાન દેતાં એક વર્ષ સુધી બાળબ્રહ્મચારી ભગવંતે ત્રણ અબ્જ અઠ્ઠાશી ક્રોડ ને એંશી લાખ મોહોરનું સંવત્સરી દાન દીધું. દરિદ્ર દાવાનલ મેઘસમાન દાન દીધા પછી દીક્ષાભિષેક કર્યો ને પ્રભુ ઉત્તરકુરૂ નામે યાપ્યયાનમાં (પાલખીમાં) આરૂઢ થયા. દેવ, દાનવ, ને માનવથી દીપતી દ્વારિકાના મધ્ય ભાગે થઈને દીક્ષા મહોત્સવનો વરઘોડો નીકળ્યો. વરઘોડામાં શક્રેન્દ્ર તથા ઈશાનેંદ્ર ચામર ધરીને, માહેંદ્ર ખડ્ગ ધારણ કરીને, સનત્કુમારેંદ્ર છત્ર ધરીને, બ્રહ્મેંદ્ર દર્પણ ધરીને—લાંતકેંદ્ર કલશ ધરીને, શુક્રેન્દ્ર સ્વસ્તિક ધરીને, સહસ્રારેંદ્ર ધનુષ ધરીને, પ્રાણતેંદ્ર શ્રીવત્સ ધરીને, અચ્યુતેંદ્ર નંદાવર્ત ધરીને તથા બાકીના ચમરેંદ્રાદિ દેવો શસ્ત્ર ધરીને અર્હત્પ્રભુના અગ્ર ભાગે ચાલતા હતા. અનુક્રમે રૈવતાચલ ચઢી, સહસ્રામ્રવનમાં જઈ, આભરણાદિકનો ત્યાગ કરી, સહસ્ર પુરૂષની સાથે, ત્રણસેં વર્ષની ઉમ્મરે, શ્રાવણ સુદિ ૬ ને દિવસે,—*ચિત્રા નક્ષત્રના યોગેં,* છઠનો તપ કરી, તથા પંચમુષ્ટિ લોચ કરીને કુમતિ કુઠાર નેમીશ્વરે દીક્ષા ગ્રહણ કરી. ત્યાંથી વિહાર કરીને વરદત્ત નામના બ્રાહ્મણને ઘેર ક્ષીરનું પ્રથમ પારણું કર્યું. ને ત્યાં પુષ્પવૃષ્ટિ, સુગંધિ જળવૃષ્ટિ, વસ્ત્રવૃષ્ટિ, હિરણ્યની વૃષ્ટિ, ને અહો દાનં! અહો દાનં! એવા ઉચ્ચાર કરતી દેવ દુંદુભિ, એવાં પંચ દિવ્ય પ્રગટ થયાં. જંજાળરૂપી જાળને પ્રજાળનાર જગત્પ્રભુને ગર્ભેથીજ મતિ, શ્રુત, અને અવધિ, એ ત્રણ જ્ઞાન હતાં, ને

દીક્ષા સમયે મનઃપર્યાય જ્ઞાન ઉત્પન્ન થયું; એવા ચાર જ્ઞાનના ધરનાર, તથા બાવીસ પરીષહના સહનાર, શ્રી નેમિનાથને દીક્ષા લીધા પછી ચોપન દિવસે સહસ્રામ્રવનમાં વેતસવૃક્ષની નીચે, શુકલધ્યાનારૂઢ સ્થિતિમાં, જ્ઞાનાવરણી, દર્શનાવરણી, અંતરાય ને મોહની એ ચાર ઘાતિક કર્મનો ક્ષય કર્યા પછી, આશ્વીન માસુની આમાવાસ્યાને દિન, પહેલા પહોરમાં, ચિત્રાનક્ષત્રે પંચમ જ્ઞાન પ્રાપ્ત થયું. ચોસઠ સુરાધિપનાં સુખાસન સમકાલે પ્રકંપાયમાન થયાં. નેમીશ્વર અર્હત્‌ને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું જાણી સુમનોએ આવી સહસ્રામ્રવનમાં સમવસરણ રચ્યું. તેમાં એકસો ચોવીસ ધનુષ ઉંચા ચૈત્ય વૃક્ષની પ્રદક્ષિણા કરી, તીર્થાય નમઃ એમ ઉચ્ચારણ કરી, પૂર્વ આશામાં આસ્ય કરી અરિહંત મહારાજ આસન ઉપર બેઠા. ઉદ્યાનપાલકે તરતજ દ્વારિકામાં જઈ અધમ ઉદ્ધારક શ્રી અરિષ્ટ નેમીશ્વરના કેવલ જ્ઞાનની કૃષ્ણને વધામણી દીધી. કૃષ્ણ વાસુદેવે પણ હર્ષના ઉભરામાં માલાકારને સાડાબાર કોડ સોનૈયા આપી, દશ દશરથ અને પાંડવોને લઈ, હાથી, હય, રથ ને પાયદલ, એવી ચતુરંગી સેના સજ્જ કરી, બત્રીસ હજાર રાણી, સાઠહજાર પુત્ર, સોળહજાર રાજા ને અડતાલીશ કોડ સુભટ સહિત, વીતરાગને વંદન કરવા આવ્યા. ત્રણ પ્રદક્ષિણા દઈ, સ્તુતિ કરી શક્રની પછવાડે યોગ્ય આસનપર બેઠા. ચતુર્મુખ સ્યાદ્વાદી સર્વજ્ઞે સાત શબ્દ ગુણ ને અઠ્ઠાવીશ અર્થગુણ એવા પાંત્રીસ ગુણયુક્ત દેશના દીધી. તેમાં જગદીશ્વરે પોતાના શાસનરૂપી [illegible] અંદર અલૌકિક અભ્રયુક્ત તડિત્‌ સંન્નિભ અંબિકા દેવીનું [illegible]વિયુક્ત પવિત્ર [illegible]ાં, તે નીચે પ્રમાણે- .

# अंबिका चरित्र.

જેના [1]બે મહીધર મસ્તક રૂપ છે, જેની [2]પૂત પૃથિવીએ સુરાલયની સુંદરતાનો પરાજય કરી [3]દિવિષ્ઠોને પાતાળમાં પલાયન કરાવ્યું છે, ને જેનાં તેજસ્વી તીર્થરૂપી મહા મૂલ્યનાં નિર્મલ મુક્તાફલ સદા વિજયવંત વર્તે છે, એવા સૌરાષ્ટ્ર દેશના પર્વત[4]પુરંદર શ્રી રૈવતાચલની દક્ષિણ દિશાએ ઋદ્ધિમાં કુબેરપુર કલ્પ અને ન્યાયવાન નરનારીઓથી નિવાસિત કુબેરનગર (કોડિનાર) છે તેની યક્ષા નામની સરિતાના [5]સલિલના બિંદુઓને તથા [6]સુમનઃ પરિમલના પરમાણુઓને પ્રસારનાર [7]પ્રભંજન કદલીપત્રોને પ્રતિદિન કંપાયમાન કરી રહ્યો છે, તેથી નાગરિક નિતંબિની ને પુરૂષોના શરીરનો પ્રસ્વેદ [8]પ્રધ્વંસને પામે છે. તે [9]પ્રકૃષ્ટ પત્તનમાં વિચિત્ર ચિત્ર જોનારાં મનુજોનાં ચક્ષુરૂપી ચંચલ [10]પયોજને રહેવાને માટે પ્રાસાદરૂપી પુષ્પવાટિકાઓ છે. ફરતો પ્રદક્ષિણા દેતો ઉંચો સુંદરાકાર [11]પ્રાકાર પરિવેષ્ટન કરી રહ્યો છે, ચૈત્યોમાં ધામધૂમ પૂજાઓ થઇ રહી છે. ચિત્રમયી લક્ષ્મીની ચિત્તાકર્ષક પ્રતિમાઓ પ્રત્યેક સ્થાને પ્રકાશી રહી છે. સર્વ પ્રજા ષટ્કર્મમાં [12]અપ્રમાદ તથા કર્મ નિકંદન કરવામાં નિશદિન ગુંથાયલી છે. તે પુરીને વિષે [13]હરિની કીર્તિને હરનાર, જેના ગુણરૂપી હરિએ અરિરૂપી [14]કરિને વિદાર્યા છે એવો, કૃષ્ણના વંશમાં રત્ન જેવો, ભગવંતના પાદારવિંદનો ભ્રમર, દ્વાદશ વ્રતપાલક, તત્વત્રયના ચિન્હ

૧. બે મહીધર–શેત્રુંજય ને ગિરનાર એ બે પર્વત. ૨. પૂત–પવિત્ર. ૩. દિવિષ્ઠ–દેવ. ૪. પુરંદર–ઇંદ્ર. ૫. સલિલ–પાણી. ૬. સુમનઃ પરિમલ—ફુલની સુગંધ. ૭. પ્રભંજન—પવન ૮. પ્રધ્વંસ—નાશ. ૯. પ્રકૃષ્ટપત્તન—ઉત્તમ નગર. ૧૦. પયોજ–કમળ. ૧૧. પ્રાકાર–કિલ્લો. ૧૨. અપ્રમાદ–ઉદ્યોગી. ૧૩. હરિ—વિષ્ણુ, સિંહ. ૧૪. કરિ—હાથી.

રૂપ ત્રણ તંતુની મુક્તાર્થે [1]યજ્ઞોપવીતધારક, ને સંવરસંયુક્તસાધુની સ્યાદ્વાદસિદ્ધાંતસુધાથી સિંચિત, એવો સોમભટ નામે બુદ્ધિશાળી બ્રાહ્મણ રાજા છે. તેને [2]અંબિકાભિધાના, ઇંદુવદના, સંસ્કારવતી, સતીશિરોમણિ, ને પતિવ્રતા પત્ની છે. તેનામાં [3]ચપલાની ચંચલતા, રંભાનુ રૂપ, [4]ભારતીની ભાષા, [5]વિધુલેખાની વક્રતા ને સુરેંદ્રાણીનો [6]સપત્નીભાવ છે. સોમભટનો પિતા પરલોકમાં ગયો, ત્યારે તેની સાથે જૈનધર્મનો પણ લોપ થયો, એમ લાગતું હતું. એકદા મધ્યાન્હે માસક્ષમણના ઉપવાસી બે ક્ષમાશ્રમણ મુનિઓ સોમભટના મહેલ પાસે [7]ગોચરી લેવા નીકળ્યા. સુતપંશ્ચર્યાએ કરીને શશાંક [8]માર્તંડ સદૃશ, અને કર્મરૂપી રોગને ચકચૂર કરવામાં ચતુર [9]ચિકિત્સક તુલ્ય, એવા તે બે સંવેગી સાધુઓને જોઈ ભદ્રભાવથી ભરેલી ઉદાર અંબિકા અત્યાનંદની [10]ઉર્મિમાં નિમગ્ન થઈ નિર્ધારે છેઃ—

આ મહા પ્રાજ્ઞ મુનિઓ [11]ક્ષમાધારણકરનાર મહા પર્વતો છે. સુકર્મના ઉદયે કરીને મારે આંગણે પધાર્યા છે. તેથી આજ અપૂર્વ પર્વની તિથિ છે. ખરે! મેં પ્રચુર પુણ્ય ઉપાર્જન કર્યું છે, જેથી મને સર્વ સુખનું સાધન મળ્યું. જેમ દૂધથી ધોવાયલી વસ્તુ વિશુદ્ધ થાયછે, તેમ આ અનુત્તર અતિથિના પ્રિય દર્શનથી મારાં નયન પવિત્ર થયાં છે. અનાર્ય સાધુ પણ અત્રે નથી. [12]રસવતીમાં ઉત્તમ [13]દ્રવ્ય છે, માટે તેનું દાન આપું. આવા અંતરંગના તરંગમાં અતિ હર્ષનાં આંસુથી ભીંજાયલી, ને રોમ-

---

૧. યજ્ઞોપવીત—જનોઈ. ૨. અંબિકાભિધાના—અંબિકા નામની. ૩. ચપલા—લક્ષ્મી. ૪. ભારતી—સરસ્વતી. ૫. વિધુલેખા—ચંદ્રની કલા. ૬. સપત્ની—શોક્ય. ૭. ગોચરી—ભિક્ષા. ૮. માર્તંડ—સૂર્ય. ૯. ચિકિત્સક—ભિષક્, વૈદ્ય. ૧૦. ઉર્મિ—કલ્લોલ, મોજું. ૧૧. ક્ષમા—પૃથ્વી, ક્ષમાગુણ. ૧૨. રસવતી—રસોડું. ૧૩. દ્રવ્ય-પદાર્થ.

વિકાંસિત, એવી હંસગામિની અંબિકા ઉઠી. અન્ન લઈ અનગાર અવધૂતને વીનવે છે. આપ આલ્હાદજનક આકૃતિવાળા ને અતિ પુણ્યવંત છો, મારાપર પરમ પ્રસાદ કરી [1]પ્રાશનનું ગ્રહણ કરો, જેથી હું પાવન થાઉં. [2]નિર્ગ્રંથ મુનિ [3]યુગ્મે પણ મન અને અન્નની પ્રસન્નતા જોઈ પાત્ર ધર્યું, તેમાં અંબાએ સુપાત્ર [4]સંપ્રદાન દીધું; તે જાણે શ્રેષ્ઠ ગતિનું બીજ રોપ્યું, એમ દેખાયું. શાંત, દાંત ને મહંત મુનિયુગલે પણ દાન સ્વીકારી ધર્મલાભ દીધો. ધર્મના લાભથી મુક્તિની અલૌકિક [5]લબ્ધિનું અર્પણ કરનારા તે પદરૂપી શૂરાસિંહથી પાપરૂપી હઠીલા હાથી હણાયા.

સુકૃતી ને સુવ્રતી યતિઓ ૪૨ દોષ નિંવારી આહાર વહોરી અંબિકાના આસ્થાનગૃહથી નિકળ્યા, પણ આશ્ચર્ય એ હતું કે, તેના અંતર્ગત [6]હૃત્પદ્માલયમાંથી નિસર્યા નહીં.

હવે અંબિકાએ ગીતાર્થ ગુરૂને ભોજનદાન દીધું, તે દેખીને મૂર્ત્તિમતી પિશાચિની, ભયાનક [7]ભુજંગી, કલહપ્રિયા, પ્રપંચી ને પ્રચંડ પાડોશણ ઉંચા હાથ કરી, નેત્ર, નાસિકા ને [8]વકત્રને વક્ર કરી, કઠોર ને કટુ વાગ્બાણ કટાક્ષથી કાઢી, સર્વને તીવ્ર ત્રાસ પમાડતી ને પગ પછાડતી ઝટ પોતાના ઘરની બહાર દોડી આવીને આર્ય અંબિકા સામું જોઈ કહેછે. હે સ્વચ્છંદાનુંચારિણી! તને ધિક્કાર છે! યજ્ઞ ને હત્યા કર્યા વિના વગર વિચાર્યે તેં શ્રમણને ભિક્ષા કેમ આપી? તારી સાસુ ઘેર નથી; ને વિવેકહીનવેશ્યાનું આ અયુક્ત આચરણ તેં કેમ આચર્યું? પૂર્વજ ને [9]ભૂદેવોને પિંડ પહોંચ્યા પહેલાં આ શું કર્યું? એમ

---

૧. પ્રાશન–ખાવાનું. ૨. નિર્ગ્રંથ–ત્યાગી. ૩. સંપ્રદાન–દાન. ૪. યુગ્મ–યુગલ, જોડું. ૫. લબ્ધિ–લાભ. ૬. હૃત્પદ્માલય–હૃદયકમળનું ઠેકાણું. ૭. ભુજંગી–દરજી, સર્પી, સર્પિણી. ૮. વક્ત્ર—મોં. ૯. ભૂદેવ—બ્રાહ્મણ.

[1]ગર્દભીની માફક ભુંકતી ને [2]કુકકુરીની પેઠે ભસતી, બકબકાટ કરતી તે અંબિકાની [3]શ્વશ્રૂ પાસે ગઈ; ને તેને સર્વ વાત કહી દીધી.

પછી વાયુ જેમ [4]ધૂમની વિવૃદ્ધિ કરે છે, તેવી રીતે તે સાસુ પણ તે વાતને વિસ્તારીને બોલી, હે વહુ, તેં આ કામ બહુ કલેશનું કર્યું, તેમાં લેશમાત્ર પણ સંદેહ નથી. હું તો જીવતી છું; તે છતાં તારૂં મારા ઘરમાં કેમ ચાલે? [5]સામર્ષ સાસુ ને પાપી પાડોશણની અંતરાલે ઉભી રહેલી ઉદાસ અંબિકા [6]મેઘમાળાને રાહુની વચ્ચે સપડાએલી ચંદ્રકલાની પેરે નિસ્તેજ થઈ ધ્રૂજવા લાગી. એટલામાં સોમભટ વિપ્રોને તેડીને આવ્યો. નિજ જનની તથા પેલી [7]ધૃષ્ટ ને દુષ્ટ કર્કશાનાં પ્રાપિષ્ટ કુશબ્દો સાંભળી તેનો મિજાસ ગયો; ને ક્રોપાતુર થઈ [8] કૃશાંગી અંબિકાની અસહ્ય [9]અવજ્ઞા કરવા લાગ્યો. તેથી અધોમુખી ને [10]અભિજાતિવતી તેની [11]સુતમુસીમંતિની કંઇ પણ બોલ્યા ચાલ્યા શિવાય પોતાના અંબર ને શંબર નામના બે બાલકને સાથે લઇ સર્વવિરતિ સંયમીની સત્ય [12]ગિરા, સંભારતી [13]સત્વર [14]શ્વશુરગૃહ મૂકીને ચાલી નીકળી. માર્ગમાં વિચારે છે; અરે! મેં કોઇ સમયે સાસુજીની આજ્ઞા ઉથાપી નથી. ઘણીની ઘણી ભક્તિ યથાશક્તિ કીધી છે. [15] ગૃહિણીનાં કાર્ય કષ્ટ વેઠીને સારી રીતે કર્યાં છે.

કનક કામિનીના ત્યાગી ગુણવંત ગુરૂને પુણ્યોત્પાદક પ્રદાન દીધું, તે કલ્યાણકારી થયું છે; તે છતાં પણ વિના કારણ ઉલટી મારી [16]જુગુપ્સા કરી છે. પુત્રથી પામેલા પિંડપ્રમુખથી જો પ્રેત-

---

૧ ગર્દભી.—ગધેડી. ૨. કુકકુરી—કુતરી. ૩. શ્વશ્રૂ-સાસુ. ૪. ધૂમ=ધુમાડો ૫. સામર્ષ=ક્રોધી. ૬. મેઘમાળા=વાદળ. ૭. ધૃષ્ટ=નિર્લજ્જ. ૮. કૃશાંગી=નાજુક. ૯. અવજ્ઞા=તિરસ્કાર. ૧૦ અભિજાતિવતી=કુલીન. ૧૧. સુતનુ સીમંતિની=સુંદર સ્રી. ૧૨. ગિરા=વાચા. ૧૩. સત્વર=જલદી. ૧૪. શ્વશુરગૃહ=સાસરૂં. ૧૫. ગૃહિણી=ઘરધણીઆણી. ૧૬. જુગુપ્સા=નિર્ભત્સના, અવગણના.

પુરૂષને તૃપ્તિની પ્રાપ્તિ થાય તો પાણી પાવાથી [1]શુષ્કશાખી નવીનપલ્લવ કેમ ન થાય? અહો મિથ્યાત્વ! જેમ [2]જાત્યંધ જન [3]તરણિની તિરસ્ક્રિયા કરે, ને [4]નિશાંધનર નક્ષત્રનાથની નિર્ભર્ત્સના કરે, તેમ ક્ષુદ્ર ને મૂઢ માનવોએ સુપાત્ર ત્યાગની નિંદાનો વરસાદ વરસાવ્યો છે. અરે! પણ એમનો દોષ કાઢવો તે વૃથા છે. મારાં પૂર્વ કૃત્યનાં અંકુર ઉગી નીકળ્યાં છે, એમ મારે માનવું જોઇએ. આજથી ગૃહવાસના દાસત્વનો સદૈવ ત્યાગ છે. હવે તો તે એ સુશીલ સાધુનું શરણ લેવું યોગ્ય છે. ગુણાકીર્ણ ગિરિનાર ગિરિપર જઇ સંસારસમુદ્રના સુપ્રવહણ સદૃક્ષ, ને સકલ સુરાસુરેંદ્ર સેવિત, એવા શ્રી નેમિનાથને નમી, તેમનું ધ્યાન ધરી, તપ તપી, દુરિતને દળી નાંખીશ. એમ ધારી એક પુત્રને કટિએ લીધો, ને બીજાને હાથની આંગળીએ વળગાડ્યો. શોકને દૂર કરી ગુણાભિરામ ગિરિધીર ગુરૂનું તેમજ રૈવતાદ્રિનું મનમાં સ્મરણ કરતી અચલ ચિત્તથી આગળ ચાલી. ભયાવહ જંગલની મધ્યે તડકામાં [5]નયણે કોઠે ને ઉઘાડે પગે અથડાતાં ભાલા જેવા તીક્ષ્ણ કાંટા વાગે છે. એવી દશાની પરાકાષ્ઠામાં કેડે બેસાડેલો કુમાર તરસ્યો થયો. લાળવાળા મુખવાળું, આંસુથી ભરેલા ભીના ગાલવાળું ને માતાના ગભરાટમાં વધારો કરનારૂં બીચારૂં બાળ અસ્ફુટાક્ષરે કરૂણાજનક રૂદન કરતું પાણી! પાણી! ઝંખી રહ્યું છે. એટલામાં વળી કમલ[6]કાંડ જેવી કોમળ [7]કરપલ્લવે દોરેલો દીકરો ભૂખ્યો થયો. તેથી હે અંબ! મને ખાવા આપ, એમ કહી રડાકૂટ કરી રહ્યો છે. બંને બાળકોએ અંતઃકરણમાં પ્રવેશ કરી અશ્રુપાત કરવાની જાણે પ્રેરણા કરતાં હોય, એમ અંબિકાની

૧. શુષ્ક શાખી=સૂકું ઝાડ. ૨. જાત્યંધ=જન્માંધ. ૩. તરણિ=સૂર્ય. ૪. નિશાંધ=રતાંધળો. રાત્ર્યંધ. નક્ષત્રનાથ=ચંદ્ર. સુપ્રવહણ=સારૂં ઝાઝ. દુરિત=દુષ્કૃત. ૫. નયણે=નિરન્ન ૬. કાંડ=નાળ, દાંડો. ૭ કરપલ્લવ=આંગળી.

એક આંખમાંથી શ્રાવણ ને બીજીમાંથી ભાદરવો ભરપૂર ચાલ્યા જાય છે. તૂટેલા હારમાંથી એક પછી એક સરી પડતાં મોતીની [૧]અવિભક્ત ધારા બંને છેડે [૨]અવિચ્છિન્નપણે ચાલે છે, તેમ બંને ચક્ષુમાંથી બોર બોર જેવાં ઉષ્ણ આંસુનાં ટપોટપ ટપકાં પાડતી, ઘર, [૩]આભૂષણ, સુખ, સેવક, શરીર ઇત્યાદિક સંબંધી ઇચ્છાને અલગ કરતી, જંગમ તીર્થરૂપી તપસ્વી સાધુનાં સુવચનથી અપાર શોક વિસારતી, અનાથ, અબલા, નેમીશ્વર પરમેશ્વરના [૪]ચરણાંભોજની ભક્તિ કરૂં, એવી ભાવના ભાવતી ચાલી જાય છે.

[૫]ક્ષુત્પિપાસાથી પીડાયલાં અણસમજુ શિશુ સમય ઓળખતાં નથી. આવા દુઃખદરીઆમાં ડૂબેલી અંબિકાએ ધાર્યું કે, આ પુત્રો પ્રથમ મારા પ્રાણનો અંત આણશે, માટે આત્મહત્યા કરૂં. વળી ચિંતન કરે છે. ધિક્! ધિક્! આ બે વત્સોની પણ વાંછના હું પૂરી પાડવા સમર્થ નથી. અરે! હું ઘણાં અશુભ કર્મની કરનારી છું. હે વસુધામાતા! મારા ઉપર [૬]અનુગ્રહ કરી મને [૭]વિવર દે, કે તેમાં હું સમાઇ જાઉં, ને આ અગાધ શોકસાગરમાંથી નિવૃત્ત થાઉં. હે! વિધાતા! તેં મને કેમ ઘડી? અહો દુઃખો! તમને બીજા કોઇ સ્થલમાં રહેવાનું ન મળ્યું? કે આવી રીતે અકસ્માત્ મારા ઉપર [૮]યુગપત્ આવી અડ્યાં છો? અરેરે! દૈવના વજ્રમય હૃદયમાં દયા ન આવી, તો આ અઘોર અરણ્યમાં વિલાપ કરવાથી કંઇ વળવાનું નથી. હવે તો પાપ પ્રજાળનાર પ્રભુના [૯]પાદપંકજને સેવીને સર્વ સંકટ સહન કરીશ. એમ કહી એક ઠેકાણે બેઠી. તેના નિઃશ્વાસવાયુથી [૧૦]નિખિલ વૃક્ષ ડોલતાં

---

૧. અવિભક્ત=સળંગ, અટક્યા વગર. ૨. અવિચ્છિન્નપણે=તૂટ્યા વગર. ૩. આભૂષણ=ઘરેણાં. ૪. ચરણાંભોજ=કમળ જેવા પગ. ૫. ક્ષુત્પિપાસા=ભૂખતરસ. ૬. અનુગ્રહ=કૃપા. ૭. વિવર=દર, માર્ગ. ૮, યુગપત્=એકદમ. ૯. પાદપંકજ=ચરણકમલ. ૧૦. નિખિલ=સર્વ.

હોય એમ દીસતું હતું. એવામાં નિર્મળ શીતળ જળને [1]પ્રફુલ્લ કમળવાળું [2]આમ્રતરૂથી વીંટાયલું એક મનોહર સરોવર તેની દૃષ્ટિએ પડ્યું. એ પાસે [3]ભમતા ભૃંગો ઝંકારવ કરી રહ્યા છે, ને [4]પરભૃત પક્ષિ ટૌકારવ કરી રહ્યાં છે. અતિ દુઃખી ને દીનમુખી અંબિકાએ તે સરસ [5]સરસીમાંથી અંજલિ ભરીને પોતાના પુત્રોને પાણી પાયું, ને તેમને [6]રસાલફલ ખાવા આપ્યાં.

હવે જેમ [7]લોહભાંડને [8]સ્પર્શપાષાણનો સ્પર્શ થવાથી તરતજ તે સુવર્ણમય થાય, તેમ તે ધીર, વીર, ગંભીર ને [9]મુમુક્ષુ મુનિઓના પ્રબલ, પ્રૌઢ ને પરોપકારી પ્રભાવથી સોમભટનાં અન્ન ને [10]ભાજન કાંચનમય થઇ ગયાં. એ જોઇ અંબિકાની સાસુ પશ્ચાત્તાપ કરી પુત્રપત્ની પ્રત્યે પ્રીતિપૂર્વક કહેછે. અહો! ફિટ્કાર છે મને મિથ્યા કોપ કરનારીને! અપરાધ [11]લવવિના [12]અનુત્તમ અંબિકાને મેં કાઢી મેલી! એટલામાં [13]અશરીરિણી વાણી થઇ કે, એતો દાનના અમોઘ ફલનો અંશમાત્ર છે. અંબિકા તો [14]અંબરૈકસને [15]અર્ચનીય થશે. તે સાંભળી સોમભટની માતા સ્તુત્ય વધૂની પ્રશંસા કરતી સાનંદાશ્ચર્યથી સોમભટને કહેછે. હે પુત્ર, જો તો ખરો! શો ચમત્કાર! પુણ્યપરાક્રમની કેવી પરિસીમા! ઓરડાઓમાં ધન ધાન્યના ભંડાર ભરાઇ ગયા છે, તે દાનનું દિવ્ય ફલ છે. માટે [16]શીઘ્ર જા, ને વિનીત વહુને તેડી લાવ. તેના વગર મારૂં [17]વેશ્મ ને હૃદય શૂન્ય છે.

---

૧ પ્રફુલ્લ=ખીલેલાં. ૨. આમ્રતરૂ=આંબાનું ઝાડ. ૩. ભૃંગ=ભમરો. ૪. પરભૃત=કોકિલ. ૫. સરસી=તળાવ. ૬. રસાલફલ=કેરી, આમ્રફલ. ૭ લોહભાંડ=લોઢાનું વાસણ. ૮. સ્પર્શપાષાણ=પારસમણિ. ૯. મુમુક્ષુ=મોક્ષ ઈચ્છનાર. ૧૦. ભાજન=વાસણ. ૧૧. લવ=અંશ. ૧૨. અનુત્તમ=શ્રેષ્ઠ. ૧૩. અશરીરિણી વાણી=આકાશ વાણી. ૧૪ અંબરૈકસ=દેવ. ૧૫ અર્ચનીય=પૂજનીય, ૧૬, શીઘ્ર=જલદી, ૧૭, વેશ્મ=ઘર,

તે સાંભળી [૧]કુમુદેશની કાંતિની પછવાડે જેમ [૨]પારાવારનું પૂર વેગથી દોડે છે, તેમ અંબિકાને પગલે પગલે [૩]સ્વાંબિકાપ્રેરિત સોમભટ સપાટાબંધ ચાલ્યો. [૪]વિજનકાનનમાં કિશોર વયનાં [૫]અર્ભક સંઘાતે અંબિકાને દૂરથી જોઇ બોલે છે. હે ભય વિભ્રાંત ભામિની! પલમાત્ર સ્થિરતા રાખી ઉભી રહે. આ વાક્યનો [૬]પ્રતિધ્વનિ કાને પડતાં અંબિકાએ પોતાની મુખમુદ્રા ફેરવી, તો પતિને ત્વરિત ગતિથી આવતો જોયો. જોતાં વારનેજ કહેછે. અહો! કયા અકારણ રિપુએ રોષે કરીને આને મોકલ્યો છે? અરે! મને એ મારવા આવે છે. હવે કોનો આશ્રય લઉં? આ ઘોર [૭]ગહનમાં ગૃહીને મારો ઘાત કરશે. એ [૮]નિર્ઘૃણ છે. અહીં કોઇ પણ નથી. હા દૈવ! હું શું કરૂં? હું નિરાધાર આકાશથી પડીછું, ને ધરતીએ મને ઝીલી લીધી છે. હવે મારે જીવીને શું કરવું? અથવા ગૃહમેધિત્વ એ [૯]ભૃત્યત્વની વૃત્તિ છે. ક્રોધના આવેશમાં [૧૦]કદર્થના કરી ક્રૂરતાથી મારૂં કાટલું કરશે, તે પહેલાં હુંજ પ્રાણ કાઢું. એમ અવધારણા કરી [૧૧]આક્રંદ કરતી એક કુવાકાંઠે આવી તેમાં પડી મરવાની [૧૨]સ્પૃહા કરતી બોલેછે.

અરિહંત, સિદ્ધ ને સાધુનું મારે શરણ છે. દયામય ધર્મ ને દાનનું માહાત્મ્ય મારી ગતિ છે. બ્રાહ્મણ, દરિદ્રી, કૃપણ, [૧૩]કિરાત ને મ્લેચ્છના વંશમાં તેમજ કલંકિત ને અધમ કુલમાં મારો અવતાર આવશો નહીં. અંગ, વંગ, કુરૂ, કચ્છ, ને સિંધુ, એ દેશોમાં મારો જન્મ થશો મા. યાચકાવસ્થા, કૃપણતા, મિથ્યાત્વ, કોટવાલની પદવી, મદ્યાદિનો વ્યાપાર, ને શસ્ત્રધારક-

---

૧. કુમુદેશ=ચંદ્ર. ૨. પારાવાર=સમુદ્ર. ૩. સ્વાંબિકાપ્રેરિત=પોતાની માથી મોકલાયલો. ૪ વિજનકાનન=શૂન્ય વન. ૫. અર્ભક=બટુ. બાલ. ૬. પ્રતિધ્વનિ=પ્રતિશબ્દ. ૭. ગહન=વન. ૮. નિર્ઘૃણ=ક્રૂર. ૯. ભૃત્ય=ચાકર. ૧૦. કદર્થના=ફજેતી. ૧૧. આક્રંદ=વિલાપ. ૧૨. સ્પૃહા=ઇચ્છા. ૧૩. કિરાત=ભીલ.

પણું, એટલાં વાનાં મને જન્માંતરમાં મળો નહીં. દેવ ગુરૂ ને ધર્મ એ ત્રંણુ રત્ન ભવોભવ મળજો. સ્વામિત્વની તેમજ શુભાશુભ કર્મક્ષયની મને સંપ્રાપ્તિ હોજો. સૌરાષ્ટ્ર, મગધ, કીર, કાશ્મીર, ને દક્ષિંણ, એ દેશોમાં મારો જન્મ થાઓ. ધનવાન્સ્થિતિ, દાતારપણું, નિરોગિતા, ઇંદ્રિયપાટવ, ને અનુકંપા મને આવતા ભવમાં આવી મળો. આવી રીતે ચિત્તમાં નિશ્ચલતાથી આહના કરીને બંને પુત્રોને લઇને સોમભટની ભાર્યા સાહસપણે કુવામાં પડી, તેજ ક્ષણે મા, મા, એમ બોલતો તેનો કાંત હાંફતો હાંફતો દોડતો આવ્યો. સુત સહિત કૂપમાં પડીને મરણ પામેલી, પ્રેમપાત્રને [1]પ્રશસ્ત પ્રમદાને જોઇ દારૂણ દુઃખમાં રડતો રડતો અંબિકાનો વર ગદ્ ગદ્ કંઠે બોલે છે. હે મુગ્ધે! તું અકાલ કાળની વિકાળ ફાળમાં કયાં ફસાઇ ગઇ! કુલીન [2]કમલેક્ષણા! આ સાહસ કર્મ શા માટે કરવું પડયું? અહો! હું કેવો જડ કે મેં તને [3]ગર્હના સાથે ઘરમાંથી કાઢી મૂકી! હે [4]વિદગ્ધ વલ્લભા! પંડિત ને વિચક્ષણ થઇ તેં આ શું કર્યું.?

અરે! [5]લોલ લોચના [6]લલિત લલના! તું નિષ્કલંક હતી માટે તારા વિના હવે જીવીને શું કરવું? નિરાશ થઇ મારૂં કાળું મુખ લઇ સ્વમંદિર જાઉં, પણ વિરહવ્યથામાં ત્યાં હું શું લીલું વાળીશ? પ્રાણપ્રિયા ને પુત્રોના પંચત્વ ગમનથી હું પરમદુઃખી થયો છું. માટે મારે પણ આપઘાત કરવો ઉચિત છે. એમ કહી અવિલંબિતપણે પોતાની અદ્ભુત અર્ધાંગનાનું સ્મરણ કરી સોમભટે તેજ [7]નિપાનમાં ઝંપાપાત કર્યો, ને કાળ પામી અકાંમ નિર્જરાના યોગથી અંબિકાના વાહનરૂપે શાર્દૂલ દેવતા

૧. પ્રશસ્તપ્રમદા=વખણાયલી સ્ત્રી. ૨. કમલેક્ષણા=કમલના જેવી જેની આંખો છે એવી. ૩. ગર્હના=તિરસ્કાર. ૪. વિદગ્ધવલ્લભા=પંડિતોને વહાલી. ૫. લોલ=ચંચલ ૬. લલિત લલના=રૂપાળી સ્ત્રી. ૭ નિપાન=કૂપ.

થયો. અપરિમિત ગુણપૂર્ણા સિંહવાહની અંબા[1] ડિંભદ્વયની સાથે [2]હિરણ્ય રૂચિ ધારણ કરી દેવીપણે પ્રકટ થઇ.

---

આમ્રકુંજમાં ટૌકા કરતી કોયલોના રાગે કરીને ઉદય પામતા રવિના [3]રશ્મિ જેવું જેનું રૂપ છે; સકલ સુરવધૂના સમગ્ર સૌંદર્ય સમુદાયનો જેણે સંહાર કર્યો છે; [4]મૃગાંકનાં [5]મયૂખસમ અત્યુજ્જવલ [6]અંશુકથી આચ્છાદિત જેનું અંગ છે; જેના [7]અમલ [8]આસ્યના અંશુના અમૃતાબ્ધિની અંદર [9]અંબકરૂપી [10]આંભસિકો ક્રીડા કરી રહ્યાં છે; જેનું સંપૂર્ણ શરીર સર્વ અવયવે સુંદર અને [11]નિઃશેષ ભૂષણે ભૂષિત છે; જે મહિમાવાળીએ [12]સુરયોષિતના સેવવાથી નવી સમુત્પન્ન થયેલી [13]સહકારની લૂમ બે પાર્શ્વે રાખી છે; એવી [14]અમરીરૂપે ઉપજેલી અંકુશધારિણી અંબિકાને છડીદાર દેવ નમ્રતાથી પ્રણામ કરી કહે છે. હે દેવી! તેં પૂર્વ ભવે શું તપ કર્યું? કેવું દાન દીધું? કયાં તીર્થ સેવ્યાં? કે જેથી વ્યંતરની દિવ્ય સ્ત્રીઓને પણ સેવવા યોગ્ય તું અમારી સ્વામિની થઇ? તે સાંભળી અવધિજ્ઞાને પોતાનો પાછલો ભવ દેખીને સૌભાગ્યનું નિધાન એવી અંબિકાદેવીએ તે [15]વિબુધને પોતાનો સર્વ વૃત્તાંત કહ્યો. પછી વીતરાગ પરમાત્માનાં વચનને શ્રવણ કરવા માટે યોગીશ્વરની પેરે મૌનનું અવલંબન કરી તેજ વેલા વ્યંતરદેવ પાસે વિમાન સ-

---

૧. ડિંભદ્વય=બે પુત્રો. ૨. હિરણ્ય રૂચિ=સોના જેવી કાંતિ. ૩. રશ્મિ=કિરણ. ૪. મૃગાંક=ચંદ્ર. ૫. મયૂખ=અંશુ, કિરણ. ૬. અંશુક=વસ્ત્ર. ૭. અમલ=નિર્મલ. ૮. આસ્ય=મોં. ૯. અંબક=લોચન, આંખ. ૧૦. આંભસિકો=મત્સ્ય, માંછલાં. ૧૧. નિઃશેષ ભૂષણ=સર્વ અલંકાર. ૧૨ સુરયોષિત્=સુરવધૂ, સુરાંગના, અપ્સરા, દિવ્ય સ્ત્રી. ઇ૦ ૧૩. સહકાર=આંબો. ૧૪. અમરી=દેવી. ૧૫. વિબુધ=દેવ. અમર, નિર્જર, નાકી.


જજ કરાવીને સંગીત સાંભળતી ને દિશાઓમાં ઉદ્યોત કરતી ઉજ્જયંત પર્વતે આવી; અને [1]સંસ્તૃતિકરિકેશરી શ્રી અરિષ્ટનેમિને કેવળજ્ઞાન ઉપન્યું, તેજ પ્રસંગે સમવસરણમાં જઇ ધર્મોપદેશ રૂપી અમૃતધારાથી પોતાના કર્ણનું સિંચન કરવા બેઠી. એ અવસરે ગિરિનારમંડન, જનમનરંજન, ભવભયભંજન, જગદાધાર, કૃપાવતાર, શ્રુતનિધિ, સુધાસોદરવાગ્જ્યોત્સ્નાથી જેણે દિગ્મુખ નિર્મલ કર્યાં છે, એવા પ્રભુ શ્રી નેમિનાથસ્વામીએ દેશના દીધી કે,

ધર્મ નિષ્કારણબંધુ છે. ધર્મ લોકનું હિત ઇચ્છનાર, [2]પાપાર્તિનો ક્ષય કરનાર તથા [3]ઐહિકને આમુષ્મિક સુખનો દાતાર છે. વિનયમૂલ ધર્મવૃક્ષની સુપાત્રદાન પ્રથમ શાખા છે. શત્રુંજય ગિરિનારની સેવા, દેવપૂજા, સદ્ગુરૂભક્તિ, પંચપરમેષ્ઠિધ્યાન આદિ ઉપશાખાઓ છે; વિવિધ પ્રકારના વૈભવ ને સુખરૂપી તેની શીતળ છાયા છે, ને મોક્ષરૂપ મહા ફલ છે. ઇત્યાદિ [4]ભવ્યારામકુલ્યાતુલ્ય [5]નિરવદ્ય [6]વ્યાહાર [7]પિયૂષનું કર્ણાંજલિવડે પાન કરી [8]કૃતાંજલિ [9]પર્ષદા સંતોષ પામી. તેજ ક્ષણે વૈરાગ્ય રંગથી રંગાયલા વરદત્ત નરપતિએ સંસારપરાંમુખ થઇ બે સહસ્ર સેવક સાથે પ્રવ્રજ્યા ગ્રહણ કરી; ને પોતે પ્રથમ ગણધરની પદવી પામ્યો. ત્યાર પછી નેમિપતિને બીજા દસ ગણપતિ થયા. દશ દશરથ, કૃષ્ણવાસુદેવ ને બલભદ્ર પ્રમુખ શ્રદ્ધાલુ શ્રાવક થયા. ને તેમની સ્ત્રીઓ સુજ્ઞ શ્રાવિકાઓ થઇ. એમ ચાર ગતિનું [10]તિમિર

---

૧ સંસૃતિકરિકેશરી=સંસારરૂપ હાથીને સિંહસમાન. સુધાસોદરવાગ્જ્યોત્સ્ના=અમૃત જેવી વાચારૂપી કૌમુદી (ચંદ્રનું અજવાળું) સમવસરણ—(ટીકા જુઓ). ૨. આર્તિ=દુઃખ. ૩. ઐહિકને આમુષ્મિક=આ લોકનું ને પરલોકનું. ૪. ભવ્યારામકુલ્યાતુલ્ય=ભવિકજનને આરામ આપનારી નહેર જેવી. ૫. નિરવદ્ય=પાપ વગરની. ૬. વ્યાહાર=વાણી. ૭. પીયૂષ=અમૃત. ૮. કૃતાંજલિ=હાથ જોડેલા એવી. ૯. પર્ષદા=પરખદા, સભા. ૧૦ તિમિરવિતાન=અંધકારનો વિસ્તાર.

વિતાન ટાળવાને. ધર્મરૂપ દીપની ચાર શિખારૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના થઈ. સુધર્માધિપતિ શક્રેન્દ્રે [1]દ્વાદશપર્ષદ્વેષ્ટિત પ્રભુના મુખાંબુજથી અંબિકાના લોકોત્તર ચરિત્રનું આદરપૂર્વક શ્રવણ કર્યું, ને [2]સ્વર્ગૌકસના સદાગ્રહથી અત્યંત ભક્તિસહિત નેમીશ્વરના ચરણ [3]જલજની [4]મધુકરી, કામનાપૂરક કામધેનુ, કામકુંભ, દક્ષિણાવર્ત શંખ, સુરતરૂ, ચિંતારત્ન કે ચિત્રવલ્લી એવી વિઘ્ન વિદારનારી પ્રાભાવિક અંબાજી માતાને અરિહાં ભગવંતના તીર્થને વિષે શાસનની અધિષ્ઠાયિકા દેવી સ્થાપી.



૧. દ્વાદશપર્ષદ્વેષ્ટિત=બાર પરખદાથી ઘેરાયલા. ૨. સ્વર્ગૌકસ=દેવ. ૩. જલજ =કમલ. ૪. મધુકરી=ભમરી.

# ગોમેધ યક્ષની વાર્તા.

સુગ્રામ નામે નગરમાં ગોતમગોત્રનો ગોમેધ નામે બ્રાહ્મણ હતો. તે ગોમેધ પ્રમુખ યજ્ઞને કરનારો ને લાખો બ્રાહ્મણોનો અધિપતિ હતો. યજ્ઞ કરવાથી તેણે અત્યંત પાપ ઉપાર્જન કર્યું, તેથી તેનાં પત્ની પુત્રાદિક સગાંવાહાલાં પંચત્વને પ્રાપ્ત થયાં. કાળે કરીને કોહોડના રોગથી ગોમેધ બ્રાહ્મણ એકદા માર્ગમાં લોટતો હતો, તેવામાં એક શાંતમૂર્ત્તિ મુનિના જોવામાં આવ્યો. ગાત્ર સર્વે ગળી ગયાં છે, શિથિલ શરીરમાંથી પરૂ નિરંતર વહી રહ્યું છે, લાળ ટપકયા કરે છે તથા દુર્ગંધને લીધે ઘણી મક્ષીકાઓ ગણગણાટ કરતી તેને વીંટાઈ વળી છે. તેની આવી સ્થિતિ જોઈ જ્ઞાની અને શુભધ્યાની મુનિ બોલ્યા. હે ભદ્ર, આ ભવને વિષે તારાં ઉગ્ર પાપ ફળીભૂત થયાં છે. વળી તું ભવિષ્યમાં પણ દુર્ગતિ પામીશ, માટે દયાધર્મનો અંગીકાર કર. સર્વ જીવની ક્ષમાં માગી તેમની સાથે મિત્રાચારી કર; ને શ્રી રેવતાચલનું ધ્યાન ધર. અખિલ રિદ્ધિના આપનાર, પાપ તાપને કાપનાર, ને ચોસઠ ઈંદ્રના પૂજ્ય, જગદીપક, જીનરાજ શ્રી નેમીશ્વર મહાદેવનું સ્મરણ કર.

એવી વાચાથી જેની પીડા વિનાશ પામી છે, એવો ગોમેધ બ્રાહ્મણ ત્રિલોકના નાથની સ્તવના કરતાં કાલધર્મ પામી ક્ષણમાત્રમાં છ હાથ ને ત્રણ મુખવાળો ગોમેધ નામે યક્ષેશ્વર થયો. જેની ત્રણ વામ ભુજાઓએ શક્તિ, ત્રિશૂલ ને નકુલ છે, તથા ત્રણ દક્ષિણ ભુજાઓએ ચક્ર, પશુ ને બિજોરૂં છે, તથા જેને મનુષ્યનું આસન છે, એવો ગોમેધ યક્ષેશ્વર સહપરિવાર શ્રી રેવતાચલે

જઈ અંબિકાની પેરે લોકાલોકભાસ્કર શ્રી નેમિનાથને નમતો તથા તેના ઉપકારનું સ્મરણ કરતો સમવસરણની પરિષદ્માં આવી બેઠો. ત્યાં પ્રતિબોધ પામીને ઇંદ્રના કહેવાથી સદાચારકાસારહંસ સદાસેવ્ય શ્રી અરિષ્ટનેમિના શાસનને વિષે અશેષ હિતને કરનાર અધિષ્ઠાયિક અમર થયો.

# વરદત્તવ્યાખ્યાન.

સંમોહરજનું સંહરણ કરવામાં સમીરસમ શ્રીનેમીશ્વરને ઇંદ્ર કહે છે; હે વિશ્વવ્યાપક વિભો, વરદત્ત વસુપતિ ગૃહવાસપરાઙ્મુખ થઈ પ્રવ્રજ્યાનું ગ્રહણ કરી આપનો પ્રથમ ગણપતિ થયો, તે કેવાં કૃત્યના ઉદયથી? તે આપ કરૂણા કરી કહો. તે ઉપરથી અષ્ટમહાપ્રાતિહાર્યયુક્ત શ્રી અરિષ્ટનેમિ ભગવંત ભવ્ય જીવોને કહે છે. ગત ઉત્સર્પિણી કાળમાં આ જંબુદ્વીપના ભરતખંડના સંપૂરિતસેવકસમીહિત એવા સાગર નામે ત્રીજા તીર્થંકર મુક્તિ સંપત્તિનું નિદાન એવું કેવલજ્ઞાન પામી વીચરતાં વીચરતાં એકદા ચંપાનગરીના ઉદ્યાનમાં સમવસર્યા. તે સમયે તેમણે સિદ્ધશિલા તથા સિદ્ધજીવોના સ્વરૂપની આ પ્રમાણે સુદેશના દીધી.—

૪૫ લક્ષયોજનના વ્યાસવાળી ચતા, છત્રના આકારે સિદ્ધશિલા છે. ચૌદરાજ લોકમાં છવીસ સ્વર્ગ છે, તેની ઉપર એ આવેલી છે. ને સર્વાર્થસિદ્ધ નામના ઉનુત્તર વિમાનથી ૧૨ યોજનને છેટે છે. સિદ્ધશિલા મધ્ય ભાગે આઠ યોજન જાડી છે, ને બંને તરફ પાતળી થતી થતી માંખીની પાંખ જેવી થાય છે. તેથી તેના બંને છેડા અતિ પાતળા છે. મોતી, શંખ કે સ્ફટિક રત્નની માફક અતિ નિર્મલ ને ઉજ્વલ છે. સિદ્ધશિલા મૂકી એક યોજન ઉંચે અલોક આવે છે. લોકમાં રહેલી સિદ્ધશિલા તથા અલોકની વચે આવેલા એક યોજનના ૨૪ મે ભાગે એટલે ઉપરના ૩૩૩⅓ ધનુષમાં સિદ્ધ જીવો પોતાના સંસ્થાનમાં અષ્ટકર્મને અલગ કરીને તથા અલોકને અડકીને રહેલા છે, તે ભાગને મોક્ષ કહે છે. તેનાં મુક્તિ, સિદ્ધિ, અપુનર્ભવ, શિવ, નિઃશ્રેયસ, નિર્વાણ, અમૃત, બ્રહ્મ, મહોદય, મહાનંદ આદિ અનેક નામ છે. તે મુક્તિ નગરમાં અનંત સિદ્ધો અનંત સુખમાં બિરાજે છે.

તેમાં જન્મમરણ, સંયોગવિયોગ, શત્રુમિત્ર, બુભુક્ષાતૃષા, રાજાપ્રજા, રાત્રિદિન, તડકોછાંયડો, ઉંચનીચ, ગુરૂચેલો, શેઠચાકર, અંધારૂંઅજવાળું, બોલચાલ, ઉઠબેશ, ઉંઘવુંજાગવું, છેદનભેદન, રૂપરસગંધસ્પર્શ, સ્વલ્પસુખ ને અનંત દુઃખવાળો દેહ ઈત્યાદિમાંનું કંઈ પણ નથી. સિદ્ધ પરમાત્માઓ પણ મુક્તિસુખનું વચનથી વર્ણન કરવાને શક્તિમાન નથી, સર્વાર્થસિદ્ધ વિમાન જ્યાં ૬૪ મણનાં મુક્તાફલની રાગ રાગણીઓ સાંભળતાં પૂર્ણ નિર્મળ અવધિવાળા મહેંદ્રો એક પાસું ફેરવતાં ૧૬ા સાગરોપમ ને બીજું પાસું ફેરવતાં પણ તેટલાજ સાગરોપમ એમ ૩૩ સાગરોપમનું આયુષ અગાધ સુખમાં સુતાં સુતાં પૂરૂં કરે છે તેના કરતાં પણ અનંતગણું સુખ શિવસદ્મમાં છે.*

સંસારસાગરના પોતસમાન સાગર તીર્થંકરની સુધાતુલ્ય વાણી સાંભળ્યા પછી પાંચમા સુરલોકનો સ્વામી સ્વર્ગના સુખની નિઃસ્પૃહા કરીને સર્વેશ્વરને પૂછે છે. સ્વામિન્, મારે સંસારમાં હવે કેટલું રહેવાનું છે? આપે વર્ણવેલા મોક્ષરૂપી મેવાનું મહા સુખ મને કોઈ કાળે મળશે કે નહીં? તે ઉપરથી ભવાટવીમાં ભટકનાર ભવ્ય પ્રાણિઓને સહાયભૂત એવા સાગર તીર્થંકૃત્ કહે છે. હે બ્રહ્મેન્દ્ર, આવતી અવસર્પિણીમાં શ્રી અરિષ્ટનેમિ નામે ૨૨ મા તીર્થંકર થશે, તેનો તું આદિમ ગણધર થઈશ, ને


---

* મધ્ય ભાગે ૬૪ મણનું એક મોતી હોય છે, તેની ચારે દિશાએ દરેક ૩૨ મણનું એવાં ચાર મોતી હોય છે. તેની આસપાસ સોળ સોળ મણવાળાં આઠ, તેની આસપાસ આઠ આઠ મણવાળાં સોળ, તેની આસપાસ ચાર ચાર મણવાળાં બત્રીસ, તેની આસપાસ બે બે મણવાળાં ચોસઠ, તેની આસપાસ એકેક મણનાં એકસો અઠ્ઠાવીશ, એ રીતે કુલ ૨૫૩ મોતી એક મહેંદ્રની શય્યા ઉપર ઉલોચમાં લટકતાં હોય છે, તેના આનંદમાં ૩૩ સાગરોપમનું આયુષ્ય ક્ષણમાત્ર જેવું મહેંદ્રને લાગે છે.

રેવતાચલે કર્મ ખપાવી શાશ્વત શિવરાજનું પરમપદ પ્રાપ્ત કરીશ. એ સાંભળી બ્રહ્મેન્દ્ર પરમ તુષ્ટિથી પ્રફુલ્લિત થઈ શાંતિ સુધારસના સાગર એવા સાગરજીનેશ્વરનું અભિવંદન કરી પોતાના કલ્પમાં ગયો. અહો! મને અજ્ઞાનાંધકારપ્રભાકર પ્રભુથી પરોપકાર થશે એમ વિચારી તેણે ઇક્ષણને અમૃતાંજનરૂપ મારી મૂર્ત્તિ ભરાવી. તેની આગળ નિશદિન નાટક કરતાં ને ત્રિકાલ પર્યુપાસના કરતાં પોતાનું આયુષ પૂર્ણ કરી શુભ ધ્યાનથી મરણવશ થઈ મોટા મોટા ભવ પામી આ જન્મમાં વરદત્ત થયો, ને મારી પ્રતિમાનું પૂજન કરવાથી ગણેશ પદવી પામ્યો. ને અનુક્રમે અક્ષય મંદિરમાં આરામ લેશે.

ભવસંતતિરૂપી નીરનિધિનાં નાવસમ શ્રી નેમિનાથનાં એવાં વચન કાને પડતાં તે કાળના બ્રહ્મેંદ્રે ઉઠીને પ્રભુને પ્રણામ કરી કહ્યું, હે પરમેશ! હું હજુ પણ એજ પ્રતિમાની બ્રહ્મલોકમાં પૂજા કરૂંછું. હું એમ જાણતો હતો કે તે પ્રતિમા શાશ્વતી છે; પણ કૃત્રિમ છે, એમ આપના વ્યાખ્યાનથી જાણ્યું. નેમીશ્વર કહે છે, તું એ મૂર્ત્તિને હવે અત્રે લાવ. એવા આદેશથી બ્રહ્મેંદ્રે શ્રી નેમિનાથની પ્રતિમા લાવીને કૃષ્ણવાસુદેવને આપી. કૃષ્ણે કહ્યું, આ પ્રતિમા હું મારા દેરાસરમાં સ્થાપન કરીશ, પણ તે ક્યાં સુધી રહેશે ને ક્યાં ક્યાં પૂજાશે? નેમીશ્વર ભગવાન કહે છે. દ્વારિકાપુરી રહેશે ત્યાં સુધી એ પ્રતિમા પૂજાશે, ને ત્યાર પછી દેવતાઓ તેનું પૂજન કરશે. મારા નિર્વાણથી બે હજાર વર્ષ વીત્યા પછી અંબિકા દેવીની આજ્ઞાથી રત્નસાર નામે વણિક વ્યવહારક ગુફામાંથી આણીને તેની પૂજા કરશે. ને આ રેવતાચલમાંજ મંદિર કરી તેની સ્થાપના કરશે. એક લાખ ત્રણ હજાર બસેંને પચાસ વર્ષ સુધી તે મૂર્ત્તિ રેવતાચલે રહેશે, ને ત્યાર પછી અદૃશ્ય થશે;

છેવટે છઠ્ઠા આરામાં અંબિકા એ બિબને અંબુધિમાં લઈ જઈ તેની પૂજા કરશે, ને અન્ય દેવતાઓ પણ તેની સેવા કરશે. કૃષ્ણ કહે છે, હે ભગવંત! તે રત્નસાર કોણ થશે, તેનું વ્યાખ્યાન કહેવા કૃપા કરો. નેમીશ્વર કહે છે.



# रत्नसार कथा.

હે કૃષ્ણ, તારી સ્થાપિત કરેલી પ્રતિમા દ્વારિકામાંથી અદૃશ્ય થયા પછી વિમલ નામે રાજા જૈનધર્મમાં દ્રઢ થશે. તે ગિરનાર ઉપર મારી લેપમયી મૂર્ત્તિ સ્થાપશે, ને કાષ્ઠમય પ્રાસાદ કરાવશે. તે પ્રતિમા પૂજાતી વખતે સૌરાષ્ટ્ર દેશમાં કાંપિલપુર નામે નગરમાં રત્ન નામે ધનવંત વણિક થશે, તેવામાં તે ઠેકાણે બાંરવર્ષનો દુકાળ પડશે, તે દ્રવ્ય ને ગાણુનો પ્રણાશ કરશે. રત્નસાર. સૌરાષ્ટ્ર છોડી કાશ્મીરમાં જઈ રહેશે, ત્યાં દ્રવ્ય ઉપાર્જન કરી તેનું ફળ લેવા માટે સંઘને અભ્યર્થના કરશે. સંઘ કાઢીને આનંદસૂરિ ગુરૂની સાથે દેશાટન કરતાં નગરે નગરે અરિહંતનાં નવાં દેવાલયો બંધાવશે, તથા જીર્ણોદ્ધાર કરાવશે. માર્ગમાં ભૂત, વેતાલ, રાક્ષસ ને યક્ષથી ઉત્પન્ન થયેલા અનેક ઉપસર્ગો તથા વિઘ્નો અંબિકાના ધ્યાનથી હણાશે. અનુક્રમે પોતાના કાંપિલપુર નગરમાં આવી સાધર્મિકવાત્સલ્ય કરીને સંઘ સહિત શત્રુંજયની યાત્રા કરી રેવતાચલે આવશે. અમારા કેવલજ્ઞાનની જગોએ અમારી પ્રતિમાનું અર્ચન કરીને હર્ષની સાથે મુખ્ય શિખરપર ચઢશે. રસ્તે જતાં છત્રશિલાને હેઠેથી કંપાયમાન થતી જોઈ આનંદસૂરિને તેનું કારણ પૂછશે. સદ્ગુણી ગુરૂ પણ અવધિજ્ઞાને જાણીને કહેશે; હે રત્નસાર, આ રેવતાચળે તીર્થભ્રંશ તથા તીર્થોદ્ધાર તારાથી થશે. રત્નસાર કહેશે; હે મહારાજ, મારાથી તીર્થનો નાશ થવાનો હોય તો હું ઉપર ચઢવાનો નથી, કારણ કે નાશ થાય એ મહા શોકજનક વાર્તા છે. ગુરૂ બોલશે; હે રત્નસાર, ઉદ્ધાર પણ તારાથીજ થશે, એવું પૂર્વે તીર્થંકરે કહેલું છે, માટે મનભંગ થઈશ મા. આ શબ્દો કાને પડ્યા પછી આનંદ પામીને મુખ્ય શૃંગે પ્રવેશ કરી ગજપદ કુંડે જઈ, સર્વ સંઘ

સહિત સ્નાન કરી કુંડનું પવિત્ર જળ લઇ શુદ્ધ વસ્ત્ર પહેરી જીનાલયે આવી પૂજારી ના પાડશે તે છતાં પણ ન-હીં માનીને લેપમયી પ્રતિમાનું પુષ્કળ પાણી. વડે પ્રક્ષાલન કરશે તેથી મૂર્ત્તિ ગળી જશે, તે દેખી શોકરૂપી અગ્નિથી હર્ષરૂપી સરોવર સુકાઇ જવાથી રત્નસાર સંઘપતિ મૂર્છા પામશે. મૂર્છા ઉતરી ગયા પછી ગાંડાની માફક બેબાકળો થઇ કહેશે કે, હા દૈવ! હવે શું કરવું! ધિક્કાર છે મને તીર્થનાશ કરનાર અજ્ઞાની-ને! અહો આ મેં શું કર્યું! ઉદ્ધાર તો નહીં પણ તીર્થધ્વંસ થયો. આ પાપ હવે કેવાં તપ ને દાનથી ધોવાશે? હવે વ્યર્થ ચિંતાથી શું મળવાનું છે? અપરાધ કીધા પછી વિચાર શો કરવો? માટે જીતેંદ્રિય જીનેંદ્ર શ્રી નેમિનાથનુંજ મને શરણ હો. એમ કહીને રત્નસાર સંઘ સહિત મારૂં સ્મરણ કરી આસન ઉપર બેશી દ્રઢ થઇ ઉપસર્ગથી નહીં ડગીને એક માસના ઉપવાસ કરશે. એક માસને અંતે અંબિકા પ્રત્યક્ષ થશે, તેના દર્શનથી હર્ષ પામી પોતાના તપને પ્રભાવ જાણી ઉભો થશે, ત્યારે અંબા કહેશે, હે વત્સ! તું ખેદ શા માટે કરે છે? તને ધન્ય છે કે તેં તીર્થયાત્રા કરી કરાવીને ઘણું પુણ્ય પેદા કર્યું છે. શાસ્ત્રમાં કહ્યું છે કે પ્રથ-મને લેપ ગયા પછી એક વર્ષ સુધીમાં બીજો થઇ શકે છે. માટે ફરીને લેપ કરવો. પછી રત્નસાર કહેશે, રે માતુ એવાં વચન વ-દશો નહીં; હું તો પ્રતિમાના પ્રભંજનથી પાપી થયોજ છું; ને જો તારી આજ્ઞાથી બીજો લેપ કરીશ તો મારા જેવો બીજો કોઈ મૂર્ખ આગામીકાળે નાશ કરનાર થશે. માટે બીજી કોઇ મનો-ભિરામ અભંગમૂર્તિ આપો કે જે સ્નાત્રપૂજાના જળે કરીને ભગ્ન ન થાય. અંબાજી એ શબ્દો સાંભળીને અદૃશ્ય થશે, રત્નસાર પણ દ્રઢતર થઇ સુદુસ્તર તપ જારી રાખશે. તેને ચલાયમાન કરવાને

માટે અંબા અનેક ઉપસર્ગ કરશે, પણ તે મારા ધ્યાનને વિષે નિશ્ચલ હોવાથી લેશમાત્ર પણ ડગશે નહીં. પછી ગર્જારવ કરતી ને સમસ્ત પ્રદેશમાં પ્રકાશ પ્રસારતી અંબિકા સિંહના આસન ઉપર આરૂઢ થઇ પ્રત્યક્ષ થઇ કહેશે. રે વત્સ, તારા સત્વથી હું સંતુષ્ટ થઇ છું, માટે મનોવાંછિત ફળ માગ. ત્યારે રત્નસાર કહેશે. હે માતા, તીર્થોદ્ધાર શિવાય મારે અન્ય આકાંક્ષા નથી. સ્વામીની વજ્રમયી મૂર્ત્તિ મને આપ, જેને પૂજીને મારો જન્મ કૃતાર્થ કરૂં. અંબિકા ઉત્તર આપશે. ભવદાવાનલનીર ભગવંત કહી ગયા છે કે તીર્થોદ્ધાર કર્ત્તા તુંજ થઇશ. માટે મારી સાથે ચાલ. મારાં પગલાંના રસ્તાની બંહાર પગ મૂકીશ નહીં. તે સાંભળી રત્નસાર અંબિકાને પગલે પગલે ચાલશે; અંબાજી બીજાં શિખરો જમણી બાજુએ મૂકી પૂર્વ દિશા તરફ હિમાદ્રિ શિખરે જાશે; તે શિખરે સૂવર્ણ નામની ગુફા આવશે, તે અધિષ્ઠાયક દેવતા પાંસે ઉપડાવશે કે તરતજ ઉદ્યોત જોવામાં આવશે. ઘટમુખ જેવા ગુફાના દ્વારમાં પ્રવેશ કરશે, ને તેની પાછળ રત્નસાર પણ જશે, અંદર જઇ અંબા પ્રત્યેક બિંબ બતાવી કહેશે, હે વત્સ! બિંબ કરનારાઓનાં નામ સાંભળ. સૌધર્મેંદ્રે કરાવેલો લીલા કમળના રંગવાળો આ બિંબ છે. ધરણેંદ્રનો પદ્મરાગ રત્નનો આ બિંબ. ભરતચક્રવર્તી, આદિત્યયશા, બાહુબલી પ્રમુખનાં રત્ન માણિક્યનાં ભરાવેલાં આ બિંબો છે. આ માહેન્દ્રનો રત્નમાણિક્યમય બિંબ છે, જેની લાંબા કાળ સુધી તેણે પોતાના દેવલોકમાં પૂજા કરી છે. આ બિંબો કૃષ્ણ બલભદ્રે ભરાવેલા છે, માટે એમાંથી જે મૂર્ત્તિ લેવાની તારી મનીષા હોય તે લે. રત્નસાર સૂવર્ણમય બિંબ લેવા માંડશે. તેને તે લેતાં અટકાવી અંબા કહેશે. પંચમકાળને વિષે લોકો અતિ લોભી, નિર્લજ્જ, નિર્દય, સત્યશૌચરહિત, દેવગુરૂ

નિંદક, ન્યાયહીન, પરનારી સેવનાર તથા પરદ્રવ્યના લેનારા થશે. રાજા મ્લેચ્છ થશે. ચોર ઘણા થશે, માટે તીર્થની આશાતના તથા હાની થશે; તેથી હે રત્નસાર! આ બ્રહ્મેંદ્રનો કરાવેલો બિંબ લે, તે વિજળી, અગ્નિ, જળ, લોહ, પાષાણ ને વજ્રથી પણ ભાગશે નહીં. એમ કહી દેવતાઇશક્તિથી બારયોજન સુધી ફેલાતા તે પ્રતિમાના તેજને ઢાંકીને બીજા પાષાણના જેવી કરશે. ને તેને કાચા ઝીણા તાંતણાથી બાંધશે. રત્નસાર પણ અપ્રંતિહતપણે તે પ્રતિમાને આકડાનાં રૂની માફક સહેલાઈથી ખેંચતો ખેંચતો દેરાસરના બારણે આવી વિચારશે કે, આ બિંબ હમણાં અહીં મૂકીને અંદરનો લેપમય બિંબ બીજા સ્થાને મુકું, ને તે સ્થાને આ નવા બિંબને સ્થાપું, એમ ધારી દેવકુલમાં પ્રવેશ કરી લેપમયી પ્રતિમા બીજે ઠેકાણે મૂકી પાછો આવશે ત્યારે તે નવો બિંબ મેરૂની પેરે ત્યાંજ નિશ્ચલ રહેશે. કરોડો મનુષ્યો તે કલ્યાણવલ્લીના વિશાલકંદ રૂપી બિંબને ખસેડવા સમર્થ થશે નહીં, તેથી પૂર્વની માફક તે તપ જારી રાખશે. સાત ઉપવાસને અંતે અંબા આવી કહેશે, હે વત્સ, સ્વેચ્છાનુસાર આ શો વિચાર કર્યો! મારૂં એવું વચન હતું કે તે બિંબ જયાં મૂકીશ ત્યાં સ્થિર રહેશે, માટે વૃથા પ્રયાસ મૂકી દે, દેવાલયનું દ્વાર પશ્ચિમ તરફ ફેરવીને આ બિંબ સ્થાપન કર; અન્યતીર્થોએ બીજા ઘણા ઉદ્ધાર થશે, પણ આ તીર્થે આ ઉદ્ધાર તારાથીજ છેવટને માટે થવાનો છે. એમ કહી અંબા અંતર્ધાન થશે. પછી રત્નસાર અંબાના કહેવાથી સંઘ સહિત ત્યાં ચૈત્ય પ્રતિષ્ઠા કરાવશે. સૂરિ મંત્રના બળથી અનેક દેવ દેવીઓ તે બિંબના તથા ચૈત્યના અધિષ્ઠાયક થશે. પછી અષ્ટપ્રકારની પૂજા કરી ધ્વજા ચઢાવી ભક્તિએ કરી સ્વામિની સ્તુતિ કરશે, અને જેનાં રોમરાય અત્યંત વિકસ્વર થ-

યાં છે એવો તે પુનઃ પુનઃ પ્રભુની પ્રતિમાને પ્રણામ કરશે. તે પ્રસંગે અંબાદેવી ક્ષેત્રપાલાદિક દેવો સહિત આવીને રત્નસારના કંઠને વિષે કલ્પવૃક્ષના પુષ્પની માંગલિકમાળા પહેરાવશે. પછી કૃતકૃત્ય રત્નસાર સ્વદેશે જઇ સાતક્ષેત્રને વિષે સ્વદ્રવ્ય વાપરી પુણ્યની પેદાશ કરી મોક્ષનું મહા સુખ મેળવશે. હે કૃષ્ણ, તું પણ રત્નસારની પેઠે મારી પ્રતિમાની પૂજા કરતાં તીર્થંકરપદ બાંધીશ, ને શિવલક્ષ્મીનું પાણિગ્રહણ કરીશ--

સ્વામિના મુખનું ભાષણ સાંભળી કૃષ્ણે મહામુદાથી ભગવંતના કેવળજ્ઞાનની ઉત્પત્તિને સ્થાને મનોહારી દેવાલય ચણાવ્યું, ને તેમાં ગણધરો પાસે પ્રતિબિંબની પ્રતિષ્ઠા કરાવી.



# हाथीपगलांना कुंडनो इतिहास.

જળયાત્રા વખતે અનેક પુરૂષ, સ્ત્રી તથા દેવોના વૃંદ તથા વાજીત્રોના શબ્દ સહિત કૃષ્ણ વાસુદેવ જળ ગ્રહણ કરવા તૈયાર થયા. પ્રથમ તો ગજપદ કુંડે ગયા, ત્યાં કૃષ્ણે નિર્ણય કરવા માટે નિર્જરેશને પૂછ્યું કે, એનું નામ ગજપદકુંડ કેમ પડયું? ઇંદ્રે પ્રત્યુત્તર આપ્યો કે, પૂર્વે ભરતચક્રવર્તી આ ઠેકાણે આવ્યા હતા. તે વખતે ઇંદ્ર પણ અત્રે આવ્યા હતા. ઐરાવણ હાથીના પગ ઉપરથી ગજપદકુંડ એ'વું નામ નિષ્પન્ન થયું છે. ચૌદ હજાર નદીનાં નીર આ કુંડમાં આવેલાં છે, માટે એ ઘણો પવિત્ર છે. તેના જળવડે સ્નાન કરવાથી ખાંશી, શ્વાસ, અરૂચિ, ગ્લાનિ, સુવારોગ, જલોદર વીગેરે મટે છે. તેમજ અંદરનાં પાપ પણ ધોવાઈ જાય છે. આ પાસેનો કુંડ ધરણેંદ્રે કરાવેલો છે, તેમજ આ પવિત્ર કુંડ નાગેંદ્રે તથા આ કુંડ ચમરેંદ્રે કરાવ્યો છે. આ કુંડોનાં પવિત્ર પાણીથી પ્રક્ષાલન કરવાથી પૂર્વોક્ત પીડા તથા પાપ ક્ષય પામે છે: આ કુંડ બલેંદ્રનો, આ સૂર્યનો, ને આ ચંદ્રનો છે.



## વસિષ્ઠ ચરિત્ર.

વિધુદ્યેંદ્રનાં આવા પ્રકારનાં વચન સાંભળી કૃષ્ણ હર્ષ પામે પ્રશ્ન કરે છે. હે કલ્પેંદ્ર, આ કુંડના જળનું સ્નાન કરવાથી તથ નેમીશ્વર પ્રભુની પૂજા કરવાથી કોણ યથાર્થ ફળ પામ્યું છે સ્વર્ગેશ કહેછે; હે કૃષ્ણ, મુનિસુવ્રત સ્વામિના શાસનમાં લ ક્ષ્મણ નામે આઠમો વાસુદેવ આ વિશ્વંભરા ઉપર રાજ્ય કરતે હતો, તે વખતે ગંગાં નદીને કાંઠે વસિષ્ઠ નામે પ્રસિદ્ધ તાપસને સ્વામી રહેતો હતો. તે વેદવિદ્યાનો વેત્તા, કપટકળામાં કુશળ, પાપપ્રવૃત્તિમાં પ્રવીણ, સંપૂર્ણ સ્વાર્થી ને કંદમૂળનું કદશન કર નાર હતો. એક સમયે પોતાની ઝુંપડીની આગળ સ્વેચ્છાએ ચરતી મૃગલીઓમાંથી એક મૃગલીને તે મુનિએ ક્રોધથી લાકડ મારી. તેના પ્રહારથી તેનું પેટ ફાટી જવાથી તેમાંથી બચ્ચાં બહાર નીકળી પડ્યાં. અવસાન વેદનાથી તરફડતી મૃગલી પ્રા ણુગત થઇ. તેનું કષ્ટ દેખી વસિષ્ઠ ઋષિ ચિત્તમાં ચિંતાતુર થઈ કહે છે. અહો.! લોક મારી નિંદના કરશે કે આતો બાળસ્ત્રીઘા તક છે. એમ વિચારી પાપથી ભયભીત થઈ પ્રાયશ્ચિત્ત કરવાને નદી, દ્રહ, પર્વત, ગામ, વીગેરે સર્વ ઠેકાણે ફરતો ફરતો પોતા ના મતનાં અડસઠ તીર્થે પરિભ્રમણ કરી, હવે હું શુદ્ધ થયો એમ ધારી પાછો પોતાના આશ્રમમાં આવ્યો. એ અવસરે જ્ઞા નથી પવિત્ર કોઈ મેધાવીમુનિ વસિષ્ઠ ઋષિની ઝુંપડી પાસે આવીને કાયોત્સર્ગ ધ્યાને રહ્યા. મુનિને આવ્યા જાણી પાસેના નગરના લોકો ભેગા થયા. ભક્તિપૂર્વક નમસ્કાર કરી મનોગત સંદેહ પૂછી ખુલાસા સહિત પ્રત્યુત્તર પામ્યા. તે સાંભળી વસિષ્ઠ ઋષિ પણ વાચંયમ પાસે આવી વંદના કરી પૂછે છે. હે મહા રાજ, હરિણી હણ્યાનું પાપ હજુ મારે રહ્યું છે કે હું તેમાંથી મુ-

ક્ત થયો છું? જ્ઞાનધન મુનિ કહેછે—તપ કર્યા શિવાય નદી દ્રહ આદિ સ્થાને ભટકવાથી નિબિડ કર્મનો નાશ થતો નથી. મિથ્યાત્વી તીર્થોમાં ભમવાથી માત્ર શરીરને ક્લેશ થાય છે એટલુંજ ફળ મળે છે. માટે રેવતાચળ વિના બીજું કોઈ પણ સ્થાન તારા પાપને નિવૃત્તિકારક થશે નહીં. વસિષ્ઠે પૂછ્યું; હે મુનિ, તે ક્ષેત્રને વિષે મારે શું તપ કરવું? મહાપરોપકારી મુનિ કહે છે; સૌરાષ્ટ્ર દેશમાં ગિરનાર પર્વત ઉપર પાંચ ઇંદ્રિયોને વશ કરી શુદ્ધભાવથી અનાથનાથ શ્રી અરિષ્ટનેમિની. આરાધના કરવી તેજ તપ છે. એમ સાંભળી આનંદ પામી ચંડાળના પાડાની પેરે પોતાના મઠનો ત્યાગ કરી મનમાં નેમીશ્વરનું ધ્યાન ધરતો રેવતાચળે પોંચ્યો. શિખરને પ્રદક્ષિણા દઈ ત્રિકરણશુદ્ધિયુક્ત અંબિકા કુંડે આવી તેના જળથી સ્નાન કર્યું, તે અવસરે આકાશવાણી થઈ કે, હે ઋષિ! હવે તું હત્યાદિ પાપથી વિમુક્ત થયો છું. હવે વિશ્વનાથ નેમીશ્વરનું ભજન કર. આકાશવાણી કાને પડતાં વસિષ્ઠ આલ્હાદ પામ્યો, ને તરતજ કૃપારામ નેમીશ્વરનાં પ્રાસાદની અંદર પ્રવેશ કરી શુદ્ધ ભાવે ભલી ભક્તિથી સ્તવના કરી ધ્યાનારૂઢ થયો. તે ધ્યાનના પ્રભાવથી અલ્પકાળમાં અવધિજ્ઞાન ઉત્પન્ન થયું, ને અનુક્રમે તાપસના વેષમાંજ મૃત્યુ પામી અમર થયો. તે માટે હે કૃષ્ણ! આ કુંડના સલિલનુ સ્નાનપાન કરવાથી વસિષ્ઠની પેરે સર્વ મનુષ્યો પવિત્ર થાય છે. મરૂત્પતિનાં એવાં વચનથી કૃષ્ણ તે કુંડમાંથી જળ ભરી નેમિનાથને દેરે આવ્યા. ત્યાં ઇંદ્ર સહિત સ્નાન કરી, કર્પૂર, અગર, ચંદનાદિકથી પરમેશ્વરની પૂજા કરી, આરતી ઉતારી, દામોદર નામના દ્વારે આવી અતિશય ભક્તિપૂર્ણ ચિત્તથી પોતાની મૂર્ત્તિ કરાવી. જ્યાં ત્રિકાલવિદ્ નેમિનાથ સ્વામીએ દીક્ષા લઇને વસ્ત્રાદિકનો ત્યાગ કર્યો હતો, ત્યાં વસ્ત્રાપથ નામે તીર્થ પ્રવર્ત્યું, ને કાળમેઘ નામે ક્ષેત્રપાળ તેનો રક્ષક દેવ થયો.

# શંભુચરિત્ર.

ઈત્યાદિ નેમિનાથજીની દુઃખનાશની દેશના સાંભળી સર્વ દિવૌકસ પોતપોતાને ઠેકાણે ગયા પછી કૃષ્ણ વાસુદેવે ગિરનાર પર્વત ઉપરથી ઉતરતાં માર્ગમાં બિન્દુસાર નામની એક ગુફામાં કોઈ સદ્ગુણી સાધુને દીઠા. ખુશી થઇ મુનિને નમસ્કાર કરી પાસે બેઠા. મહાત્મા મુનિએ કહેલો રેવતાચલનો મહિમા સાંભળ્યો. વાયવ્યખૂણે એક પર્વતને દેખી કૃષ્ણ મુનિને પૂછે છે. હે યોગી, આ પર્વત કયો છે ? મુનિ કહે છે. આ ગિરિનું મહત્વ અકથનીય છે. એ ઉજ્જયંત નામે શિખર છે. તે હવે ઉમાશંભુ નામે પર્વત કહેવાશે. વૈતાઢ્ય પર્વતને વિષે રૂદ્ર નામે વિદ્યાધર રૂદ્ર વિદ્યાના પરાક્રમે કરીને સર્વ પૃથ્વીને આક્રમણ કરશે. ઉમાનામે તેની વલ્લભ સ્ત્રી થશે. બીજી પણ ઘણી સ્ત્રીઓ થશે. સર્વ લોકો તે રૂદ્ર વિદ્યાધરથી ભય પામશે, તે માટે તેને શંભુ એવું નામ આપીને ઈષ્ટદેવની પેરે તેની આરાધના કરશે. તે રૂદ્ર પોતાના ધ્યાન ધરનારાઓ ઉપર તુષ્યમાન થઇ સદા તેમની મનઃકામના પૂરશે. અનુક્રમે ઉમા સહિત પર્વત, આરામ, નદી ને ચૈત્યોને વિષે ક્રીડા કરતો કરતો ઉજ્જયંત પર્વત ઉપર આવશે. ત્યાં રહેલા ચારણ મુનિને નમસ્કાર કરી તેનો ઉપદેશ સાંભળી પાપ થકી વિરક્ત થશે. ત્યાર પછી ઉમાને દુઃખનુ વૃક્ષ ને વિષયનું મૂળ જાણી તેનો ત્યાગ કરશે, અને સહસ્રબિંદુ ગુફામાં પ્રવેશ કરી શ્રી નેમીશ્વરનું ધ્યાન ધરશે. ઉમા એકલી પડ્યા પછી ઉગ્રતપ કરશે, અને બિંદુશિલા ઉપર રહી ધ્યાન ધરશે. તે ધ્યાનથી તુષ્ટ થઇ ગૌરી વિદ્યા તેને સિદ્ધ થશે. તે વિદ્યાએ કરીને પોતાના સ્વામીને બિંદુ ગુફામાં ર-

હેલો જાણી ત્યાં આવી પોતાનું મનોહર રૂપ દેખાડી તેને ધ્યાનમાંથી ચળાવશે. સ્ત્રીથી કોણ ન ચળ્યો ? ઉમાની સાથે ફરીથી પ્રેમમગ્ન થઈ પૂર્વની પેરે કામ ક્રીડા કરશે. તે દીવસથી તે પર્વત તેમજ તે શિલા ઉમા શંભુના નામથી ઓળખાશે. તે સહસ્રબિંદુ ગુફામાં કરેલા નેમીશ્વરના ધ્યાનથી ઉત્સર્પિણીકાળમાં શંભુ તીર્થંકર થશે.

કૃષ્ણરાજા એ પ્રમાણે મુનિનાં વચન સાંભળી નમસ્કાર કરી પરિવાર સહિત ઉઠીને પોતાની દ્વારિકા નગરીએ આવ્યા.

હવે પરમ ઉપકારી દ્વાદશ ગુણ વિરાજીત શ્રી નેમીનાથ પ્રભુ દેશનામૃતે કરી અનેક પ્રકારના ભવ્યજીવોને પ્રતિબોધતા પૃથ્વીપીઠને વિષે વિચરતા હવા. એવામાં રાજીમતીએ વૈરાગ્ય પામી ભગવંત પાસે આવી દીક્ષા લીધી. તેમજ વસુદેવ શિવાયના દશ દશારહોએ પણ દીક્ષા ગ્રહણ કરી. તેમજ ન્યાયાંભોનિધિ નેમિનાથજીના જ્યેષ્ઠ બાંધવ મહાનેમિ. તથા લઘુભ્રાતા રથનેમિ પ્રમુખ બીજા યાદવો પણ દીક્ષાવ્રત લઈ તીવ્રતપ કરતા હવા. થાવચ્ચા કુમારે પણ બત્રીસ સ્ત્રીઓને સોળ વર્ષની ઉમરે તજીને હજાર પુરૂષના પરિવાર સાથે પ્રવ્રજ્યા લીધી. તે સર્વેનો કૃષ્ણે અતિ આડંબરથી ઉત્સવ કર્યો. ( તે થાવચ્ચા કુમારે અઢી હજાર સાધુ સાથે શત્રુંજય પર્વતે વિમોક્ષનો સંયોગ પામી શાશ્વતી પદવી પ્રાપ્ત કરી. તેમણે દીક્ષા લીધી ત્યારે કૃષ્ણે ઢંઢેરો પીટાવ્યો હતો કે જે કોઇ સંયમ લેશે તેનો હું મહોત્સવ કરીશ ને તેનાંબાળ બચ્ચાં પાળીશ- ).

# पाडवोए करेलो शत्रुंजय उद्धार.

અનુક્રમે અનાથ બંધુ અરિષ્ટનેમિનાથ ભગવંતની પાસે શત્રુંજયનો મહિમા શ્રવણ કરી પાંડવોએ સ્વજન્મ સફલ કરવા માટે યાત્રા કરવાની ઈચ્છા કરી; ને તત્કાળ સર્વ રાજાઓને યાત્રાર્થે નિમંત્રણા કરી. તેથી તેઓ પોતપોતાની સમૃદ્ધિ સહિત હર્ષનીસાથે હસ્તિનાપુરે આવ્યા. સુવર્ણના દેરામાં સ્થાપિત કરેલું સુખદ મણિમય બિંબ સાથે લઈ, સૈન્ય, વાજી તથા ગજ પ્રમુખ વાહન લઈ, શુભ દિવસે સાધર્મિક વત્સલ, ગુરૂભક્તિ ને પ્રભુ પરિચર્યા કરતા કરતા યાત્રા કરવા નીકળ્યા. કૃષ્ણ પણ યાદવો સહિત સૌરાષ્ટ્ર દેશના સીમાડે આવી પાંડવોને મળ્યા. અનુક્રમે તેઓ સંઘની પૂજા વિધિપૂર્વક કરી શત્રુંજય ઉપર ચઢ્યા. મુખ્ય શૃંગે જઈ, રાયણના વૃક્ષને ત્રણ પ્રદક્ષિણા દઈ, કર્મશિલોચ્ચય સૂદનપટુ શ્રી આદીશ્વરપ્રભુનાં પગલાંને નમ્યા. એવે અવસરે કૃષ્ણ તથા યુધિષ્ઠિર એકએકના હાથ પકડી વરદત્ત ગુરૂ સાથે દેરામાં પેઠા. એવામાં પાષાણની સાંધોમાં ઉગેલા પ્રભૂત ઘાસની અંદર રહેલી પ્રભુની પ્રતિમાને દેખી અત્યંત દુઃખ પામી કૃષ્ણ યુધિષ્ઠિરને કહે છે, “ હે યુધિષ્ઠિર, કાળના પ્રભાવથી આ તીર્થ પણ જીર્ણ થયું છે. ” આ વખતે પાંડુરાજા જે કાળ કરીને દેવતા થએલો હતો તે આવીને કૃષ્ણને કહે છે, હે કૃષ્ણ, કાર્ય કરવામાં તું પ્રવીણ તેમજ પરાક્રમી છે. તેં પૂર્વે ગિરનારનો ઉદ્ધાર કીધો છે, માટે શત્રુંજયના ઉદ્ધારનો લાભ મારા પુત્રોને આપ. કૃષ્ણે પણ પ્રીતિપૂર્વક કહ્યું, “ તેમાં તમારે કહેવું પડે તેમ નથી. અમારે તથા પાંડવો વચ્ચે કંઇ પણ અંતર નથી. ” એ સાંભળી તે દેવ સંતોષ પામી કૃષ્ણનાં વખાણ કરી યુધિષ્ઠિરને એક મણિ આપી પોતાનેસ્થળે ગયો. ત્યાર પછી હર્ષપૂર્વક વિચક્ષણ

કારીગરો પાસે ધર્મરાજાએ મનોહર ચૈત્ય કરાવ્યું. પછી કલ્પવૃક્ષની માળાએ કરીને શોભતો દેવતાએ દીધેલો મણિ પ્રભુનાં હૃદયમાં સ્થાપીને પાંડવોએ સુગંધિ દ્રવ્યોથી પૂજા કરીને બિંબ સ્થાપન કર્યું. ને નેમિનાથના પ્રથમ ગણધર વરદત્ત જે તેમના ગુરૂ હતા તેની પાસે તેની પ્રતિષ્ઠા કરાવી. પછી જેમના સંપૂર્ણ મનોરથ પૂર્ણ થયા છે એવા પાંડુપુત્રો અરિહંતની અષ્ટ પ્રકારે પૂજા કરી, ધ્વજાદંડ ચઢાવી, અનેક પ્રકારે દાનની વૃષ્ટિ વરસાવી, સંઘભક્તિ કરી, ઇંદ્રોત્સવ ચામર, છત્ર, દીપ, પાત્ર પ્રમુખ ઉપકરણો ત્યાં મુકી સર્વ રાજાઓ સાથે હર્ષ સહિત શત્રુંજયગિરિથી નીચે ઉતર્યા. ચંદ્રપ્રભાસ (પ્રભાસપાટણ) માં ચંદ્રપ્રભુને, રૈવતાચળે નેમીશ્વરને તથા આબુએ ઋષભદેવને નમસ્કાર કર્યા. વૈભારગિરિ અને સંમેતશિખરે જઈ, વિધિપૂર્વક યાત્રા કરી, સંઘપતિ નામ સાર્થક કરી પાંડવો દ્વારિકાપુરમાં ગયા. ત્યાં કૃષ્ણને મૂકી સર્વ રાજાઓને રજા આપીને તેઓ પોતાના નગરમાં ગયા.



# द्वारिकानो दाह.

એક અવસરને વિષે નેમીશ્વર ભગવાન વિહાર કરતા કરતા સહસ્રામ્રવને સમવસર્યા. વનપાલકથી ભગવંતના આગમનની વધામણી સાંભળી નવમા વાસુદેવ કૃષ્ણ પણ વંદન કરવા આવ્યા. વંદન કરી ભવદાવાનલદગ્ધનરારામ ભગવંતને પૂછેછે. હે સ્વામિન્, રિદ્ધિથી પરિપૂર્ણ એવી યાદવોથી ભરેલી દ્યુતિમતી દ્વારાવતી નગરી પોતાની મેળે નાશ પામશે કે કોઈ નર તેનો નાશ કરશે? સ્વામી કહે, " મદ્યપાન કરી મદાંધ થએલા તારા સામ્બ પ્રમુખ" પુત્રો દ્વીપાયન ઋષિને ઉપદ્રવ કરશે, ને તે દ્વીપાયન ઋષિ તારી લક્ષ્મીપૂર્ણ દ્વારિકા નગરીને બાળશે. તેમજ જરાકુમાર જે તારો મોટો ભાઇ છે તેનાથી તારૂં મૃત્યુ થશે. એ સાંભળી કૃષ્ણ મનમાં ખેદ પામી પ્રણામ કરી પોતાની પુરીમાં પાછો આવ્યો. મારાથી વિઠ્ઠલનો વધ થશે એમ જાણી જરાકુમાર પોતાને ધિક્કારતો સમવસરણથી બારોબાર દ્વારિકા તજી જતો રહ્યો, ને વ્યાધની વૃત્તિ ધારણ કરી તેણે કોઇ વનમાં વાસ કર્યો.

પારાસર તાપસનો યમુના નદીના દ્વીપમાં જન્મેલો પુત્ર દ્વીપાયન ઋષિ જે દ્વારિકાની એક વાડીમાં રહેતો હતો તે લોકોના વદનથી દાહની વાર્ત્તા સાંભલી વનવગડામાં જતો રહ્યો, ને એક ગુપ્ત ગુફામાં આડો પથરો મૂકી ધ્યાનલીન થયો. બળદેવને સારથિ સિદ્ધાર્થ પણ દીક્ષા લઇ ખટમાસ તપ કરી દિવૌકસ થયો. કૃષ્ણે પણ દ્વારિકામાંથી સઘળો દારૂ બહાર કઢાવી કદંબ પર્વતના કદંબ વનની કાદંબરી ગુફામાં નંખાવ્યો. ત્યાં તે મદ્ય વૃક્ષોના પુષ્પોની સુગંધથી વિશેષ મદ ઉત્પાદક થયો. એક સમયે સામ્બકુમાર રખડતોરખડતો ગંધને અનુસારે લાલસુ થઇને

તે ગુફા તરફ ગયો. ને મદ્યપાન કરી પાછો આવી તેણે બીજા કુમારો આગળ તેનાં વખાણ કર્યાં; તે સાંભળી બીજા કુમારો પણ લોલુપ્ત થઇ ત્યાંથી મદિરાપાન કરી આવ્યા. ફરતાં ફરતાં દ્વીપાયન તાપસને ધ્યાનારૂઢ દેખી બોલ્યા; અહો! એ અમારા નગરને અગ્નિથી બાળનારો ને યાદવોનો નાશ કરનારો છે. માટે તેને ત્વરાથી હણો. મરી ગયા પછી તે શું કરશે? એમ કહી ક્રોધાતુર થઇ દ્વીપાયનને લાકડી મારી તથા હસ્તપ્રહાર કરી દ્વારિકામાં જતા રહ્યા. લોકોના મુખથી તે વાતો સાંભળીને કૃષ્ણને ઉદ્વેગ થયો. તેથી ત્રિલોકપતિ ભગવંતની ગિરા અન્યથા થવાની નથી એમ જાણતો હતો તે છતાં પણ બળભદ્રને લઇ દ્વીપાયનનો ક્રોધ સમાવવા ગયો. તાપસને કૃષ્ણ કહે છે, હે ભગવંત, દુર્વિનીત ને મદાંધ એવા મારાં પુત્રોએ કરેલો અપરાધ ક્ષમા કરો. આપ રહેમ નજરવાળા છો, માટે રંક ઉપર રોષ કરવો એ યુક્ત નથી. દ્વીપાયન ઋષિ કહે છે, હે કૃષ્ણ, હવે તારી પ્રાર્થના નિષ્ફળ છે. કોપના આવેશથી પ્રથમથીજ મેં દ્વારિકા બાળવાનું નિદાન કર્યું છે, પણ જાઓ તમે બે શલાકી પુરૂષ છો, તેથી તમારા બે વિના સર્વ યાદવો દ્વારિકામાં જરૂર બળશે. ભાવી અન્યથા થતું નથી, એમ ધારી કૃષ્ણ પોતાની દ્વારિકા નગરીમાં આવ્યા. દ્વીપાયન તાપસ તનુત્યાગ કરી અગ્નિકુમાર દેવ થયો. બીજે દિવસથી કૃષ્ણે પોતાની પુરીમાં એવી ઉદ્ઘોષણા કરાવી કે વિઘ્ન ટાળવા માટે ધર્મધ્યાનમાં સર્વ લોકોએ સાવચેતી રાખવી. સર્વ લોકોએ પણ ધર્મ આદરવા માંડ્યો. હવે ભક્તવત્સલ નેમીશ્વર ભગવંત વિચરતાં વિચરતાં પુનઃ રેવતાચલે સમવસર્યા.

કૃષ્ણે આવી વંદના કરી મોહ નાશ કરનારી દેશના સાંભળી. પ્રબોધથી પ્રદ્યુમ્ન સાંબ પ્રમુખ પુત્રોએ દીક્ષા લીધી. રૂક્મિ-

ણી, જાંબુવતી, ગૌરી, ગાંધારી, સુસીમા, સત્યભામા, પદ્માવતી પ્રમુખ ઘણા યાદવોની પત્નિણી સ્ત્રીઓએ પણ સંયમવ્રત અંગીકાર કર્યું. બીજાંઓએ પણ શ્રાવકવ્રત ધારણ કર્યા. કૃષ્ણ પૂછેછે, હે ભગવાન! મારી ભવ્યપુરીનો ક્ષય ક્યારે થશે? અરાડ દોષ રહિત અરિષ્ટનેમિ ભગવાન કહે છે; બાર વર્ષ પછી તારી નગરીનો નાશ થશે. તે સાંભળી દિલગીર થઇ કૃષ્ણે દ્વારિકામાં જઇ વિશેષ ધર્મની પ્રવૃત્તિ કરાવી. છઠ્ઠ, આંબીલ વીગેરેનો તપ શરૂ કરાવ્યો. દ્વીપાયનનો જીવ જે મરીને અગ્નિકુમાર દેવતા થયો હતો તે પણ પોતાનો લાગ ખોળવા લાગ્યો. બાર વર્ષ પછી તપ કરતાં સઘળા લોક હવે દ્વીપાયન નાશી ગયો એમ ધારી મદ્યમાંસાહારી ને સ્વેચ્છાચારી થયા. તેથી અગ્નિકુમાર દેવતાએ પણ છિદ્રો ખોળીને અવસર જોઇ નગરીમાં ઉપસર્ગ કરવા શરૂ કર્યા. પવને કરી તૃણ તથા કાષ્ઠ નગરીમાં પડવા લાગ્યાં. ઉત્પાતદર્શક ઉત્કટ ઉલ્કાપાત થયા, ચિત્રામણની પુતળીઓ હસવા લાગી, દ્વારે ચિત્રેલા અને કોતરેલા દેવતાઓ ઘર કંપાવવા લાગ્યા. ચારે દિશાનાં વૃક્ષો બળવા લાગ્યાં. ચંદ્ર સૂર્યનાં ગ્રહણ થયાં, ધૂમકેતુ દેખાયા, વૈશ્વાનરની વૃષ્ટિ થઇ, નગરીમાં શ્વાપદ દોડવા લાગ્યાં, લોકોએ ભયાનક સ્વપ્નાં દીઠાં, સંવર્ત્તક વાયુ વાવા લાગ્યો, ધૂમાડો ફેલાયો ને નિરાધાર નગરી ચોગરદમ અનળથી બળવા લાગી. બહાર નાશી જનારા લોકોને પાછા ઉચકીને દ્વારિકામાં ફેંકે, નગરમાં રહેનારા બ્હોતેર કુલ કોડી યાદવો તથા બહાર રહેનારા સાઠ કુલ કોડી યાદવો એ રીતે કુલ એકસોબત્રીસ કુલ કોડી યાદવોની પરદેશ પરણાવેલી કન્યાઓને પણ લાવીને નગરીમાં નાખે, તેમજ પરગામની કન્યાઓને ઉપાડીને તેમના પિયરમાં પોંચતી કરે. એવી રીતે અનેક દુષ્ટ કામો સાથે કરનારો દ્વીપાયન દેવ દ્વારિકા નગરીમાં એકદમ વિભાવસુને દી-


પાવવા લાગ્યો. મંદિર, મહાલય ને હર્મ્યરૂપી હીરાના હાર જી-ર્ણોદ્યાનની પેરે પાવકમાં પ્રજ્વલિત થયા. મલિમ્લુચની જ્વાળા-ઓની માળાઓ આકાશમાં અડકતી હતી. કરોડો પશુપંખી કરૂણ સ્વરથી કોલાહળ કરતાં હતાં. બહાર નીકળવાનો માર્ગ જડતો નહોતો, તેથી બિચારા ભાગ્યહીન લોકો સ્તબ્ધ બની ગયા. ને ચોધારાં આંસુથી રડારોળ કરી કૃશાનુના કોપથી કપાલ કૂટવા લાગ્યા. કોઇ માતાને બોલાવે, કોઇ પિતાને બોલાવે, કોઈ પોતાના પુત્ર, મિત્ર કે કલત્રને બોલાવે; એમ દુઃખના માર્યા લોકો બે-ભાન થઇ એકબીજા ઉપર પડતા પડતા ભડકાઓમાં બળતા હતા. કોઇને કંઇ સૂઝે નહિ, કોઇ કોઇનું થયું નહિ; સગાઈ તથા મિ-ત્રાચારી કાળની કવેળાએ કામમાં આવી નહિ. આવી દૈવદુર્વિપા-કની દુર્દશામાં કૃષ્ણ તથા બળરામે રથ તૈયાર કરીને પોતાના પિતા વસુદેવ તથા દેવકી અને રોહિણી માતાને રાજગૃહમાંથી સ્કંધે બેસાડી કહાડ્યાં, ને રથમાં બેસાડી હુતાશનમાં હોમાયેલી રથ્યાઓમાં થઇને નગરની બહાર નીકળવા લાગ્યા. પણ દ્વીપા-યનના દુષ્ટ ક્રોધથી અશ્વવૃષભ ચાલે નહિ; તેથી રથને પોતે ખેંચવા લાગ્યા. રથ પણ ભાગ્યો; તેથી ઘણો પ્રયાસ કરી દ્વા-રિકાના દરવાજા સુધી આવ્યા. ત્યાં જુએ છે તો બારણાં બંધ થયેલાં છે. પાદપ્રહારથી કૃષ્ણે દ્વાર તોડ્યાં. પણ રથ બહાર નિકળી શકે નહિ. દૈવગતિ આગળ કંઇ પણ ચાલ્યું નહિ. છેવ-ટે વસુદેવ, દેવકી ને રોહિણી કૃષ્ણબળરામને કહે છે; હે પુત્રો તમે તો ઘણા ઉપાયો કીધા, પણ જે ભાવી વસ્તુ છે તે મિથ્યા થવાની નથી. માટે હવે તમે બસ કરો. એમ કહી પાપ સંતા-પને કાપનાર નેમિનાથનું શરણ કરી ચતુર્વિધ પ્રાશનનું પ્રત્યા-ખ્યાન કરી, અરિહંત, સિદ્ધ, સાધુ ને ધર્મનો આશ્રય લઇ ત્રણે જણ બળી મૃત્યુ પામી સ્વર્ગે ગયાં. રામ ને કૃષ્ણ બહાર આવીને

અનલદગ્ધ નગર તરફ નજર કરી જુએ છે તો, જાણે અગ્નિનો પર્વત સળગતો હોય એમ જણાયું. મરૂન્મિત્રની મહાવ્યથામાં માતાઓને બાળકો વળગી પડે છે, વૃદ્ધ માણસો પોતાના પોકે પોકે રડતા પુત્રોને બાઝી પડે છે. ભવ્યભવનો ભુવન્યુનો ભોગ થઇ ભડભડ બળે છે. ને એક પછી એક ભસ્મીભૂત થાય છે. ને જાણે ગિરિ તૂટી પડતા હોય એવી ગર્જના કરે છે. વન્હિ વ્યાકુલ મનુષ્યો તીક્ષ્ણતાપના મહાદારૂણ દુઃખમાં ઉપરા ઉપરી ઢળી પડે છે, ને બળી ખાખ થાય છે. એવો દેખાવ જોઇ કૃષ્ણ લલાટ ઉપર હાથ મૂકી કહે છે—અરે અદ્રષ્ટ! અફસોસ! મેં જરાસંધને જીત્યો, ત્રણસેંસાઠ સંગ્રામો કર્યા, ને આ પ્રસંગે મારૂં પરાક્રમ ક્યાં ગયું? દેવાધિષ્ઠિત રત્ન ક્યાં ગયાં? આઠ હજાર અંગરક્ષક અમર્ત્ય ક્યાં ગયા? શક્રનું સાહાય્ય ને કુબેરભંડારીની સમૃદ્ધિ ક્યાં જઇ? વિષમવિકારવિદારનારી દેવની દીધેલી ભેરી ક્યાં ગઈ? મારા સાઠ હજાર પુત્રો ક્યાં? સોળ સહસ્ત્ર મારા મુકુટબંધ મેદિનીપતિ ક્યાં? ખરે, મેં ત્રણ ખંડનું રાજ્ય ખોયું છે. આજે મારા કામમાં કોઇ પણ આવ્યું નહીં. તે સાંભળી હલધર ગિરિધરને કહે છે—ભાઇ જગતમાં લક્ષ્મી ઇંદ્રજાળ જેવી છે. પાપ પુણ્યના પ્રભાવથી સુખ દુઃખની પ્રાપ્તિ થાય છે. કરમને કંઇ પણ શરમ નથી. મહેશ્વર નેમિનાથે કહ્યું હતું તે ખરૂં પડયું છે. આપણાં પુણ્ય પરવાર્યાં છે. માટે હવે મિથ્યા શોક કરવાથી કંઈ મળવાનું નથી. પોતાની નગરી બળતી જોઇ ન શકવાથી બલાનુજ ને બળરામ દક્ષિણ નીરનિધિના તીર ઉપર પાન્ડુ મથુરા નગરી કે જ્યાં પાંડવો તે વખતે પરિક્ષિતને હસ્તિનાપુરનું રાજ્ય સોંપી કૃષ્ણની આજ્ઞાથી નવું શહેર વસાવી રાજ્ય કરતા હતા તે તરફ જવા નીકળ્યા. અને દ્વારિકા નગરી સઘળી વસતિ સહિત છ મહિના સુધી બળી. છેવટે પાથોનિધિએ પોતાના પાણીના પૂરથી પુરીને તાણી લીધી.

## વાસુ[illegible].

હવે કર્મવિપાકને લીધે કૃષ્ણ બલભદ્ર સૌરાષ્ટ્ર મૂકી ચાલ્યા. રસ્તામાં ક્ષુધાપીડિત હોવાથી હસ્તિકલ્પ નગર સમીપે આવ્યા. બલભદ્ર ખાવાનું લેવા માટે નગરમાં ગયા. ત્યાંનો અવનીપતિ ધૃતરાષ્ટ્રનો પુત્ર અચ્છદંત હતો, તેણે બલભદ્રને ઓળખીને પોતાના સૈન્યથી ઘેરી લીધો. બલભદ્રે સિંહનાદ કર્યો. તેથી કૃષ્ણે આવીને છોડાવ્યો. આગળ ચાલતાં કૌશામ્બ નામના અરણ્યમાં આવ્યા. ત્યાં તૃષા લગવાથી કૃષ્ણે બલભદ્રને જળ લેવા મોકલ્યા. પુન્નાગપાદપની નીચે પીતાંબર ઓઢી વાસુદેવ વામેતર પગ ખોળામાં મૂકી સુતા છે, એવામાં જરાકુમાર જે તેજ વનમાં રહેતો હતો તે મૃગયા રમતો રમતો ત્યાં આવ્યો. તેણે દૂરથી સૂતેલા કૃષ્ણના પદકજનું પદ્મ જોઈ તેને સુલોચન સમજી શર માર્યું. કૃષ્ણે તરતજ ઉચ્ચસ્વરથી શબ્દ કર્યો કે હું કૃષ્ણ છું. મને કોણે બાણથી હણ્યો? પોતાનું ગોત્ર ને નામ તરત આવીને કહો. જરાકુમાર વિસ્મય પામી ભીતિ સહિત બોલ્યો. દશમદશારહ વસુદેવ ને જરારાણીનો પુત્ર હું જરાકુમાર છું. કૃષ્ણના મૃત્યુને મરણ પમાડવા માટે બાર વર્ષથી આ વિપિનમાં રહુંછું. મેં આ અરણ્યમાં આજ સૂધી કોઈ મનુષ્ય જોયો નથી. માટે તું કોણ છે? બોલ! કૃષ્ણ કહેછે, જેને બચાવવા માટે તું બાર વર્ષ વનમાં રહ્યો તેજ હું તારો લઘુ ભ્રાતા કૃષ્ણ છું. તું અત્રે આવ, તારો પ્રયત્ન વૃથા ગયો. જે થવાનું હતું તે થયું. તેમાં તારો કંઈ વાંક નથી. પણ જો બળરામ આવશે તો તને હણશે, માટે આ મારો કૌસ્તુભમણિ લઈને પાંડુમથુરા નગરીમાં પાંડવો પાસે ઝટ નાશી જા. તેમની પાસે મારીવતી ક્ષમા માગી દ્વારિકા બળી ગઈ,


ને મારૂં નિધન થયું, વિગેરે સર્વ વૃત્તાંત કહેજે. એટલે તે તારૂં રક્ષણ કરશે. એવું સાંભળી જરાકુમાર જીવ લઈને જરાક ભાગ્યો કે કૃષ્ણના ચિત્તને વિષે તેના ઉપર ક્રોધ આવ્યો, તેથી કહે છે; અરે હું વાસુદેવ ત્રિખંડનો ભોક્તા છું, ને દુષ્ટે મારો વધ કર્યો તેને મેં જીવતો જવા દીધો. આવા અશુભ ધ્યાને હજાર વર્ષની ઉમરે કૃષ્ણ કથાશેષ થઈને ત્રીજી નરકે ઉત્પન્ન થયો. ત્યાંથી નીકળી મનુષ્યભવ પામી વૈમાનિક દેવતા થશે, ત્યાંથી ચવીને આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં શતદ્વારપુરે જીતશત્રુને ઘેર અવતાર લઇ અમમ નામે ત્રિદશનાથનતક્રમ્ એવા બારમા તીર્થંકર થશે. ને શિવરાજ્યના રંગમહેલમાં બીરાજી મહાનંદ પામશે. કૃષ્ણ સોળ સંવત્સર કુમારપણે રહ્યા. છપ્પન વર્ષ મંડલિકપણે રહ્યા. ને ૯૨૮ વર્ષ વાસુદેવપણે રહ્યા.



# બલભદ્ર સંયમધારણ.

હવે પદ્મપત્રના પુટમાં પાણી લઇને બલભદ્ર પાછા આવી જુએ છે તો કૃષ્ણ નિદ્રાવશ છે એમ લાગ્યું. ક્ષણવાર ઉભા રહ્યાં. પણ માખીઓ મોં ઉપર બણબણ કરી ઉડી રહી છે, તેથી વસ્ત્ર ઉંચું કરી જુએ છે તો પ્રિય બાંધવ પ્રાણરહિત જણાયો. તેથી ઝટિતિ મૂર્છા આવી. હલધર ધરણી ઉપર ઢળી પડ્યો. સચેત થઇ અત્યંત કલ્પાંત કરવા લાગ્યો. આલિંગન દઇ કહે છે; હે ગોવિંદ, હે બંધુ, તમે શા માટે બોલતા નથી. હે વનમાલી, હે વિષ્ણુ, તમે મારા લઘુ ભાઇ છો, તોપણ ગુરૂગુણના ભંડાર છો. હે ગોપાલ, મેં તમને લાડલડાવી ઉછેરી પાળીને તથા મારા હાથે પારણામાં હુલરાવી મોટા કર્યા છે, ને હે દીનાનાથ દયાલ દામોદર! તમે દાઝ્યા ઉપર ડામ કેમ દોછો? હે વિદ્વદ્વર્ય વિશાંપતિ વિઠ્ઠલ, મને વારિ લાવતાં વાર લાગી હોય તો મારો વાંક ક્ષમા કરો. હે મુરલીધર તમારા સિવાય હું પલમાત્ર પણ રહી શકતો નથી. આમ પરિદેવના કરતાં શર્વરી પૂર્ણ થઇ, ને દીવસ ઉગ્યો, તોપણ કૃષ્ણ બોલતા નથી. તેથી ખાંધે બેસાડીને બલભદ્ર વનેવને ભમવા લાગ્યા. કોઈ કોઇ વાર ભૂમીપર મૂકી અતિ સ્નેહપૂર્વક બોલાવે, એમ છ મહિના ગાળ્યા, એવામાં બલભદ્રનો સિદ્ધાર્થ સારથિ જે દેવતા થયો હતો તે ત્યાં આવ્યો. અત્યંત ચકચૂર થઇ ગયેલા રથને સાંધે, પ્રસ્તરમાં પયોદને રોપે, રેતીમાં ઘાણી ફેરવે, દાવાનળમાં બળેલા ઝાડને પાણી પાય, ગાયોના મુડદાંને ઘાસ ખવરાવે, એવાં એવાં અનેક રૂપ કરી બલભદ્રના દેખતાં અશક્ય ને અસંભવિત કામ કરવાનો પ્રયત્ન

કરીને તેને ખાત્રી કરી આપી કે જરાસંધમારક જરાકુમારના બાણુથી મરી ગયો છે. એવી રીતે પ્રતિબોધ પમાડી મોહથી વિરક્ત કરી પોતાનું દેવસ્વરૂપ દેખાડી ઠેકાણે લાવ્યો. તેથી બલભદ્રે કૃષ્ણના શરીરને નિર્જીવ સમજી સમુદ્રતટે લઇ જઇને અગ્નિસંસ્કાર કર્યો. એવે અવસરે મોહમદ નિર્મુક્ત શ્રી નેમીશ્વરે મોકલેલા ચારણઋષિ ત્યાં આવ્યા. તેણે બલભદ્રને બોધ પમાડી સંસારનો ત્યાગ કરાવ્યો, ને બંને તુંગિકા નામના પહાડ ઉપર ગયા.




# बलभद्र स्वर्गगमन.

—:o:—

એકદા માસક્ષપણના પારણાને અર્થે બલભદ્રઋષિ કોઈક નગરમાં ચાલતા હતા, ત્યારે કુવાકાંઠે ઉભેલી એક કામિનીએ ઋષિના રૂપથી મોહમાં પડી પાણી ભરવાના પ્રારંભમાં પોતાના પુત્રને ઘડો જાણી તેને ગળે દોરડાનો પાશ ઘાલી દીર્ઘિકામાં ફાંસ્યો, તે જોઈ ગોચરી પડતી મૂકી રામઋષિ પોતાના રૂપ ઉપર ઉદ્વેગ પામી તે પુરીનો પરિત્યાગ કરી ચાલ્યા ગયા. વનમાં કાષ્ઠાહાર લોકો પાસેથી આહાર પાણી વોહરવો, એવો અભિગ્રહ ધારણ કરી સમતા પૂર્વક ઉગ્ર તપ કરવા માંડ્યો. તેમના દર્શનથી વનવગડાના સિંહ, વ્યાઘ્ર પ્રમુખ પ્રાણીઓ પોતાનું દુષ્ટપણું તજતા હવા. કોઇક શાંતમુર્ત્તિ મુનિ પાસે આવીને શાંત થઈ બેસે, કોઇક કાયોત્સર્ગ ધ્યાન ધરે, કોઇક પ્રાણી અનશન આદરે, કોઈક તપ કરે; એવો દેખાવ જોઇ એક પુરૂષે તે નગરના નરેશને વાત કરી. આ મુનિ તપ કરી મારૂં રાજ્ય ગ્રહણ કરશે એવી ભીતિથી તે ભૂપતિ સૈન્ય લઈને બલભદ્રને વીંટતો હવો, પણ સિદ્ધાર્થદેવ તે સૈન્યને રણમાં હરાવી બલભદ્રની રક્ષા કરતો હવો, તેથી તે નૃપતિ બલભદ્રને સાષ્ટાંગ નમસ્કાર કરી ચાલ્યો ગયો.

અન્યદા કોઇ મૃગ પૂર્વભવના સંબંધથી મુનિ પાસે આવીને શિષ્યની માફક તેની સેવા કરવા લાગ્યો. રામઋષિ પારણાને માટે અરણ્યમાં લાકડાં લેવા આવેલા કોઇ રથકારની પાસે ગયા. મૃગ પણ આગળ ચાલેછે. રથકારે પણ આનંદ પામી આત્માની પ્રશંસા કરી સુપ્રતિષ્ઠ સાધુને શુદ્ધ ભાવે શુદ્ધ આહાર

આપ્યો. મૃગે પણ હર્ષથી ઉંચે મુખે જોઇ તેની અનુમોદના કરી. તેવામાં ઓચિંતાં અર્ધ છેદેલા વિટપીના પડવાથી મુનિ, રથકાર ને મૃગ ત્રણે મૃતિ પામ્યા. ને બ્રહ્મદેવલોકમાં પદ્મોત્તર વિમાનમાં દેવતા થયાં.



## કૃષ્ણનો મહિમા.

બલભદ્ર દેવતાએ અવધિજ્ઞાનના ઉપયોગથી જાણ્યું કે-મારો ભાઇ કૃષ્ણુ નરકમાં છે; તેથી વૈક્રિય શરીર કરી નરકમાં આવી કૃષ્ણુને સ્નેહપૂર્વક કહેછે. હે બાંધવ, તમે બિહિશો નહિ. હું તમારો વડીલ ભાઇ છું. ચાલો તમને ત્રિવિષ્ટપમાં તેડી જાઉં, તમારૂં દુઃખ દેખી ખમાતું નથી; એમ કહી કૃષ્ણુને ઉપાડવા જાય છે તો પારાની માફક તેનું શરીર વિખરાઇ જાય છે; તે ઉપરથી કૃષ્ણુ કહે છે-હે ભાઇ ભવભયભીતભ્રાતા ભગવંતે એમ ભાખ્યું છે કે-વિષયરસથી પ્રાણી અનંત વિપત્તિ પામે છે, માટે મારા દુષ્કર્મનો દોષ છે તે ટાળવા કોઇ સમર્થ નથી. તમે વૃથા પ્રયાસ કરવો તજી દ્યો, ને ભરતદેશમાં જઇને વિમાન વિકુર્વીને મારી મૂર્તિ સ્થાપી લોકોને કહેજો કે-અમે હરિ ને રામ બંને જીવતા છીએ. અમે જગત્ ઉપજાવીએ છીએ. તેમજ સંહારીએ છીએ, ને તેથીજ અમે દ્વારિકા નિપજાવી ને તેનો સંહાર કર્યો છે. અમે કર્ત્તા હર્ત્તા છીએ, ને અમારી એષણા પ્રમાણે ચાલીએ છીએ. એવી રીતે મહિમા વધારજો. એ સાંભળી બળભદ્રદેવે ભરત દેશમાં આવીને પોતાનો પ્રભાવ બતાવીને ઠામે ઠામે કૃષ્ણનાં દેવાલય કરાવ્યાં. જે વિષ્ણુની પૂજા કરે તેને સુખી કરે, જે પૂજા ન કરે તેને દુઃખ દે. એવી રીતે કૃષ્ણવાસુદેવનો મહિમા વધારી બળભદ્રદેવ પાછા સ્વર્ગમાં ગયા.

# ॥ पांडव चारित्र स्वीकार. ॥

હવે જરા કુમારે પાંડુમથુરામાં જઇ પાંડવોને કૌસ્તુભમણિ બતાવી દ્વારિકાના દાહની તથા કૃષ્ણના કાળની સર્વ વાત કહી. પાંચે પાંડવો પણ તેનો શોક કરી સંસારસમુદ્ર તરવાને દીક્ષારૂપી વહાણ લેવાને માટે નિરાધાર આધાર શ્રી નેમીશ્વરનું સ્મરણ કરતાં હવા. પરમ કૃપાળુ પ્રભુએ પણ પ્રસંગ જાણી પાંડવોને પ્રતિબોધ આપવા ધર્મઘોષ મહામુનિને પાંચસે સાધુ સહિત પાંડુમથુરા નગરીએ મોકલ્યા. મુનિનો મધુર ને મિષ્ટ ઉપદેશ સાંભળી પાંડવો પોતાના પૂર્વભવ વિષે પૂછતા હવા. શિષ્ય કલભસંયુક્ત ગુરૂ ગજરાજ કહે છે. હે પાંડવો પૂર્વે તમે આસન્નાચળ નગરમાં સુરતિ, શાન્તનું, દેવં, સુમતિ ને સુભદ્ર એવે નામે પાંચ ભાઇ હતા. જાતના ખેડુંત હતા. એકદા યશોધર્મ મુનિના વચનથી સુપ્રતિબોધ પામી સંસારનો અનાદર કરી સંયમવ્રતનો સ્વીકાર કર્યો. નિસ્પૃહાથી વિચરતાં ભિન્ન ભિન્ન તપ કરવા લાગ્યા. સુરત્તિએ કનકાવળી તપ કર્યો. શાન્તનું રત્નાવળી તપ તપ્યો. દેવે મુક્તાવળી તપ આદર્યો. સુમતિએ સિંહ વિક્રીડિત તપ કીધો ને સુભદ્રે વર્દ્ધમાન તપ આરંભ્યો. અંતે અનશન કરી આલેખ્યશેષ થઇ અનુત્તર વિમાને દેવતા થયા. ત્યાંથી આવીને તમે પાંચે પાંડુના પુત્ર થયા. ને આ ભવને વિષે તમને પંચમગતિનો પરમ લાભ થશે. એમ માનવિયુક્ત મુનિનાં વચન સાંભળી વૈરાગ્ય પામી જરાકુમારને પાંડુમથુરાપુરીનું રાજ્ય સોંપી મહોત્સવ કરી પાંડવોએ પ્રતિષ્ઠિત ગુરૂ પાસેથી સાદિઅનંતનિવાસમાં પ્રવેશ કરવાના સોપાનપંક્તિપ્રતિમ સંયમ ભારનો સ્વીકાર કર્યો. કુંતીને દ્રૌપદીએ પણ દીક્ષા લીધી.

# શ્રી નેમિનાથનિર્વાણ.

વરદત્ત પ્રમુખ અગીઆર ગણધર, ૧૮૦૦૦ સાધુ, (૨૪૭૦૦ શત્રુંજયમાહાત્મ્ય), ૪૦૦૦૦ સાધ્વી, ૧૫૦૦ વૈક્રિય લબ્ધિવાળા મુનિ, ૧૫૦૦ અવધિજ્ઞાની, ૧૫૦૦ કેવળી, ૧૦૦૦ મનઃ-પર્યય જ્ઞાની, ૪૦૦ ચૌદપૂર્વી, ૧૬૯૦૦૦ શ્રાવક, ૩૩૬૦૦૦ શ્રાવિકા, ( ૩૬૯૦૦૦ શત્રુંજયમાહાત્મ્ય ) એમ ચતુર્વિધ.સંઘનો પરિવાર સાથે લઇ ૩૪ અતિશયે કરી વિરાજમાન ભગવાન આર્ય તથા અનાર્ય દેશોમાં વિચરતાં પોતાનો નિર્વાણસમય. સમીપ આવેલો જાણી શ્રી રેવતાચલે આવ્યા. દેવતાઓએ રચેલા સમવસરણમાં સપ્તભંગીયુક્ત સ્યાદ્વાદશૈલીવાળી છેલ્લી દેશના આપી કેટલાકને પ્રતિબોધી દીક્ષા દીધી. છેવટે પાદોપગમન અનશન કરી, આષાઢ સુદિ અષ્ટમીને દિવસે ચાર અઘાતિક કર્મ તોડીને, ચિત્રા નક્ષત્રે ચંદ્રમાનો યોગ આવ્યો ત્યારે, ૫૩૬ સાધુની સાથે પરમપદમાં પધાર્યા. પ્રભુજીએ ૩૦૦ વર્ષ ગૃહવાસ કર્યો; ૫૪ દિન પરીષહ સહન કર્યા; ચોપન દિન ઉણા સાતસેં વર્ષ કેવળીપણે રહ્યા; એ રીતે કુલ સહસ્ર વર્ષનું આયુષ સંપૂર્ણ કરી એક સમયમાં નિરંજન નિરાકારપણે સિદ્ધસ્થાનમાં બિરાજમાન થયા.

પવિત્રાત્મા સમુદ્રવિજયનો પરમપૂજ્ય પુત્ર અધર્માદિનો નિર્ભેદ કરી સંસારસમુદ્રમાં વિજય મેળવી પંચઅનુત્તરમાંના વિજય વિમાનની ઉપર વિજયાસ્પદમાં વિરાજે છે, ને અનંત વિજયનો વૈભવ ભોગવે છે. શર્મકર શિવાદેવીના શિવશંકર સુતે શુદ્ધ ને સિદ્ધ થઈ શિવાલયમાં જઈ શિવસુંદરીનું શાશ્વતસુખ સંપાદન કર્યું છે. ઉગ્રસેનનો અગ્રેસર જામાતા મોહઉર્વીશની ઉગ્રસેનાને ઉગ્રતર તેજ વડે હઠાવીને મોક્ષરૂપી જાયાજનકનિકેતમાં જામી ગયો છે.

દીપ્તિમતી દ્વારાવતી તથા રાજીવનયની રાજીમતીનો કારૂણ્યાર્ણવ પ્રિયપતિ કઠિન કર્મરૂપી કાષ્ઠરાજીનો ભસ્મ કરી પુણ્યલોકના પ્રાંત પ્રદેશે પોંચી નિઃશ્રેયસશ્રીની સ્થવિષ્ઠ શાંતિમાં ગાજી રહ્યો છે. ધર્મરથનેમિ હરિવંશનું અજ્ઞાનતિમિરભાનેમિ તીર્થાધીશ નેમિરત્ન કાળચક્રની નેમિને આધીન થયું, તોપણ ગુણસ્થાનના દ્વારમાં પ્રવેશ કરી ભવનેમિમાં રથનેમિનો ત્યાગ કરી સિદ્ધશિલા ઓળંગી ચૌદરાજલોકમાં કાલદાવાનલમેઘ સમાન થઈ શ્રેષ્ઠ સુખાસને ઓપી રહ્યું છે.

દ્વાદશગણાવંતંસ, બાર ગુણના ભંડાર, બાવીસ અભક્ષ્યના પરિત્યાગી, તથા બાવીસ પરીષહના જીતનાર, એવા બાવીસમા તીર્થંકર ભવસંતતિરૂપી ઉદન્વાનના પાણીને વગર તુંબડે તરી પાર ઉતર્યા છે. ધર્મદેવ, દ્રવ્યદેવ, નરદેવ, ને ભાવદેવ, એ ચાર પ્રકારના દેવને સેવવા યોગ્ય, અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતવીર્ય, ને અનંત સૌખ્ય, એવા અનંતચતુષ્ટયના ધારક, અષ્ટાદશદોષરૂપી સિંધુરઘટાનો સંહાર કરવામાં સૌમ્ય સિંહસમાન, ગાંભીર્યાદિ ગુણગુંફિત, દેવાધિદેવયદુપતિ મુક્તિવધૂના વિશાલ હૃદયમાં મનોહર હારરૂપે ચળકી રહ્યા છે. મિતજ્ઞાનકામકલ્પદ્રુમાધિક, જગદ્ધાતા, વિઘ્નૌઘવિધ્વંસકર્તા, કૃષ્ણભ્રાતા, અમિત દાતા, ત્રૈલોકયત્રાતા, અનંતાતિશયયુક્ત, રત્નત્રયાઢ્ય, પરમયોગીશ્વર પ્રભુ મહાનંદરૂપી સરોરાજમાં રાજમરાલની પેરે અનુપમ મહિમા વિલાસમાં મોજ માણે છે. ચતુર્થારનભોમણિ, કષાય ચતુષ્કચૂરક, ચતુર્થપુરૂષાર્થશ્રીયુત, ચતુર્વિધ સંઘસ્થાપક, ચતુર્ધા ધર્મદેષ્ટા, ચતુઃષષ્ટિ દેવેન્દ્રાર્ચિત, ચતુર્દશ વિદ્યાચતુર, ચતુર્મુખ નિર્ગત દેશના ચતુર્દિશા પ્રકાશયિતા, ચતુર્નિકાય દિવિજરાજ પૂજીત, ચતુર્ગતિ નિવારક, ચતુસ્ત્રિંશદતિશયયુક્ત, પરમાનંદકંદોદ્ભેદનવાંબુદ, મહેંદ્રમહિતાંહ્રિપ-

મ, વીતરાગદ્વેષમોહ, તપોધનાધીશસદાનમસ્કૃત, વિશ્વકમલાકર ભાસ્કર, અનેકાંતમતાંભોધિસમુલ્લાસન ચંદ્રમા, મુકત્યંગનાવકત્રસરોજભૂત, દુર્નય કલભ મૃગેંદ્ર, મમતારજનીદિવસાધિપતિ, સંભવ વૃક્ષ સમૂહ કુઠાર, ભૂભુર્વસ્વસ્ત્રયીશાન, વિલયોત્પાદસ્થિતિલક્ષણ, વિખંડિત મોહ મહીરૂહખંડ, પાપૌઘ પાંશુ પવન, કલંક રજોભર ભૂરિસમીર, મદનભુજંગ વિહંગમરાજ, દુષ્કર્મકાનનહુતાશ; સકલ વિશ્વને કરામલકવત્ કળી રહ્યો છે.

**यदुवंश समुद्रेन्दुः कर्म कक्ष हुताशनः ।**
**अरिष्टनेमिर्भगवान्, भूयाद्वोरिष्टनाशनः ॥**

**राजीमति यः प्रविहाय मोहं ।**
**स्थितीचकारापुनरागमाय ॥**
**जीवेषु सर्वेषु दयां दधानं ।**
**स्तं नेमिनाथं प्रणमामि नित्यं ॥**

જે સકલ ગુણાકર, વિષ્ટપજલજ દિવાકર, નમિત પુરંદર, સુંદર ધર્મધુરંધર, પંચપરમેષ્ઠિ વરિષ્ઠ, પંચબાણ વિદ્વિષ્ વિભુ પંચમીને દિન જન્મ્યા; જેનો પંચ રૂપવાળા ત્રિદશપતિએ પંચ મેરૂમાંના મધ્ય મંદર ક્ષમાધરના શિખર ઉપર પંચમવાર્ધિના પયઃપૂરથી પ્રાજ્યાભિષેક કર્યો; જે પંચકલ્યાણક પૂર્ણપ્રભુ પંચાક્ષરૂપી દ્વિરદનો પ્રબળ મદ ટાળવામાં પંચાનન સમાન છે; જે પંચદાન, પંચાચાર, પંચસમવાય, પંચમહાવ્રત ને પંચવિધ સમિતિનો ઉપદેશ દેનારા છે, જે પંચ પ્રમાદ પ્રમુક્ત ને પંચ વિષય પ્રવર્જક

છે; પ્રક્ષીણાશેષકલ્મષ, ને પંચાંગ પ્રણુત, એવા જે પ્રભુ પંચદેહથી નિર્મુક્ત છે, તથા પંચાસ્તિકાય પ્રરૂપક છે; જેણે પંચમુષ્ઠિલોચ કરીને કર્મ પ્રપંચ તોડી નાંખ્યો છે; એવા નાકેન્દ્ર નાગેન્દ્ર નરેન્દ્ર નત ચરણ યુગલ, પુંડરીકાક્ષ શ્રી નેમીશ્વર ભગવાન પંચતીર્થ શ્રેષ્ઠ પુંડરીક પર્વતની પાંચમી ટુંકે પંચમજ્ઞાન પ્રાપ્ત કરી પંચમગતિ પામ્યા છે. સુરાસુર ને સર્પસુપર્ણથી સેવાયેલા, માન મહીધર વજ્ર, ને પુષ્પશરાનલનીર, એવા પરમેશ્વર પ્રસિદ્ધિ પ્રાસાદમાં પરમ પ્રમોદ નિમગ્ન થયા છે. બુદ્ધ થઈ અનંતબળના નિધિ થયા છે. અશરીરી થઈ અજરામર પદ પામ્યા છે. રાગ તજી મુક્તિરમણી સાથે રમી રહ્યા છે. શંખ લાંછન છતાં નિર્વાણવધૂ કુચકલશ મૌક્તિકમાલા સમાન થઈ કલિલપંકનિર્મુક્તપણે નિર્લાંછનાવસ્થામાં સિદ્ધિસુખ સૌધની અંદર શોભી રહ્યા છે. મન્મથ મથન મહામૃગેશ એવા મહા પ્રભુએ મહોદય પદવી મેળવી છે. દૂરીકૃત દૂષણ, ને મુનિગણ ભૂષણ, એવા બ્રહ્મિષ્ઠ બ્રહ્મચારી બ્રહ્માંડપતિ. પરમ બ્રહ્મત્વ પામ્યા છે.

અશેષાવનિપતિ પ્રપૂજીત એવા અષ્ટમૂર્તિ અરિષ્ટનેમિ અરૂહંત જે અષ્ટ મહા પ્રાતિહાર્ય પ્રયુક્ત, અષ્ટોત્તર સહસ્ર બાહ્ય ચિન્હ શોભિત, અષ્ટવિધ કુંભસ્નપિત, અષ્ટાન્હિક મહોત્સવ હેતુ, અષ્ટાદશદોષ નિર્દૂષિત, અષ્ટમંગલ નવગ્રહ દશ દિક્પાલાર્ચિત, અષ્ટાંગધૂપ સુગંધિત, ને અષ્ટ સિદ્ધિદાયક છે, તેમણે અષ્ટ કર્મ જાળનો વિચ્છેદ કરી અષ્ટમી ગતિની સાદ્યનંતસ્થિતિ સાધી છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ ને શબ્દ રહિત, વેદ, યોગ, સંસ્થાન ને લેશ્યા વર્જીત, શક્ત, શરણ્ય, વરેણ્ય, એમ અગણ્ય ગુણના અંતર્યામી સ્વામી સિદ્ધપુરમાં જઇ અવિચલામૃતમાં તલ્લીન થયા છે. સાંબ, પ્રદ્યુમ્ન પ્રમુખ કૃષ્ણ-


કુમારો સાડાત્રણ ક્રોડમુનિ સાથે સિદ્ધાચલ પર્વતે મોક્ષસુખ પામ્યા.

શ્રી નેમિનાથના ભાઇઓ, કૃષ્ણવાસુદેવની અગ્ર મહીષીઓ તથા રાજીમતી આદિક સાધ્વીઓ મોક્ષે ગઇ. તેમજ નેમિનાથ પ્રભુના પિતા સમુદ્રવિજય રાજા તથા માતા શિવાદેવી રાણી માહેંદ્ર કલ્પમાં દેવતાપણે ઉત્પંન થયાં.

## ગાથા.

नागेसु उसभापिया सेसार्णं सत्त जंति ईसाणे।
अठय सणं कुमारे माहिंदे अठ अणुकमसो॥
आइ जिणाण ठण्हं मयाओ मुरक्वं मि अठ
जणणीओ।
अठय सणं कुमारे माहिंदे अठ वच्चंति॥

અર્થ—ઋષભદેવના પિંતા નાગકુમારમાં ઉત્પંન થયા. ત્યાર પછીના સાત તીર્થંકરના પિતા ઈશાનદેવલોકમાં ગયા. પછીના આઠ તીર્થંકરોના પિતા સનત્કુમારમાં ગયા ને છેલ્લા આઠ તીર્થંકરોના પિતા અનુક્રમે માહેંદ્ર દેવલોકમાં ગયા. પહેલા આઠ જીનની જનનીઓ મોક્ષગતિ પામી. બીજા આઠની માતાઓ સનત્કુમારદેવલોકમાં ગઈ ને છેવટના આઠ તીર્થંકરની માતાઓ માહેંદ્રદેવલોકમાં ગઈ.



છે; પ્રક્ષીણાશેષકલ્મષ, ને પંચાંગ પ્રણુત, એવા જે પ્રભુ પંચદેહથી નિર્મુક્ત છે, તથા પંચાસ્તિકાય પ્રરૂપક છે; જેણે પંચમુષ્ઠિલોચ કરીને કર્મ પ્રપંચ તોડી નાંખ્યો છે; એવા નાકેન્દ્ર નાગેન્દ્ર નરેન્દ્ર નત ચરણ યુગલ, પુંડરીકાક્ષ શ્રી નેમીશ્વર ભગવાન પંચતીર્થ શ્રેષ્ઠ પુંડરીક પર્વતની પાંચમી ટુંકે પંચમજ્ઞાન પ્રાપ્ત કરી પંચમગતિ પામ્યા છે. સુરાસુર ને સર્પસુપર્ણથી સેવાયેલા, માન મહીધર વજ્ર, ને પુષ્પશરાનલનીર, એવા પરમેશ્વર પ્રસિદ્ધિ પ્રાસાદમાં પરમ પ્રમોદ નિમગ્ન થયા છે. બુદ્ધ થઈ અનંતબળના નિધિ થયા છે. અશરીરી થઈ અજરામર પદ પામ્યા છે. રાગ તજી મુક્તિરમણી સાથે રમી રહ્યા છે. શંખ લાંછન છતાં નિર્વાણવધૂ કુચકલશ મૌક્તિકમાલા સમાન થઈ કલિલપંકનિર્મુક્તપણે નિર્લાંછનાવસ્થામાં સિદ્ધિસુખ સૌધની અંદર શોભી રહ્યા છે. મન્મથ મથન મહામૃગેશ એવા મહા પ્રભુએ મહોદય પદવી મેળવી છે. દૂરીકૃત દૂષણ, ને મુનિગણ ભૂષણ, એવા બ્રહ્મિષ્ઠ બ્રહ્મચારી બ્રહ્માંડપતિ પરમ બ્રહ્મત્વ પામ્યા છે.

અશેષાવનિપતિ પ્રપૂજીત એવા અષ્ટમૂર્તિ અરિષ્ટનેમિ અરૂહંત જે અષ્ટ મહા પ્રાતિહાર્ય પ્રયુક્ત, અષ્ટોત્તર સહસ્ર બાહ્ય ચિન્હ શોભિત, અષ્ટવિધ કુંભસ્નપિત, અષ્ટાન્હિક મહોત્સવ હેતુ, અષ્ટાદશદોષ નિર્દૂષિત, અષ્ટમંગલ નવગ્રહ દશ દિક્પાલાર્ચિત, અષ્ટાંગધૂપ સુગંધિત, ને અષ્ટ સિદ્ધિદાયક છે, તેમણે અષ્ટ કર્મ જાળનો વિચ્છેદ કરી અષ્ટમી ગતિની સાદ્યનંતસ્થિતિ સાધી છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ ને શબ્દ રહિત, વેદ, યોગ, સંસ્થાન ને લેશ્યા વર્જીત, શક્ત, શરણ્ય, વરેણ્ય, એમ અગણ્ય ગુણના અંતર્યામી સ્વામી સિદ્ધપુરમાં જઈ અવિચલામૃતમાં તલ્લીન થયા છે. સાંબ, પ્રદ્યુમ્ન પ્રમુખ કૃષ્ણ-

કુમારો સાડાત્રણ ક્રોડમુનિ સાથે સિદ્ધાચલ પર્વતે મોક્ષસુખ પામ્યા.

શ્રી નેમિનાથના ભાઇઓ, કૃષ્ણવાસુદેવની અગ્ર મહીષીઓ તથા રાજીમતી આદિક સાધ્વીઓ મોક્ષે ગઈ. તેમજ નેમિનાથ પ્રભુના પિતા સમુદ્રવિજય રાજા તથા માતા શિવાદેવી રાણી માહેંદ્ર કલ્પમાં દેવતાપણે ઉત્પંન થયાં.

## गाथा.

नागेसु उसभापिया सेसाणं सत्त जंति ईसाणे।
अठय सणं कुमारे माहिंदे अठ अणुकमसो॥
आइ जिणाण ठण्हं मयाओ मुख्खं मि अठ
जणणीओ।
अठय सणं कुमारे माहिंदे अठ वच्चंति॥

અર્થ—ઋષભદેવના પિંતા નાગકુમારમાં ઉત્પંન થયા. ત્યાર પછીના સાત તીર્થંકરના પિતા ઈશાનદેવલોકમાં ગયા. પછીના આઠ તીર્થંકરોના પિતા સનત્કુમારમાં ગયા ને છેલ્લા આઠ તીર્થંકરોના પિતા અનુક્રમે માહેંદ્ર દેવલોકમાં ગયા. પહેલા આઠ જીનની જનનીઓ મોક્ષગતિ પામી. બીજા આઠની માતાઓ સનત્કુમારદેવલોકમાં ગઈ ને છેવટના આઠ તીર્થંકરની માતાઓ માહેંદ્રદેવલોકમાં ગઈ.



# दीनानाथ देहदहन.


નિર્જરનાથ નમસ્કૃત નેમિનાથ જીનપતિનું મોક્ષગમન જાણી ચોસઠ કલ્પેન્દ્રો તેમના શરીર પાસે આવી નીચે પ્રમાણે કલ્પાંત કરે છે. હે સુખસદ્મ શિવરમણીસ્વામી, હવે અવદ્યભેદિની દેશના કોણ દેશે? હે હરિવંશચંદ્ર હિતશિક્ષા કોણ કહેશે? અમે પ્રભુજી કોને કહીશું? કોનું મુખારવિંદ જોઈ પ્રમોદ પામીશું? હે વિશ્વવંદ્યસ્વામી, કેમ બોલતા નથી. હે દુર્વારસંસાર વિકારનિવારક નેમિજીન, નેત્રોથી હવે કોને નિરખીશું. હે વરિષ્ઠ, હે ગરિષ્ઠ, હે મહિષ્ઠ, હે પરમેષ્ટ પરમેષ્ઠિ, આગમના અમૃત રસના અંબુદને વરસાવો. એમ અનેક પ્રકારે અગાધ શોક કરી ધનદદેવને શિવિકા કરવાનો આદેશ કર્યો. તેણે પણ રૂદન કરતાં કરતાં સકલ પુદ્ગલ સંગવર્જીત શ્યામવિભુના શવને ચંદન ચર્ચીને શિવિકામાં સ્થાપ્યું. અગ્નિકુમાર દેવતાએ તે શિવિકાને નૈઋતખૂણુમાં રત્નશિલાપર સ્થાપીને ગોશીર્ષ તથા ચંદનાદિક કાષ્ઠોએ કરી કલ્યાણકેલિસદન ભગવાનના કલેવરનો અગ્નિસંસ્કાર કર્યો. વાયુકુમારદેવે વાયુ ચલાવ્યો, ને અંતતઃ ક્ષીરોદધિના અંબુથી અગ્નિને શાંત કર્યો. અન્ય મુનિઓના અંગનો પણ પૃથક્ પૃથક્ ચિતામાં અગ્નિ સંસ્કાર કર્યો. પૂજન કરવાને માટે સુધર્મેંદ્રે ઉપરની દક્ષિણ દાઢા લીધી. ઇશાનેંદ્રે વામ દાઢા લીધી, ચમરેંદ્રે નીચલી દાઢા લીધી. એમ અન્ય અમરોએ પણ એકેક એકેક લીધી. પછી ઈંદ્રે વન્હિ સંસ્કારને સ્થાને વજ્રથી વિશ્વસ્વામિ અરિષ્ટનેમિનું નામ ને લક્ષણ કોતરીને તે ઠેકાણે ચૈત્ય બનાવીને ત્યાં ભવજલધિનાવ શ્રી નેમિનાથની પ્રતિમા પધરાવી. પછી સર્વ દેવતાઓ નંદીશ્વરદ્વીપે જઈ અષ્ટાન્હિક મહોત્સવ કરી પોતપોતાને સ્થાનકે ગયા.

## પાંડવ મોક્ષપ્રાપ્તિ.

હવે અનેક પ્રકારે તપસ્યા કરનારા પાંડવો વસુધામંડળને વિષે વિહાર કરતા કરતા ધર્મઘોષ મુનિની સાથે રૈવતક શિલોચ્ચયથી બાર યોજન દૂર રહેલા હસ્તિકલ્પ નગરમાં આવ્યા. ત્યાં સૂર્યોદયે ચારણશ્રમણમુનિના મુખથી ભવ્યાબ્જભાનુ ભગવાનનો નિર્વાણ સાંભળી શોકાકાન્ત થઈ બોલ્યા. અહો આપણા મનના મનોરથ મનમાંજ રહ્યા. આપણે શિવાનંદનનું વંદન કરી શકયા નહિ, અરિહંત અનાહાર થયા માટે આપણે પણ આહાર લેવો અયુક્ત છે. એમ અવધારણા કરી રૈવત શિખરી જમણો મૂકી સિદ્ધાચલ તરફ વળ્યા. ત્યાં અનશન કરી અનુક્રમે ઘાતિકકર્મનો ક્ષય કરી કુંતીમાતાની સાથે અંતકૃત્ કેવળી થઇ, ધર્મઘોષ મુનિ પ્રમુખ વીસ ક્રોડ સાધુ સાથે તેજ પર્વતે પાંચમી ગતિ પામ્યા. દ્રૌપદી પણ કાળ કરી બ્રહ્મદેવલોકમાં ઉત્પંન થઇ; ત્યાંથી મનુષ્યના અવતારમાં આવી અષ્ટમી ગતિ પામશે.

હવે નારદ દ્વારિકાનો દાહ ને યાદવોનો ક્ષય સાંભળી શત્રુંજય ગિરિ આવી પોતાના અવિરતિપણાની અવગણના કરતો સુરપતિસેવિત પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવને નમસ્કાર કરી, અનશન કરી તેજ શિખરે કેવળજ્ઞાન પામી શિવનગરમાં સીધાવ્યો. એવી રીતે અનંત નારદો આ શત્રુંજયે સિદ્ધિવધૂને વર્યા છે, ને આગામિકાળમાં પણ વરશે, તથા અવિચલ લીલાવિલાસ ભોગવશે.





# શ્રીગીરનાર માહાત્મ્યની ટીકા.

## પંચપરમેષ્ઠિના ગુણ.

તીર્થંકરના ૧૨ ગુણ.—૪ અતિશય; જ્ઞાનાતિશય, વચનાતિશય, પૂજાતિશય, ને અપાયાપગમાતિશય. ૮ પ્રાતિહાર્ય.

**अशोकवृक्षः सुरपुष्पवृष्टि र्दिव्यध्वनि श्चामरमासनंच ।**
**भामंडलंदुंदुभि रातपत्रंसत्प्राति हार्याणिजिनेश्वराणाम् ॥**

અર્થ.—૧. અશોક એટલે આસોપાલવનું ઝાડ. ૨. દેવના ફુલની વૃષ્ટિ. ૩. દેવાંશી અવાજ. ૪. ચામર. ૫. સિંહાસન. ૬. ભામંડલ. ૭. દુંદુભિ. ૮. છત્ર. એ તીર્થંકરના ઉત્તમ પ્રાતિહાર્ય છે. (એટલે પ્રતિહાર જાણે આવીને ઉભા રહેતા હોય એવી રીતે તીર્થંકર પાસે જોવામાં આવે છે). અપાયાપગમાતિશયના બે પ્રકાર છે. ૧. સ્વાશ્રયી. ૨. પરાશ્રયી. સ્વાશ્રયીના બે ભેદ છે. ૧. દ્રવ્યથી. ૨. ભાવથી. દ્રવ્યથી સર્વ રોગ ક્ષય પામે છે; ને ભાવથી નીચેના અઢાર દોષ નાશ પામે છે.

**अंतरायादान लाभवीर्य भोगोपभोगगाः**
**हासो रत्यरति भीतिर्जुगुप्सा शोकएवच. ॥**
**कामोमिथ्यात्वमज्ञानं निद्राचाविर तिस्तथा.**
**रागद्वेषौ चतौदोषौतेषा मष्टादशाप्यमी ॥**

આઠ પ્રાતિહાર્યની માગધી ગાથા—

किंकिल्लि कुसुमवुठ्ठि देवझ्झुणि चामरासणाईच।
भांवलय भेरिछत्तं जयति जिण पाडिहेराइं॥

સિદ્ધના આઠ ગુણ-૪. અનંત ચતુષ્ટય—અનંતજ્ઞાન. અનંત દર્શન. અનંતચારિત્ર. અનંતવીર્ય. ૫. અક્ષય. ૬. અરૂપી. ૭. અગુરૂ-લઘુ. ૮. અવ્યાબાધ.

## गाथा.

नाणं च दंसणं चेव अव्वाबाहं तहेव सम्मत्तं।
अख्खयठिइ असवी अगुरुलहुवीरियं हवइ.॥

આચાર્યના ૩૬ ગુણ—પાંચ ઇંદ્રિયને વશ રાખે, નવવિધ બ્રહ્મચર્ય પાળે, ચાર કષાય ટાળે, પાંચ મહાવ્રત સંયુક્ત, પંચવિધ આચાર પાળવામાં સમર્થ, પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિધારક, એ પ્રમાણે ૩૬ ગુણ છે. માગધીમાં નીચે પ્રમાણે છે.

पंचिंदिअ संवरणो,
तहनवविह बंभचेर गुत्तिधरो॥
चउविह कसायमुक्को,
इय अठारसगुणेहि संजुत्तो॥१॥
पंचमहव्वयजुत्तो,
पंचविहायार पालण समथ्थो॥
पंचसमिओ तिगुत्तो
छत्तीसगुणो गुरुमझ्झ॥२॥

ઉપાધ્યાયના ૨૫ ગુણ. ૧૧ અંગ તથા ૧૪ પૂર્વ જાણે. કુલ ૨૫ ગુણ.

સાધુના ૨૭ ગુણ—પાંચ મહાવ્રત. રાત્રિભોજન. છ કાયરક્ષા. પાંચ ઇંદ્રિયની રક્ષા. અલોભ. ક્ષમા. શુદ્ધ ભાવના. પ્રતિલેખનાદિ શુદ્ધ ક્રિયા. ત્રણ ગુપ્તિ. બાવીસ પરીષહસહન. મરણાંત ઉપસર્ગ સહન ગુણ.

## २७ गुणनी गाथा.

छव्वय छक्कायरक्खा,
पंचिंदिय लोहनिग्गहो खंति ॥
भावविसोहि पडिले;
हणाय्य करणे विसुद्धिय. ॥१॥
संयमजोएजुत्तो,
अकुसलमण वय कायसंरोहो॥
सीयाइ पीडसहणं,
मरणं उवसग्ग सहणंच ॥२॥

# खटद्रव्य.

ખટદ્રવ્ય—૧. ધર્માસ્તિકાય એટલે ચલન સ્વભાવ. જેથી જળમાં મચ્છની માફક જીવ તથા પુદ્ગલ હાલી ચાલી શકે છે. દ્રવ્યથી એક છે. ક્ષેત્રથી ચૌદરાજ લોક વ્યાપી છે. અસંખ્ય પ્રદેશી છે. કાળથી અનાદિ અનંત છે. ને ભાવથી વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ નથી.

૨. અધર્માસ્તિ કાય.—એટલે સ્થિર સ્વભાવ. જેથી જમીનમાં મચ્છની માફક જીવ તથા પુદ્ગલ સ્થિર રહે છે. તે ધર્માસ્તિકાયની માફક દ્રવ્ય, ક્ષેત્ર, કાળને ભાવથી સમજવો.

૩. આકાશાસ્તિકાય.—એટલે એક પ્રદેશથી બીજા પ્રદેશ જતાં જે અવકાશ આપે છે તે. ક્ષેત્રથી ચૌદરાજ લોક ને અનંત અલોક વ્યાપ્ત છે. અર્થાત્ અનંત પ્રદેશી છે; ને દ્રવ્ય, કાળ ને ભાવથી ધર્માસ્તિકાય પ્રમાણે છે.

૪. કાળ—ક્ષેત્રથી અઢી દ્વીપમાં છે. ને દ્રવ્ય, કાળ ને ભાવથી ધર્માસ્તિકાય પ્રમાણે.

૫. પુદ્ગલાસ્તિકાય—દ્રવ્યથી અનંત છે. ક્ષેત્રથી ધર્માસ્તિકાય પ્રમાણે ચૌદરાજલોકમાં છે. કાળથી સાદિસાંત છે. ને ભાવથી વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ છે.

૬. જીવાસ્તિકાય—દ્રવ્યથી અનંત છે. ક્ષેત્રથી ચૌદરાજલોકમાં છે. કાળથી અનાદિ અનંત છે. ને ભાવથી વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ નથી.

આ છ દ્રવ્યમાં પહેલા પાંચ અજીવ છે. ને છેલ્લો જીવ છે. પુદ્ગલરૂપી છે. ને બાકીના પાંચ અરૂપી છે. અજીવ બદલાઇને જીવ થતો નથી; ને જીવ બદલાઇને અજીવ થતો નથી. આકાશ ક્ષેત્ર છે બાકીનાં પાંચ ક્ષેત્રી છે. જીવ ને અજીવ અનિત્ય છે. બાકીના ચાર નિત્ય છે. આ છએ દ્રવ્યમાં કોઇ પણ દ્રવ્ય બીજા દ્રવ્યમાં તદ્રૂપપણે થતું નથી.

## સાતનય.

નામ—નૈગમ. સંગ્રહ. વ્યવહાર. શબ્દ. ઋજુસૂત્ર. સમભિરૂઢ. એવંભૂત.

દાખલા. ૧.—કોઇ પુરૂષ ડગલો શીવડાવવા માટે દરજીને ત્યાં જતો હોય તે પહેલાં કાપડીઆની દુકાને જતાં માર્ગમાં મળેલા મિત્રને કહે કે, હું ડગલો શીવડાવવા જાઉછું, તો તે કહેવું નૈગમ નયના આધારે ખરૂં છે. કારણકે કાપડીઆની દુકાને લુગડું ખરીદ કરીને પછી તેનો ડગલો શીવડાવવાનો ઇરાદો છે.

૨. કોઈ પુરૂષ બીજાને કહે કે, હું તને લાડુ જમાડીશ, તો લાડુની સાથે ભાત, દાળ, શાક વીગેરે સમજાઈ જાય છે, માટે સંગ્રહનયના આધારે તે કહેવું ખરૂં છે.


૩. નિશ્ચય વાત કોરે મૂકીને આચાર અથવા વ્યવહારનો આધાર લઇ કોઇને કંઇ કહેવું હોય, તો તે વ્યવહારનય કહેવાય. જેમ કોઇ કહેશે કે, ગાયને મારવાથી હિંસા થાય છે, તો તે વ્યવહારે ખરૂં છે. કારણકે ગાયનો જીવ તેના ખોળીયા અથવા પુદ્ગળથી જૂદો પડે છે. પણ જો કોઇ એમ કહે કે, ગાયને મારવાથી જીવહિંસા ન થાય. તો તે નિશ્ચયતાના આધારે ખરૂં છે. કારણકે જીવ અમર છે, જીવ મરતોજ નથી. માટે જીવહિંસા થતી નથી. માત્ર જીવ તેના શરીરથી જૂદો પડે છે. તેથી જીવને જે દુઃખ થાય છે તેનેજ હિંસા કહેલી છે.

૪. શબ્દનયના ચાર ભેદ છે. ૧ નામ. ૨ સ્થાપના. ૩ દ્રવ્ય. ૪ ભાવ. એ ચારના આધારે જે બોલવું તે શબ્દનય છે.

૫. જેવું ભોળપણથી મનમાં આવે તેવું કહેવું તે ઋજુસૂત્રનય કહેવાય છે. જેમ કોઇ શ્રાવકમાં સાધુના ગુણ હોય તો તેને સાધુ કહેવો, તે ઋજુસૂત્રના આધારે ખરૂં છે.

૬. સમભિરૂઢનય જ્યારે કાંઇ અશ ઓછો હોય, તો પણ પૂર્ણતાથી કહેવું હોય તે વખતે વપરાય છે. જેમ, અયોગ્ય કેવળી સિદ્ધ થવાનો છે, તેથી અયોગી કેવળીને સિદ્ધ કહેવો તે સમભિરૂઢના આધારે ખરૂં છે.

૭. સ્ત્રી ઘડામાં પાણી ભરીને જતી હોય, ત્યારેજ તેને ઘડો કહેવો, પણ ખાલી ઘડો પડ્યો હોય તેને ઘડો ન કહેવો, એ એવંભૂતનય કહેવાય છે.



# નવતત્વ.

જૈન નવ તત્વનાં નામ—જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, ને મોક્ષ. તેની માગધી ગાથા નીચે પ્રમાણે.

**जीवाजीवा पुण्णंपावा सवसंवरो अनिझ्झरणा॥**
**बंधो मुक्खो अतहा नवतत्ता हुंतिनायव्वा॥**

અનુક્રમે નવે તત્વોના ભેદની ગાથા.

**चउदस चउदस वायालीसा वासीया हुंति बायाला।**
**सत्तावणबारस चउनव भेया कमेणासिं ॥**

એટલે જીવના ૧૪. અજીવના ૧૪. પુણ્યના ૪૨. પાપના ૮૨. આશ્રવના ૪૨. સંવરના ૫૭. નિર્જરાના ૧૨. બંધના ૪. ને મોક્ષના ૯. કુલ નવે તત્વના ૨૭૬ ભેદ થાય છે.


જીવના વિવિધ ભેદ જીવ વિચારમાં આપેલા છે; તેમાં ૧૪ ભેદ પણ આપેલા છે.

અજીવના ૧૪ ભેદ. મૂળ ભેદ છ દ્રવ્યમાંના પાંચ છે. પણ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, ને આકાશાસ્તિકાય. એ દરેકના સ્કંધ, દેશ, ને પ્રદેશ એવા ત્રણ ભેદ છે, તથા પુદ્ગલાસ્તિકાયના સ્કંધ દેશ, પ્રદેશ ને પરમાણું એવા ચાર ભેદ છે; તથા કાળનો એકજ ભેદ છે, એટલે સર્વ મળી ૧૪ ભેદ થયા.

પુણ્યના ભેદ—નીચેના નવ પ્રકારે પુણ્ય બંધાય છે. ૧ આણ=અન્ન. ૨. પાણ=પાણી. ૩ થેણ=સ્થાન. ૪ સેણ=શયન માટે પાટ વીગેરે. ૫ વથ્થ=વસ્ત્ર. એ પાંચનું દાન દેવું. ૬ મને કરી શુભ સંકલ્પ કરવા. ૭ વાચાએ કરી સ્તુતિ વિગેરે કરવું. ૮ કાયાએ કરી સેવા વિગેરે કરવું. ૯ હસ્તાદિકે કરી નમસ્કાર વિગેરે કરવું. બેતાલીસ પ્રકારે પુણ્ય ભોગવાય છે; તે કર્મ વિચારમાં આવશે.

પાપના ભેદ—નીચેના અઢાર પ્રકારે પાપ બંધાય છે. પ્રાણાતિપાત. મૃષાવાદ. અદત્તાદાન. મૈથુન. પરિગ્રહ. ક્રોધ. માન. માયા. લોભ. રાગ. દ્વેષ. કલહ. અભ્યાખ્યાન. પૈશુન્ય. રતિઅરતિ. પરપરિવાદ. માયામૃષાવાદ. ને મિથ્યાત્વશલ્ય. બ્યાશી પ્રકારે પાપ ભોગવાય છે; તે કર્મવિચારમાં આવશે.

આશ્રવના ભેદ—જે માર્ગે તળાવમાં પાણી આવે છે, તે નાળું કહેવાય છે; તેમ જેણે કરીને આત્મામાં કર્મ આવે છે, તે આશ્રવ કહેવાય છે. પાંચ ઇંદ્રિય. ચાર કષાય. પાંચ અવ્રત. ને ત્રણ યોગ એ સત્તર આશ્રવના ભેદ છે. તેમાં ૨૫ ક્રિયાઓ મેળવીએ, એટલે ૪૨ ભેદ આશ્રવના થાય છે.



# आश्रवनी २५ क्रियानां नाम.

૧ કાયિકી=કાયાથી થાય તે. ૨ અધિકરણિકી=જેથી આત્મા, નરકાદિકગતિમાં જવા અધિકારી થાય. ૩ પ્રદ્વેષિકી=અધિક દ્વેષવાળી. ૪ પરિતાપનિકી=જીવને સંતાપ દેવો તે. ૫ પ્રાણાતિપાતિકી=હિંસાની. ૬ આરંભિકી=ગૃહાદિકના આરંભની. ૭ પરિગ્રહીકી=પરિગ્રહની. ૮ માયાપ્રત્યયિકી=માયાની. ૯ મિથ્યાત્વ પ્રત્યયિકી=મિથ્યાત્વની. ૧૦ અપ્રત્યાખ્યાનિકી=અપચખાણની. ૧૧ દૃષ્ટિકી=જોવાની. ૧૨ સ્પૃષ્ટિકી=સ્પર્શની. ૧૩ પ્રાતિત્ય પ્રત્યયિકી=પારકી વસ્તુની. ૧૪ સામંતોપનિપાતિકી=સર્વ દિશાએથી આવવાની. ૧૫ નૈસૃષ્ટિકી=બીજાની આજ્ઞાથી પાપનું કામ કરવું તે. ૧૬ સ્વહસ્તિકી=પોતાના હાથની. ૧૭ આજ્ઞાપનિકી=બીજા ઉપર આજ્ઞા કરી કરાવવી તે ક્રિયા. ૧૮ વિદારણિકી=જીવાજીવને વિદારવાની. ૧૯ અનાભોગિકી=ઉપયોગ રાખ્યા વિના કરેલી. ૨૦ અનવકાંક્ષા પ્રત્યયિકી=ઉભયલોક વિરૂદ્ધ ક્રિયા. ૨૧ પ્રયોગિકી=મન, વચન, કાયા, એ ત્રણના યોગે કરેલી સર્વ ક્રિયા. ૨૨ સમુદ્ધાનકી=જેથી આઠે કર્મ બંધાય એવી. ૨૩ પ્રેમ પ્રત્યયિકી=પ્રેમની માયાને લોભે કરીને કરેલી. ૨૪ દ્વેષિકી=ક્રોધ ને માને કરીને કરેલી=જેથી બીજાને દ્વેષ થાય. ૨૫ ઈર્યાપથિકી=ચાલવાથી થાય તે.

સંવરના ભેદ—૫ સમિતિ. ૩ ગુપ્તિ. ૨૨ પરિસહ. ૧૦ પ્રકારે યતિધર્મ. ૧૨ ભાવના ને પાંચ પ્રકારે ચારિત્ર. એમ ૫૭ ભેદ સંવરના થાયછે.

૫ સમિતિ—૧ ઈર્યા=નીચી દૃષ્ટિ રાખી જયણાથી ચાલવું. ૨ ભાષા=પાપ વગરનું બોલવું, તથા નિરવદ્ય ચેષ્ટા. ૩ એષણા=૪૨ દોષ ટાળી આહાર લેવો તે. ૪ આદાનનિક્ષેપણા=ભૂમી પ્રમાર્જીને આ-

સંન પ્રમુખ લેવું કે મૂકવું તે. ૫ પરિષ્ઠાપનિકા-મલ મૂત્રાદિક ઉપયોગપૂર્વક પરઠવવું તે.

૩ ગુપ્તિ—મન, વચન, ને કાયા, એ ત્રણને ગોપવાં કે રોધવાં તે.

૨૨ પરિસહ—૧ ક્ષુધા. ૨ તૃષા. ૩ શીત. ૪ ઉષ્ણ. ૫ ડાંસ. ૬ વસ્ત્ર. ૭ અરતિ. ૮ સ્ત્રી. ૯ ચર્યા (ચાલવું). ૧૦ નિષેધ. ૧૧ શય્યા. ૧૨ આક્રોશ. ૧૩ વધ. ૧૪ યાચના. ૧૫ અલાભ. ૧૬ રોગ. ૧૭ તૃણ સ્પર્શ. ૧૮ મળ. ૧૯ સત્કાર. ૨૦ પ્રજ્ઞા. ૨૧ અજ્ઞાન. ૨૨ સમ્યક્ત્વ.

૧૦ પ્રકારે યતિધર્મ—ક્ષમા, માર્દવ, આર્જવ, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચન, બ્રહ્મચર્ય. ૧૨ ભાવના–૧ અનિત્યભાવના. ૨ અશરણભાવના. ૩ સંસારભાવના. ૪ એકત્વભાવના. ૫ અન્યત્વભાવના. ૬ અશુચિત્વભાવના. ૭ આશ્રવભાવના. ૮ સંવરભાવના. ૯ નિર્જરાભાવના. ૧૦ લોકસ્વભાવભાવના. ૧૧ બોધિદુર્લભભાવના. ૧૨ ધર્મભાવના.

૫ ચારિત્ર—૧ સામાયિક. ૨ છેદોપસ્થાપનીય. ૩ પરિહારવિશુદ્ધ. ૪ સૂક્ષ્મસંપરાય. ૫ યથાખ્યાત.

નિર્જરાના ભેદ–બાર પ્રકારે તપ કરવાથી કર્મની નિર્જરા થાય છે, માટે બાર ભેદ છે. છ બાહ્ય, ને છ અભ્યંતર.

બાહ્ય—૧ અનશન. ૨ ઉણોદરી (સ્ત્રી પુરૂષને અનુક્રમે ૩૨ ને ૨૮ કોળીઆનો આહાર હોય તેથી ઓછું ખાવું). ૩ વૃત્તિસંક્ષેપ (દ્રવ્ય ધારવાં). ૪ રસત્યાગ. ૫ કાયકલેશ. ૬ અંગોપાંગ ગોપવવાં. (સંલીનતા).

અભ્યંતર–પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન ને કાયોત્સર્ગ.

વૈયાવચ્ચ-વૈયાવૃત્ય. આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, રોગી, શિષ્ય, સાધર્મી, કુલ, ગણ ને સમુદાય. એ દસની અશન, પાન, વસ્ત્ર, પાત્ર, ઔષધ પ્રમુખે કરી યથાયોગ્ય સેવા કરવી.

સ્વાધ્યાયના ૪ પ્રકાર છે—૧ વાચના=વાંચવું. ૨ પૃચ્છના=પુછવું. ૩ પરિવર્તના=શીખેલું સંભારવું. ૪ અનુપ્રેક્ષા=અર્થનું ચિંતવન કરવું.

ધ્યાનના ૪ ભેદ છે—૧ આર્તધ્યાન=ઈષ્ટના વિયોગથી ને અનિષ્ટના સંયોગથી શોક કરવો તે. ૨ રૌદ્રધ્યાન=હિંસા, મૃષાવાદ, ચોરી, સ્વરક્ષણ, એનું ધ્યાન ધરવું. ૩ ધર્મધ્યાન=વીતરાગનાં વચન ઉપર સદ્દહણા (શ્રદ્ધાન=શ્રદ્ધા) કરવી વીગેરે. ૪ શુકલધ્યાન =શુભ ધ્યાન જે મોક્ષનો હેતુ છે. ધર્મધ્યાનં પણ મોક્ષનો હેતુ છે.

બંધના ભેદ—૧ પ્રકૃતિ ( કર્મનો સ્વભાવ ). ૨ સ્થિતિ ( જઘન્યથી અંતરમુહૂર્ત્ત; ઉત્કૃષ્ટતાથી સીતેર કોડાકોડી સાગરોપમ સુધી કર્મના કાલનું પ્રમાણ ). ૩ અનુભાગ ( કર્મનો રસ). ૪ પ્રદેશ ( કર્મનું પુદ્ગલ પરિમાણ ).



## दस अच्छेरां.

દસ અચ્છેરાં—વર્ત્તમાન ચોવીસીમાં ૧૯ મા તીર્થંકર મલ્લિનાથ સ્રીપણે હતા. તે પણ આ હુંડા અવસર્પિણીનું આશ્ચર્ય (અછેરૂં) છે. આ હુંડા અવસર્પિણીમાં દસ અચ્છેરાં થયાં તે નીચે પ્રમાણે.

### मनहर छंद.

વીર કેવળી ને ઉપસરગ ને ભિખુ કુળ,
મલ્લિજીન ત્રિયાવેદ વીરદેશના ગઈ;
કૃષ્ણ ને કપીલ વાસુદેવ નાદ શંખયુક્ત,
રવિશશી વિમાનમાં વીર વંદવા વહી.
યુગલનું રિપુ બળે મંસભક્ષ નર્કવાસ,
ચમરેંદ્રે કર્યો ઉત્પાત દેવલોક જઈ;
એકસમે સોંને આઠ, રીખભજી આદે સિદ્ધ,
સુવિધિ શીતળ વીચ અન્યની પૂજા થઈ.

**उवसग्ग गब्भहरणं, इथ्थी तिथ्थं अभाविया पुरिसा।**
**कण्हस्स अवर कंका, अवयरणं चंदसूरेण ॥**
**हरिवंस कुलुप्पत्ति, चमरुप्पाओअअठसयासिद्धा।**
**असंजयाणपूया, दसविझणंतेणकालेणं ॥**

એક તરફ મહાવીરસ્વામીનાં કર્મ ને બીજી તરફ બાકીના ત્રેવીસ તીર્થંકરોનાં કર્મ સરખાં હતાં. તેમજ મહાવીરસ્વામીના વખતમાં પાંચ અચ્છેરાં થયાં; ને બીજાં પાંચ અચ્છેરાં બાકીના ત્રેવીસ તીર્થંકરોના વખતમાં થયાં.

# जंबु[redacted]नी अतीत तथा अनागत चोवीशीना तथा जंबुऐरवतनी वर्त्तमान चोवीशीना तीर्थंकरनां नाम.

| અતીતચોવીશી. | અનાગત ચોવીશી. | જંબુ ઐરવતની વર્ત્ત-માન ચોવીશી. |
|---|---|---|
| કેવળજ્ઞાની. | પદ્મનાભ. | ચંદ્રાનન. |
| નિર્વાણી. | સુરદેવ. | સુચંદ્ર. |
| સાગર. | સુપાર્શ્વ. | અગ્નિષેણ. |
| મહાયશ. | સ્વયંપ્રભ. | નંદિષેણ. |
| વિમળનાથ. | સર્વાનુભૂતિ. | ઋષિદત્ત. |
| સર્વાનુભૂતિ. | દેવશ્રુત. | વ્રતધર. |
| શ્રીધર. | ઉદય. | સોમચંદ્ર. |
| શ્રીદત્ત. | પેઢાલ. | અર્થસેન. |
| દામોદર. | પોટ્ટિલ. | શતાયુષ. |
| સુતેજ. | સત્કીર્તિ. | શિવસુત. |
| સ્વામિનાથ. | સુવૃત. | શ્રેયાંસ. |
| મુનિસુવ્રત. | અમમ. | સ્વયંજલ. |
| સુમતિ. | નિઃકષાય. | સિંહસેન. |
| શિવગતિ. | નિષ્પુલાક. | ઉપશાંત. |
| અસ્તાંગ. | નિર્મમ. | ગુપ્તસેન. |
| નમીશ્વર. | ચિત્રગુપ્ત. | મહાવીર્ય. |
| અનિલ. | સમાધિ. | પાર્શ્વ. |
| યશોધર. | સંવર. | અભિધાન. |
| કૃતાર્થ. | યશોધર. | મરૂદેવ. |
| જીનેશ્વર. | વિજય. | શ્રીધરનાથ. |
| શુદ્ધમાત. | મલ્લજીન. | સામકંઠ. |
| શિવંકર. | શ્રીદેવ. | અગ્નિપ્રભ. |
| સ્યંદન. | અનંતવીર્ય. | અગ્નિદત્ત. |
| સંપ્રાત. | ભદ્રંકર. | વીરસેન. |

## मनुष्य क्षेत्रना द्वीप तथा समुद्रमां चंद्र, सूर्य, ग्रह, नक्षत्र ने ताराना संख्यानुं कोष्ठक.

| નામ. | ચંદ્ર. | સૂર્ય. | ગ્રહ. | નક્ષત્ર. | તારા કોડાકોડી. | |
|---|---|---|---|---|---|---|
| જંબુદ્વીપ. | ૨ | ૨ | ૧૭૬ | ૫૬ | ૧૩૩૯૫૦ | કોડાકોડી |
| લવણસમુદ્ર. | ૪ | ૪ | ૩૫૨ | ૧૧૨ | ૨૬૭૯૦૦ | ,, |
| ધાતકીખંડ. | ૧૨ | ૧૨ | ૧૦૫૬ | ૩૩૬ | ૮૦૩૭૦૦ | ,, |
| કાલોદધિ. | ૪૨ | ૪૨ | ૩૬૯૬ | ૧૧૭૬ | ૨૮૧૨૯૫૦ | ,, |
| પુષ્કરાર્ધ. | ૭૨ | ૭૨ | ૬૩૩૬ | ૨૦૧૬ | ૪૮૨૨૨૦૦ | ,, |
| કુલ. | ૧૩૨ | ૧૩૨ | ૧૧૬૧૬ | ૩૬૯૬ | ૮૮૪૦૭૦૦ | |

એક ચંદ્રની પછવાડે ૮૮ ગ્રહ, ૨૮ નક્ષત્ર, ને ૬૬૯૭૫ કોડાકોડી તારાનો પરિવાર ચાલે.



| નંબર | તીર્થંકરનું નામ. | માતાનું નામ. | પિતાનું નામ. | જન્મનગર. | યક્ષ. | યક્ષિણી. | ગર્ભમાસ દિવસ | શરીર ધનુષ્ય | લાંછન. | આયુષ વર્ષ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઋષભદેવ. | મરૂદેવા. | નાભિ. | વિનીતા. | ગોમુખ. | ચક્રેશ્વરી. | ૯—૪ | ૫૦૦ | વૃષભ=બળદ. | ૮૪ લાખ પુર્વ. |
| ૨ | અજીતનાથ. | વિજયા. | જીતશત્રુ. | અયોધ્યા. | મહાયક્ષ | અજીતબલા | ૮—૨૫ | ૪૫૦ | હસ્તિ=હાથી. | ૭૨ લાખ ,, |
| ૩ | સંભવનાથ. | સેના. | જીતારિ. | સાવથ્થી. | ત્રિમુખ. | દુરિતારિ. | ૯—૬ | ૪૦૦ | અશ્વ=ઘોડો. | ૬૦ લાખ ,, |
| ૪ | …ભિનંદન. | સિદ્ધાર્થા. | સંવર. | અયોધ્યા. | નાયક. | કાલિકા | ૮—૨૮ | ૩૫૦ | વાનર=વાંદરો | ૫૦ લાખ ,, |
| ૫ | સુમતિનાથ. | મંગલા. | મેઘ. | અયોધ્યા. | તુંબરૂ. | મહાકાલી. | ૯—૬ | ૩૦૦ | ક્રૌંચપક્ષી. | ૪૦ લાખ ,, |
| ૬ | પદ્મપ્રભુ. | સુસીમા. | શ્રીધર. | કૌસંબી. | કુસુમ. | શ્યામા. | ૯—૬ | ૨૫૦ | પદ્મ=કમલ | ૩૦ લાખ ,, |
| ૭ | સુપાર્શ્વનાથ. | પૃથ્વી. | પ્રતિષ્ઠ. | વાણારશી. | માતંગ. | શાંતા. | ૯—૧૯ | ૨૦૦ | સ્વસ્તિક=સાથીઓ. | ૨૦ લાખ ,, |
| ૮ | ચંદ્રપ્રભુ. | લક્ષ્મણા. | મહાસેન. | ચંદ્રપુરી. | વિજય. | ભૃકુટી. | ૯—[illegible] | ૧૫૦ | ચંદ્ર=ચાંદો. | ૧૦ લાખ ,, |
| ૯ | સુવાધિનાથ. | રામા. | સુગ્રીવ. | કાકંડી | અજીત. | સુતારકા. | ૮—૨૬ | ૧૦૦ | મગરમચ્છ. | ૨ લાખ ,, |
| ૧૦ | શીતળનાથ. | નંદા. | દ્રઢરથ. | ભદ્દિલપુર. | બ્રહ્મા. | અશોકા. | ૯—૬ | ૯૦ | શ્રીવચ્છ. | ૧ લાખ ,, |
| ૧૧ | શ્રેયાંસનાથ. | વિષ્ણુ. | વિષ્ણુ. | સિંહપુરી. | યક્ષેટ્. | માનવી. | ૯—૬ | ૮૦ | ખડ્ગી=ગેંડો. | ૮૪ લાખ વર્ષ. |
| ૧૨ | વાસુપૂજ્ય. | જયા. | વસુપૂજ્ય. | ચંપાપુરી. | કુમાર. | ચંડા. | ૮—૨૦ | ૭૨ | મહિષ=પાડો. | ૭૨ લાખ ,, |
| ૧૩ | વિમલનાથ. | શ્યામા. | કૃતવર્મા | કંપિલપુર. | ષણ્મુખ. | વિદિતા. | ૮—૨૧ | ૬૦ | વરાહ=શુકર. | ૬૦ લાખ ,, |
| ૧૪ | અનંતનાથ. | સુયશા. | સિંહસેન. | અયોધ્યા. | પાતાલ. | અંકુશી. | ૯—૬ | ૫૦ | શ્યેન=શીંચાણો પક્ષી. | ૩૦ લાખ ,, |
| ૧૫ | ધર્મનાથ. | સુવ્રતા. | ભાનુ. | રત્નપુરી. | કિન્નર. | કંદર્પા. | ૮—૨૬ | ૪૫ | વજ્ર | ૧૦ લાખ ,, |
| ૧૬ | શાંતિનાથ. | અચિરા. | વિશ્વસેન. | ગજપુર | ગરૂડ. | નિર્વાણી. | ૯—૬ | ૪૦ | મૃગ=હરણ | ૧ લાખ ,, |
| ૧૭ | કુંથુનાથ. | શ્રી. | સૂર. | ગજપુર. | ગંધર્વ. | બલા. | ૯—૫ | ૩૫ | છાગ=બકરો. | ૯૫ હજાર ,, |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮ | અરનાથ. | દેવી. | સુદર્શન. | ગજપુર. | યક્ષેટ. | ધારણી. | ૯—૮ | ૩૦ | નંદાવર્ત. | ૮૪ હજાર વર્ષ. |
| ૧૯ | મલ્લિનાથ. | પદ્માવતી. | કુંભ | મથુરા. | કુબેર. | ધરણપ્રિયા. | ૯—૭ | ૨૫ | કુંભ=કલશ. | ૫૫ હજાર,, |
| ૨૦ | મુનિસુવ્રત. | પ્રભા. | સુમિત્ર. | રાજગૃહી. | વરૂણ. | નરદત્તા. | ૯—૮ | ૨૦ | કૂર્મ=કાચબો. | ૩૦ હજાર,, |
| ૨૧ | નમિનાથ. | વપ્રા. | વિજય. | મથુરા. | ભૃકુટિ. | ગાંધારી. | ૯—૮ | ૧૫ | નીલોત્પલ=કાળું કમળ. | ૧૦ હજાર,, |
| ૨૨ | નેમિનાથ. | શિવા. | સમુદ્રવિજ(ય.) | સૌરિપુર. | ગોમેધ. | અંબિકા. | ૯—૮ | ૧૦ | શંખ=શંખલો. | ૧ હજાર,, |
| ૨૩ | પાર્શ્વનાથ. | વામા. | અશ્વસેન. | વાણારસી. | પાર્શ્વ. | પદ્માવતી. | ૯—૬ | ૯હાથ | ફણી=સર્પ. | ૧૦૦ વર્ષ. |
| ૨૪ | મહાવીરસ્વામી. | ત્રિશલા. | સિદ્ધાર્થ. | ક્ષત્રીકુંડ. | માતંગ. | સિદ્ધાયિકા. | ૯—૭ | ૭હાથ | સિંહ. | ૭૨ વર્ષ. |

वर्णनुं काव्य—रक्तौ तु पद्मप्रभवासुपूज्यौ।
तथा दोहरा—शुक्लौ तु चंद्रप्रभ पुष्पदंतौ
कृष्णौ पुनर्नेमिमुनी विनीलौ
श्री मल्लिपार्श्वौ कनकात्विषोन्ये. ॥१॥

પદ્મપ્રભુને વાસુપૂજ્ય, દો રાતા કહીએ; ચંદ્રપ્રભુ ને સુવિધિનાથ, દો ઉજવળ લહીએ. મલ્લિનાથને પાર્શ્વનાથ, દો નિલા નિરખ્યા; મુનિસુવ્રતને નેમિનાથ, દો અંજન સરિખા. સોળે જીન કંચન સમા, એવા જીન ચોવીશ; ધીર વિમળ પંડિત તણો, જ્ઞાનવિમળ કહે શીષ.

મોક્ષસ્થાન—ઋષભદેવ અષ્ટાપદ પર્વત ઉપર, વાસુપૂજ્ય ચંપાપુરીમાં, નેમિનાથ ગિરનાર ઉપર ને મહાવીરસ્વામી પાવાપુરીમાં મોક્ષે ગયા. બાકીના વીસ તીર્થંકરો સમેતશિખર અથવા પારસનાથ પર્વત ઉપર મોક્ષે ગયા.

વંશ—મુનિસુવ્રત ને નેમિનાથ એ બે તીર્થંકરો હરિવંશના હતા. બાકીના બાવીસ ઇક્ષ્વાકુ કુલના હતા.

પારણું—પ્રથમ તીર્થંકર ઋષભદેવે દીક્ષા લીધા પછી તરત તપ કરીને શેલડીના રસનો આહાર કર્યો છે. બાકીના તેવીસ તીર્થંકરોએ ક્ષીરભોજન કર્યું છે.

# ચોવીસ દંડકનો કોઠો.

| સંખ્યા. | નામ. | ઉત્કૃષ્ટ દેહમાન. | ઉત્કૃષ્ટ આયુ. | ઈંદ્રિય. | પ્રાણ. | પર્યાપ્તિ. |
|---|---|---|---|---|---|---|
| ૧ | સાત નારકી. (નું એકદંડક) | ૫૦૦ ધનુષ. | ૩૩ સાગરોપમ. | ૫ | ૧૦ | ૬ |
| ૧૧ | દસભવનપતિ. (નાં દસદંડક.) | સાત હાથ. | ૧ સાગર ઉપર. | ૫ | ૧૦ | ૬ |
| ૧૨ | પૃથ્વીકાય. | અંગુલનો અસંખ્યાતમો ભાગ. | ૨૨૦૦૦ વર્ષ. | ૧ | ૪ | ૪ |
| ૧૩ | અપ્કાય. | ,, ,, | ૭૦૦૦ વર્ષ. | ૧ | ૪ | ૪ |
| ૧૪ | તેઉકાય. | ,, ,, | ત્રણ દિન. | ૧ | ૪ | ૪ |
| ૧૫ | વાયુકાય. | ,, ,, | ૩૦૦૦ વર્ષ. | ૧ | ૪ | ૪ |
| ૧૬ | વનસ્પતિ. | ૧૦૦૦ યોજન. | ૧૦૦૦૦ વર્ષ. | ૧ | ૪ | ૪ |
| ૧૭ | બેઈંદ્રી. | ૧૨ યોજન. | ૧૨ વર્ષ. | ૨ | ૬ | ૫ |
| ૧૮ | તેઈંદ્રી. | ૩ ગાઉ. | ૪૯ દિવસ. | ૩ | ૭ | ૫ |
| ૧૯ | ચોરેંદ્રી. | ૪ ગાઉ. | ૬ માસ. | ૪ | ૮ | ૫ |
| ૨૦ | તિર્યંચ પંચેંદ્રી. | ૧૦૦૦ યોજન. | ૩ પલ્યોપમ. | ૫ | ૯ | ૬ |
| ૨૧ | મનુષ્ય. | ૩ ગાઉ. | ૩ પલ્યોપમ | ૫ | ૧૦ | ૬ |
| ૨૨ | વ્યંતર. | ૭ હાથ. | ૧ પલ્યોપમ | ૫ | ૧૦ | ૬ |
| ૨૩ | જ્યોતિષી. | ૭ હાથ. | ૧ પલ્યોપમ ઉપર એકલાખવર્ષ. | ૫ | ૧૦ | ૬ |
| ૨૪ | વૈમાનિક. | ૭ હાથ. | ૩૩ સાગરોપમ. | ૫ | ૧૦ | ૬ |

૧૦ પ્રાણ.—

पंचेंद्रियाणि त्रिविधं वलंच ।
उच्छ्वास निःश्वास मथान्य दायुः
प्राणा दशै ते भगवाद्भिरुक्ता ।
स्तेषां वियोगी करणं तु हिंसा ॥१॥

પાંચ ઇંદ્રિયો=સ્પર્શ, (ત્વચા, ફરસ,) જીંહા, ઘ્રાણ, નાસિકા, ચક્ષુ ને શ્રોત્ર (કાન.) ત્રણબળ=મનબળ, વચનબળ ને કાયાબળ. ઉચ્છવાસ નિશ્વાસ, (શ્વાસોશ્વાસ) ને આયુષ એ દસ પ્રાણ છે.

૬ પ્રયાપ્તિ=આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા ને મન. દેવતામાં જઘન્ય આયુષ ૧૦૦૦૦ વર્ષ છે. બાકીના દંડકોમાં જઘન્ય આયુષ અંતર મુહૂર્ત છે.



## ચોવીસ દંડકના ભેદનો સંગ્રહ.

નારકીના સાત ભેદ—રત્નપ્રભા, શર્કરપ્રભા. વાલુકપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમપ્રભા, તમતમપ્રભા. એ સાત ગોત્ર કહેવાય છે, તથા સાત નામ પણ છે. ઘમ્મા, વંસા, સેલા, અંજણા, રિઠ્ઠા, મઘા, માંઘવતી.

ભવનપતિના દશ ભેદ—અસુરકુમાર, નાગકુમાર, સુપર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિક્કુમાર, પવનકુમાર, સ્તનિતકુમાર. (સુપર્ણકુમારને માગધીમાં સુવર્ણકુમાર પણ કહે છે).

પૃથ્વીકાયના ભેદ—સ્ફટિક, મણિ, રત્ન, પ્રવાલ, હીંગળો, હરતાલ, મણસિલ, પારો. સાત ધાતુ–સોનુ, રૂપુ, તાંબુ, લોઢું, જસત, સીસુ, કથીર. પાષાણની જાતિ, અબરખની જાતિ, માટીની જાતિ, ખારની જાતિ, સુરમાની જાતિ, ઇત્યાદિ.

અપ્કાયના ભેદ—જમીનનું પાણી, આકાશનું પાણી, ઠારનું પાણી, વનસ્પતિનું પાણી, ઝાકળનું પાણી, ઘનોદધિનું પાણી. ઇ૦

તેઉકાયના ભેદ—અંગાર, જવાળા, મુર્મુર, ઉલ્કાપાત, કણિઆ, વિજળી, ઈત્યાદિ.

વાયુકાયના ભેદ—ઉદ્ભ્રમ, મંદ, ઉત્કલિત, મંડલિક, મુખશુદ્ધ, ગુંજવાયુ, ઘનવાત, તનુવાત, ઈત્યાદિ.

વનસ્પતિકાયના ભેદ—પ્રત્યેક વનસ્પતિ, બદામ, ખારેક, કેરી, ઇત્યાદિ. સાધારણ વનસ્પતિકાય–લસણ, ડુંગળી, સૂરણ, રતાળુ, લીલ, સર્વ કોમળ ફળ. ઇત્યાદિ.

પૃથ્વી, અપ, તેઉ, વાયુ, ને વનસ્પતિ. એ પાંચ સ્થાવર કહેવાય છે. બેઇંદ્રી, તેઇંદ્રી ને ચોરેંદ્રી એ ત્રણ વિકલેંદ્રી કહેવાય

છે. ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી, ને વૈમાનિક એ ચાર દેવતા કહેવાય છે. તિર્યંચ પંચેંદ્રી, ને મનુષ્ય, એ બંને પંચેંદ્રીમાં બુ બે પ્રકાર છે. સમૂર્છિમ ને ગર્ભજ. મનુષ્ય, તિર્યંચ, દેવ ને નારકી, એ ચાર ગતિ કહેવામાં આવે ત્યારે તિર્યંચમાં સ્થાવર ને વિકલેંદ્રીનો પણ સમાવેશ થાય છે.

બેઇંદ્રીના ભેદ—શંખ, કોડા, ગંડોળાં, [ પેટના મોટા કરમ ] જળો, અળશીયાં, ઝીણા કૃમિ, પોરા.

તેઇંદ્રીના ભેદ—કાનખજુરા, માંકણ, જુ, ઉધઈ, મંકોડા, ચેળ, ધીમેલ, ગધઇઆ, છાણના કીડા, ધનેરાં, કંથુઆ.

ચોરેંદ્રીના ભેદ—વીંછી, ભમરા, તીડ, માંખી, ડાંસ, મચ્છર, કસારી.

વિકલેંદ્રી જીવો તિર્યક્ [તીર્છા] લોકમાંજ છે. સ્થાવર જીવો સર્વ લોક વ્યાપિ છે.

તિર્યંચ પંચેન્દ્રીના ભેદ–જળચર, સ્થળચર, ખેચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ. વળી બે ભેદ છે. ૧ ગર્ભજ=માતાપિતાના સંયોગથી ઉપજે તે; તેને સંજ્ઞી પણ કહે છે. ૨. સમૂર્છિમ=માતાપિતાના સંયોગ વિના ઉપજે તે. તેને અસંજ્ઞી પણ કહે છે.

મનુષ્યના ભેદ–પંદર કર્મભૂમિના, ત્રીસ અકર્મભૂમિના, છપ્પન અંતરદ્વીપના. એમ ૧૦૧ ભેદ થાય છે. વળી બે ભેદ છે.=૧ સમૂર્છિમ માતપિતાના સંયોગ વિના ચૌદ સ્થાનમાં ઉપજે તે. તેમનું શરીર આંગળના અસંખ્યાતમા ભાગનું હોય છે; તથા આયુષ અંતરમુહૂર્તનું હોય છે. તથા તેમને સાત કે આઠ પ્રાણ હોય છે. ૨ ગર્ભજ.

જ્યારે સમૂર્છિમ શબ્દ એકલો વપરાય ત્યારે તિર્યંચપંચેંદ્રી ને મનુષ્ય એ બે જાતિના સમૂર્છિમ સમજવા ને જ્યારે ગર્ભજ એકલો વપરાય ત્યારે પણ એ બે જાતિના ગર્ભજ સમજવા. કારણ

કે દેવતા યૌવન સહિત શય્યામાં ઉપજે છે. ને નરકનો જીવ કુંભીમાં એટલે ઘડામાં ઉપજે છે. તેથી એ બંને ગર્ભજ નથી.

વ્યંતરના ભેદ ૮-પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરૂષ, મહોરગ, ગંધર્વ, એ વ્યંતર નામની પહેલી નિકાયના ભેદ છે.

બીજી નિકાયના એટલે વાણવ્યંતરના ભેદ ૮-અણપન્ની, પણપન્ની, ઋષિવાદિ, ભૂતવાદી, કંદી, મહાકંદી, કોહંડ, પતંગ.

જ્યોતિષીના ભેદ ૧૦—ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા. આ પાંચે બે પ્રકારના છે. ૧. ચર એટલે મનુષ્યક્ષેત્રનાં જેઓ મેરૂની આસપાસ ફરે છે. ૨. સ્થિર એટલે મનુષ્યક્ષેત્રની બહારના, જેઓ ફરતા નથી.

વૈમાનિકના ભેદ—મુખ્ય બે ભેદ. ૧ કલ્પ, ૨ કલ્પાતીત. કલ્પ એટલે આચારવાળા દેવલોક. તેના બાર ભેદ છે—સુધર્મા, ઈશાન, સનત્કુમાર, માહેંદ્ર, બ્રહ્મ, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુતઃ

કલ્પાતીત એટલે આચાર, વ્યવહાર, સ્વામિ, સેવક વિગેરેના સબંધ વગરના; તેના બે ભેદ—૧ ગ્રૈવેયક, ૨ અનુત્તર વિમાન. ગ્રૈવેયકના નવ ભેદ છે—સુદર્શન, સુપ્રતિષ્ઠ, મનોરમ, સર્વતોભદ્ર, વિશાલ, સૌમ્ય, સૌમનસ, પ્રિયંકર, આદિત્યઃ અનુત્તરના પાંચ ભેદ છે—વિજય, વિજયંત, જયંત, અપરાજીત, સર્વાર્થસિદ્ધ. એમ સર્વ મળી વૈમાનિકના ૨૬ ભેદ છે.

# देवताना विभाग.

દેવતાના ચાર ભેદ છે—ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી ને વૈમાનિક. આ ચારેના ભેદ ૨૪ દંડકમાં આવી ગયા છે. તે ઉપરાંત તિર્યક્ જૃંભક દેવોના દસ ભેદ છે. પાંચ ભરત ને પાંચ ઐરવત એ દસ ક્ષેત્રની મધ્યમાં આવેલા દસ વૈતાઢ્ય પર્વતના, માટે દસ ભેદ છે. વળી કિલવિષિયાના ત્રણ ભેદ છે. ૧ પહેલા તથા બીજા દેવલોક નીચેના. ૨ ત્રીજા દેવલોક નીચેના. ૩ સાતમા દેવલોક નીચેના. આ કિલવિષિયાદેવો મનુષ્યમાં જેમ ભંગી હોય છે તેમ નીચ જાતના છે. લોકાંતિક દેવોના નવ ભેદ છે. તેનાં નામ—સારસ્વત, આદિત્ય, વન્હિ, વરૂણ, ગર્દતોયક, તુષિત, અવ્યાબાધ, આગ્નેય, અરિષ્ટ. તે દસે ભેદ પાંચમા દેવલોકમાં રહે છે. પરમાધામિ દેવતાના પંદર ભેદ છે. તેનાં નામ–:(परमाधर्मी=परम+अधर्मी).

अंबे अंबरसी चेव सांबेय संबलवीय ।
रुदे विरुदे कालेय महाकाले तीया वरे ॥
असिपत्ते धणंकुंभे वालुअ वैरणीवीय ।
खरसरे महाघोषे एव पंनरस महंइआ ॥

अंबे=આકાશમાં ઉરાડે તેવા. अंबरसी=આકાશમાં ઉરાડીને ભાલા ઉપર ઝીલે તેવા. सांबेय=સાંબેલાં મારે તેવા. संबलवीय=વિશેષ સાંબેલાં મારે તેવા. रुदे=લોહી કાઢીને પાય તેવા. विरुदे=માંસ કાઢીને ખવરાવે તેવા. कालेय=કાળજું ખાઈ જાય. महाकाले=ઘણુંજ વિકાળ રૂપ કરનારા (સર્પ, વીંછી, વાઘ, વીગરેનાં.) असिपत्ते=તરવારથી મારે તેવા. धणुं=ધનુષથી મારે તેવા. कुंभे=

ઘડામાં રાંધે તેવા. વાલુઅ=ગરમ રેતીમાં ચલાવે તેવા. વૈરણી= પારૂ ને પરૂથી ભરેલી ઘણીજં ત્રાસદાયક વૈતરણી નંદીમાં ચલાવે તેવા. ખરસરે=ગધેડાજેવાં અવાજ કરે તેવા. મહાઘોષ=મોટા અ-વાજ કરનારા. એવી રીતે પરમાધામીના પંદર ભેદ છે. વળી દસ તિર્યક્ જૃંભકનાં નામ નીચે પ્રમાણે છે—અન્નજંભગા, પાની-યજંભગા, વસ્ત્રજંભગા, વેશ્મજંભગા, શય્યાજંભગા, પુષ્પજંભગા, ફળજંભગા, પુષ્પફળજંભગા, વિદ્યાજંભગા ને અવ્યક્તજંભગા. તેમનું સ્થાન ચિત્ર, વિચિત્ર, જમક, ને સમક એ ચાર દેવકૂટ દેવકુરૂ ને ઉત્તર કુરૂક્ષેત્રમાં છે તેની ઉપર, વૈતાઢ્ય ઉપર, તથાં કંચનગિરિ ઉપર છે. ઇંદ્ર જ્યારે વૈશ્રમણને આજ્ઞા કરે, ત્યારે ભગવંતના ઘરના વિશે સ્વનામાશ્રિત વસ્તુને પુરનારા છે. અર્થાત્ ઇંદ્રના લોકપાળના સેવકો છે. એમ સર્વ મળી ૯૯ ભેદ. તે પર્યાપ્ત ને અપર્યાપ્ત મળી ૧૯૮ ભેદ થાય છે. (દંડક તથા લઘુ સંઘયણીની છાપેલી ચોપડીમાં પરમાધામીના પંદર ભેદ નીચે પ્રમાણે છે—(અંબ, અંબરસી, શ્યામ, સંબલ, રૂદ્ર, ઉપરૂદ્ર, કાલ, મહાકાલ, અ-સિપત્ર, ધનુષ, કુંભી, કાલુ, વૈતરણી, ખરસ્વર, ને મહાઘોષ).

## देवतानुं सुख.

राज्ञा पृष्टोऽन्निकासूनुः स्थिति मारव्य द्विवौकसाम्
मनश्चिंतित कार्याणि सिद्धान्येव भवंतिच ॥१॥
सकल्प वृक्षाश्चारामा वापयः स्वर्णपंकजाः
देव्यश्चित्तानु वर्तिन्यो रुपवत्यः कलाविदः ॥२॥
यथादिष्ट विधातार स्त्रि दशाश्चाभियोगिकाः

इच्छया दिव्य संगीत नाटकाभिनयोत्सवाः ॥३॥
शाश्वतेषु विमानेषु रम्यरत्न गृहाणिच
सर्वशक्ति भृतो नित्यं परिवारे च नाकिनः ॥४॥
( परिशिष्ट पर्वणि षष्ठः सर्गः. )

## દેવતાની પરીક્ષા.

આંખ મટમટાવે નહીં, પૃથ્વીથી અદ્ધર રહે, ગળે નાંખેલી ફૂલની માળા કરમાય નહીં, પરસેવો વળે નહીં, મને કરીને કામ કરે, ઈત્યાદિ ચિન્હે કરીને દેવતા ઓળખાય છે.



## दंडकनां मुख्य द्वार.

શરીર, આયુષ, ઇંદ્રિય, પ્રાણ ને પર્યાપ્તિ. એ પાંચે દ્વાર ચોવીસ દંડકના કોઠામાં આપેલા છે. બાકીનાં મુખ્ય દ્વાર નીચે પ્રમાણે. ६ संघेणद्वार—સ્થાવર, વિકલેંદ્રીને, સમૂર્છિમ ને છેવટું સંઘેણુ હોય, નારકી તથા દેવતાને સંઘેણુ ન હોય, ગર્ભજને છ સંઘેણુ હોય. તેનાં નામ--વજ્રઋષભનારાચસંઘેણુ, ઋષભનારાચ સંઘેણુ, નારાચસંઘેણુ, અર્ધનારાચસંઘેણુ, કીલિકાસંઘેણુ, છેવટુંસંઘેણુ. પહેલા સંઘેણુવાળો મરણવશ થઇ મોક્ષે કે સાતમી નરકે જાય. ઋષભનારાચવાળો નવગ્રૈવેયક કે છઠ્ઠી નરક સુધી જાય. નારાચવાળો દસમા દેવલોક ને પાંચમી નરક સુધી જાય. અર્ધનારાચવાળો આઠમા દેવલોક ને ચોથી નરક સુધી જાય. કીલિકાવાળો છઠ્ઠા દેવલોક ને ત્રીજી નરક સુધી જાય. છેવટાવાળો ચોથા દેવલોક ને બીજી નરક સુધી જાય. (છેવટું=સેવાર્ત)

७ संज्ञाद्वार—આહાર, ભય, મૈથુન, ક્રોધ, માન, માયા, લોભ, લોક ને ઓઘ. એ દસ સંજ્ઞા પાંચે સ્થાવરને હોય. બાકીનાને પણ દસ હોય અથવા નીચે પ્રમાણે છ વધારાની હોય--સુખ, દુઃખ, મોહ, દુગંછા, શોક, ધર્મ.

८ कषायद्वार—ક્રોધ, માન, માયા ને લોભ. એ ચારે કષાય મોક્ષ વગરના સર્વ જીવને હોય છે.

९ संस्थानद्वार—ગર્ભજને છ સંસ્થાન હોય તેનાં નામ. સમચતુરસ્ત્ર, નગાહુપરિમંડલ, (न्यग्रोध) સાદિ, કુબ્જ, વામન ને હુંડક. દેવતાને સમચતુરસ્ત્રસંસ્થાન હોય છે. બાકીના સર્વ જીવોને માત્ર હુંડકસંસ્થાન હોય તેમાં પાણીનો પરપોટો (अपूकायने) સોયની

અણી, (तेउकायनें) મસુરની દાળ, (पृथ्वीकायने) ધ્વજા, (वायुकायने) એટલા આકાર હોય છે.

૧૦ लेश्याद्वार—પહેલી ને બીજી નરકે કાપોતલેશ્યા હોય. ત્રીજીમાં કાપોત ઘણી ને નીલ થોડી—ચોથીએ નીલ, પાંચમીએ નીલ ઘણી ને કૃષ્ણ થોડી. છઠ્ઠીએ કૃષ્ણ ને સાતમીએ મહાકૃષ્ણ હોય છે. ભવનપતિ, વ્યંતર, પૃથ્વી, અપ ને વનસ્પતિ એટલાને કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, એ ચાર હોય. તેઉ, વાયુ, વિકલેંદ્રી ને સમૂર્છિમ એટલાને કૃષ્ણ, નીલ, કાપોત એ ત્રણ હોય. ગર્ભજને છએ લેશ્યા હોય. જ્યોતિષી, સુધર્મા, ને ઈશાનમાં તેજો લેશ્યા હોય. સનતકુમાર, માહેન્દ્ર ને બ્રહ્મમાં પદ્મલેશ્યા ને બાકીના ૭ દેવલોક, ગ્રૈવેયક ને અનુત્તર એમાં શુકલ લેશ્યા હોય.

૧૧ गुणस्थानद्वार—સ્થાવર તથા સમૂર્છિમ મનુષ્યને માત્ર મિથ્યાત્વ ગુણઠાણો હોય. વિકલેંદ્રી તથા સમૂર્છિમ તિર્યંચપંચેન્દ્રીને પહેલા બે ગુણઠાણા હોય. અનુત્તરને માત્ર અવિરતિ ગુણઠાણો હોય. બાકીના સર્વ દેવ તથા નારકીને પહેલા ચાર ગુણઠાણા હોય. ગર્ભજ તિર્યંચપંચેંદ્રીને પહેલા પાંચ ને ગર્ભજ મનુષ્યને ચૌદે ગુણઠાણા હોય. તેનાં અનુક્રમે નામ—મિથ્યાત, સસ્વાદ, મિશ્ર, અવિરતિ, દેશવિરતી, પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વ, અનિવૃત્ત, સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સંયોગીકેવળી ને અયોગીકેવળી.

૧૨ सचेत अचेत आहारद्वार—નારકી તથા દેવતા અચેત આહાર લે, બાકીના સર્વ જીવો સચેત અચેત ને મિશ્ર એ ત્રણ પ્રકારનો આહાર લે.

૧૩ एक समये उपजवानो द्वार—નારકી, ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વિકલેંદ્રી, એટલામાં એક સમયે જઘન્ય એક બે કે

ત્રણ ઉપજે ને ઉત્કૃષ્ટ અસંખ્યાત ઉપજે. પૃથ્વી, અપ, તેઉ, વાયુ ને સમૂર્છિમ મનુષ્ય એમાં એક સમયમાં અસંખ્યાત જીવ ઉપજે ને વનસ્પતિમાં અનંત ઉપજે. ગર્ભજમનુષ્યમાં જઘન્ય એકને ઉત્કૃષ્ટા અસંખ્યાત ઉપજે. સર્વ વૈમાનિકમાં જઘન્ય એક ઉપજે, ને ઉત્કૃષ્ટ પહેલાથી આઠમા દેવલોક સુધી અસંખ્યાત ઉપજે, ને નવમાથી સર્વાર્થસિદ્ધ સુધી સંખ્યાત ઉપજે, ને તે મનુષ્યમાંથી આવી ઉપજે ને ચવીને મનુષ્યમાં જાય.

૧૪ च्यवनद्वार—ઉપજવાના દ્વારની માફક સમજવું.

૧૫ आहारजातिद्वार—નારકી, સ્થાવર ને ચારે પ્રકારના દેવ એટલા ઓજાહાર ને લોમાહાર લે. વિકલેંદ્રી. તથા પંચેદ્રી તિર્યંચ તથા મનુષ્ય એ કવલાહાર સુદ્ધાં ત્રણે આહાર લે. શરીરે ફરશે તે ઓજાહાર. રોમે ફરસે તે લોમાહાર. ને કોળીએ કરી લે તે કવલાહાર.

आहार इच्छाद्वार—નારકી, વિકલેંદ્રી, પંચેદ્રી, તિર્યંચ ને મનુષ્ય એટલાને જઘન્યતાથી સમયે સમયે ને ઉત્કૃષ્ટતાથી અંતર મુહૂર્તે આહાર લેવાની ઈચ્છા થાય. સ્થાવરને હમેશાં સમયેસમયે આહારઈચ્છા થાય. ને પલ્યોપમ વર્ષના આયુષવાળાને ૨ થી ૯ દિન સુધીમાં ઈચ્છા થાય. એક સાગરોપમ વર્ષના આયુષવાળાને એક હજાર વર્ષે ઇચ્છા થાય. એમ દર સાગરોપમે હજાર વર્ષ ચઢે એટલે ૩૩ સાગરોપમવાળા દેવને ૩૩ હજાર વર્ષે ઈચ્છા થાય.

कायस्थिति द्वार—( एकज दंडकमां) નારકી તથા દેવતા મરીને તેજ ભવમાં ઉપજે નહીં. મનુષ્ય તથા તિર્યંચપંચેંદ્રી પોતાના દંડકમાં ઉત્કૃષ્ટ સાત આઠ ભવ કરે. ચોઇંદ્રી સંખ્યાત માસ કરે. તેઇંદ્રી સંખ્યાત દિન કરે ને બેઇંદ્રી સંખ્યાત વર્ષ કરે. પૃથ્વી, અપ, તેઉ ને વાયુ એ ચાર સૂક્ષ્મ હોય તો જઘન્યતાથી અં-

તરમુહૂર્ત ને ઉત્કૃષ્ટતાથી અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કરે, ને બાદર હોય તો જઘન્ય અંતરમુહૂર્ત ને ઉત્કૃષ્ટ સીતેર કોડાકોડી સાગરોપમ કરે. પ્રત્યેક વનસ્પતિ જઘન્ય અંતરમુહૂર્ત્ત ને ઉત્કૃષ્ટ સીતેર કોડાકોડી સાગરોપમ કરે. સાધારણ વનસ્પતિમાં સૂક્ષ્મનિગોદ જઘન્ય અંતરમુહૂર્ત ને ઉત્કૃષ્ટ અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કરે. બાદરનિગોદજઘન્ય અંતરમુહૂર્ત ને ઉત્કૃષ્ટ સીતેર સાગરોપમ કરે. સૂક્ષ્મનિગોદ બાદરનિગોદપણે રહે તો જઘન્ય અંતરમુહૂર્ત ને ઉત્કૃષ્ટ અનંત ઉત્સર્પિણી અવસર્પિણી અથવા અઢી પુદ્ગલ પરાવર્તન કરે. સૂક્ષ્મ નિગોદબાદર નિગોદ પ્રત્યેક પ્રત્યેક થઇને કાયસ્થિતિ રહેતો અસંખ્યાત પુદ્ગલ પરાવર્તન થાય. અવ્યવહારરાશિમાં તો અનંત પુદ્ગલ પરાવર્તન થાય.

वेदद्वार—નારકી, વિકલેંદ્રી ને સમૂર્છિમ એ નપુંસક હોય. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી ને પહેલાં તથા બીજા દેવલોકના દેવતા સ્ત્રી તથા પુરૂષ હોય. બાકીના દસ દેવલોકના દેવતા, ગ્રૈવેયક, ને અનુત્તર માત્ર પુરૂષ હોય છે, તથા ગર્ભજપંચેદ્રીમાં ત્રણે વેદ છે. સ્ત્રીની ઇચ્છા થાય તે પુરૂષવેદ. પુરૂષની ઇચ્છા થાય તે સ્ત્રીવેદ. ને પુરૂષ ને સ્ત્રી બંનેની ઈચ્છા થાય તે નપુંસકવેદ.

विशेष आयुषद्वार—ઉત્કૃષ્ટ. સોનું ૧ હજાર વર્ષ. સુધા ૧૨ હજાર વર્ષ. વાલુક ૧૪ હજાર વર્ષ. મણુસિલ ૧૬ હજાર વર્ષ. શર્કરા ૧૮ હજાર વર્ષ. ખરપુઢવી ૨૨ હજાર વર્ષ.

गर्भज—જળચર, પૂર્વકોડી. ખેચર, પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. સ્થલચર, ૩ પલ્યોપમ. ઉરપરિસર્પ, પૂર્વકોડી. ભુજપરિસર્પ, પૂર્વકોડી. समुर्छिम—જળચર—પૂર્વકોડી. સ્થલચર–૮૪ હજાર વર્ષ. ખેચર–૭૨ હજાર વર્ષ. ઉરપરિસર્પ–૫૩ હજાર વર્ષ. ભુજપરિસર્પ–૪૨ હજાર વર્ષ.

પાંચમા આરાના જીવોનુ આયુષ-સિંહ તથા મત્સ્ય, ૧૦૦૦ વર્ષ. હાથી, મનુષ્ય, તથા સર્પ, ૧૨૦ વર્ષ. હંસ તથા કાક, ૧૦૦ વર્ષ. વ્યાઘ્ર તથા ખર, ૬૪. અશ્વ, ૪૮. ઉંટ, ભેંસ, ગાય, ૨૫. સીયાળ, હરણ, ૨૪. ઉંદર, ૨૦. ઘેટો, બકરો, ૧૬. કુતરો, બિલાડી, ૧૨. કીડી, ૧ વર્ષ. જુ, ૩ માસ. વીંછી, ૬ માસ. ચોરેંદ્રી, ૬ માસ.



# जीवविचार.

શુભઅશુભ કર્મનો કર્ત્તા, હર્તા ને ભોક્તા એવો ચેતનાલક્ષણ જીવ છે. તે દશ પ્રાણમાંથી ઓછામાં ઓછા ચાર પ્રાણનો ધરનાર છે.

જીવનાં મુખ્ય બે ભેદ છે. ૧ મુક્ત, એટલે સિદ્ધજીવો; જે આઠ કર્મથી છુટા થયા છે, અને જે ચૌદરાજલોકમાં સૌથી ઉંચે આવેલી સિદ્ધશિલા ઉપર અનંત અને અક્ષયસુખમાં બિરાજે છે. ૨ સંસારી, એટલે આઠ કર્મથી બંધાયેલા; જે ચૌદે રાજલોકમાં અનાદિ કાળથી દુઃખમાં ભમ્યા કરે છે.

સંસારી જીવોના બે ભેદ છે. ૧ ત્રસ, એટલે જેઓ હાલી ચાલી શકે છે, અર્થાત્ જેઓ તડકાથી છાંયડે ને છાંયડેથી તડકે જઈ આશ્રય લે છે. ૨ સ્થાવર, એટલે સ્થિર; જેઓ હાલી ચાલી શકતા નથી.

સ્થાવરના પાંચ ભેદ છે—પૃથ્વી, અપ, તેઉ, વાયું, વનસ્પતિ. ત્રસના ચાર ભેદ છે-બેઇંદ્રી, તેઇંદ્રી, ચૌરંદ્રિ, ને પંચેંદ્રી. મનુષ્ય, દેવતા, ને નારકી, એ ત્રણે પંચેંદ્રી જીવો છે. (આ સર્વેના ભેદ દંડકવિચારમાં આવી ગયા છે.

એકેંદ્રીને માત્ર સ્પર્શની ઇંદ્રી અથવા શરીર હોય છે. બેઇંદ્રીને જીભ વધારે, તેઇંદ્રીને નાકવધારે, ચૌરેંદ્રીને આંખ વધારે, ને પંચેંદ્રીને કાન વધારે હોય છે. સિદ્ધ જીવોના પંદર ભેદ છે. તેનાં નામ.—

જીન, અજીન, તીર્થ, અતીર્થ, ગૃહસ્થલિંગ, સ્વલિંગ, અન્યલિંગ, સ્રીલિંગ, પુરૂષલિંગ, નપુંસકલિંગ, પ્રત્યેકબુદ્ધ, સ્વયંબુદ્ધ, બોધબોધિત, એકસિદ્ધ, અનેકસિદ્ધ. * એકેંદ્રીને આહાર, શ-

* आहार शरीर इंदिय पज्झत्ती आणपाण भासमणे ।
चउपंचपंच छाप्पिअ इगविगलासन्निसंन्नीणं ॥१॥

પર્યાપ્તિ-પુદ્‌ગલના ભેગા થનાથી જે શકિત થાય છે, ને જે પુદ્‌ગલનું પરિણમન કરવામાં હેતુભૂત છે, તે પર્યાપ્તિ કહેવાય છે.

રીર, ઇંદ્રી ને શ્વાસોશ્વાસ, એ ચાર પર્યાપ્તિ હોય છે. બેઇંદ્રી, તેઇંદ્રી, ચોરેંદ્રી ને સમૂર્છિમ, એ જીવોને ભાષા પર્યાપ્તિ વધારે હોય છે. ને ગર્ભજને છએ પર્યાપ્તિ હોય છે; એટલે મન વધારે હોય છે. જે જીવને જેટલી પર્યાપ્તિ હોય છે, તે જીવને તેટલી પર્યાપ્તિ પૂરેપૂરી મળે તો એવો જીવ પર્યાપ્તો કહેવાય છે; ને અધુરી મળે, અથવા પૂરેપૂરી મળ્યા વગર મરણવશ થાય, તો અપર્યાપ્તો કહેવાય છે.

સંસારી જીવના ૫૬૩ ભેદ છે. તેમાં ૧૪ નારકીના, ૪૮ તિર્યંચના, ૧૯૮ દેવતાના ને ૩૦૩ મનુષ્યના ભેદ છે. તે નીચે પ્રમાણે—સાત નરકના પર્યાપ્તા ને અપર્યાપ્તા મળીને ૧૪ નારકી થયા. ૫ સૂક્ષ્મસ્થાવર, ને ૫ બાદરસ્થાવર. ૧ પ્રત્યેક વનસ્પતિ, ૧ સાધારણ વનસ્પતિ. ૩ વિકલેંદ્રી, પાંચ ગર્ભજપંચેંદ્રી ને પાંચ સમૂર્છિમ પંચેંદ્રી એ પચીસ થયા. ને વનસ્પતિ શિવાય ત્રેવીસ પર્યાપ્તા ને અપર્યાપ્તા એમ ૪૮ ભેદ તીર્યંચના થયા. દેવતાના ૧૯૮ ભેદ દંડકવિચારમાં આપેલા છે. વળી તેમાં મનુષ્યના ૧૦૧ ભેદ આવેલા છે. તે સમૂર્છિમ મર્યાપ્તા ને અપર્યાપ્તા, તથા ગર્ભજ, એમ ત્રણ ગુણા કરતાં ૩૦૩ ભેદ થયા.

સર્વ જીવમાં ચેતના સરખી છે. કીડી તથા કુંજરનો જીવ સરખો છે, પણ નાનો મોટો નથી. વળી સર્વ જીવો અસંખ્યાત પ્રદેશી છે, તે માટે એક ભેદ પણ થાય. મોક્ષજીવ, ને સંસારી જીવ, એમ સર્વ જીવોના બે ભેદ છે. તથા ત્રસ ને સ્થાવર એમ સંસારીજીવોના બે ભેદ છે. પુરૂષ, સ્ત્રી, ને નપુંસક, એ ત્રણ લિંગ અથવા વેદે કરીને ત્રણ ભેદ છે. અથવા અધોલોક, તીર્છાલોક, ને ઉર્ધ્વલોક, એમ પણ ૩ ભેદ થાય છે. મનુષ્ય, તિર્યંચ, નરક, ને દેવ, એ ચાર ગતિએ કરીને જીવના ચાર ભેદ

છે. એકેંદ્રી, બેઈંદ્રી, તેઇંદ્રી, ચોરેંદ્રી ને પંચેંદ્રી એમ ઇંદ્રીએ કરીને પાંચ ભેદ છે.

પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ને ત્રસકાય એમ કાયાએ કરીને જીવના છ ભેદ છે. તથા પ્રત્યેક ને સાધારણ એમ વનસ્પતિના બે ભેદ કરીએ તો જીવના સાત ભેદ થાય છે. અથવા સૂક્ષ્મ, સ્થાવર, બાદરસ્થાવર, બેઈંદ્રી, તેંઈંદ્રી, ચોરેંદ્રી, સંજ્ઞીપંચેંદ્રી, તથા અસંજ્ઞીપંચેંદ્રી, એમ પણ સાત ભેદ થાય છે. વળી આ સાતે પર્યાપ્તા ને અપર્યાપ્તા મળીને ૧૪ ભેદ થાય છે. ૫ સૂક્ષ્મસ્થાવર, ૫ બાદરસ્થાવર, ૧ પ્રત્યેક વનસ્પતિકાય, ૧ સંજ્ઞીપંચેંદ્રી, ૧ અસંજ્ઞીપંચેંદ્રી, તથા ત્રણ વિકલેંદ્રી, એ સોળ ભેદ પણ થાય છે. વળી તે સોળે પર્યાપ્તા ને અપર્યાપ્તા મળી ૩૨ ભેદ થાય છે.

જ્યારે જીવ એક ભવથી બીજા ભવમાં જાય છે, ત્યારે કાર્મણ, ને તેજસ, એ બે શરીર, તથા આયુપ્રાણ, એ ત્રણ તેની સાથે રહે છે, તેથી તે શરીરવડે પ્રથમ આહાર પર્યાપ્તિ બાંધે છે.



# अजीवविचार.

છ દ્રવ્યમાં આપેલાં અજીવના પાંચ મૂળભેદ છે. તથા નવતત્વમાં આપેલા અજીવના ૧૪ ભેદ છે, પણ તેમાંથી સર્વ મળી ૫૬૩ ભેદ થાય છે, તે નીચે પ્રમાણે—

કાળો, પીળો, લીલો, ધોળો ને રાતો, એ પાંચ રંગ (અથવા રૂપ અથવા વર્ણ) છે. સુરભિ ને અસુરભિ, એ બે ગંધ છે. તીખો, કડવો, ખાટો, કસાયલો*, ને મીઠો, એ પાંચ રસ છે. હળવો, ભારે, સુંવાળો, બરછટ, લૂખો, ચોપડયો, ટાઢો ને ઉનો એ આઠ સ્પર્શ છે. વાટલો, ગોળ, ત્રંસ (ત્ર્યંસ=ત્રિકોણ), ચોરસ ને દીર્ઘ એ પાંચ સંસ્થાન છે. સર્વ મળી પચીસ થયા. તેમાં પાંચે રૂપ ને બાકીના વીસનો સબંધ કરવાથી એટલે પાંચને વીસે ગુણવાથી ૧૦૦ થયા. તેમજ બંને ગંધને બાકીના તેવીસે ગુણવાથી ૪૬ થયા. પાંચે રસને બાકીના વીસે ગુણવાથી ૧૦૦ થયા. આઠે સ્પર્શને તેવીસે ગુણવાથી ૧૮૪ થયા. ને પાંચે સંસ્થાનને બાકીના વીસે ગુણવાથી ૧૦૦ થયા. સર્વ મળી ૫૩૦ થયા. વળી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, ને આકાશ એ દરેકના ખંધ, દેશ, ને પ્રદેશે કરીને ૯ ભેદ થયા. તેમાં કાળ મળ્યો એટલે ૧૦ થયા. તથા એ ચારે દ્રવ્યના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ને ગુણે કરીને ૨૦ ભેદ થયા. એટલે સર્વ ૩૦ ભેદ થયા. તે ઉપરના ૫૩૦ ભેદમાં મેળવવાથી કુલ ૫૬૦ ભેદ અજીવના થાય છે. જીવથી પરમાણું (જે અજીવ છે તે) અનંતગુણાં છે. આપણા શરીરમાં સમયે સમયે અનંતપરમાણું ભળે છે, ને અનંતપરમાણું તેમાંથી જતાં રહે છે.

* કસાયલામાં ખારારસનો પણ સમાવેશ થાયછે.

# समवसरण.

તીર્થંકર જ્યાં ઉપદેશ દેવાના હોય ત્યાં ચાર પ્રકારના દેવતાઓ એક યોજન લંબાઇ પહોળાઇનું ચોરસ કે ગોળ સમવસરણ કરેછે. પ્રથમ વાયુકુમારદેવો એક યોજનપ્રમાણ પૃથ્વીને શુદ્ધ કરે છે. પછી મેઘકુમારદેવો સુગંધ જળની વૃષ્ટિ કરે છે. પછી વ્યંતરદેવો સમવસરણના ભૂતલમાં રત્નશિલાઓ પાથરે; તથા છત્રધ્વજયુક્ત ચાર તોરણ ચાર દિશાએ બાંધે, પછી વૈમાનિકદેવો મધ્યમાં મણિના કાંગરાવાળો રત્નનો ગઢ કરે, તેની આસપાસ જ્યોતિષીદેવો રત્નના કાંગરાવાળો સુવર્ણનો ગઢ કરે. તેની આસપાસ ભવનપતિદેવો સુવર્ણના કાંગરાવાળો રૂપાનો કોટ કરે, ને માણેકની પુતળીઓવાળા ચાર દરવાજા ચારે દિશાએ કરે. વ્યંતરદેવો ચારે દિશાએ ચાર વાપી કરે. તથા વચલા સોનાના ગઢમાં ઇશાન ખૂણે તીર્થંકરને પહેલી પોરસી પૂર્ણ થયા પછી વિશ્રાંતિ લેવા દેવચ્છંદો કરે (જ્યાં ઉત્તર દિશાની દ્વારથી નીકળીને પોતે આવે છે. તે વખતે મુખ્ય ગણધર પાંદપીઠ ઉપર બેસીને દેશના દે છે). પછી રત્નગઢમાં વચે ચૈત્ય વૃક્ષથી શોભતું રત્નસિંહાસન કરે; તથા ત્રણ શ્વેત છત્ર કરે; ને ચરણપીઠ કરે; ને તેની પાસે માણેકનો ધ્વજ કરે. ત્યાર પછી છએ ઋતુના અધિષ્ઠાયક વ્યંતરદેવો જળસ્થળનાં પુષ્પોની (વૃંત નીચે રહે એવી રીતે) વૃષ્ટિ કરે. ત્યાર પછી નવકમળમાં પગ મૂકી ભગવાન સમવસરણમાં આવે. તેમનો ધર્મોપદેશ શ્રવણ કરવા બાર પરખદા ( सं. पर्षद् ) બેસે તેની વિગત.—

પૂર્વ દક્ષિણ એટલે અગ્નિકોણે છેક અંદરના ગઢમાં ગણધર બેસે, તેની પાછળ કેવળજ્ઞાની બેસે, તેની પાછળ મનઃપર્યયજ્ઞાની, તેની પાછળ અવધિજ્ઞાની ને તેની પાછળ સામાનિક મુનિઓ બે-

સે. વળી તેજ કોણુમાં વૈમાનિક દેવીઓ ને સાધ્વીઓ પણ બેસે. તે સર્વે પૂર્વદિશાએથી સમવસરણમાં આવે. દક્ષિણ પશ્ચિમ એટલે નૈર્ઋતકોણે ભવનપતિ, જ્યોતિષી ને વ્યંતર એ ત્રણે પ્રકારની દેવીઓ બેસે. તે સર્વે દક્ષિણદિશાએથી સમવસરણમાં પેસે.

પશ્ચિમ ઉત્તર એટલે વાવ્યયકોણે ભવનપતિ, વ્યંતર ને જ્યોતિષીદેવો, એ ત્રણ પર્ષદા પશ્ચિમદિશાએથી પ્રવેશ કરી બેસે.

પૂર્વ ઉત્તર એટલે ઈશાનકોણમાં વૈમાનિકદેવ, મનુષ્ય ને મનુષ્યની સ્ત્રીઓ ઉત્તર દિશાએથી આવીને બેસે. એ પ્રમાણે બાર પર્ષદા પ્રથમ ગઢમાં બેસે. બીજા ગઢમાં તિર્યંચ બેસે. ને ત્રીજા ગઢમાં વાહન રહે.

**मुणिवेमाणीयसमणीभवणजोइवणदेवतियं**
**कप्पइसुरनरथ्थितियांचिट्ठइगेयाइंविदिसा**
**(रत्नसंचय. ३९).**

આવશ્યક વૃત્તિ પ્રમાણે ચારે પ્રકારની દેવીઓ તથા સાધ્વીઓ એ પાંચ પર્ષદા ઉભી રહીને દેશના સાંભળે છે. પણ આવશ્યક ચૂર્ણિને આધારે વૈમાનિક દેવી ને સાધ્વી એ બે પર્ષદા ઉભી રહે છે. બાકીની પર્ષદા બેસીને તીર્થંકરની વાણી સાંભળે છે.

સમવસરણ જમીનથી વીસ હજાર હાથ ઉંચુ હોય છે. એટલે સૌથી બહારના ગઢને ચઢવાનાં એક હાથ ઉંચાં તથા એક હાથ પહોળાં એવાં દશ હજાર પગથીઆં હોય છે. ત્યાર પછી પચાસ ધનુષની સમભૂમી હોય છે. ને ત્યાર પછી બીજા ગઢમાં ચઢવાનાં પ્રથમના જેવાં પાંચહજાર પગથીઆં આવે છે. તે ચઢી રહ્યા પછી પચાસ ધનુષની બીજી સમભૂમી આવે છે. ત્યાર પછી સૌથી ઉંચા ત્રીજા ગઢ ઉપર ચઢવાનાં પાંચ હજાર પગથીઆં આવે છે. એ

રીતે કુલ વીસ હજાર પગથીઆં આવે છે. ચારે દિશાનાં થઈને સર્વે એંસી હજાર પગથીઆં થાય છે. સૌથી ઉંચા ગઢના મધ્ય ભાગમાં ત્રણ પગથીઆંની બસેં ધનુષ લાંબી પહોળી ને તીર્થંકરના શરીરના પ્રમાણમાં ઉંચી મણિવેદિકા હોય છે. ત્યાં બેશીને ભગવાન ધર્મ-દેશના આપે છે.

તે વેદિકા અથવા પીઠિકાના મધ્ય ભાગમાં તીર્થંકરના શરી-રથી બારગુણું ઊંચું અશોકવૃક્ષ હોય છે.

તે ચૈત્ય વૃક્ષ કહેવાય છે, એક યોજન ઉપરાંત પહોળું હોય છે. આ હીસાબે ગણતાં ઋષભદેવને ત્રણ ગાઉનું અશોકવૃક્ષ હતું. મહાવીરસ્વામીને ૨૧ ધનુષનું ચૈત્યવૃક્ષ હતું. તે ઉપર ૧૧ ધનુ-ષનું શાલવૃક્ષ હતું, કુલ ૩૨ ધનુષ હતું. વળી કોઇ શાસ્ત્રમાં ૩૬ ધનુષનું વૃક્ષ પણ વીર ભગવાનનું કહેલું છે.

અશોકવૃક્ષના મૂળની ચારે બાજુએ ચાર સિંહાસન તથા ચાર પાદપીઠ હોય છે. દરેક સિંહાસન ઉપર ત્રણ છત્ર હોય છે. ને દરેક બાજુએ એક એમ આઠ ચામરધારક હોય છે.

રૂપાના ગઢના સોનાના કાંગરાની ઉપર ચારે દિશાએ ચાર ધર્મ ચક્ર હોય છે. ને ગઢની બહાર ચારે દિશાએ હજાર યોજનના દંડવાળા તથા ગજ સિંહાદિ લક્ષણ અને નાની ધ્વજાઓથીયુક્ત ચાર મહા ધર્મ ધ્વજ હોય છે.

ચોરસ સમવસરણને દરેક ખૂણે બબે વાવ હોય છે ને ગોળ સમવસરણને દરેક ખૂણે એકેક વાવ હોય છે.

પહેલા તીર્થંકરનું સમવસરણ ૧૨ યોજન (૪૮ કોસ) લાંબું પહોળું હોય છે. ત્યાર પછીના દરેક તીર્થંકરે બબે કોસ ઘટે, એટલે બીજા તીર્થંકરનું ૪૬ કોસ થાય છે. એ પ્રમાણે ગણતાં શ્રીનેમિનાથનું સમવસરણ છ કોસનું હતું, પણ પાર્શ્વનાથનું પાંચ

કોસનું ને મહાવીરસ્વામીનું ચાર કોસનું હતું, એટલું વિશેષ છે.

જ્યોતિષી દેવ સમવસરણ રચે તો ઉત્કૃષ્ટતાથી ૧૫ દીન સુધી રહે. સુધર્મા ઇંદ્રિનું રચેલું આઠ દીન રહે. ઈશાનેંદ્રનું ૧૫ દીન રહે. સનતકુમારનું એક માસ રહે. માહેંદ્રનું બે માસ રહે. બ્રહ્મેંદ્રનું ૪ માસ રહે ને સામાનિક દેવનું ત્રણ દીન રહે. સર્વે દેવતાનું જઘન્યથી એક દીન (અહોરાત્રિ) રહે.

અભ્યંતર દુર્ગને એક દ્વારે સોમ નામે પીતવર્ણ વૈમાનિકદેવ હાથમાં ધનુષ લઇને પ્રતિહાર તરીકે ઉભો રહેછે.

બીજે દ્વારે યમ નામે શ્વેતવર્ણ વ્યંતરદેવ દંડ લઇ ઉભો રહેછે.

ત્રીજે દ્વારે વરૂણ નામે રક્તવર્ણ જ્યોતિષદેવ પાશ લઇ ઉભો રહેછે.

ચોથે દ્વારે ધનદ નામે શ્યામવર્ણ ભવનપતિદેવ ગદા લઇ ઉભો રહેછે:


મધ્ય દુર્ગને એક દ્વારે જંયા નામે શ્વેતવર્ણદેવી યુગલ અભય શસ્ત્ર લઇ ઉભું રહેછે. બીજે દ્વારે વિજયા નામે રક્તવર્ણદેવી યુગલ અંકુશ લઇ ઉભું રહેછે. ત્રીજે દ્વારે અજીતા નામે પીતવર્ણદેવી યુગલ પાશ લઇ ઉભું રહેછે. ચોથે દ્વારે અપરાજીતા નામે નીલવર્ણદેવી યુગલ મકરશસ્ત્ર લઇ ઉભું રહેછે. બાહ્યદુર્ગે તુંબરૂ, પુરૂષ, ખટ્વંગ, ને અર્ચિમાલ નામના ચાર દેવ ચાર દ્વારે પ્રતિહાર તરીકે ઉભા રહેછે.

કોઇ મહર્દ્ધિક દેવતા અથવા ઇંદ્ર પોતે કરવા ધારે તો તે એકલો પણ સમવસરણ કરી શકેછે.

સમવસરણની આસપાસ બાર યોજન ફરતાં કોઇ સાધુ હોય, ને તે સમવસરણમાં ભગવંતની વંદના નિમિત્તે ન આવે તો તેને પ્રાયશ્ચિત લાગે છે.

૧ યોજન ચોરસ સમવસરણનો દરેક ગઢ ૧૦૦ ધનુષ પહોળો હોયછે. બાહ્ય ગઢનું પહોળપણું ચાર ગાઉમાં ગણવાનું નથી. એ ગઢની ચાર બાજુના ૪૦૦ ધનુષ ગણવા. પહેલા તથા બીજા ગઢની બાજુનું મળીને દોઢ કોસનું અંતર છે. ને બીજા ને ત્રીજા ગઢની બે બાજુનું મળીને એક કોસનું અંતર છે. ત્રીજા ગઢનો મધ્ય ભાગ એક કોસ ને ૧૬૦ ધનુષ હોયછે; એટલે સર્વ મળીને ચાર ગાઉ થઈ રહેછે.


ઉપર પ્રમાણેના સમવસરણમાં તીર્થંકર પૂર્વ દિશાએથી પ્રવેશ કરેછે. ને પ્રદક્ષિણા દઇને नमोतिथ्थस्स કહી ચતુર્વિધસંઘને પ્રણામ કરેછે. ને પછી પૂર્વ દિશા તરફના સિંહાસન ઉપર બેસે છે તેજ સમયે વ્યંતરેંદ્ર બાકીની ત્રણ દિશાના સિંહાસન ઉપર સાક્ષાત્ તીર્થંકર જેવાં ત્રણ પ્રતિબિંબ સ્થાપન કરેછે.



# જિંનાલયની ૮૪ આશાતના.

૧ પાન સોપારી ખાવી. ૨ પાણી પીવું. ૩ ભોજન કરવું. ૪ પગરખાં પહેરી રાખવાં. ૫ મૈથુન સેવવું. ૬ પથારી કરી સૂવું. ૭ થુંકવું તથા ગળફો નાંખવો. ૮ પેસાબ કરવો. ૯ ઝાડે જવું. ૧૦ જુગટું રમવું. ૧૧ અનેક પ્રકારની ક્રીડા કરવી. (ખણવું વિગેરે). ૧૨ કોલાહલ કરવો. ૧૩ ધનુર્વેદાદિ કળાનો અભ્યાસ કરવો. ૧૪ કોગળા કરવા. ૧૫ ગાળ દેવી. ૧૬ શરીર ધોવું. ૧૭ વાળ ઉતારવા. ૧૮ નખ ઉતારવા. ૧૯ લોહી નાંખવું. ૨૦ મીઠાઈ વગેરે નાંખવી. ૨૧ ચામડી ઉતારવી. ૨૨ પિત્ત કાઢવું. ૨૩ ઉલટી કરવી. ૨૪ દાંત કાઢી નાંખવા. ૨૫ વિસામો લેવો. ૨૬ ગાય ભેંશ બાંધવી. ૨૭ દાંતનો મેલ નાંખવો. ૨૮ આંખનો મેલ નાંખવો. ૨૯–૩૪ નખ, ગાલ, નાક, માથું, કાન, ચામડીનો મેલ નાંખવો. ૩૫ મંત્રાદિ પ્રયોગ કરવો. ૩૬ વિવાદ માટે એકઠા થવું. ૩૭ કાગળ લખવા. ૩૮ થાપણ મૂકવી. ૩૯ ભાગ પાડવા. ૪૦ પગ ઉપર પગ ચડાવી બેસવું. ૪૧ છાણાં થાપવાં. ૪૨–૪૫ કપડાં, દાળ, પાપડ, વડી સુકવવી. ૪૬ સંતાઇ જવું. ૪૭ રોવું. ૪૮ વિકથા કરવી. ૪૯ શસ્ત્રાસ્ત્ર ઘડવાં. ૫૦ તિર્યંચ રાખવાં. ૫૧–૫૩ તાપણી, રસોઇ, સોનાદિકની પરીક્ષા કરવી. ૫૪ નિસહી ન કહેવી. ૫૫ છત્ર ધારણ કરવું. ૫૬ શસ્ત્ર રાખવાં. ૫૭ ચામર વીંજાવવાં. ૫૮ મન એકાગ્ર ન કરવું. ૫૯ મર્દન કરવું. ૬૦ સચિત્તનો ત્યાગ ન કરવો. ૬૧ અચિત્તનો ત્યાગ કરવો. ૬૨ હાથ ન જોડવા. ૬૩ એક સાડી ઉતરાસંગ ન કરવું. ૬૪–૬૫ મુગટ તોરા રાખવા. ૬૬ પાઘડીનો અવિવેક કરવો. ૬૭ હોડ કરવી. ૬૮ ગેડી દડે રમવું. ૬૯ જુહાર કરવા. ૭૦ ભાંડ ચેષ્ટા કરવી. ૭૧ તિરસ્કાર કરવો. ૭૨ લાંઘવા બેસવું.

૭૩ સંગ્રામ કરવો. ૭૪ કેશનો વિસ્તાર કરવો. ૭૫ પગ બાંધી બેસવું. ૭૬ ચાખડીઓ પહેરવી. ૭૭ પગ લાંબા ઘાલવા. ૭૮ પીપુડી વગાડવી. ૭૯ કાદવ કરવો. ૮૦ અંગની ધૂળ ઉડાવવી. ૮૧ ગુહ્ય ભાગ પ્રગટ કરવો. ૮૨ વેપાર કરવો. ૮૩ વૈદું કરવું. ૮૪ ન્હાવું. આ ૮૪માં જઘન્યથી પહેલી ૧૦ વર્જવી.



## પૂજા પ્રકરણ.

જેમ કોઈ પુરૂષને પોતાની માતા, પિતા કે ગુરૂની છબી જોઇ આનંદ થાયછે, ને તેને મન, વચન, ને કાયાએ કરીને નમસ્કાર કરે છે; તથા પોતાની સ્ત્રીની મૂર્ત્તિ જોઇને કામ વ્યાપ્ત થાયછે; તેમજ પરમેશ્વરની શાંત મુદ્રાવાળી મૂર્ત્તિ જોઇને આપણને આનંદ ઉત્પન્ન થાયછે, એટલુંજ નહીં, પણ તેમના સદ્ગુણોનું અનુકરણ કરવાનું મન થાયછે. વળી આપણે જેમ જેમ વધારે ભાવથી તે પ્રતિમાને નિરંખીએ છીએ, તથા સ્તુતિ નમસ્કાર પૂજા આદિ પ્રકારથી તેનું બહુ માન કરીએ છીએ, તેમ તેમ આપણા આત્મામાં સદ્ગુણો ગ્રહણ કરવાની તથા સદાચરણથી ચાલીને મોક્ષ મેળવવાની ઇચ્છાના અંકુરો પ્રગટ થાય છે. પ્રતિમાનું દર્શન કરવાથી, તેની પૂજા કરવાથી, જે ઉત્તમ જીવનું તે પ્રતિબિંબ છે તેના ચરિત્રનું મનન કરવાથી, તથા આપણી જીંદગી પણ તેના જેવી ધર્મિષ્ઠ, દયાળુ, ને પરોપકારી થાય, ને આપણે પણ તેની પેઠે મોક્ષનાં અનંતસુખ મેળવીએ, એવી ભાવના ભાવવાથી આપણને કલ્યાણ થાયછે. ને પરંપરાએ તેના જેવી સ્થિતિએ પહોંચવાને આપણે લાયક થઈએ છીએ. પૂજાની વિધિ નીચે પ્રમાણે છે.

સવારે સાત વાગે કંદોરા સહિત શુદ્ધ વસ્ત્ર પહેરી પૂર્વ તરફ મોં રાખી ગાળેલા પાણીથી અચિત ને કોરી જગાએ ન્હાવું. શુદ્ધ રૂમાલને પાણીથી પ્રથમ પલાળી કપાળ, કાન, કોટ, કાખ, કાંડાં, કેડ, ને કચ્છો એ સાત કકાવાળા સ્થાનોમાંથી મેલ ઘશી નાંખી આખું શરીર લોહોવું. પછી ઘીની માફક થોડું થોડું પાણી લઇ સર્વ અંગ સારી રીતે સાફ કરી ટુવાલથી બરાબર લૂછવું. પછી શુદ્ધ કોરી કાંબળી પહેરીને પૂજા કરવાનું

લુગડું પહેરી ઉત્તરાસણ નાંખી આઠપડો મુખકોષ બાંધવો. તે ત્રણે વસ્ત્ર ઉજળાં તથા આખાં હોવાં જોઈએ. પછી કપાળે કેશરનો ચાંલ્લો કરી પૂજા કરવાના કેશરની વાડકી લઇ પ્રતિમા આગળ જઇ પ્રથમ દીપ, ધૂપ, કરી, જતના સહિત પૂજણી ફેરવીને શુદ્ધ ગાયનું દૂધ, દહીં, કેસર, પુષ્પ, ને પાણી, એ પંચામૃતથી પ્રક્ષાલન કરવું. પછી ત્રણ વાર અંગ લૂણુંથી પરમેશ્વરનું અંગ લોહવું. ને યોગ્ય અત્તર લગાડવું. પછી કેશરની વાડકી ધૂપાવીને ભગવંતના નવ અંગે નીચેના અનુક્રમે પૂજા કરવી. જમણા પગનો અંગુઠો ને પછી ડાબા પગનો અંગુઠો, જમણા પગની જાનુ ને ડાબા પગની જાનુ, જમણા હાથનું કાંડું ને ડાબા હાથનું કાંડું, જમણો ખભો, ડાબો ખભો, શિખા, કપાળ, કોટ, છાતિ, ને નાભિ. પછી ફૂલ ચડાવવાં, એ અંગપૂજા થઈ. પછી ઘેરથી લાવેલા ચોખાથી સાથીઓ કરી ફલ નૈવેદ ધરવું. એ અગ્રપૂજા થઇ. પછી ચૈત્યવંદન કરવું એ ભાવપૂજા થઈ. જળ, કેશર, ધૂપ, દીપ, પુષ્પ, અક્ષત, ફળ ને નૈવેદ્ય, એ આઠ પૂજાનાં દ્રવ્ય કહેવાય છે. તે સર્વ શુદ્ધ, ને ઉત્તમ રાખવાં. દેરાસરમાં દશત્રિક, સાત પ્રકારની શુદ્ધિ, ને ચોરાશી આશાતના ઉપર શ્રાવક ગ્રહસ્થોએ પૂર્ણ લક્ષ આપવું જોઈએ. ને તે બાબત ગુરૂના મુખથી ઉપદેશ સાંભળવા ચુકવું નહીં. મન, વચન, કાયા, વસ્ત્ર, ન્યાયોપાર્જીત ધન, ઉપકરણ, ને ભૂમિ એ સાત પ્રકારની શુદ્ધિ કહેવાય છે. ન્યાયોપાર્જીત ધનમાં ન્યાયથી મેળવેલા અલંકાર વિગેરેનો સમાવેશ થાય છે. ઉપકરણ એટલે લૂગડાં, કેશર, વાડકી, વિગેરે જે જે વસ્તુઓ પૂજામાં વપરાય છે તે. વળી પાંચ પ્રકારની પણ પૂજા કહેવાય છે.

### શ્લોક.

**पुष्पाद्यर्चा तदा ज्ञा च तद्द्रव्यपरिरक्षणं ।**
**उत्सवास्तीर्थ यात्राश्च भक्तिः पंच विधाजिने. ॥**

૧. પુષ્પાદિકથી પૂજા કરવી. ૨. જીનરાજની આજ્ઞા પાળવી. ૩. દેવદ્રવ્યનું રક્ષણ કરવું ૪. ઓચ્છવ કરવા. ૫. તીર્થયાત્રા કરવી. એવી પાંચ પ્રકારની જીનરાજની ભક્તિ છે.

**पूजया पूर्यते सर्वे पूज्यो भवति पूजया,**
**ऋद्धि वृद्धि करी पूजा पूजा सर्वार्थ साधिनी;॥**
**देवपूजा गुरूपास्तिः स्वाध्यायः संयमस्तपो,**
**दानंचेति गृहस्थानां षट्कर्माणि दिनेदिने. ॥**

દેરાસરમાં સાચવવાનાં દશત્રિક. (ત્રિક=ત્રણની સંખ્યા.) ૧ નિસિહી—દેરાસરના પહેલા બારણે ઘરનો વ્યાપાર છાંડવા રૂપ પ્રથમ નિસિહી કહેવી. બીજી ગભારે પેસતાં દેરાસરનો વ્યાપાર છાંડવા રૂપ કહેવી. ત્રીજી દ્રવ્યપૂજાનો વ્યાપાર છાંડવા રૂપ ચૈત્યવંદન પહેલાં કહેવી.

૨. જ્ઞાન, દર્શન, ને ચારિત્ર આરાધવા રૂપ ત્રણ પ્રદક્ષિણા દેવી.

૩. અંજલીબદ્ધ (બેહાથ જોડીને), અર્ધ વિનીત (કેડેથી વાંકા વળીને) ને પંચાંગ (માથું, બેહાથ, બે જાનું) જમીનપર અડકાડીને ત્રણ પ્રણામ કરવા.

૪. અંગ, અગ્ર ને ભાવ એ ત્રણ પ્રકારની પૂજા કરવી.

૫. નવણ કરતાં પિંડસ્થ (છદ્મસ્થ) અવસ્થા, પૂજા કરતાં પદસ્થ (અષ્ટ મહા પ્રાતિહાર્ય યુક્ત કેવળીની) અવસ્થા, ને કાઉસ્સગ કરતાં રૂપસ્થ (સિદ્ધ) અવસ્થા એ ત્રણ અવસ્થા ભાવવી.

૬. ઉંચું, નીચું, ને તીર્છું, અથવા પાછળ, જમણું, ને ડાબું જોયા વગર પરમેશ્વર સામે જોવું તે દિશાત્રિક.

૭. પગ મૂકવાની ભૂમી ત્રણવાર પૂંજવી.

૮. વર્ણત્રિક. લઘુ ભારે અક્ષર વિચારવો. તે અક્ષર આલંબન. ચૈત્યવંદનાદિ સૂત્ર ભણતાં અર્થ વિચારવો, તે અર્થાલંબન, ને ત્રીજું ભગવંતની પ્રતિમાનું આલંબન.

૯. મુદ્રાત્રિક. બે હાથ જોડી માંહે એકએકની વચ્ચે આંગળી રાખવી, તે યોગમુદ્રા. બે પગ વચ્ચે ચાર આંગળનું અંતર રાખી કાઉસ્સગ કરવો, તે જીનમુદ્રા. કમળના ડોડાને આકારે બે હાથ જોડી સ્તુતિ કરવી, તે મુક્તાશુક્તિમુદ્રા.

૧૦. ત્રણ પ્રણિધાન. જાવંતિ. ચેઈઆઈ, જાવંતિ કેવિસાહુ, ને જયવિયરાય, એ ત્રણ અથવા મન, વચન, કાયા, એ ત્રણની શુદ્ધિ રાખવી તે. એવી રીતે દશત્રિકનાં ૩૦ બોલ થયા. તે દેવાલય (જીનાલય) માં સાચવવા.

## પાંચ અભિગમન.

૧. સચિત ફળાદિ વસ્તુનું છાંડવું. ૨ અચિત વસ્ત્રાભરણાદિ ધારણ કરવું. ૩. એકાગ્ર ચિત્ત કરવું. ૪ અખંડ એક સાડી ઉત્તરાસણ (ઉત્તરાસંગ) કરવું. ૫. પ્રતિમા દેખી બે હાથ જોડી માથે લગાડવા.

રાજાનાં ૫ અભિગમન—છત્ર, ખડ્ગ, મુકુટ, મોજડી, ને ચામર એ પાંચ છાંડવાં.



## जीव अजीवनो संबंध.

છ દ્રવ્યમાં પાંચ અજીવ છે તેમાં પુદ્ગળ પણ છે. આકાશ લોક ને અલોક વ્યાપી છે. માટે અજીવ પણ લોકને અલોક વ્યાપી કહેવાય. છે. પણ જીવ તો ચૌદ રાજલોકમાંજ છે. અલોકમાં નથી. જીવ અનાદિકાળથી છે, ને અજીવ પણ અનાદિકાળથી છે. જીવ અનંત છે ને અજીવ પણ અનંત છે. ફેર એટલો છે કે જીવ કરતાં અજીવ અનંતગુણો છે. પણ અજીવ કરતાં જીવ અનંતગુણો નથી. પણ અનંતગુણો ઓછો છે. વધારે સહેલથી સમજણ પડે તેથી આપણે જીવને પુદ્ગળ સાથે સરખાવીએ. પુદ્ગળ અનંત છે. ને દરેક પુદ્ગળમાં અનંત પરમાણું છે. જીવને અસંખ્ય પ્રદેશ છે, ને દરેક પ્રદેશમાં સમયે સમયે અનંત પરમાણુંનો સ્પર્શ થાય છે. ને અનંતપરમાણુંનો વિયોગ થાયછે. એટલે બંધાઇને પછી ખરી પડે છે. જીવ ચેતનરૂપ છે. ને પુદ્ગળ જડરૂપ છે. જીવ અરૂપી છે ને પુદ્ગળ રૂપી છે. પણ જેમ કાષ્ઠમાં અગ્નિ છે, ને દૂધમાં ઘી છે, તેમ કાયામાં જીવ છે. પુદ્ગળ રૂપી દ્રવ્ય છે. તે પણ સૂક્ષ્મ સ્થિતિમાં જોવામાં આવતો નથી. તો જીવ અરૂપી દ્રવ્ય છે, તે કેમ જોવામાં આવે? અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતબળ વીગેરે જીવના ગુણો છે. તે પણ અનાદિકાળથી છે. ને કર્મ પણ અનાદિકાળથી જીવને લાગેલાં છે, તેથી તે ગુણો ઢંકાઈ ગયા છે. જેમ કોઈ વસ્તુ આઠ પડથી વીંટાયલી હોયછે, તેમ જીવ આઠ કર્મથી હમેશ વીંટાયલો હોયછે. આયુકર્મ શિવાય સાતે કર્મ જીવ સમયે સમયે બાંધેછે, ને છોડે છે. કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ, અને ઉદ્યમ, એ પાંચ કારણ દરેક જીવને લાગેલાં છે. જેમ એક જીવમાં અનંતજ્ઞાન વીગેરે ગુણો છે, તેમ

દરેક પરમાંણુંમાં એક વર્ણ, એક ગંધ, બે સ્પર્શ, એક રસ એ પાંચ ગુણો છે. જીવ એક શરીર મૂકી બીજા શરીરમાં જાય છે, ત્યારે તેની સાથે વૈક્રિય તથા કાર્મણ શરીર, ને આહારપર્યાપ્તિ, એ ત્રણ સાથે જાયછે.

# પરમાણું પ્રબંધ.

પુદ્ગલાસ્તિકાય એ ૭ દ્રવ્યમાંનું એક છે. પુદ્ગલદ્રવ્યના બે ભેદ છે, ૧. પરમાણું. ૨. સ્કંધ. સ્કંધના બે ભેદ છે. ૧. જીવસહિત એટલે જીવને લાગેલા. ૨. જીવરહિત એટલે જીવથી જૂદા. જેમકે, ઘડો. જીવસહિત સ્કંધના બે ભેદ છે. ૧. સૂક્ષ્મ, ૨. બાદર. પુદ્ગલની આઠ વર્ગણા એટલે વર્ગ કે જાતો કહેવાય છે, તેનાં નામ. ૧. ઉદારિક. ૨. વૈક્રિય. ૩. આહારક. ૪. તેજસ. આ ચાર બાદર કહેવાય છે. ને તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ને ૮ સ્પર્શ, એવા ૨૦ ગુણ છે. ૫. ભાષા, ૬. ઉચ્છ્વાસ, ૭. મન, ૮. કાર્મણ. એ ચાર સૂક્ષ્મ વર્ગણા છે. તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ને ૪ સ્પર્શ એમ ૧૬ ગુણ હોય છે. બે પરમાણું ભેગાં મળે તો દ્વયણુક સ્કંધ થાયછે. ત્રણ મળે તો ત્ર્યણુક. અસંખ્ય મળે તો અસંખ્યાણુક ને અનંત મળે તો અનંતાણુક સ્કંધ થાયછે. તે સર્વ જીવને ગ્રહણ યોગ્ય નથી. જ્યારે અભવ્ય જીવોથી અનંતગુણ પરમાણું ભેળાં થાય ત્યારે ઉદારિક શરીરને ગ્રહણ કરવા યોગ્ય વર્ગણા થાય. ઉદારિક વર્ગણાથી અનંતગુણ પરમાણું ભેળાં થાય ત્યારે વૈક્રિયવર્ગણા થાય. એમ અનંતગુણ પરમાણુંની દરેક ચઢતી વર્ગણાથાય છે. તેથી સર્વથી વધારે પરમાણું કાર્મણવર્ગણામાં હોય છે.



# कर्मविचार.

મન, વચન તથા કાયા એ ત્રણ યોગવડે આત્મા સાથે પુદ્ગલનો સંબંધ થાય, ત્યારે કર્મ કહેવાય છે. કોઇ પણ આત્માને અગર જીવને તે સંબંધ શરૂ કયારે થયો, તે કહી શકાય નહીં. કારણ કે, કર્મ તથા જીવ એ બંને અનાદિકાળથી સાથે હોયછે. જ્યારે જીવ કર્મથી છૂટો થાયછે, ત્યારે મોક્ષ પામેછે; અર્થાત્ સિદ્ધ થાયછે. કર્મ શુભ કે અશુભ હોયછે. શુભ કર્મ સોનાની બેડી સમાન છે; ને અશુભ કર્મ લોખંડની બેડી સમાન છે. દેવતાઓને સુખ ઘણું હોયછે, પણ તેઓ કર્મથી મુક્ત નથી; તેથી તે સિદ્ધ જીવો કહેવાતા નથી. નરકના જીવોને દુઃખ ઘણું હોય છે, તેથી તેઓ પણ કર્મરૂપી પાશમાં પડેલા છે. જ્યારે શુભ ને અશુભ એ બંને પ્રકારનાં કર્મ જીવના ભોગવટામાં આવેછે, ને જમે ઉધારનાં બંને પાસાં સરખાં થાયછે, ત્યારે જીવ, જન્મ, જરા ને મરણના દુઃખમાંથી છૂટીને મુક્તિ પામેછે. માત્ર મનુષ્યના ભવમાં જીવ મુક્તિ પામેછે. કારણ કે દેવતાના ભવમાં સુખમાં મગ્ન થઈ જાયછે, તેથી ત્યાં મુક્તિના સાધનોનો અભાવ હોયછે. મનુષ્યભવમાં કેવળજ્ઞાન થવાથી જીવ મોક્ષ પામે છે. જીવરૂપ દડી કર્મરૂપ ગેડીએ કરી ચાર ગતિ, ચોવીશ દંડક, ને ૮૪ લાખ યોનિમાં અનાદિકાળથી પરિભ્રમણ કરે છે. પણ સંસારનો પાર આવતો નથી.

કર્મના આઠ મુખ્ય ભેદ છે. તેનાં નામ—

જ્ઞાનાવરણી, દર્શનાવરણી, વેદની, મોહની, આયુ, નામ, ગોત્ર, ને અંતરાય. એ આઠ ભેદના ૧૫૮ ઉપભેદ છે. તેને ઉત્તરપ્રકૃતિભેદ કહેછે. તે નીચે પ્રમાણે—

૧. મતિ; શ્રુત, અવધિ, મનઃપર્યાય, ને કેવલ, એ પાંચ પ્રકારનાં જ્ઞાન છે. તેથી જ્ઞાનાવરણી કર્મની પાંચ પ્રકૃતિ છે.

૨. ચક્ષુ, અચક્ષુ, અવધિ, ને કેવળ, એ ચાર દર્શન કહેવાય છે. તથા નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, ને સ્ત્યાનગૃદ્ધિ, એ પાંચ પ્રકારની નિદ્રા કહેવાયછે. તેથી દર્શનાવરણીની નવ પ્રકૃતિ છે.

૩. સાતા ને અસાતા (શાંતિ ને અશાંતિ). એ બે પ્રકૃતિ વેદનીકર્મની છે.

૪. સોળ કષાય એટલે ક્રોધ, માન, માયા, ને લોભ, એ ચારે. સંજ્વલન, પ્રત્યાખાની, અપ્રત્યાખાની, ને અનંતાનુંબંધિ એ રીતે ચાર પ્રકારના હોયછે. તથા નવ નોકષાય એટલે હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા, (જુગુપ્સા) સ્ત્રીવેદ, પુરૂષવેદ, ને નપુંસકવેદ, એ પચીસ ચારિત્ર મોહની કહેવાયછે. તથા સમકિતમોહની, મિશ્રમોહની, ને મિથ્યાત્વમોહની, એ ત્રણ દર્શનમોહની કહેવાયછે. એ સર્વ મળી મોહનીકર્મની ૨૮ પ્રકૃતિ થાયછે.

૫. દેવતા, મનુષ્ય, તિર્યંચ, ને નરક, એ ચાર પ્રકાર આયુષના છે. માટે આયુકર્મની ચાર પ્રકૃતિ કહેવાયછે.

૬. છઠ્ઠા નામકર્મની ૧૦૩ પ્રકૃતિ છે. તે નીચે પ્રમાણે—

૪ ગતિ ( નરક, તિર્યંચ, મનુષ્ય ને દેવતા ); ૫ જાતિ (એકેંદ્રી, બેઇંદ્રી, તેઇંદ્રી, ચોરેંદ્રી ને પંચેંદ્રી. ); ૫ શરીર (ઉદારિક, વૈક્રિય, આહારક, તેજસ, ને કાર્મણ. ); ૩ અંગોપાંગ નિર્માણ [ ઉદારિક, વૈક્રિય ને આહારક ]; ૧૫ બંધન ( ઉદારિક,ઉદારિક, ઉદારિકતેજસ, ઉદારિકકાર્મણ, ઉદારિકતેજસકાર્મણ, વૈક્રિયવૈક્રિય, વૈક્રિયતેજસ, વૈક્રિયકાર્મણ, વૈક્રિયતેજસકાર્મણ, આહારકઆહારક, આહારકતેજસ, આહારકકાર્મણ, આહારકતેજસકાર્મણ, તેજસતે-

જસ, તેજસકાર્મણ, કાર્મણકાર્મણ. ); ૫ સંઘાતન ( સંઘાત, દિગંબરી, સં. પૂજા પાઠ ) ( શરીરની માફક ); ૬ સંઘેણ; (સંહનન) ૬ સંસ્થાન; ૫ વર્ણ; ૨ ગંધ; ૫ રસ; ૮ સ્પર્શ; ૪ અનુપૂર્વિ (નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ. ); ૨ ગતિગમન ( શુભવિહાયો ગતિ, અશુભવિહાયો ગતિ. ); ૧૦ ત્રસદસકો ( ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સૌભાગ્ય, સુસ્વર, આદ્ય, યશ. ); ( આદેય-દિગંબરી સંસ્કૃત પૂજા પાઠ) ૧૦ સ્થાવર દસકો ( સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભાગ્ય, દુઃસ્વર, અનાદ્ય, અપયશ.)

૮. પ્રત્યેકનું અષ્ટક (અગુરૂલઘુ, પરઘાત, શ્વાસોશ્વાસ, આતપ, ઉદ્યોત, નિર્માણ, તીર્થંકર, ઉપઘાત ).

૭. નીચ, ને ઉચ, એ બે પ્રકૃતિ ગોત્રકર્મની છે.

૮. દાન, લાભ, ભોગ, ઉપભોગ, ને વીર્ય, એ પાંચ પ્રકૃતિ અંતરાયકર્મની છે. એ રીતે આઠે કર્મની ૧૫૮ પ્રકૃતિ થઈ.

## કર્મની સ્થિતિ. (ઉત્કૃષ્ટ).

જ્ઞાનાવરણી, દર્શનાવરણી, વેદની, ને અંતરાય, એ ચાર કર્મની ત્રીસ કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. આયુકર્મની તેત્રીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. મોહનીકર્મની શીતેર કોડાકોડી સાગરોપમની છે. નામ ને ગોત્ર એ બે કર્મની વીસ કોડાકોડી સાગરોપમની છે.

---

ટીકા—નિદ્રા=એક બે વાર બોલાવવાથી સહેલથી જાગે એવી. નિદ્રાનિદ્રા =મુસ્કેલાઈથી દુઃખે કરીને જાગે તેવી નિદ્રા. પ્રચલા=બેઠાં કે ઉભાં આવે એવી ઉંઘ. પ્રચલાપ્રચલા=ચાલતાં આવે એવી ઉંઘ. સ્ત્યાનગૃદ્ધિ=નિદ્રામાં હાથીના દંતુસળ કાઢી આવે તેવી. એ નિદ્રાવાળાને તે સમયે વાસુદેવથી અર્ધું બળ હોય છે.

# ચૈત્યવિચાર.

ચૈત્ય પાંચ પ્રકારનાં હોય છે. ૧. ગૃહ ચૈત્ય=ઘર દેરાસર. ૨. મંગલ ચૈત્ય=બારણા ઉપર અથવા બીજે ઠેકાણે મંગળકારી પ્રતિમા હોય છે તે. ૩. નિશ્રાચૈત્ય=કોઈ ગચ્છનું સ્થાપેલું દેવાલય. ૪. અનિશ્રાચૈત્ય=સર્વ ગચ્છનું પ્રતિષ્ઠા કરેલું દેવાલય. ૫. શાશ્વત ચૈત્ય=ભૂત, વર્તમાન ને ભવિષ્ય ત્રણે કાળમાં હમેશાં વિકાર વગર કાયમ રહે તેવું શાશ્વત પ્રતિમા યુક્ત દેવાલયં.

જે શાશ્વનાં ચૈત્ય છે, તેમાં ઋષભ, ચંદ્રાનન, વારિષેણ, ને વર્ધમાન, એ ચાર શાશ્વત જીનની પ્રતિમાઓ હોય છે. જ્યોતિષી તથા વ્યંતર દેવોમાં અસંખ્યાતચૈત્ય છે. તેમાં અસંખ્યાત પ્રતિમાઓ છે. વૈમાનિક તથા ભવનપતિ દેવોમાં તથા તિર્યક્ લોકમાં નીચે પ્રમાણે શાશ્વત ચૈત્ય તથા પ્રતિમાઓ છે.


| | ચૈત્ય. | પ્રતિમા. |
|---|---|---|
| વૈમાનિક. | ૮૪૯૭૦૨૩ | ૧૫૨૯૪૪૪૭૬૦ |
| ભવનપતિ. | ૭૭૨૦૦૦૦૦ | ૧૩૮૯૬૦૦૦૦૦૦ |
| તિર્યક્ લોક. | ૩૨૫૯ | ૩૯૧૩૨૦ |
| કુલ. | ૮૫૭૦૦૨૮૨ | ૧૫૪૨૫૮૩૬૦૮૦ |

તિર્યક્ લોકનાં ૩૨૫૯ ચૈત્ય નીચે પ્રમાણે છે. જંબુવૃક્ષ ૧૧૭૦ કંચનગિરિ. ૧૦૦૦ કુંડ. ૩૮૦ દીર્ઘવૈતાઢ્ય. ૧૭૦ મહાનંદી. ૭૦

કર્મનીટીકા—તે નરકગામી છે. ચક્ષુદર્શન=ચર્મ ચક્ષુએ કરીને દેખવું તે. અચક્ષુદર્શન=ચક્ષુ વિનાની ચાર ઇંદ્રિએ કરીને જોવું તે. તે અચક્ષુ દર્શનને જે આવરે એટલે ઢાંકે તેને અચક્ષુ દર્શનાવરણી કર્મ કહેછે.

નોકષાય=કષાયને દીપાવનાર, શુભ વિહાયો ગતિ=વૃષભ કે રાજહંસ પેરે ચાલે. અશુભવિહાયોગતિ=ગધેડા કે ઉંટની માફક ચાલે. પરઘાત=જેથી સૌ બીહે. ઉદ્યોત=ચંદ્રની પેરે ચઢતી પામે. આતાપ=સૂર્યની પેરે જેનું તેજ કોઈ ખમી શકે નહીં. નિર્માણ=અંગોપાંગ યોગ્ય સ્થળે સૂત્રધારની પેરે ગોઠવવાની શક્તિ.

ગજદંત. ૨૦ નંદીશ્વરદ્વીપ. ૫૨ ભદ્રશાલવન. ૨૦ નંદનવન. ૨૦ સોમનસ વન. ૨૦ પંડગવન. ૨૦ વક્ષસ્કાર. ૮૦ કુલગિરિ. ૩૦ દિગ્ગજ ૪૦ દ્રુહ. ૮૦ યમકગિરિ. ૨૦ વૃત્તવૈતાઢ્ય. ૨૦ રાજધાની. ૧૬ મેરૂચૂલિકા. ૫ રૂચક. ૪ કુંડલદ્વીપ. ૪ ઈક્ષુકાર. ૪ માનુષ્યોત્તર પર્વત. ૪ કુરૂ દશક. ૧૦=૩૨૫૯.



# ત્રિલોક ચૈત્યાદિ સંખ્યા.

## બાર દેવલોક ( પાથડા. ૫૨. )

| દેવલોકનું નામ. | જઘન્ય આયુષ. સાગરોપમ. | ઉત્કૃષ્ટ આયુષ | લાંછન. | ચૈત્ય તથા વિમાન, | પ્રતર=પડ. | દેહમાન. હાથ. |
|---|---|---|---|---|---|---|
| સૌધર્મ. | ૧.પલ્યોપમ. | ૨ | મૃગ. | ૩૨૦૦૦૦૦ | ૧૩ | ૭ |
| ઇશાન. | ૧.પ. ઉપર. | ૨ | મહીષ. | ૨૮૦૦૦૦૦ | | |
| સનત્કુમાર. | ૨ | ૭ | વરાહ. | ૧૨૦૦૦૦૦ | ૧૨ | ૬ |
| માહેંદ્ર. | ૨ | ૭ | સિંહ. | ૮૦૦૦૦૦ | | |
| બ્રહ્મલોક. | ૭ | ૧૦ | બોકડો. | ૪૦૦૦૦૦ | ૬ | ૫ |
| લાંતક. | ૧૦ | ૧૪ | દેડકું. | ૫૦૦૦૦ | ૫ | |
| મહાશુક્ર. | ૧૪ | ૧૭ | અશ્વ. | ૪૦૦૦૦ | ૪ | ૪ |
| સહસ્રાર. | ૧૭ | ૧૮ | ગજ. | ૬૦૦૦૦ | ૪ | |
| આનત. | ૧૮ | ૧૯ | ભુજંગ. | ૨૦૦ | ૪ | ૩ |
| પ્રાણુત. | ૧૯ | ૨૦ | ષડ્ગી. | ૨૦૦ | | |
| આરણુ. | ૨૦ | ૨૧ | વૃષભ. | ૧૫૦ | ૪ | |
| અચ્યુત. | ૨૧ | ૨૨ | મેંઢો. | ૧૫૦ | | |

ઉપઘાત= પોતાના શરીરથી ઘાત પામે. ઉશ્વાસ=શ્વાસોશ્વાસ વધે ઘટે નહીં. સુખમાં શ્વાસોશ્વાસ લઈ શકાય તે. આનુપૂર્વી=જીવને પરભવમાં જતાં સીધો ચલાવવાની શક્તિ. ઉદારિક= કુદરતી શરીર. વૈક્રિય=શરીરનાં ભિન્નરૂપ કરવાં તે. આહારક=ચૌદપૂર્વી મુનિ લબ્ધિએ કરીને એક હાથનું શરીર કરે છે તે. તેજસ=આહાર પચાવનાર તથા તેજો લેશ્યાના હેતુ. કાર્મણ=કર્મનાં પરમાણું. આત્માના પ્રદેશ સાથે મળવાથી થાય તે. અગુરૂલઘુ=લોહની પેરે ભારે તેમ આકડાના રૂની પેઠે હલકું શરીર નહીં તે. અંગ=બેહાથ, બેઉરૂ, પીઠ, માથું, પેટ, ને છાતી, એ આઠ અંગ છે. આંગળી વીગેરે ઉપાંગ છે. રેખા વીગેરે અંગોપાંગ છે. મતિજ્ઞાન=૫ ઈંદ્રી તથા મને કરીને જીવને જે જ્ઞાન થાય છે તે. શ્રુતજ્ઞાન=બાર અંગ ભણુવાથી જે જ્ઞાન થાય છે તે. અવધિજ્ઞાન=દેવ તથા નારકીને કુદરતી અવધિજ્ઞાન ભવ હેતુક તથા મનુષ્યને તિર્યંચ પંચેંદ્રીને જે થાય તે ગુણુહેતુક અવધિજ્ઞાન. મન:પર્યય=અઢી દ્વીપના મનસહિત (સંજ્ઞી) પંચેંદ્રી જીવોના મનના પર્યાય જેથી જણાય તે મન: પર્યય જ્ઞાન. તેના બે ભેદ છે. ઋજુમતિને વિપુલમતિ, કેવળજ્ઞાન=ઘનઘાતિ કર્મના ક્ષયથી ઉત્પંન થયેલું. લોકાલોક વિષયનું જ્ઞાન.

નવ ગ્રૈવેયક (પાથડા. ૯.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| સુદર્શ. | ૨૨ | ૨૩ | | | |
| સુપ્રતિબદ્ધ. | ૨૩ | ૨૪ | ૧૧૧ | ૩ | ૨ |
| મનોરમ. | ૨૪ | ૨૫ | | | |
| સર્વતોભદ્ર. | ૨૫ | ૨૬ | | | |
| વિશાલ. | ૨૬ | ૨૭ | ૧૦૭. | ૩ | ૨ |
| સુમન. | ૨૭ | ૨૮ | | | |
| સોમનસ. | ૨૮ | ૨૯ | | | |
| પ્રીતિકર. | ૨૯ | ૩૦ | ૧૦૦ | ૩ | ૨ |
| આદિત્ય. | ૩૦ | ૩૧ | | | |



### પાંચ અનુત્તર (પાથડા ૧).

| નાંમ. | જઘન્ય આયુષ. | ઉત્કૃષ્ટ આયુષ. | ચૈત્ય, વિમાન. | પ્રતર=પડ. | દેહમાન. |
|---|---|---|---|---|---|
| વિજય. | ૩૧ | ૩૩ | ૧ | | એક પ્રતરનાં પાંચે |
| વિજયંત. | ૩૧ | ૩૩ | ૧ | | વિમાન છે. |
| જયંત. | ૩૧ | ૩૩ | ૧ | | સર્વનું દેહમાન એક |
| અપરાજીત. | ૩૧ | ૩૩ | ૧ | | હસ્ત પ્રમાણ છે. |
| સર્વાર્થસિદ્ધ. | ૩૩ | ૩૩ | ૧ | | |
| કુલ ચૈત્ય. | | | ૮૪૯૭૦૨૩ | ૬૨ કુલ પડ=પાથડા. | |
| જયોતિષી. | | | અસંખ્ય. | ૭ | |
| વ્યંતર. | | | અસંખ્ય. | ૭ | |

### ભવનપતિ નિકાય. (સર્વનું દેહમાન ૭ હાથ છે.)

| નામ. | જઘન્ય આયુષ. | ઉત્કૃષ્ટ આ. | ચૈત્ય, વિમાન. | ચિન્હ. | દેહવર્ણ | વસ્ત્રવર્ણ. |
|---|---|---|---|---|---|---|
| અસુરકુમાર. | ૧૦હ.વ. | ૧ સા. | ૬૪લાખ. | ચૂડામણિ. | કૃષ્ણ. | રકત. |
| નાગકુમાર. | ,, | ,, | ૮૪ ,, | સર્પ. | ગૌર. | નીલ. |
| સુપર્ણકુમાર. | ,, | ,, | ૭૨ ,, | ગરૂડ. | કાંચન. | શ્વેત. |
| વિદ્યુત્કુમાર. | ,, | ,, | ૭૬ ,, | વજ્ર. | રક્ત. | નીલ. |
| અગ્નિકુમાન. | ,, | ,, | ૭૬ ,, | કલશ. | રક્ત. | નીલ. |
| દ્વીપકુમાર. | ,, | ,, | ૭૬ ,, | સિંહ. | રક્ત. | નીલ. |
| ઉદધિકુમાર. | ,, | ,, | ૭૬ ,, | અશ્વ. | ગૌર. | નીલ. |
| દિક્કુમાર. | ,, | ,, | ૭૬ ,, | ગજ. | કાંચન. | શ્વેત. |
| વાયુકુમાર. | ,, | ,, | ૯૬ ,, | મત્સ્ય. | નીલ. | સંધ્યા રાંગ |
| સ્તનિતકુમાર. | ,, | ,, | ૭૬ ,, | શરાવસંપુટ. | કાંચન. | શ્વેત. |

કુલ. ૭૭૨૦૦૦૦૦ ચૈત્ય.

પહેલા દેવલોકની પરિગૃહીત દેવીનું. જ. આયુષ ૧ પલ્ય ને ઉત્કૃષ્ટ ૭ પલ્ય; અપરિગૃહીત દેવીનું. જ. આયુષ ૧ પલ્ય ને ઉત્કૃષ્ટ ૫૦ પલ્ય; બીજા દેવલોકની પરિગૃહીત દેવીનું. જ. આયુષ ૧ પલ્ય ઉપરાંત ને ઉત્કૃષ્ટ ૯ પલ્ય; અપરિગૃહીતનું. જ. ૧ પલ્ય ને ઉત્કૃષ્ટ ૫૫ પલ્ય છે.

કૃષ્ણરાજીના લોકાંતિક દેવોનું આયુષ ૮ સાગર; સુધર્મ ઇશાન દેવલોકના કિલવીષીયાનું. જ. આયુષ ૧ પલ્ય. ઉત્કૃષ્ટ ૩ પલ્ય.


સનત્કુમાર ને માહેંદ્રની હેઠેના કિલવીષીયાનું. જ. ઉત્કૃષ્ટ આયુષ. ૩ સાગર; લાંતકદેવલોક હેઠેનાનું જ. ઉ. આયુષ ૧૩ સાગર.

ગ્રૈવેયક તથા અંનુત્તરમાં દરેક ચૈત્યે ૧૨૦ પ્રતિમા હોયછે. બાકીના સર્વ વૈમાનિક, ભવનપતિ, વ્યંતર ને જ્યોતિષીના દરેક ચૈત્યે ૧૮૦ પ્રતિમા હોયછે. નંદીશ્વર, કુંડલ તથા રૂચક દ્વીપના ૬૦ ચૈત્યમાં દરેક ચૈત્યે ૧૨૪ પ્રતિમા હોયછે. બાકીના તિર્યક્ લોકના ચૈત્યોમાં દરેક ચૈત્યે ૧૨૦ પ્રતિમા હોયછે. વૈમાનિકમાં દરેક ચૈત્ય ૧૦૦ યોજન લાંબું, ૫૦ યોજન પહોળું, ને ૭૨ યોજન ઊંચું હોયછે. તથા દરેક પ્રતિમા ૧॥। ધનુષ એટલે સાત હાથની હોયછે.

અસુરકુમારમાં દરેક ચૈત્ય ૫૦ યોજન લાંબું, ૨૫ યોજન પહોળું, ને ૩૬ યોજન ઊંચું હોયછે. ને પ્રતિમા ૧॥। ધનુષની હોયછે. બાકીના ભવનપતિમાં દરેક ચૈત્ય ૨૫ યોજન લાંબું, ૧૨॥ યોજન પહોળું, ને ૧૮ યોજન ઊંચું હોયછે. ને પ્રતિમા ૧॥। ધનુષની હોયછે. જંબુવૃક્ષ, કંચનગિરિ, કુંડ, દીર્ઘવૈતાઢ્ય ને મહા નદીઓનું દરેક ચૈત્ય એક ગાઉ લાંબું, અડધો ગાઉ પહોળું, ને ૧૪૪૦ ધનુષ ઊંચું હોયછે. તથા દરેક પ્રતિમા ૫૦૦ ધનુષની હોયછે. દિગ્ગજ, દ્રહ, યમક, વૃત્તવૈતાઢ્ય, રાજધાની ને મે-

રૂચૂલિકામાં પણ તેવીજ રીતે છે. નંદીશ્વર, કુંડલ, ને રૂચકનાં સાઠ ચૈત્યમાં દરેક ચૈત્ય ૧૦૦ યોજન લાંબું, ૫૦ યોજન પહોળું, ને ૭૨ યોજન ઊંચું હોયછે. બાકીના તિર્યક્ લોકનું દરેક ચૈત્ય ૫૦ યોજન લાંબું, ૨૫ યોજન પહોળું ને ૩૬ યોજન ઊંચું હોય છે. જ્યોતિષી તથા વ્યંતરમાં દરેક ચૈત્ય ૧૨ાા યોજન લાંબું, ૬ા યોજન પોહોળું, ને ૯ યોજન ઊંચું ને દરેક પ્રતિમા ૫૦૦ ધનુષની હોય છે.

**पूर्वस्या मृषभ स्वामी वर्धमानस्तु दक्षिणे।**
**चंद्राननः पश्चिमायां कौबेर्यां वारिषेण ॥ ॥**



# शत्रुंजय माहात्म्य.

જેમ દેવમાં ઇંદ્ર છે, ગ્રહમાં ચંદ્ર છે, મંત્રમાં નવકાર છે, ધર્મમાં દયાધર્મ છે, વ્રતમાં બ્રહ્મચર્ય છે, ને પર્વતમાં મેરૂ છે, તેમ તીર્થમાં શત્રુંજય શ્રેષ્ઠ છે. જે સમયે શ્રી ઋષભદેવ ૮૪ ગણધર ને ૮૪૦૦૦ મુનિયો સાથે વિહાર કરતાં શત્રુંજય ઉપર સમવસર્યા, ત્યારે તેમણે મુખ્ય ગણધર પુંડરીક આગળ શત્રુંજયનો મહિમા કહ્યો, તે નીચે પ્રમાણે.—

આ તીર્થ ઉપર અનાદિ અનંતકાળમાં અસંખ્ય અરિહંત અને અનંત મુનિ મોક્ષ ગયાછે, ને વળી જાશે. તિર્યંચ જીવો પણ આ તીર્થને સેવવાથી ત્રીજા ભવે સિદ્ધ થાયછે. પહેલા આરામાં શત્રુંજય ૮૦ યોજન, બીજામાં ૭૦ યોજન, ત્રીજામાં ૬૦, ચોથામાં ૫૦, ને પાંચમામાં ૧૨ યોજન ઊંચો હોયછે. ને છઠ્ઠા આરામાં સાત હાથ છેવટે ઊંચો રહેછે. તેથી આ તીર્થ શાશ્વત છે. વળી શત્રુંજય ઉપર કોણ કોણ મોક્ષ પામ્યા છે, તેઓમાં મુખ્ય નીચે પ્રમાણે છે.

ઋષભદેવના પ્રથમ ગણધર પુંડરીક પાંચ ક્રોડ મુનિ સાથે ચૈત્રીપુનેમ ઉપર મોક્ષ ગયા, તે ઉપરથી શત્રુંજયનું નામ પુંડરીકગિરિ પડ્યું. દ્રાવિડ ને વારિખિલ્લ નામના બે ભાઈ દશક્રોડ મુનિ સાથે કાર્તિક પુનેમને દીન મોક્ષ ગયા. નમિ તથા વિનમિ નામના બે વિદ્યાધર ભાઇઓ બે ક્રોડ મુનિ સાથે સિદ્ધ થયા. ઋષભપુત્ર ભરત તથા તેની ગાદીએ થએલા અસંખ્ય

રાજાઓ મુકિત પામ્યા. પ્રદ્યુમ્ન ને સાંબ પ્રમુખં કૃષ્ણના સાડાઆઠ ક્રોડ પુત્રપૌત્રો શિવગતિ પામ્યા. પાંચ પાંડવો વીસક્રોડ મુનિ સાથે શિવરમણી વર્યા. નારદમુનિ એકાણું લાખ મુનિ સાથે સિદ્ધિપદ પામ્યા. રામ ભરતાદિક ત્રણ ક્રોડ મુનિ સાથે નિર્વાણ પામ્યા. થાવચ્ચા તથા શુકમુનિએ હજાર હજાર મુનિ સાથે સંસાર છોડયો. શેલગ મુનિ પાંચસે મુનિ સાથે મોક્ષસ્થાન પામ્યા.

नमस्कारसमो मंत्रः शत्रुंजयसमोगिरिः ।
वीतरागसमोदेवो न भूतो न भविष्यति ॥१॥
कृत्वा पापसहस्राणि हत्वा जंतुशतानिच ।
इदं तीर्थं समासाद्य तिर्यंचोपि दिवंगताः ॥२॥
एकैकस्मिन् पदेदत्ते शत्रुंजयगिरिं प्रति.
भवकोटि सहस्रेभ्यः पातकेभ्यो विमुच्यते. ॥३॥
छट्ठेणं भत्तेणं अप्पाणएणं च सत्तजत्ताओ.
जो कुणइ सित्तुंजे सो तइय भवे लहइ सिद्धिम्॥४॥
नवि तं सुवन्नभूमी भूसणदाणेण अन्नतित्थेसु:
जं पावइ पुण्णफलं पूयान्हवणेण सित्तुंजे ॥५॥



# प्रथम उद्धार.

ઋષભદેવનાં પુત્ર ભરતચક્રવર્તીએ, બત્રીસ હજાર મુકુટબંધ રાજાઓ, ચોરાશી લાખ નિશાનડંકા, રત્ન જડિતસામાનવાળા ચોરાશી લાખ હાથી, પગે સોનાની ઝાંઝરવાળા તથા કોટે સુવર્ણની ઘુઘરમાળવાળા મહા રૂપવાન બળદોથી જોડેલા ચોરાશી લાખ રથ, છન્નુ ક્રોડ પાયદળ, અરાડ ક્રોડ અશ્વ, ત્રણ ક્રોડ પ્રધાન, ત્રણક્રોડ વ્યાપારી, ઇત્યાદિ રિદ્ધિ સહિત શત્રુંજય આવીને ઉદ્ધાર કર્યો. દોઢ કોસ લાંબાં ને હજાર ધનુંષ પહોળાં એવાં ચાર દિશાએ ચાર દ્વારવાળો રત્નતોરણ શોભિત સુવર્ણપ્રાસાદ કરાવીને દરેક બારણે એકવીસ મંડપ રચાવી મૂળ ગર્ભગૃહમાં આદીશ્વરની મણિમય ચાર મૂર્ત્તિ પધરાવી. બંને પાસે નમિ તથા વિનમિ એ બે કાઉસગીઆ સ્થાપ્યા. તથા પુંડરીક ગણધરની મૂર્તિઓ ભરાવી. વળી સમવસરણ રચ્યું. તથા પોતાના દાદા નાભિ ને દાદી મરૂદેવા તથા માતાઓ સુમંગળા ને સુનંદા તથા બહેનો બ્રાહ્મી ને સુંદરી તથા નવાણું ભાઇ તથા ગોમુખયક્ષ ને ચક્રેશ્વરી દેવી એ સર્વેની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી.

## द्वितीय उद्धार.

ભરતની ગાદીએ આદિત્યયશ, મહાયશ, બલભદ્ર, બળવીર્ય, કીર્તિવીર્ય, જલવીર્ય એમ છ રાજાઓ અનુક્રમે થયા; ને આઠમે પાટે દંડવીર્ય રાજા થયો. તેણે ભરત પછી છ ક્રોડ પૂર્વ ગયા પછી ભરતની માફક સંઘવી થઇને બીજો ઉદ્ધાર કર્યો. આ આઠે રાજાઓ અરિસાભુવનમાં કેવળ પામી મોક્ષ ગયા છે.

# તૃતીયોદ્ધાર તથા બીજા ઉદ્ધાર.

ત્યાર પછી સો સાગર ગયા પછી ઈશાનેંદ્રે મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધરજીનના ઉપદેશથી ત્રીજો ઉદ્ધાર કર્યો. ત્યાર પછી એક કોડી સાગર વીત્યા પછી ચોથા દેવલોકના અધિપતિ મહેંદ્રે ચોથો ઉદ્ધાર કર્યો.

ત્યાર પછી દશકોડી સાગર ગયા પછી પાંચમા દેવલોકના સ્વામી બ્રહ્મેંદ્રે પાંચમો ઉદ્ધાર કર્યો.

તે પછી એક કોડી ને લાખ સાગરને અંતરે ભવનપતિના ઈંદ્ર ચમરેંદ્રે છઠ્ઠો ઉદ્ધાર કર્યો.

આદીશ્વર પછી પચાશકોડી લાખ સાગર ગયા પછી બીજા તીર્થંકર અજીતનાથના પિત્રાઇ ભાઇ સગરે પુત્રમરણની ચિંતા તજીને શત્રુંજય ગિરીંદ્રનો સાતમો ઉદ્ધાર કર્યો, ને પડતો કાળ આવતો જાણી પશ્ચિમ દિશાની ગુફામાં રત્નની પ્રતિમા ભંડારીને સુવર્ણની કરી, તથા રૂપાનાં દેવાલય કર્યાં. ત્યાર પછી દશ લાખ ને ત્રીસ કોડી સાગર ગયા પછી અભિનંદનના ઉપદેશથી વ્યંતરેંદ્રે આઠમો ઉદ્ધાર કર્યો.

ત્યાર પછી ચંદ્રપ્રભુના સમયમાં ચંદ્રશેખરના પુત્ર ચંદ્રયશ રાજાએ નવમો ઉદ્ધાર કર્યો.

ત્યાર પછી સોળમા તીર્થંકર શાંતિનાથના બોધથી તેમના પુત્ર ચક્રાયુધે દશમો ઉદ્ધાર કર્યો.

ત્યાર પછી મુનિસુવ્રતના વારામાં દશરથસુત રામે અગ્યારમો ઉદ્ધાર કર્યો. ત્યાર પછી નેમિનાથના વખતમાં પાંડવોએ બારમો ઉદ્ધાર કર્યો. તેમણે કાષ્ઠનો પ્રાસાદ કરી લેપમયી મૂર્તિ સ્થાપી.

પાંડવો પછી ચોરાશી હજાર વર્ષે મહાવીરસ્વામી થયા. ને ત્યાર પછી ચારસેં શીતેર વર્ષે વિક્રમ રાજા થયો. વિક્રમસંવત ૧૦૮ માં પોરવાડ જાવડશા નામે કાશ્મીરનો વેપારી થયો. તેના પિતા ભાવડે વિક્રમ પાસેથી મધુમતી (મહુવા) જાગીરમાં મેળવ્યું હતું. છેલ્લા દશપૂર્વધારી વજ્રસ્વામીના ઉપદેશથી જાવડશાહે ચોથા આરામાં બાર ઉદ્ધાર થયા પછી પાંચમા આરામાં તેરમો ઉદ્ધાર કર્યો. [ ઇ. સ. પર. ] જાવડના દીકરા ઝાંઝણગે ગિરનારનો ઉદ્ધાર કર્યો.

પાંડવ ને જાવડ વચ્ચે ૨૫૯૫૭૫૦૦૦ રાજાઓ શત્રુંજયના સંઘવી થયા.


સંવત ૧૨૧૩ માં શ્રીમાળી બાહડદે નામે કુમારપાળ રાજાના પ્રધાને, ચૌદમો ઉદ્ધાર કર્યો.

(સંવત ૧૨૮૬માં વસ્તુપાળે શત્રુંજય તથા ગિરનારનો ઉદ્ધાર કર્યો.)

સંવત ૧૩૭૧ માં સમરાસા ઓસવાળે પંદરમો ઉદ્ધાર કર્યો. તે દિલ્લીના પાદશાહનો મામો હતો. (Samrasa sárang of J. Burgess) [રત્નાકરસૂરિના ઉપદેશથી.]

જાવડ ને સમરાશા વચ્ચે ત્રણ લાખ ને ચોરાશી હજાર સંઘપતિ થયા. સમરાશાએ નવ લાખ હેમ ટકાખરચી નવ લાખ બંધીવાન છોડાવ્યા. તે પાલીતાણાનો શ્રાવક હતો. તેણે દિલ્લિના પાદશાહને પોતાને ઘેર આશ્રય આપ્યો હતો. તેથી દિલ્લિનો પાદશાહ તેને મામો કહિ બોલાવતો. સંવત ૧૫૮૭ માં ગુજરાતના સુલતાન બહાદુરશાહના રાજ્યમાં ચિત્તોડનો મંત્રી કરમાશાહ થયો, તે દીવાન મુઝદખાંનો આડતીઓ હતો. તેણે સોળમો ઉદ્ધાર કર્યો તે હજુ ચાલે છે.

દુઃપ્રસહસુરિના પ્રતિબોધથી વિમલવાહન રાજા સત્તરમો ઉદ્ધાર કરશે. તે વખતે મનુષ્યની ઉંચાઈ બે હાથ રહેશે.



## માનવભવ પામવાનાં દશ દૃષ્ટાંત.

**नरेषुचक्रीत्रिदशेषुवज्रीमृगेषुसिंहःप्रशमोव्रतेषु।**
**मतोमहीभृत्सुसुवर्णशैलःभवेषुमानुष्यभवःप्रधानः**
**चुल्लगपासगधन्नेजुयेरयणेयसुमिणचक्केय.**
**कुम्मजुगेपरमाणुदशदिहंतामणुअलभे.**

ચુલ્લક=ચુલો. પાશક=પાસો, ધાન્ય. દ્યૂત=જુગટું. રત્ન, સ્વપ્ન, ચક્ર, કૂર્મ=કાચબો, યુગ=ધુંસરૂં ને પરમાણું એ દશ દ્રષ્ટાંતે મનુષ્ય-ભવ દોહલો છે. વળી ઘુણાક્ષર ન્યાયે કરીને માનવભવ મળે છે.

### ૧. ચુલ્લકનું દૃષ્ટાંત.

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં કંપિલ નગરમાં બ્રહ્મ નામનો રાજા હતો, તેને ચુલણી નામે રાણી હતી. તેમને બ્રહ્મદત્ત નામનો પુત્ર થયો. તેને પાંચ વર્ષનો મેલીને બ્રહ્મરાજા મરણ પામ્યો. એટલે દીર્ઘ નામના મંત્રી સાથે રાણી પ્યારમાં પડી. ધનુ નામના મંત્રીશ્વરે તે વાત જાણવાથી બ્રહ્મદત્તને કહીને રાણીને ઠપકો દેવરાવ્યો. અનુક્રમે ચુલણીએ બ્રહ્મદત્તને પરણાવીને રાત્રે લાક્ષાગૃહમાં સૂવાડયો; ને તેને આગ લગાડી. પણ ધનુએ પોતાના પુત્ર વર્ધનને તેની પાસે રાખ્યો હતો. તેથી સુરંગને રસ્તે તે બંને બહાર નીકળી નાઠા. રસ્તામાં બ્રહ્મદત્તને તરસ લાગવાથી વર્ધન પાણી લેવા ગયો. પણ તેને ઘણીવાર લાગવાથી બ્રહ્મદત્ત આગળ ચાલ્યો, ને ભૂલો પડયો. એક બ્રાહ્મણની મદદથી બાર યોજનની અટવી ઓળંગીને વેણાતટ નગરમાં પહોંચ્યો. બ્રાહ્મણને કહ્યું કે, મને રાજ્ય મળે ત્યારે મળજો, અનુક્રમે બ્રહ્મદત્તને રાજ્ય મળ્યું, ને વર્ધન પણ ભેગો થયો. તે વાત બ્રાહ્મણે જાણી, તેથી તે કંપિલ નગરમાં આવ્યો, પણ ત્યાં કોઇ તેનો

ભાવ પૂછે નહીં. તેથી બજારમાં તેણે ખાસડાં તથા ચીંથરાંનું તોરણ બાંધ્યું. તે તરફ બ્રહ્મદત્તની નજર પડવાથી તેણે બ્રાહ્મણને ઓળખ્યો. પછી બ્રહ્મદત્તે કહ્યું, જે માગે તે આપું. બ્રાહ્મણે કહ્યું, છએ ખંડમાં દરેક જણને ઘેર વારાફરતી હું જમું. રાજાએ કહ્યું, તથાસ્તુ. પછી તે બ્રાહ્મણ બ્રહ્મદત્તચક્રવર્તીને ઘેર પ્રથમ જમ્યો. ને એક દીનારની દક્ષિણા મળી, ત્યાર પછીબત્રીશહજાર દેશમાં દરેકને ઘેર જમવા માંડ્યું. પણ બ્રહ્મદત્ત ચક્રવર્તીના ઘરની રસોઈના જેવી મઝા કોઇ ઠેકાણે પડે નહીં. તેથી ચક્રવર્તીના ૧૯૨૦૦૦ અંતેવાસી તથા પુત્રપૌત્રાદિક વિગેરેને ઘેર જમતાં જમતાં ચક્રવર્તીના ઘરનો વારો ફરીને શી રીતે આવશે? કદાપિ દેવતાના પ્રભાવે આવે, તોપણ મનુષ્યભવ ગયો તે ફરીને આવવો દુર્લભ છે.

## ૨. પાસાનું દૃષ્ટાંત.

ભરતક્ષેત્રના ગોલ્લદેશમાં ચણક ગામમાં ચણક નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેને ચણેશ્વરી નામની બ્રાહ્મણી હતી. અરિહંતની સેવા કરતાં તેમને દાંત સહિત પુત્ર જન્મ્યો. તેથી દાંત ઘસી નાંખીને સાધુને પૂછ્યું કે, તે કેવો થશે? સાધુએ કહ્યું, દાંત ઘસ્યા ન હોત તો તે રાજા થાત, પણ હવે પ્રધાન થશે. અનુક્રમે તેનું ચાણાકય નામ પાડ્યું. ને મોટો થયા પછી પરણાવ્યો. એકદા ચાણાકયની સ્ત્રી પોતાને પીયર ગઈ. ત્યાં પોતાની બહેનો પૈસાદાર ભર્તારવાળી હોવાથી તેમનું બહુ માન જોયું. તેથી ઉદાસ થઇ પાછી આવી. ચાણાકયે તેનું કારણ પૂછ્યું, ત્યારે તેની સ્ત્રી બોલી કે, મારી બહેનો પૈસાદાર છે, ને આપણે ગરીબ છીએ. તે ઉપરથી ચાણાકય ધન કમાવવા ની-

કર્યો. પાટલીપુત્રનો નંદરાજા દર વર્ષે બ્રાહ્મણોને દક્ષિણા આપે છે, તે સાંભળી ચાણુકિય ત્યાં ગયો, ને નોકરોએ અટકાવ્યો, તે છતાં પણ દરબારમાં જઇ રાજાના એક આસન ઉપર બેઠો. બીજા આસનમાં કમંડલુ, ત્રીજામાં દંડ, ચોથામાં જપમાળા, એમ રાજાનાં ચારે આસન રોકીને બેઠો. તેથી નોકરોએ તેને કાઢી મૂક્યો. તે ઉપરથી ચાણુક્યે નંદરાજાનો નાશ કરવાની પ્રતિજ્ઞા કરી. મયૂર પોષકની દીકરીને ચંદ્રમા પીવાનો ડોહલો પૂરો પાડીને સુવર્ણસિદ્ધિ વિદ્યા શીખવા ગયો. શીખીને પાછા આવતાં રસ્તામાં મયૂરપોષકની પુત્રીના પુત્ર ચંદ્રગુપ્તને દીઠો. તેનાં ચિન્હ જોઇ પોતાની સાથે લીધો. પછી પોતાની સિદ્ધિના બળવડે રથ, અશ્વ, વીગેરે બનાવી ચાણુક્યેં નંદરાજા ઉપર ચઢાઇ કરી, પણ ફાવ્યો નહીં. છેવટે એક ડોશીની શીખામણથી હિમવંતના પર્વત નામના રાજાને ફોડીને નંદને હરાવ્યો. નંદ શરણ થવાથી તેને જોઇએ તેટલું ધન આપી જવા દીધો. નંદની પુત્રી ચંદ્રગુપ્તના પ્યારમાં પડી. તેથી નંદે તેને પરણાવી. હિમવંત પર્વતનો પર્વત રાજા પણ અર્ધ રાજ લઇ નંદની બીજી પુત્રી પરણ્યો. પણ તેના સ્પર્શ માત્રથી મૃત્યુવશ થયો. તેથી ચંદ્રગુપ્ત રાજા થયો. રૈયતની વિનંતિથી ચંદ્રગુપ્તે કર ઓછા કર્યા. ભંડાર ખાલી થવાથી ચણુક્યે ત્રણ દિનનો ઉપવાસ કરી દેવતાને આરાધ્યો. દેવતાએ પાસા આપ્યા તે પાસાથી જેની સાથે રમે તેને જીતે. કદાપિ દેવતાના પ્રભાવે ચાણુકય હારે, પણ મનુષ્યભવ ગયો તે પાછો આવે નહીં.

## ३. धान्यनुं दृष्टांत.

કોઇ રાજા ભરતાદિક ક્ષેત્રનાં ચોવીસે જાતનાં ધાન્યનો મેરૂ પર્વત જેવડો ઢગલો કરી તેમાં એક પાથો (પાલી) સરસવનું બરાબર મિશ્રણ કરી ૧૦૦ વર્ષની વૃદ્ધ ડોશીને હાથમાં સૂપડું આપી કહે કે, ચોવીશે જાતનાં ધાન્ય જૂદાં કર, ને તેમાંથી સરસવ પણ જૂદા કર. ડોશી શી રીતે કરે ? કદાચિત્ કોઇ દેવના પ્રભાવથી તેમ કરી શકે, પણ મનુષ્યભવ ખોયેલો પાછો પામવો દુર્લભ છે.

## ४. द्यूत (जुगटा)नुं दृष्टांत.

એક રાજાની સભામાં ૧૦૮ સ્તંભ હતા. દરેક સ્તંભે ૧૦૮ હાંસ (બાજુઓ) હતી. વડો પુત્ર રાજ્ય લેવા ઇચ્છે છે, એવું જાણી રાજાએ તેને કહ્યું, તું મારી સાથે જુગટે રમ. એક વાર જીતે તો એક હાંસ (બાજુ) જીતે. એમ ૧૦૮ વાર લાગટ જીતે તો એક સ્તંભ જીતે, એમ ૧૦૮ થાંભલા જીતે, તો તને રાજ્ય આપું. ને વચમાં જો એકવાર હારે, તો પ્રથમ જીતેલું સઘળું હારી જાય, ને ફરીને તેજ પ્રમાણે રમવું પડે. એવી રીતે રમતાં કદી તે પુત્ર જીતી શકે નહીં. કદાપિ કોઇ દેવની સહાયથી જીતે, તોપણ માનવભવ હાર્યો તે પાછો મળવો મુશ્કેલ છે.

## ५. रत्ननुं दृष्टांत.

વસંતપુર નામે નગરમાં ધનો કરીને અપાર લક્ષ્મીવાળો વણિક હતો. તેણે ઘણાં રત્નો એકઠાં કર્યાં હતાં. તેનું ઘણું મૂલ્ય ઉપજે, પણ વેચે નહીં. એકદા ધનો દેશાંતરે ગયો, ત્યારે તેના પાંચે પુત્રોએ પરદેશી વેપારીઓને બધાં રત્નો વેચી દીધાં. તે

લઇને વેપારીઓ સર્વ દિશામાં વિખરાઇ ગયા; ને તેઓએ પણ પોંતપોત્તાની મરજી માફક ધનાનાં રત્નો વેચ્યાં. ધનો ઘેર આવ્યો, ત્યારે તે વાતની ખબર પડવાથી તેણે પોતાના પુત્રોને આજ્ઞા કરી કે, તમે સઘળા દેશોમાં ફરી ફરીને, સર્વ રત્ન પાછાં લઈ આવો. હવે રત્ન શી રીતે ભેગાં થાય ? કદાપિ દેવ પ્રભાવે થાય, પણ મનુષ્યભવ ગયો ફરી મળે નહીં.

## ૬. સ્વપ્નનું દૃષ્ટાંત.

અવન્તી દેશની ઉજ્જયિની નગરીમાં મૂળદેવ નામે બહોતેર કળા સંપૂર્ણ રાજપુત્ર હતો. તે કોઈ દેવદત્તા નામની વેશ્યામાં લુબ્ધ થઈ ગયો. તેથી કોઇ વ્યવહારીએ તેને માનભ્રષ્ટ કરી કાઢી મૂક્યો. રસ્તામાં કોઇ મઠમાં સૂતો હતો, ત્યારે પોતાના મુખમાં ચંદ્ર જાયછે, એવું સ્વપ્નું જોઈ જાગી ઉઠ્યો. એક કાપડી (બાવા) ના ચેલાને પણ એવું સ્વપ્નું લાધવાથી તેણે બાવાને નિવેદન કર્યું. બાવાએ કહ્યું જે, તને સારી ભિક્ષા મળશે. તેથી મધ્યાન્હે તેને ખાંડ ને ઘીથી ભરેલો મોટો રોટલો મળ્યો. હવે મૂળરાજે ફલાદિક લઈ કોઇ સ્વપ્નપાઠક આગળ ધરીને સ્વપ્નનું ફળ પૂછ્યું. પાઠકે કહ્યું, તું મોટી રિદ્ધિ પામીશ. તે સત્ય માનીને મૂળરાજ નગરમાં ગયો, ત્યાં કોઇએ તેને બાકળા આપ્યા. મૂળરાજે તે કોઇ સાધુને વહોરાવ્યા. તેથી અધિષ્ઠાયક દેવી તુષ્ટ થઇ કહે કે, વરદાન માગ. મૂળદેવે કહ્યું, હજાર હાથી બંધાય એવડું રાજ્ય દેવદત્તા સહીત આપો. દેવીએ કહ્યું તથાસ્તુ. આગળ જતાં સાતમે દિને કોઇ રાજા અપુત્ર મરી જવાથી તેનું રાજ્ય મૂળરાજને મળ્યું. આ સર્વ જોઇ કાપડીનો ચેલો કહે જે, વિધિ સહિત મને

સ્વપ્નનું ફળ પૂછતાં ન આવડયું. તેથી મેં સ્વપ્નું ગુમાવ્યું. તેથી તેજ જગ્યાએ પાછો સૂવે પણ સ્વપ્નુ આવે નહીં. કદાચ દેવ પ્રભાવે આવે, પણ મનુષ્યભવ ગયો આવે નહીં.

## ૭. ચક્રનું દૃષ્ટાંત.

ઇંદ્રપુર નામે નગરીમાં ઇંદ્રદત્ત નામે રાજા હતો, તેની બાવીસ રાણીઓને બત્રીસ લક્ષણ તથા બહોતેર કળાયુક્ત બાવીસ પુત્ર થયા. કોઈ પ્રસંગે રાજા મંત્રીશ્વરની પુત્રીને પરણ્યો, પણ તે ગમી નહીં. તેથી તે પુત્રી પોતાના પિતૃગૃહમાં રહેછે. એકદા તેને ગવાક્ષમાં બેઠેલી જોઇને રાજા મોહિત થયો. તેથી પૂછીને નક્કી કરીને તે રાત્રે તેને ત્યાં ગયો. પુત્રીએ સવારે પોતાની માતાને કહ્યું. માતાએ પ્રધાનનેં વાત કરી. પ્રધાને તે દિવસ કાગળમાં નોંધી રાખ્યો. તેની પુત્રીને નવ માસે પુત્ર જનમ્યો. તેનું નામ સુરેંદ્રદત્ત પાડયું. પ્રથમનાં જે બાવીશ પુત્રો હતા તે અવિનીત હોવાથી ગુરૂએ તેમને સારી રીતે ભણાવ્યા નહીં. પણ સુરેંદ્રદત્તને બરાબર ભણાવ્યો. હવે મથુરા નગરના જીતશત્રુ રાજાએ નિર્વૃત્તિ નામની પોતાની કુંવરીને ઇંદ્રપુરમાં સ્વયંવર કરવા મોકલી. પ્રધાને તેની અભિલાષાથી રાધાવેધ કરાવ્યો. મંડપમાં એક સ્તંભ કરાવી તેની ઉપર દાંતાવાળાં ચક્ર ગોઠવ્યાં. તેમાં આઠ સવળાં ફરે ને આઠ અવળાં ફરે. છેક ટોચે ઉંધા મુખવાળી એક પુતળી કરી તેનું નામ રાધા રાખ્યું. ને નીચે તેલની કઢાઇ રાખી. રાજાના બાવીસે પુત્રો રાધાવેધમાં નિષ્ફળ થયા. તેથી રાજા ખેદ પામ્યો. પ્રધાને સુરેંદ્રદત્તને લાવીને તે દીવશ નોંધેલો કાગળ રાજાને બતાવ્યો. રાજા ખુશી થયો; ને સુરેંદ્રદત્ત તેને પગે

લાગ્યો; ને તેલની કઢાઈમાં જોઇને નીચું મોં રાખીને બાણ માર્યું; ને રાધાની ડાબી આંખની કીકી વીંધી. કન્યાએ તેને વરમાળ પહેરાવી. લોકમાં જયજયકાર થયો. ને સુરેંદ્રદત્તને પિતાનું રાજ્ય મળ્યું. એમ કોઈ રાધાવેધ સાધે, પણ મનુષ્યભવ ગયો ફરી ન લાધે.

## ૮. काचबानुं द्दष्टांत.

પવનના પ્રસંગે સો યોજન ઉંડા કોઇ દ્રહની શેવાળ ફાટવાથી તેમાંના કાચબાએ શરદપૂર્ણિમાનો સંપૂર્ણ ચંદ્ર જોયો. પછી ડૂબકી મારી પોતાના કુટુંબને તેડવા નીચે ગયો. પણ શેવાળ પાછી બંધ થઈને મળી ગઈ. સો યોજન નીચેના તળીએથી પોતાનું કુટુંબ તેડી લઈ આવી જુએ છે, તો શેવાળ બંધ થયેલી છે, તેથી પાછો ગયોઃ શરદપૂર્ણિમાનો ચંદ્ર પાછો ક્યારે જોઈ શકે? એમ ધારો કે દેવના પ્રતાપથી જુએ, પણ મનુષ્યભવ ભૂલ્યો પાછો મેળવે નહીં.

## ૯. युग द्दष्टांत.

તિર્યક્લોકમાં છેલ્લો સમુદ્ર સ્વયંભૂરમણ છે. તે અર્ધ રાજલોકપ્રમાણ છે. તેણે એક રાજ લોકપ્રમાણ ધરતી રૂંધી છે. તેની પૂર્વ દિશાએ યુગ (ધુંસરૂં) ને પશ્ચિમ દિશાએ સમોલ (ખીલી) નાંખીએ તો તે સમોલ ધુંસરામાં શી રીતે જઇને મળે? કદાપિ દેવતાના પ્રભાવે મળે, પણ મનુષ્ય ભવ ખોયો તે ફરી ન મળે.


## ૧૦. परमाणुंनुं द्दष्टांत.

કોઈ દેવ વજ્રના સ્તંભ વડે એક પાષાણની ઘણી ઝીણી

ભૂકી કરે. પછી મેરૂ પર્વતની ચૂલિકા (ટોચ)એ જઇ વાંસની ભુંગળીમાં તે ભૂકી ભરી સર્વ દિશાએ ફૂંકે. હવે, તે પરમાણું પાછાં એકઠાં થાય? કદી દેવ પ્રભાવે થાય, પણ મનુષ્યભવ હાર્યો તે પાછો પામે નહીં. તેમાં પણ આર્ય ક્ષેત્ર, ધર્મની જોગવાઇ ને ઉત્તમ કુળ ક્યાંથી પામે.?

ધર્મ સર્વ સુખનું મુખ્ય કારણ હોવાથી જગતમાં સાર ભૂત છે. ધર્મની ઉત્પત્તિ મનુષ્યથી છે, માટે મનુષ્યભવ એજ સારછે.

धर्मो जगतः सारः सर्वसुखानां प्रधानहेतुत्वात् ।
तस्योत्पत्तिर्मनुजात्सारं तेनैव मानुष्यं ॥



## શ્રાવકનાં ૧૨ વ્રત, ૨૧ ગુણ, ૨૨ અભક્ષ્ય, ને ૩૨ અનંતકાયના ભેદ.

शृणोति यतिभ्यः सम्यक् समाचारीं स श्रावकः ॥
स्रवति मुंचति शुभयोगेन कर्म इति वा श्रावकः ॥

શ્રુ એટલે સાંભળવું, એ સંસ્કૃત ધાતુ ઉપરથી શ્રાવક શબ્દ નીકળ્યોછે. શ્રાવકનો અર્થ સાંભળનાર એવો થાયછે. સાધુ, સાધ્વી, શ્રાવક ને શ્રાવિકા; એ ચાર મળીને સંઘ કહેવાયછે. શ્રાવકે નીચે પ્રમાણે બાર વ્રત પાળવાં જોઈએ.

પાંચ અણુવ્રત—૧. પ્રાણાતિપાત. ૨. મૃષાવાદ. ૩. અદત્તાદાન. ૪. મૈથુન. ૫. પરિગ્રહ.

ત્રણ ગુણવ્રત—(ગુણવ્રત=જે વ્રત કરવાથી અણુવ્રતને ગુણ થાય તે.) ૧. દિક્. ૨. ભોગ. ૩. ઉપભોગ.

ચારશિક્ષાવ્રત—૧. સામાયક. ૨. દેસાવકાસ. ૩. પૌષધ. ૪. અતિથિ સંવિભાગ.

શિક્ષા એટલે વારંવાર અભ્યાસ કરવો તે, શિક્ષાવ્રત થોડા કાળનાં, ને બાકીનાં આઠ જીવે ત્યાં સુધીનાં હોયછે.

सम्यक्तमूलानि पंचाणुव्रतानि गुणास्त्रयः ।
शिक्षापदानि चत्वारि व्रतानि गृहमेधिनाम् ॥

## ૨૨ અભક્ષ્યનાં નામ.

**મનહર છંદ.**

ફળઊંબરાં, કચુંબરો, પીંપળ, પીંપળાનું;
વડ, વળીચાર મહા વિગય, નિવારીએ.
વિષ, અને હેમ, કરા, ભૂમિકાય, ને અથાણું,
રયણી ભોજન, કંદમૂળ તો નિવારિએ.

બહુ બીજ, વીદળ, વીંગણુ, ને અજાણું ફળ;
તુચ્છફળ તથા રસ ચલિત નિવારીએ.
એ બાવીસ પ્રવચન પ્રગટ અભક્ષ્ય કહે;
ખીમ તે ભખંત ભવ અનંત વધારીએ.

૩૨ અનંતકાય—નવા ફાલની કુંપળ. લુણા છાલ. થુવર. ગળો. કુંવાર. લીલી વરીઆળી. સતાવરી. પીલુડી. લીલી મોથ. લીલી હળદર. અમૃતવેલ. લોઢો લુણ. બીલાડીના ટોપ. કચુરો. કઠોલના ઊગતા અંકુરા. પલંગની ભાજી. વાથલો. વંશ કારેલાં. સુરણકંદ. વજ્રકંદ. બટાટા. મુળા. ગાજર. શકરીઆં. ડુંગળી, લસણ. રતાળું. પીંડાળું. ભોંયકોળું. લીલુંઆદું. પંચવર્ણી સેવાળ. ગુગળીવૃક્ષ. આદિ છેદયા થકાં ઉગે તે, જેની નસો ગુપ્ત હોય તે, ભાગ્યાથી સમ ભાગ થાય તે. (ગળી પીલુડી)

## श्रावकना २१ गुण.

૧. અક્ષુદ્ર—સૂક્ષ્મ બુદ્ધિવાળો. દીર્ઘદ્રષ્ટિ. ગંભીર.

૨. રૂપવંત—અંગોપાંગ, તથા ઇંદ્રીઓ પૂર્ણ ને સુંદર હોય.

૩. પ્રકૃતિ સૌમ્ય સર્વ પ્રકારે સારા સ્વભાવનો હોય.

૪. લોકપ્રિય—આલોક, પરલોક, ને ઉભયલોક વિરૂદ્ધ ન કરે. પારકી નિંદા કરવી, અનાચાર પાળવો, હાંસી, ઇર્ષા, ક્રોધ, ગર્વ, આદિ આ લોક વિરૂદ્ધ છે.

ખેતી કરાવવી, કોયલા કરાવી વેચવા, વન કપાવવું, કોટવાલ થવું, આદિ પરલોક વિરૂદ્ધ છે.

૫. અક્રૂર=ક્રૂર નહીં તે. સાત વ્યસન વર્જીત.

**द्यूतं च मांसं च सुरा च वेश्या पापर्द्धिचौर्यं परदारसे
एतानि सप्त व्यसनानि लोके पापाधिके पुंसि स
भवंति॥**

જુગટું, માંસભક્ષણ, મદિરાપાન, વેશ્યાગમન, શિકાર, ચોરી, પરસ્ત્રીગમન. એ સાત વ્યસન ઇહલોક તથા પરલોક વિરૂદ્ધ છે. આ સાત પાપક્ષેત્ર છે.

૬. ભીરૂ—અયોગ્ય કામ કરતાં બીહે.

૭. અશઠ—બીજાને ઠગે નહીં, કપટ ન કરે.

૮. સુદક્ષિણ—સદા પરોપકારી.

૯. લજ્જાળુ—કુકર્મ કરતાં શરમાય.

૧૦. દયાળુ—હિંસા ન કરે. સર્વ પ્રાણીની રક્ષા કરે.

૧૧. મધ્યસ્થ સૌમ્યદ્રષ્ટિ—કોઈ મતનો પક્ષ ન કરે, દ્વેષ રહિત જેની દ્રષ્ટિ હોય તે.

૧૨. ગુણરાગી—પારકાના ગુણનું બહુ માન કરે, તથા નિર્ગુણીની નિંદા ન કરે; પણ તેને દેખીને મધ્યસ્થ ભાવમાં રહે.

૧૩. સત્કથ—સારી કથા કરે. સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા ને રાજકથા એ ચાર વિકથા ન કરે.

૧૪. સુપક્ષ યુક્ત—સારા ગુણવાળા પરિવારથી જોડાએલો હોય.

૧૫. સુદીર્ઘદર્શી—જે કરે તે જોઈ વિચારીને કરે.

૧૬. વિશેષજ્ઞઃ—જીવ અજીવ વસ્તુનું સ્વરૂપ બરાબર જાણે.

૧૭. વૃદ્ધાનુગ—તપ, જ્ઞાન, ધૈર્ય, ધ્યાન, સંયમ, આદિએ કરી જે મોટા હોય, તેમના પ્રમાણે ચાલે.

૧૮. વિનીત—વિનયવાન.

૧૯. કૃતજ્ઞઃ—કરેલા ગુણને જાણીને તેનો યથાશક્તિ બદલો વાળે.

૨૦. પરહિતાર્થકારી—પારકાનું હિત કરે.

૨૧. લબ્ધલક્ષ—ધર્મકૃત્ય, વિદ્યા, કળા, વીગેરે પ્રયાસ વગર જલદી શીખી જાય એવો.

धम्मरयणस्सजुग्गो अक्खुद्दो रूववं पगइ सोमो ॥
लोगप्पियो अकूरो भीरु असढो सुदक्खिन्नो ॥१॥
लज्जालुओ दयालू मझ्झथ्थो सोमदिट्ठि गुणरागी ॥
सक्कहसुपक्खजुत्तो सुदीहदंसी विसेसन्नु ॥२॥
वुड्ढाणुगो विणीओ कयण्णुओ परहियथ्थकारी अ॥
तहचेव लध्धलक्खो इगवीस गुणेहि संपन्नो ॥३॥

એ એકવીસ ગુણ જેમાં હોય, તે ઉત્કૃષ્ટતાથી ધર્મરત્નને યોગ્ય છે. તેમાંના ગમે તે દસ ગુણ હોય, તે જઘન્યતાથી યોગ્ય છે. ને અગ્યારમાથી વીસમા સુધી દશ ગુણ હોય તે મધ્યમતાથી યોગ્ય છે. જે દશ ગુણથી ઓછા ગુણવાળો હોય તે જીવ ધર્મ યોગ્ય નથી.



## श्रावकनी करणी.

प्रबुद्ध्य दोषाष्टमभागमात्रे
स्मृत्वोज्ज्वलां पंचनमस्कृतिं च
अ० [illegible]ोन्यत्र विशुद्धचेता
धर्मार्थिकां जागरिकां सकुर्यात् ॥

રાત્રીના આઠમા ભાગે એટલે ચાર ઘડી પાછલી રાત્રે જાગીને, પંચ પરમેષ્ઠિના નમસ્કારનું સ્મરણ કરીને, બીજા કામમાં નહીં પડીને, શુદ્ધ ચિત્તથી ધર્મ જાગરણ કરે.

कोहं कामेवस्था किंच कुलं के पुनर्गुणा नियमाः
किं न स्पृष्टं क्षेत्रं श्रुतं न किं धर्मशास्त्रं च ॥

હું કોણ છું? મારી શી અવસ્થા છે! કયું કુળ છે? મારામાં શું ગુણ છે? શા નિયમ છે? સાત પુણ્ય ક્ષેત્રમાંથી કયું ક્ષેત્ર ફરસ્યું નથી? કયું ધર્મશાસ્ત્ર સાંભળ્યું નથી?

विभाव्य चेत्थं समये दयालु
[illegible]यकं शुद्धमनोंगवस्त्रः
जिनेंद्रपूजां गुरुवंदनं च
समाचरेन्नित्यमनुक्रमेण ॥

ઉપર પ્રમાણે ચિંતવન કરી યોગ્ય અવસરે શુદ્ધ મન ને વસ્ત્ર સહિત, સામાયિકાદિક છ આવશ્યક કરવાં. પછી જીનેંદ્ર પૂજા ને ગુરૂવંદન નિત્ય અનુક્રમે કરે.

प्रातःप्रपूजये द्वासैर्मध्यान्हे कुसुमैर्जिन[illegible]
संध्यायां धूपनैर्दीपै स्त्रिधा देवं प्र[illegible]जयेत् ॥

સવારે વાસ એટલે ચંદનાદિક વસ્તુથી, બપોરે પુષ્પથી, ને સંધ્યાકાળે ધૂપ ને દીવાથી, એમ ત્રણ પ્રકારે દેવની પૂજા કરે.

વિશેષ કરણીને માટે પૂજા પ્રકાર, બારવ્રત, એકવીસ ગુણ, ચૌદ નિયમ, વીગેરે વિષયો વાંચવા.



## શ્રાવકને ધારવાના ૧૪ નિયમ.

**સચિત્તદવ્વ વિગઇ વાણી તંબોલ વથ્થ કુસુમેસુ**
**વાહન સયણ વિલેવણ બંભ દિસી ન્હાણ ભત્તેસુ**

(પૃથ્વી, અપ્, તેજઃ, વાયુ, વનસ્પતિ, ત્રસ, એ છ કાયની રક્ષા; તથા અસિ, મસિ ને કૃષિ એ રીતે કુલ ૨૩ બાબતના નિયમ કરવા.)

સચિત્ત–માટી, પાણી, ફળ, કાષ્ઠ, પત્ર, બીજ, તથા જે કાંઇ લીલી વસ્તુ છેદ્યાને બે ઘડી થઇ ન હોય તેનું વજન ધારવું.

દ્રવ્ય.–દાતણ વીગેરે જે વસ્તુઓ વાપરવી હોય, તેની ગણત્રી કરવી.

વિગઈ–દુધ, દહી, તેલ, ઘી, ગોળ, તથા જે કઢાઈમાં તળાય એ છ વિગયની ગણત્રી કરવી. (વિગઈ=વિકૃતિ.)

વાણી–જોડા, મોજાં, વીગેરેનું પ્રમાણ કરવું.

તંબોળ–પાન, સોપારી, લવંગ, આદિનું પ્રમાણ કરવું.

વથ્થ–વસ્ત્રનું પ્રમાણ કરવું.

કુસુમેસુ–ફુલ, છીંકણી, અત્તર; વીગેરે સુંઘવાની ચીજનું પ્રમાણ કરવું.

વાહન–ચરતાં, ફરતાં, કે તરતાં વાહનો; જેવાં કે, ઘોડા, ગાડી, આગબોટ વીગેરેનું પ્રમાણ કરવું.

સયણ–બીછાનું, પાટલા વીગેરેનો નિયમ.

વિલેવણ–સુખડ, ચંદન વીગેરે વિલેપનનું પ્રમાણ.

બંભ–બ્રહ્મચર્યનો નિયમ.

દિસી–દસ દિશાએ જવાનું પ્રમાણ.

ન્હાણ–બધે શરીરે નહાવાનો નિયમ.

ભત્તેસુ–જમવાની વસ્તુઓનું પ્રમાણ.

(કુસુમેસુ ને ભત્તેસુ એ શબ્દોમાં સુ પ્રત્યય સાતમી વિભક્તિનો છે.)

પૃથ્વીકાય–માટી, મીઠું, ખડી, વીગેરેનું પ્રમાણ.

અપકાય-પાણીનું પ્રમાણ.

તેઊકાય-દીવા, ચુલા તથા સગડીનું પ્રમાણ.

વાઊકાય-પંખા, હીંચકા, વીગેરેનું પ્રમાણ.

વનસ્પતિકાય-શાક વીગરેનુ પ્રમાણ.

અસિ-ધાર, અણી, ને ધબાકો; તરવાર, ભાલો કે તોપ; બંદુક, છરી, વીગેરે અસ્ત્ર ને શસ્ત્રોનું પ્રમાણ.

મસિ-સ્યાહી, ખડીયા, કલમ, રંગવાનું પાણી, વીગેરેની ગણત્રી.


કૃષિ-ખેતી, ટાંકાં, ભોંયરાં, કુવા, તળાવ, વીગેરેનું પ્રમાણ.

આ નિયમો સિવાય સાંજ સવાર પ્રતિક્રમણ કરવું. પ્રતિક્રમણ ન બને તો સામાયક કરવું. સાત વ્યસનનો ત્યાગ કરવો. કંદમૂળનું ભક્ષણ ન કરવું. રાત્રિભોજન ન કરવું. આઠમ, ચતુર્દશી વીગેરે પર્વ તિથિઓ પાળવી. વીગેરે ઘણા નિયમો શ્રાવકે કરવા જોઇએ. વળી શ્રાવકનું ખટકર્મ નીચે પ્રમાણે છે.

**देवपूजा गुरूपास्तिः स्वाध्यायः संयम स्तपः ।**
**दानं चेति गृहस्थानां षट्कर्माणि दिने दिने ॥**

દેવપૂજા, ગુરૂભક્તિ, સ્વાધ્યાય, સંયમ, તપ ને દાન. એ ખટ કર્મ ગૃહસ્થોનાં દરરોજ કરવાનાં છે.

વળી શ્રાવકે જીવરક્ષાને અર્થે રસોઇ કરવાને ઠેકાણે, જમવા બેસવાના ઠેકાણે, ઘંટી ઊપર, પાણીઆરા ઊપર, સુવાને ઠેકાણે, બેઠક ઊપર, અને ખાંડણીયા ઊપર ચંદરવા બાંધવા જોઇએ.



## સૂતક વિચાર.

પુત્ર જન્મે તો દસ દિવસ, ને પુત્રી જન્મે તો અગીઆર દિવસ સૂતક પાળવું. મૃત્યુ થયું હોય તો બાર દિવસ સૂતક પાળે, સાધુ વોહોરે નહીં, ને તેના ઘરના જળાદિકથી જીનપૂજા થાય નહીં. જણનાર સ્ત્રી એક માસ સૂધી જીનદર્શન ન કરે, ને ચાળીસ દિવસ સૂધી જીનપૂજા ન કરે.

જે ઘરમાં જન્મ તથા મરણ થયું હોય, તે ઘરનાં માણસો બાર દિવસ જીનપૂજા ન કરે.

મુડદાને અડકનારા ચોવીસ પહોર જીનપૂજા, પ્રતિક્રમણાદિક ન કરે, કાંધીયા સોળ પહોર સૂધી ન કરે. ને વેષ પાલટનારા આઠ પહોર સુધી ન કરે. ગોત્રી હોય તે પાંચ દિવસ સૂતક પાળે.

જન્મે તે દીન મરે, દેશાંતરે મરે, કે સન્યાસીપણે મરે, તો એક દિવસ સૂતક; દાસ દાસીનું ઘેર મૃત્યુ હોય તો એક, બે, કે ત્રણ દિવસ સૂતક હોય.

આઠ વર્ષની અંદરનું મરે તો આઠ દિવસ સૂતક; રૂતુવંતી સ્ત્રી ત્રણ દિવસ વાસણ તથા દાણા પાણીને અડકે નહીં; ચાર દિવસ સૂધી પ્રતિક્રમણાદિક ન કરે; ને પાંચ દિવસ સૂધી જીનપૂજા ન કરે. ત્રણ દિવસ થયા હોય તોપણ રોગાદિકથી રૂધિર દેખાય તો વિવેકથી પવિત્ર થઇ પ્રતિક્રમણું કરે, તેમાં હરકત નથી.

જેટલા માસનો ગર્ભ પડે તેટલા દિવસ સૂતક રહે.

ઘોડી, ગાય, ભેંસ, વિગેરે પ્રસવે તો એક દિવસ સૂતક; ને મરે તો કાઢી જાય ત્યાં સુધી સૂતક રહે. વીયાયા પછી ભેંસનું પંદર દિવસ, ગાયનું દસ દિવસ, ને બકરીનું આઠ દિવસ, અશુદ્ધ દુધ હોય.

ગૌ મૂત્રમાં ૨૪ પહોરે, ભેંસના મૂત્રમાં ૧૬ મહોરે, બકરીના મૂત્રમાં ૧૨ પહોરે, ને ગાડરનાં મૂત્રમાં આઠ પહોરે સમૂર્છિમ જીવ ઉપજે.

## जंबुद्वीपनी भूगोळ.

ચૌદ રાજલોકની વચોવચ તીરછો (તિર્યક્) લોક છે. તેમાં પણ વચોવચ જંબુદ્વીપ છે. તે પ્રમાણ આંગુલે એક લાખ યોજન વ્યાસવાળો ગોળ દ્વીપ છે. તેની આસપાસ અઢી ઉદ્ધાર સાગરોપમ એટલે ૨૫ કોડાકોડી ઉદ્ધાર પલ્યોપમના જેટલા સમય આય, તેટલા એટલે અસંખ્યાત સમુદ્ર તથા દ્વીપ છે. તે એક એકથી બમણા વ્યાસવાળા છે. જંબુદ્વીપની આસપાસ લવણસમુદ્ર કંકણના આકારે છે. તે બે લાખ યોજન વ્યાસવાળો છે. લવણ આસપાસ ધાતકી ખંડ છે. તે ચાર લાખ યોજનનો છે. ધાતકીખંડની આસપાસ કાળોદધિ સમુદ્ર છે. તે આઠ લાખ યોજનનો છે. કાળોદધિની આસપાસ પુષ્કરવરદ્વીપ છે, તે સોળ લાખ યોજનનો છે. એમ ચઢતાં ચઢતાં અસંખ્યાત દ્વીપ તથા અસંખ્યાત સમુદ્ર આવે છે. છેલ્લો સમુદ્ર સ્વયંભૂરમણ છે, તે એક રાજલોક પ્રમાણ વાળો છે. એટલે તેનો વ્યાસ અસંખ્યાત યોજન છે.

પુષ્કરવર દ્વીપની આસપાસ પુષ્કરવર સમુદ્રછે. ત્યાર પછી વારૂણીવર, ક્ષીરવર, ઘૃતવર, ઈક્ષુવર, રૂચક, ભુજગ, કુશદ્વીપ, ક્રૌંચ, એવા એવા નામના દ્વીપો અનુક્રમે આવે છે. તેમની આસપાસના સમુદ્રનાં નામો પણ તેવાંજ છે.

પુષ્કરવર દ્વીપની મધ્ય ભાગમાં માનુષ્યોત્તર પર્વત કંકણના આકારે છે. ત્યાં સુધી એટલે ૪૫ લાખ યોજન વ્યાસ પ્રમાણ અઢી દ્વીપમાં મનુષ્યની વસ્તી છે. જીવ મનુષ્યના ભવમાંથી મોક્ષ પામેછે. માટે મોક્ષ સ્થાન એટલે સિદ્ધશિલા પણ ૪૫ લાખ યોજનની છે.

સર્વ દ્વીપ તથા સમુદ્રો પોત પોતાની જગતી (કોટ) એ કરીને વીંટાયલા છે. જંબુદ્વીપની જગતી મૂળમાં ૧૨ યોજન જાડી છે, ને આઠ યોજન ઉંચી છે, તથા ટોચે ચાર યોજન જાડી છે. તે સુવર્ણમય, તથા વજ્રમય છે. તેની ટોચે વચોવચ બે કોશ પ્ર-

હોળી ને ૫૦૦ ધનુષ ઉંચી વેદિકા છે. તેનું નામં પદ્મવર છે. તેની આસપાસ ફરતી સુવર્ણમય તથા રત્નમય જાળી છે. વેદિકાની બંને પાસે દેવતાને ક્રીડા કરવા યોગ્ય અતિ મનોહર વન છે.

જંબુદ્વીપમાં છ કુલગિરિ ને સાત ક્ષેત્ર છે. તે સર્વે પૂર્વ પશ્ચિમ ફેલાયલા છે. વચમાં મહાવિદેહ ક્ષેત્ર છે. તેના મધ્ય ભાગમાં મેરૂ પર્વત છે. બાકીના છ ક્ષેત્રોની મધ્ય ભાગમાં અકેક પર્વત છે, તેને વૈતાઢ્ય પર્વત કહેછે. છ કુલ ગિરિ પણ જગતીની માફક વેદિકા તથા વને કરી શોભાયમાન છે. જંબુદ્વીપના ૧૯૦ ખંડ છે. અકેક ખંડ ૫૨૬ યોજનને છ કળાનો છે.

છેક દક્ષિણમાં ભરતક્ષેત્ર, તથા છેક ઉત્તરમાં ઐરવત ક્ષેત્ર છે. ભરત ક્ષેત્રથી ઉત્તરમાં જતાં દરેક ગિરિ તથા ક્ષેત્રનાં નામ, ખંડ, ને પ્રમાણનો અનુક્રમ નીચે પ્રમાણે છે. (૧૯ કળા=૧ યોજન.)

| નંબર. | ગિરિ તથા ક્ષેત્રનું નામ. | ખંડ. | પ્રમાણ યોજન. | કળા. |
|---|---|---|---|---|
| ૧ | ભરત ક્ષેત્ર. | ૧ | ૫૨૬ | ૬ |
| ૨ | ચુલ્લ હેમવંત પર્વત (પીતસુવર્ણમય). | ૨ | ૧૦૫૨ | ૧૨ |
| ૩ | હેમવંત ક્ષેત્ર. | ૪ | ૨૧૦૫ | ૫ |
| ૪ | મહા હેમવંત પર્વત (પીત સુવર્ણમય). | ૮ | ૪૨૧૦ | ૧૦ |
| ૫ | હરિવર્ષ ક્ષેત્ર. | ૧૬ | ૮૪૨૧ | ૧ |
| ૬ | નિષધ પર્વત (રક્ત સુવર્ણમય) | ૩૨ | ૧૬૮૪૨ | ૨ |
| ૭ | મહાવિદેહ ક્ષેત્ર. | ૬૪ | ૩૩૬૮૪ | ૪ |
| ૮ | નીલવંત પર્વત(વૈદૂર્યરત્નમય) | ૩૨ | ૧૬૮૪૨ | ૨ |
| ૯ | રમ્યક ક્ષેત્ર. | ૧૬ | ૮૪૨૧ | ૧ |
| ૧૦ | રૂપી પર્વત (રૌપ્યમય). | ૮ | ૪૨૧૦ | ૧૦ |
| ૧૧ | ઐરન્યવંત ક્ષેત્ર. (હૈરણ્યવત) | ૪ | ૨૧૦૫ | ૫ |
| ૧૨ | શિખરી પર્વત (પીત સુવર્ણમય). | ૨ | ૧૦૫૨ | ૧૨ |
| ૧૩ | ઐરવત ક્ષેત્ર. | ૧ | ૫૨૬ | ૬ |

ઉપરનાં કોઠા ઉપરથી ખબર પડશે કે, ભરતક્ષેત્રથી જેમ જેમ ઉત્તરમાં મહાવિદેહ ક્ષેત્ર સૂધી જઇએ; તેમ તેમ દરેક ક્ષેત્ર તથા ગિરિનું પ્રમાણુ એક એકથી બમણું થાયછે; ને મહાવિદેહ ક્ષેત્રથી જેમ જેમ ઉત્તરમાં જઇએ, તેમ તેમ દરેક ક્ષેત્ર તથા ગિરિનું પ્રમાણુ અડધું થતું જાયછે. જંબુદ્વીપનો પરિધ ૩૧૬૨૨૭ યોજન, ત્રણ ગાઉ ૧૨૮ ધનુષ ને ૧૩ાા આંગળ છે. જેમ જેમ ઉત્તરમાં જઇએ, તેમ તેમ દરેક ક્ષેત્ર તથા ગિરિ લંબાઇમાં પણ વધેછે. ને મહાવિદેહ ક્ષેત્રની ઉત્તરમાં પહોળાઈ ઘટેછે તેમ લંબાણુ પણ ઘટેછે; ને છેક ઉત્તરમાં ઐરવત ક્ષેત્રની લંબાઈ પોહોળાઈ ભરત ક્ષેત્રના જેટલી થઈ જાયછે.

पाताळकळश—જંબુદ્વીપની જગતી મૂકી ૯૫ હજાર યોજન લવણુસમુદ્રમાં જઇએ, ત્યારે લાખ યોજન ઉંડા, લાખ યોજન પહોળા, ને હજાર યોજન જાડા, એવા ચારે દિશાએ ચાર પાતાળકળશ આવેછે; તેમાંથી પાણી સત્તર હજાર યોજન ઊંચું ઉડેછે, તે નાગકુમારના દેવતાઓ ચાટવાથી દબાવી રહ્યાછે.

युगलीआ—હેમવંત તથા ઐરન્યવંત ક્ષેત્રમાં એક ગાઉ શરીરવાળા, એક પલ્યોપમ આયુષવાળા, ને ચોથભક્તે આંબળા પ્રમાણુ અહાર કરનારા યુગલીયા વસે છે. રમ્યક તથા હરિવર્ષ ક્ષેત્રમાં બે ગાઉ શરીરવાળા, ઉત્કૃષ્ટ બેં પલ્યોપમ આયુષવાળા, ને છઠ ભકતે બોર પ્રમાણુ–આહાર કરનારા યુગલીયા વસે છે. વળી મહાવિદેહ ક્ષેત્રમાં મેરૂ પર્વતની ઉત્તર દક્ષિણુ અર્ધ ગોળાકારે ઉત્તરકુરૂ તથા દેવકુરૂ નામના ક્ષેત્ર છે; તેમાં પણુ યુગલીયા રહેછે. તથા છપ્પન અંતર દ્વીપમાં પણુ યુગલીયા રહેછે.

अंतरद्वीप—હેમવંત તથા શિખરી એ બે પર્વતની દાઢાઓ પૂર્વ પશ્ચિમ લવણુસમુદ્રમાં ૮૪૦૦ યોજન સૂધી ગઇ છે. દરેક-

ને ચાર એમ બંને. પર્વતની આઠ દાઢાઓ છે. તે દરેકમાં સાત સાત અંતરદ્વીપ છે, એટલે આઠે દાઢાના છપ્પન અંતરદ્વીપ છે દરેક દાઢામાં પહેલો અંતરદ્વીપ ૩૦૦ યોજન લાંબો પહોળો છે. આગળ જતાં મોટા થાય છે. એવી રીતે ગણતાં સાતમો દ્વીપ ૯૦૦ યોજન લાંબો પહોળો છે, તે સર્વ દ્વીપમાં ૮૦૦ ધનુષ શરીરવાળા, પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષવાળા તથા ચોથભકતે આંબળા પ્રમાણ આહાર કરનારા યુગલીયા વસે છે.

પર્વત, દ્રુહ, તથા નદીઓ—શિખરી તથા ચુલ્લ હેમવંત પર્વત દરેક ૧૦૦ યોજન ઊંચા છે. મહા હેમવંત તથા રૂપીપર્વત ૨૦૦ યોજન ઊંચા છે, ને નિષધ તથા નીલવંત પર્વત ૪૦૦ યોજન ઊંચા છે. ચુલ્લ હેમવંતને ૧૧ કૂટ છે. એકેક કૂટ ૫૦૦ યોજન ઊંચો છે. પૂર્વ દિશાના એક કૂટમાં સિદ્ધાયતન છે; તેમાં ૧૨૦ શાશ્વતી પ્રતિમા છે, તેજ પર્વતની વચ્ચોવચ ૧૦૦૦ યોજન લાંબો, ૫૦૦ યોજન પોહોળો, ને ૧૦ યોજન ઊંડો પદ્મદ્રહ છે. તેમાં ૧૨૦૫૦૧૨૦ પૃથ્વીકાયનાં શાસ્વતાં કમળ છે. તે દરેક પાણીની સપાટી ઊપર બે યોજન ઊંચાં છે. વચલા કમળમાં શ્રીદેવી રહેછે, પદ્મદ્રહની ઉત્તરમાંથી રોહિતાસ્યા નદી નીકળીને હેમવંત ક્ષેત્રની વચ્ચે વહેતી પશ્ચિમ તરફ લવણસમુદ્રને મળેછે.

તેજ દ્રહમાંથી ગંગા તથા સિંધુ એ બે નદીઓ પૂર્વ પશ્ચિમ દિશાએથી નીકળીને દક્ષિણ તરફ વહેછે, ને ભરત ક્ષેત્રના વૈતાઢ્ય પર્વતને ભેદીને લવણસમુદ્રને મળેછે. દરેકને ૧૪૦૦૦ નદીઓનો પરિવાર છે. તથા બંને મૂળમાં સવા છ યોજન પોહોળી ને મુખમાં ૬૨ા યોજન પોહોળી છે.

મહા હેમવંતની વચ્ચે આવેલા મહાપદ્મ દ્રુહમાંથી દક્ષિણ દિશાએ રોહિતા નદી નીકળીને પૂર્વ તરફ ફરે છે; ને હેમવંત-

ક્ષેત્રની મધ્યે વહીને સમુદ્રને મળે છે. તેમજ ઉત્તર દિશાએ હરિકાંતા નદી નીકળીને પશ્ચિમ દિશાએ ફરેછે; ને હરિવર્ષ ક્ષેત્રની મધ્યમાં વહીને સમુદ્રમાં મળેછે.

નિષધ પર્વતની વચ્ચે આવેલા તિગિંચ્છ દ્રુહમાંથી દક્ષિણ દિશાએ હરિસલિલા નદી નીકળે છે; તે પૂર્વ તરફ ફરીને હરિવર્ષ ક્ષેત્રના મધ્ય ભાગમાં વહીને સમુદ્રને મળે છે. તથા ઉત્તર દિશાએ સીતોદા નદી નીકળે છે; તે જંબુદ્વીપની મધ્યમાં આવેલા મેરૂપર્વત સૂધી જઇને વાંક ખાઈને મહાવિદેહ ક્ષેત્રના પશ્ચિમ ભાગમાં વચ્ચોવચ વહીને લવણસમુદ્રને મળે છે.

નીલવંત પર્વતની વચ્ચે આવેલા કેસરી દ્રુહમાંથી સીતાનદી દક્ષિણ દિશાએ નીકળે છે; તે મેરૂ પર્વતની પાસે આવી મરડાઈને મહાવિદેહ ક્ષેત્રના પૂર્વ ભાગમાં વચ્ચોવચ વહીને સમુદ્રમાં મળેછે. તેજ દ્રુહમાંથી ઉત્તર દિશાએ નારીકાંતા નદી નીકળેછે; તે રમ્યકક્ષેત્રની મધ્ય ભાગે વહીને પશ્ચિમ તરફ લવણ સમુદ્રને મળેછે.

રૂપી પર્વતની વચ્ચે આવેલા મહા પુંડરીક દ્રુહમાંથી નરકાંતા નદી દક્ષિણ દિશાએ નીકળી રમ્યક ક્ષેત્રની પૂર્વ તરફ વચ્ચોવચ વહીને સમુદ્રને મળેછે, ને ઉત્તર દિશાએ રૂપ્યકૂલા નદી નીકળીને ઐરન્યવત ક્ષેત્રની પાશ્ચમ તરફના ભાગમાં વહીને સમુદ્રને મળેછે.

શિખરી પર્વતની વચ્ચે આવેલા પુંડરીક દ્રુહમાંથી સુવર્ણકૂલાનદી દક્ષિણ દિશાએ નીકળે છે; તે ઐરન્યવત ક્ષેત્રના પૂર્વ ભાગમાં વચ્ચે વહીને સમુદ્રને મળેછે. તેજ દ્રુહમાંથી રકતા નદી પૂર્વ દિશાએ નીકળીને ઐરવત ક્ષેત્રમાં ઉત્તર તરફ વહીને સમુદ્રને મળેછે.

આ બે નદીઓ ભરત ક્ષેત્રની ગંગા ને સિંધુની માફક ઐરવત ક્ષેત્રના છ ભાગ કરેછે. સર્વ નદીઓ મૂળથી મુખ તરફ જતાં વિસ્તારમાં વધેછે.

શાશ્વત પર્વત—દેવકુરૂ ને ઉત્તરકુરૂ શિવાયના ચાર યુગલીઆના ક્ષેત્રના ચાર વૃત્ત (વાટલા) વૈતાઢ્ય, બત્રીસ વિજય તથા ભરત ને ઐરવતના ૩૪ લાંબા વૈતાઢ્ય, વિજયાંતરે આવેલા સોળ વક્ષસ્કાર પર્વત, સીતોદા નદીની બંને બાજુના ચિત્ર ને વિચિત્ર પર્વત, સીતા નદીની બંને પાસેના યમક ને સમક પર્વત, દેવકુરૂ ને ઉત્તરકુરૂના પાંચ પાંચ દ્રહની બંને પાસે આવેલા દસ દસ કંચનગિરિ, એટલે બસેં કંચનગિરિ, ચાર ગજદંતા પર્વત, એક સુમેરૂ પર્વત ને બંને પાસેના ત્રણ ત્રણ વર્ષધર પર્વત, એમ સર્વ મળી જંબુદ્વીપમાં બસેં અગણોતેર શાશ્વતા પર્વત છે.

શાશ્વત દ્રહ—પદ્મ, મહાપદ્મ, તિગિંચ્છ, કેસરી, પુંડરીક, મહાપુંડરીક, એ છ તથા દેવકુરૂના પાંચ, ને ઉત્તરકુરૂના પાંચ, એમ અગીયાર દ્રહ જંબુદ્વીપમાં શાશ્વત છે.

શાશ્વતી નદીઓ—ભરત ક્ષેત્રની ગંગા તથા સિંધુ ને ઐરવત ક્ષેત્રની રકતા તથા રકતવતી એ ચારને દરેકને ૧૪૦૦૦ નદીઓ છે. રોહિતા, રોહિતાસ્યા, રૂપ્યકૂલા એ ચાર નદીઓમાંની દરેકને ૨૮૦૦૦ નદીઓ છે. હરિકાંતા, હરિસલિલા, નરકાંતા, ને નારીકાંતા એમાંની દરેકને ૫૬૦૦૦ નદીઓ છે. સીતા નદીને છ અંતર નદીઓ તથા પશ્ચિમના દરેક વિજયની રક્તા ને રક્તવતી નામની બેબે નદીઓ એવી બત્રીસ નદીઓ એટલે કુલ ૩૮ નદીઓ દરેક ૧૪૦૦૦ નદીઓના પરિવાર વાળી મળેછે. તેથી કુલ ૫૩૨૦૦૦ નદીઓ સીતા નદીની છે, તેમજ ૫૩૨૦૦૦ નદીઓ સીતોદા નદીની છે. સર્વ મળી કુલ ૧૪૫૬૦૦૦ નદીઓ જંબુદ્વીપમાં છે. (રક્તાવતી=રક્તોદા)

## भरतखंडनुं वर्णन..


ભરતક્ષેત્ર અથવા ભરતખંડ ૫૨૬ યોજન ને ૬ કળાનો છે. તે જંબુદ્વીપમાં છેક દક્ષિણમાં આવેલો છે. તેની ઉત્તરમાં ચુલ્લ એટલે લઘુ હેમવંત પર્વત છે, તથા બાકીની સર્વ દિશાએ લવણ સમુદ્રથી ગોળ વીંટાએલો છે. ચુલ્લ હેમવંત પર્વતની વચ્ચે આવેલા પદ્મદ્રહમાંથી પૂર્વ પશ્ચિમ નિકળેલી ગંગા તથા સિંધુ એ બે નદીઓ દક્ષિણ તરફ વળે છે; ને વૈતાઢ્ય પર્વતમાં થઇને લવણસમુદ્રમાં મળેછે. તેથી ભરતક્ષેત્રના છ ભાગ થાયછે, ત્રણ ઉત્તરમાં, ને ત્રણ દક્ષિણમાં. વચ્ચોવચ વૈતાઢ્ય પર્વત છે. દક્ષિણનો વચલો ભાગ આર્ય છે. બાકીના પાંચ ભાગ અનાર્ય છે. વચલા ભાગમાં પૂર્વે મગધ, મધ્યે વરદામ, ને પશ્ચિમે પ્રભાસ, એવાં ત્રણ તીર્થ છે. એ ત્રણે તીર્થમાં દેવતાને રહેવાનાં ગૃહ છે. મધ્યમાં બાર યોજન લાંબી ને નવ યોજન પોહોળી અયોધ્યા નગરી છે. તે લવણ સમુદ્રથી ૧૧૪$\frac{11}{19}$ યોજન ઊત્તરમાં છે. વૈતાઢ્ય પર્વત રૂપાનો છે.

તે ૫૦ યોજન પોહોળો ને ૨૫ યોજન ઊંચો છે. ને પૂર્વ પશ્ચિમ ફેલાયલો છે. તે પર્વત ઉપર ૧૦ યોજન ચડીએ ત્યારે ઉત્તર દક્ષિણ બે શ્રેણીઓ આવેછે. દરેક શ્રેણી ૧૦ યોજન પોહોળી છે. ઉત્તર શ્રેણીમાં વિદ્યાધરોના ૫૦ નગર છે, તથા દક્ષિણ શ્રેણીમાં ૬૦ નગર છે. વિદ્યાધરોનાં નગર મૂકીને દસ યોજન ઊંચે ચડીએ, એટલે તિર્યક્ જૃંભક દેવતાની બે શ્રેણી આવેછે. ત્યાંથી વૈતાઢ્યની ટોચ ૫ યોજન ઊંચે રહેછે. તે ટોચ ઊપર નવ કૂટ છે. દરેક કૂટના મૂળનો વિસ્તાર સવા છ યોજન છે, તથા ઊંચાઈ પણ સવા છ યોજન છે. આઠ કૂટ ઉપર દેવતાને રહેવાનાં ભવન છે. ને પૂર્વ દિશાના એક કૂટ ઉપર સિદ્ધાયતન

છે. તેમાં ૧૨૪ શાશ્વતી જીનપ્રતિમા છે. વૈતાઢ્ય પર્વતની નીચે નદીઓ પાસે બે ગુફાઓ છે. દરેક ગુફા ૫૦ યોજન લાંબી, ૮ યોજન ઊંચી, ને ૧૨ યોજન પોહોળી છે. દરેકને ચાર યોજન વિસ્તારવાળાં બારણાં છે.

એક ગુફામાંથી ચક્રવર્તી કાંગણી રત્ને કરીને અજવાળું કરવા માટે મંડળ કરતો કરતો નીકળીને ઉત્તર ભરતના મધ્ય ભાગમાં આવે; ને તે જીતી લે. મધ્ય ભાગમાં ઋષભકૂટ છે. તે આઠ યોજન ઊંચો છે, તેનો મૂળ વિસ્તાર ૧૨ યોજન છે; ને ઉપર લાંબો પોહોળો ચાર યોજન છે. ત્યાં પોતાનું નામ લખીને બીજી ગુફામાં થઇને દક્ષિણ ભરતમાં આવે. જ્યાં સુધી ચક્રવર્તી જીવતો રહે છે, ત્યાં સુધી તે બે ગુફાઓ ઉઘાડી રહે છે.

ઐરવતક્ષેત્રનું વર્ણન ભરતક્ષેત્રની માફક સમજવું. તે આકારમાં અવળા કરેલા ભરતક્ષેત્રને મળતો આવે છે. માત્ર નદીઓ વિગેરેના નામમાં ફેર છે.



## મહાવિદેહ ક્ષેત્રનું વર્ણન.

મહાવિદેહ ક્ષેત્ર જંબુદ્વીપના મધ્ય ભાગે આવેલું છે, તેમાં ૩૨ ભાગ છે; તે દરેકને વિજય કહેછે, દરેક વિજયમાં મધ્ય ભાગે વૈતાઢ્ય પર્વત છે. ઉત્તર તરફના પશ્ચિમ ભાગના આઠ વિજય દક્ષિણ તરફના પશ્ચિમ તરફના આઠ વિજયથી સીતોદા નદીએ કરીને જુદા થએલાછે, ભરત તથા ઐરવત ક્ષેત્રોમાં કાળચક્રના આરક ફરેછે. પણ જેમ અંતરદ્વીપમાં હમેશાં ત્રીજો આરો વર્તે છે, તેમ મહાવિદેહ ક્ષેત્રમાં હમેશાં ચોથો આરો વર્તે છે, તેથી ત્યાં સદા તીર્થંકર હોયછે. હાલ ત્યાં વીસ તીર્થંકર છે. તેમને વિહરમાન કહેછે.

## વીસ વિહરમાનનું વર્ણન.

મહાવિદેહ ક્ષેત્રમાં હાલ વીસ તીર્થંકર હયાત છે, તેમને વિહરમાન કહેછે. તેમના તથા તેમનાં માતાપિતાનાં નામ.

| તીર્થંકરનું નામ. | માતાનું નામ. | પિતાનું નામ. |
|---|---|---|
| ૧ શ્રીમંધર. | સત્યકી. | શ્રેયાંસ. |
| ૨ યુગમંધર | સુતારા. | સુદ્રઢ. |
| ૩ બાહુ. | વિજયા. | સુગ્રીવ. |
| ૪ સુબાહુ. | સુનંદા. | નિસઢ. |
| ૫ સુજાત. | દેવસેના. | દેવશાત. |
| ૬ સ્વયંપ્રભુ. | સુમંગળા. | મિત્રસેન. |
| ૭ ઋષભાનન. | વીરસેના. | કીર્ત્તિનૃપ. |
| ૮ અનંતવીર્ય. | મંગળાવતી. | મેઘરાજ. |
| ૯ સુરપ્રભુ. | વિજયા. | વિજય. |
| ૧૦ વિશાળ. | ભદ્રા. | નામ. |

| | | |
|---|---|---|
| ૧૧ વજ્રધર. | સુરશ્રી. | પદ્મરથ. |
| ૧૨ ચંદ્રાનન. | પદ્માવતી. | વાલ્મીક. |
| ૧૩ ચંદ્રબાહુ. | વિજયા. | દેવાનંદ. |
| ૧૪ ભુજંગ. | મહિમા. | મહાબલ. |
| ૧૫ ઇશ્વર. | યશોદા. | ગજસેન. |
| ૧૬ નમિ. | સેના. | વીરસેન. |
| ૧૭ વીરસેન. | ભાનુમતી. | ભાનુસેન. |
| ૧૮ મહાભદ્ર. | ઉમા. | દેવરાજ. |
| ૧૯ દેવયશા. | ગંગા. | સર્વભૂતિ. |
| ૨૦ અજીતવીર્ય. | કનિકા. | રાજપાળ. |

આ અવસર્પિણી કાળમાં જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં ચોવીસ તીર્થંકરો થયાછે; તેમાંના કુંથુનાથ અને અરનાથ વચ્ચે ઉપરના વીસ વિહરમાનનો જન્મ એક સમયમાં થએલો છે. ને તે વીસે વિહરમાને મુનિસુવ્રત તથા નમિનાથના વચલા કાળમાં એકજ સમયે દીક્ષા લીધી છે. એક હજાર વર્ષ દીક્ષા પાળીને છદ્મસ્થપણે રહ્યા પછી એકજ સમયે વીસે તીર્થંકરો કેવળજ્ઞાન પામ્યા છે; જંબુદ્વીપના ભરતક્ષેત્રની આવતી ચોવીસીના સાતમા ને આઠમા તીર્થંકર વચ્ચે આ વીસે તીર્થંકરો મોક્ષ પામશે.

દરેક વિહરમાનની સાથે ૮૪ લાખ ગણધર, ૧૦(દસ) લાખ કેવળી, ૧૦૦ (સો) કોટી સાધુ, ને ૧૦૦ (સો) કોટી સાધ્વી છે. દરેકનું આયુષ ૮૪ (ચોરાશી) લાખ પૂર્વનું છે. ને કાયા ૫૦૦ ધનુષની છે. એક તીર્થંકર એક વિજયમાં હોય છે. જંબુદ્વીપના મહાવિદેહમાં આઠમી, નવમી, ચોવીસમી, ને પચીસમી વિજયમાં શ્રીમંધર, બાહુ, સુબાહુ, ને યુગમંધર એ ચાર વિહરમાન છે. ધાતકીખંડના મહાવિદેહમાં આઠ, ને પુષ્કરાર્ધના મહાવિદેહ-

માં આઠ; એમ સર્વે મળી વીસ વિહરમાન થાયછે. વળી એમ પણ કહેવાયછે કે, એ વીસ વિજયના દરેક તીર્થંકરની સાથે ૮૪ તીર્થંકરના જીવ હોય. તેમાં માત્ર એકનેજ કેવળજ્ઞાન હોય બાકીના ૮૩ માં કોઇ રાજા, કોઇ બાળક, ઇત્યાદિ હોય.



## ૧૭૦ उत्कृष्ट जिननं नाम.

जंबुद्वीप महाविदेहे—જયદેવ, કર્ણભદ્ર, લક્ષ્મીપતિ, અનંતહર્ષ, ગંગાધર, વિશાલચંદ્ર, પ્રિયંકર, અમારિદત્ત, કૃષ્ણનાથ, ગુણગુપ્તિ, પદ્મનાભ, જલધર, યુગાદિ, વરદત્ત, ચંદ્રકેતુ, મહાકાય, અમરકેતુ, અરણ્યવાસ, હરિહર, રામેંદ્ર, શાંતિદેવ, અનંતકૃત્, ગજેંદ્રપ્રભ, સાગરચંદ્ર, લક્ષ્મીચંદ્ર, મહેશ્વર, ઋષભ, સોમકાંતિ, નેમિપ્રભ, અજીતભદ્ર, મહીધર, રાજેશ્વર.

धातकीखंड प्रथम महाविदेहे—વીરસેન, વત્સસેન, નલિનકાંતિ, મુંજકેશી, રૂકિમક, ક્ષેમંકર, મૃગાંક, મુનિમૂર્ત્તિ, વિમલ, આગમિક. દુષ્કૃતપ, વસુધાધિપ, મહહ્લનાથ, વનદેવ, બલભૃત્, અમૃતવાહન, પૂર્ણિમેંદ્ર, રેવાંકિત, કલ્પશાક, નલિનીદત્ત, વિદ્યાપતિ, સુપાર્શ્વ, ભાનુનાથ, પ્રભંજન, વિશિષ્ટનાથ, જલપ્રભ, મહાભીમ, ઋષિપાલ, કુડંગદત્ત, મહાવીર, ભૂતાનંદ, તીર્થેશ્વર.

धातकीखंड द्वितीय महाविदेहे—ધર્મદત્ત, ભૂમિપતિ, મેરૂદત્ત, સુમિત્ર, ષેણુનાથ, પ્રભાનંદ, પદ્માકંર, મહાઘોષ, ચંદ્રપ્રભ, ભૂમિપાલ, સુમતિષેણ, અચ્યુત, તીર્થભૂત, લલિતાંગ, અમરચંદ્ર, સમાધિ, મુનિચંદ્ર, મહેંદ્ર, શશાંક, જગદીશ્વર, દેવેંદ્ર, ગુણનાથ, ઉદ્યોત, નારાયણ, કપિલ, પ્રભાકર, જીનદીક્ષિત, સકલનાથ, સિલાર, વજ્રધર, સહસ્રાભ, અશોકાખ્ય.

पुष्करार्ध प्रथम महाविदेहे—મેઘવાહન, જીવરક્ષક, મહાપુરૂષ, પાપહર, મૃગાંકનાથ, સૂરિસંઘ, જગત્પૂજ્ય, સુમતિનાથ, મહામહેંદ્ર, અમરભૂતિ, કુમારચંદ્ર, વીરષેણ, રમણનાથ, સ્વયંભૂ, અચલનાથ, મકરકેતુ, સિદ્ધાર્થનાથ, સફલનાથ, વિજયદેવ, નરસિંહ, સિતાનંદ, વૃંદારક, ચંદ્રતપ, ચંદ્રગુપ્તિ, દ્રઢરથ, મહાયશા, ઉષ્માંક, પ્રદ્યુમ્નનાથ, મહાતેજ, પુષ્પકેતુ, કામદેવ, સમરકેતુ,

पुष्करार्ध द्वितीय महाविदेहे—પ્રસન્નચંદ્ર, મહાસેન, વજ્રનાભ, સુવર્ણબાહુ, કુરૂવિંદ, વજ્રવીર્ય, વિમલચંદ્ર, યશોધર, મહાબલ, વજ્રસેન, વિમલબોધ, ભીમનાથ, મેરૂપ્રભ, ભદ્રગુપ્ત, સુદ્રઢસિંહ, સુવ્રત, હરિચંદ્ર, પ્રતિમાધર, પ્રતિશ્રેય, કનકકેતુ, અજીતવીર, ફલ્ગુમિત્ર, બ્રહ્મભૂતિ, હિતકર, વરૂણદત્ત, યશઃકીર્તિ, નાગેંદ્ર, મહીકૃતબ્રહ્મ, મહેંદ્ર, વર્ધમાન, સુરેંદ્રદત્ત.

जंबुभरते. અજીતનાથ. धातकी प्रथम भरते. સિદ્ધાંતનાથ. धातकी द्वितीय भरते. કર્પટનાથ. पुष्करार्ध प्रथम भरते. પ્રભાસનાથ. पुष्करार्ध द्वितीय भरते. પ્રભાવક. जंबु ऐरवते. ચંદ્રનાથ. धातकी प्रथम ऐरवते. જયનાથ. धातकी द्वितीय ऐरवते. પુષ્પદંત. पुष्करार्ध प्रथम ऐरवते. અગ્રાહિનાથ. पुष्करार्ध द्वितीय ऐरवते. બલિભદ્ર. કુલ ૧૭૦. તેમાં ૧૬. કાલા, ૩૮ લીલા, ૫૦ ઉજ્વલ, ૩૦ રાતા, ને ૩૬ પીળા, છે. એ ૧૭૦ તીર્થંકર આ ચોવીશીના બીજા અજીતનાથ જંબુખંડના ભરતક્ષેત્રમાં હતા, ત્યારે વિચરતા હતા. તેના કરતાં વધારે તીર્થંકર આ અવસર્પિણીકાળમાં કોઈ સમયે થયા નથી માટે તેમને ૧૭૦ ઉત્કૃષ્ટ તીર્થંકર કહેછે.

# गति आगति द्वार.

એટલે

## चोवीस दंडकना जीवो क्यांथी आवे ने क्यां जाय तेनुं वर्णन.

નારકી–ગર્ભજ મનુષ્ય તથા ગર્ભજ તિર્યંચમાં જાય. તિર્યંચપંચેંદ્રિ ને ગર્ભજ મનુષ્યમાંથી આવે.

ભવનપતિ–મનુષ્ય, તિર્યંચપંચેંદ્રિ, પૃથ્વી, અપ, ને વનસ્પતિમાં જાય. ગર્ભજ મનુષ્ય, ને તિર્યંચપંચેંદ્રિમાંથી આવે.

પૃથ્વી–પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિ, તિર્યંચપંચેંદ્રિ, ને મનુષ્ય; એ દસ દંડકમાં જાય. નારકી સિવાયના ત્રેવીસે દંડકમાંથી આવે.

અપ–પૃથ્વીની માફક દશમાં જાય ને ત્રેવીસમાંથી આવે.

તેઉ–પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિ ને તિર્યંચપંચેંદ્રિ એ નવ દંડકમાં જાય. પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિ, તિર્યંચપંચેંદ્રિ ને મનુષ્ય; એ દસમાંથી આવે.

વાયુ–તેઉની પેઠે નવમાં જાય, તથા દસમાંથી આવે.

વનસ્પતિ–પૃથ્વીની પેરે દસમાં જાય, ને ત્રેવીસમાંથી આવે.

વિકલેંદ્રિ–બેઇંદ્રિ, તેઇંદ્રિ, ચોઇંદ્રિ, પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિ, તિર્યંચપંચેંદ્રિ, ને મનુષ્ય, એ દસમાં જાય; ને તેજ દસમાંથી આવે.

તિર્યંચ પંચેંદ્રિ–સમૂર્છિમ, તિર્યંચ, જ્યોતિષી ને વૈમાનિક સિવાય બાકીના ૨૨ દંડકમાં જાય; ને વિકલેંદ્રિની પેઠે દસમાંથી આવે. ગર્ભજપંચેંદ્રિ ચોવીસેમાં જાય, ને ચોવીસેમાંથી આવે.

મનુષ્ય–સમૂર્છિમ મનુષ્ય વનસ્પતિની પેરે દસમાં જાય. ગર્ભજ મનુષ્ય ચોવીસેમાં જાય.

સમૂર્છિમ મનુષ્યમાં પૃથ્વી, અપ, વનસ્પતિ, ત્રણ વિકલેંદ્રિ, તિર્યંચ ને મનુષ્ય એ આઠ દંડકમાંથી આવે ને ગર્ભજમનુષ્યમાં તેઉ ને વાયુ વિના બાવીસ દંડકમાંથી આવે.

વ્યંતર–પૃથ્વી, અપ, વનસ્પતિ, તિર્યંચપંચેંદ્રિ ને મનુષ્ય; એ પાંચમાં જાય, તથા ગર્ભજતિર્યંચ ને ગર્ભજમનુષ્ય એ બેમાંથી આવે.

જ્યોતિષી–વ્યંતરની પેરે જાય ને આવે.

વૈમાનિક–પહેલા તથા બીજા લોકના વૈમાનિક દેવો વ્યંતર તથા ભવનપતિની પેઠે પાંચમાં જાય. ત્રીજાથી આઠમાં સુધી છ દેવલોકના દેવો ગર્ભજતિર્યંચ ને ગર્ભજમનુષ્યમાં જાય. પહેલાથી આઠમા દેવલોક સુધીના દેવો ગર્ભજતિર્યંચ ને ગર્ભજમનુષ્યમાંથી આવે; ને તે ઉપરના દેવલોકના તથા નવગ્રૈવેયક ને પાંચ અનુત્તરના દેવો ગર્ભજમનુષ્યમાં જાય, તથાગર્ભજ મનુષ્યમાંથી આવે.

સમૂર્છિમ તિર્યંચપંચેંદ્રિ ૧ લી નરક સુધી, ભુજપરિસર્પ ૨ જી સુધી, ખેચર ૩ જી સુધી, ચતુષ્પદ સિંહ પ્રમુખ ૪ થી સુધી, ઉરઃપરિસર્પ ૫ મી સુધી, સ્ત્રી ૬ ઠી સુધી, ને મનુષ્ય તથા મત્સ્ય સાતમી નરક સુધી જાયછે.

સાતમી નરકથી ગર્ભજતિર્યંચમાં આવે, ને સમકીત પામે; ૬ ઠીથી ગર્ભજતિર્યંચ ને ગર્ભજમનુષ્યમાં આવે, ને દેશવિરતી થાય; ૫ મીથી ગર્ભજમનુષ્યમાં આવે, ને સર્વવિરતી થાય, પણ કેવળજ્ઞાન ન પામે; ૪ થીમાંથી ગર્ભજમનુષ્ય થઈ કેવળજ્ઞાન પામે, પણ તીર્થંકર ન થાય; ૩ જીથી આવી તીર્થંકર થાય, પણ વાસુદેવ કે બળદેવ ન થાય; ૨ જીથી આવી વાસુદેવ બળદેવ થાય, પણ ચક્રવર્તી ન થાય; ૧ લીથી આવી ચક્રી આદિ સર્વ પદવી પામે.

# तीर्थंकरना ३४ अतिशय.

तेषां च देहोद्भुतरूपगंधो
निरामयः स्वेदमलोज्झितश्च
श्वासोब्जगंधो रुधिरामिषं च
गोक्षीरधाराधवलं ह्यविस्त्रं ॥१॥
आहारनीहारविधिस्त्वदृश्य
श्चत्वार एतेऽतिशयाःसहोत्थाः
क्षेत्रे स्थिति योजनमात्रकेपि
नृदेवतिर्यग्जनकोटिकोटेः ॥२॥
वाणी नृतिर्यक् सुरलोकभाषा
संवादि[illegible] योजनगामिनी च
भा[illegible]डलं चारु च मौलिपृष्ठे
विडंबिताह पति[illegible]डलश्रि ॥३॥
अग्रे च गव्यूतिशत द्वयेरु
जा[illegible]तिवृष्ट्यवृष्टयः
दुर्भिक्ष मन्य स्वचक्रतो भयं
स्यान्नैत एकादश कर्म[illegible]तजाः ॥४॥
खे धर्मचक्रं चमराःसपाद

पीठंमृगेन्द्रासनमुज्ज्वलं च
छत्रत्रयं रत्नमयो ध्वजोंह्रि
न्यासे च चामीकरपंकजानि ॥५॥
वप्रत्रयं चारु चतुर्मुखांगत
चैत्यद्रुमोधोवदनाश्च कंटकाः
द्रुमानति दुंदुभिनादमुच्चके
वातोनुकूलः शकुनाः प्रदक्षिणाः ॥६॥
गंधाम्बुवर्षं बहुवर्णपुष्प
वृष्टिः कचश्मश्रुनखापवृद्धिः
चतुर्विधामर्त्यनिकायकोटि
र्जधन्यभावादपि पार्श्वदेशे ॥७॥
ऋतूनामिन्द्रियार्थाना मनुकूलत्वामित्यमी
एकोनविंशतिर्दैव्या श्चतुस्त्रिंशच्च मीलिताः ॥८॥

૧. શરીર અનંત રૂપમય, સુગંધમય, રોગરહિત, પરસેવારહિત ને મલરહિત હોય, ૨. રૂધિર તથા માંસ ગાયના દૂધસમાન ધોળાં ને દુર્ગંધ વગરનાં હોય. ૩. આહાર તથા નીહાર અદ્રશ્ય હોય. ( અવધિ વિગેરે જ્ઞાનવાળો જાણી શકે). ૪. શ્વાસોશ્વાસમાંહે કમળના જેવી સુગંધ હોય. આ ચાર અતિશય જન્મથીજ હોય, માટે સ્વાભાવિક કહેવાય છે.

૫. યોજન પ્રમાણ સમવસરણમાંહે મનુષ્ય, દેવ ને તિર્યંચ-

ની કોડાકોડ સંમાય ને તેમને બાધા થાય નહીં. ૬. પચીસ યોજન એટલે બસેં ગાઉ સુધી પૂર્વોત્પન્ન રોગ ઉપશમે ને નવા રોગ થાય નહિ. ૭. વૈરભાવ જાય. ૮. મરકી થાય નહીં. ૯. અતિવૃષ્ટિ એટલે હદ ઉપરાંત વરસાદ થાય નહીં. ૧૦. અનાવૃષ્ટિ થાય નહીં, એટલે વરસાદનો અભાવ ન હોય. ૧૧. દુર્ભિક્ષ એટલે દુકાળ પડે નહીં. ૧૨. સ્વચક્ર ને પરચક્રનો ભય ન હોય. ૧૩. ભગવંતની અર્ધ માગધીભાષા મનુષ્ય, તિર્યંચ ને દેવતા સર્વ પોતપોતાની ભાષામાં સમજે. ૧૪. એક યોજન સુધી સરખી રીતે સંભળાય. ૧૫. બાર સૂર્યના તેજવાળું ભામંડલ હોય. એ અગીયાર કેવળજ્ઞાન થાય ત્યારે હોય.

રોગાદિક જે સાત ઉપદ્રવ છે, તે ભગવંત વિહાર કરે ત્યારે પણ ચારે દિશાએ ફરતા પચીસ યોજન સુધી ન હોય.

૧૬. આકાસમાં ધર્મચક્ર હોય. ૧૭. બાર જોડી (ચોવીસ) ચામર અણવીંજાયાં વીંજાય. ૧૮. પાદપીઠ સહિત સ્ફટિક રત્નનું ઉજવળ સિંહાસન હોય. ૧૯. ત્રણ છત્ર દરેક દિશાએ હોય. ૨૦. રત્નમય ધર્મધ્વજ હોય. (તેને ઈંદ્રધ્વજ પણ કહે છે). ૨૧. નવ સુવર્ણકમળ ઉપર પગ પડે. ( બે ઉપર પગ મૂકે ને સાત પાછળ રહે,) ૨૨. મણિ, સુવર્ણ ને રૂપાના એ રીતે સુંદર ત્રણ ગઢ હોય. ૨૩. ચાર મુખે કરી ધર્મદેશના દે, ( બાકીના ત્રણ મુખ દેવ કરી દે.) ૨૪. સ્વશરીરથી બારગણું ઊંચું અશોકવૃક્ષ છત્ર, ઘંટ, પતાકા આદિથી યુકત હોય. ૨૫. કાંટા અધોમુખ એટલે અવળા થઈ જાય. ૨૬. ચાલતી વખતે સર્વ વૃક્ષ નમી પ્રણામ કરે. ૨૭. આકાશમાં દુંદુભિ ચાલતી વખતે વાગે. ૨૮. યોજન પ્રમાણ અનુકૂળ વાયુ હોય. ૨૯. મોર વગેરે શુભ પક્ષીઓ પ્રદક્ષિણા કરતાં ફરે. ૩૦. સુગંધ જળની વૃષ્ટિ થાય. ૩૧.

જળસ્થળમાં ઉપજેલા પંચ વર્ણ પૂલની ઢીંચણ સુધી વૃષ્ટિ થાય. ૩૨. કેશ, દાઢી, નખ, વધે નહીં. (સંયમ લીધા પછી) ૩૩. જઘન્યતાથી ચાર નિકાયના ક્રોડ દેવતા પાસે રહે. ૩૪. સર્વ ઋતુઓ અનુકૂળ રહે. એ ઓગણીસ દેવતા કરે.

# तीर्थंकरनी वाणीना ३५ गुण.

संस्कारवत्त्व मौदार्य मुपचार परीतता
मेघनिर्घोष गांभीर्य प्रतिनाद विधायिता ॥१॥
दक्षिणत्व मुपनीतरागत्वंच महार्थता
अव्याहतत्वं शिष्टत्वं संशयानाम् संभवः ॥२॥
निराकृतान्योत्तरत्वं हृदयंगमितापिच
मिथः साकांक्षता प्रस्तावौचित्यं तत्वनिष्ठता ॥३॥
अप्रकीर्णप्रसृतत्व मस्वश्लाघान्य निंदिता
आभिजात्य मतिस्निग्ध मधुरत्वं प्रशस्यता ॥४॥
अमर्मवेधि तौदार्य धर्मार्थ प्रतिबद्धता
कारकाद्य विपर्यासो विभ्रमादि वियुक्तता ॥५॥
चित्रकृत्व मद्भुतत्वं तथानाति विलंबिता
अनेकजातिवैचित्र्य मारोपित विशेषिता ॥६॥
सत्व प्रधानता वर्ण पदवाक्य विविक्तता
अव्युत्थितिरखेदित्वं पंचात्रिंशाच्च वाग्गुणाः ॥७॥

૧. સર્વ ઠેકાણે સમજાય એવી અર્ધમાગધી. ૨. યોજન પ્રમાણ સંભળાય એવી. ૩. પ્રૌઢ. ૪. મેઘ જેવી ગંભીર. ૫. શબ્દ વડે સ્પષ્ટ. ૬. સંતોષકારક. ૭. દરેક મનુષ્ય એમ જાણે જે મનેજ કહે છે એવી. ૮. પુષ્ટ અર્થવાળી. ૯. પૂર્વાપર વિરોધ રહિત. ૧૦. મહા પુરૂષને છાજે એવી. ૧૧. સંદેહ વગરની. ૧૨. દૂષણ

રહિત અર્થવાળી. ૧૩. કઠણ વિષયને સહેલો કરે એવી. ૧૪. જ્યાં જેવું શોભે તેવું બોલાય એવી.

૧૫. ખટદ્રવ્ય ને નવતત્વને પુષ્ટ કરે એવી. ૧૬. પ્રયોજન સહિત. ૧૭. પદરચના સહિત. ૧૮. ખટદ્રવ્ય નવતત્વ પટુતા સહિત. ૧૯. મધુર. ૨૦. પારકો મર્મ જણાઈ ન આવે એવી ચતુરાઈવાળી. ૨૧. ધર્મ—અર્થ પ્રતિબદ્ધ. ૨૨. દીપકસમાન પ્રકાશ અર્થ સહિત. ૨૩. પરનિંદા ને પોતાનાં વખાણ વગરની. ૨૪. કર્તા, કર્મ, ક્રિયા, કારક, કાલ, વિભક્તિ સહિત. ૨૫. આશ્ચર્યકારી. ૨૬. વકતા સર્વગુણસંપન્ન છે એવું જેમાં લાગે. ૨૭. ધૈર્યવાળી. ૨૮. વિલંબરહિત. ૨૯. ભ્રાંતિરહિત. ૩૦. સર્વ પોતાની ભાષામાં સમજે. ૩૧. શિષ્ટ બુદ્ધિ ઉપજાવે એવી. ૩૨. પદના અર્થને અનેકપણે વિશેષ આરોપણ કરી બોલે એવી. ૩૩. સાહસિકપણે બોલે એવી. ૩૪. પુનરૂક્તિ દોષ વગરની. ૩૫. સાંભળનારને ખેદ ન ઉપજે એવી.

# નરકનું સ્વરૂપ.

મનુષ્ય, તિર્યંચ, દેવતા ને નારકી એ ચાર ગતિમાંથી નારકીની ગતિ સૌથી વધારે દુઃખવાળી છે. ચૌદરાજલોકમાં સાત રાજલોક નારકીના છે. જેમ દેવતાનું વધારેમાં વધારે આયુષ ૩૩ સાગરોપમનું છે, તેમ નારકીમાંપણ વધારેમાં વધારે આયુષ ૩૩ સાગરોપમનું છે. જેમ દેવતા પુલની શય્યામાં યૌવન સાથેજ ઊપજે છે; તેમ નરકના જીવો કુંભીમાં ઊપજે છે. જેમ દેવલોકમાં સુગંધ છે. તેમ સાતે નરકમાં દુર્ગંધ છે. નરકના પહેલા પાંથડાનો કોડી જેવડા કકડો કોઇ દેવતા મનુષ્યલોકમાં લાવે તો અરધા કોશ ફરતાં સર્વે પ્રાણીઓ તેવડા કકડાની દુર્ગંધથી નાશ પામે. જેમ જેમ નીચેના પડમાં જાય, તેમ તેમં દુર્ગંધ વધતી જાય છે. જો ૪૯ મા પાથડાનો કોડી જેટલો કકડો મનુષ્યલોકમાં આવે તો ૨૪ાા કોસ ફરતાં સર્વ પ્રાણીઓ તેની દુર્ગંધથી નાશ પામે. નારકી જીવોમાં સ્રીવેદ તથા પુરૂષવેદ નથી. માત્ર નપુંસકવેદ છે. શરીર પારાની માફક વળી જાય છે, ને હાથમાં આવતું નથી. વળી એ જીવો અવધિજ્ઞાનવાળા છે. પહેલી નરકમાં ચાર ગાઊ સુધી, ને છેલ્લી નરકમાં એક ગાઊ સુધીનું અવધિજ્ઞાન છે. સાતે નરકમાં અંધારૂં રહે છે. કારણ કે ત્યાં ચંદ્ર, સૂર્ય, કે તારાનો પ્રકાશ નથી. જ્યારે અરિહંતનાં કલ્યાણક થાય છે, ત્યારે તેના પ્રભાવથી તમઃપુદ્ગલો ઊદ્યોતમયી થાય છે, તથા નારકીના જીવોને કંઇક સાતા ઉપજે છે, એમ કહેવાય છે.

પહેલી ત્રણ નરક સુધી તો પરમાધામી દેવો વિવિધ રૂપ કરી દુઃખ દે છે, તથા માંહોમાહે વેર સંભાળી લડાવે છે.

બાકીની ચાર નરકમાં પરમાધામી દેવો જતા નથી, પણ માંહોમાંહે લડી મરે છે. નરકના પ્રાણીઓને દશ પ્રકારનાં દારૂણ દુઃખ સદા સાથે લાગેલાં છે, તેનાં નામ. ૧. અશુભ બંધન. ૨. અશુભ ગતિ. ૩. અશુભ સ્થાન. ૪. અશુભ વેદના. ૫. અશુભ ગંધ. ૬. અશુભ રસ. ૭. અશુભ સ્પર્શ. ૮. અશુભ ગુરૂ. ૯. અશુભ લઘુ. ૧૦. અશુભ વર્ણ.

જેમ ગાય વિગેરે તિર્યંચ પ્રાણીઓમાં માયા સર્વથી વધારે હોય છે, મનુષ્યોમાં માન વધારે હોય છે, ને દેવતામાં લોભ વધારે હોય છે, તેમ નારકી જીવોમાં ક્રોધ સર્વથી વધારે હોય છે.

પહેલી ત્રણ નરકમાં પરમાધામીવેદના, ક્ષેત્રવેદના, ને અન્યોઅન્ય વેદના એવી ત્રણ વેદના છે. બાકીની ચાર નરકમાં ક્ષેત્રવેદના ને અન્યોઅન્ય વેદના એ બે પ્રકારની વેદના છે.

# निगोदनुं स्वरूप तथा काळना भेद.

કોઇ દેવ મનુષ્યના શરીરની ૩॥ ક્રોડ રોમમાં ૩॥ ક્રોડ સોય ઘણીજ ઊષ્ણ કરી ઘોચે, તેથી જે વેદના થાય, તેના કરતાં આઠ ગણી વેદના એક જન્મ ને મરણથી થાય છે. તેત્રીસ સાગરોપમના જેટલા સમય થાય, તેટલી વાર તેત્રીસ સાગરોપમના આયુષથી સાતમી નરકમાં ઊપજે તેથી જે વેદના થાય, તે કરતાં પણ અનંતગણી વેદના નિગોદના જીવને એક સમયમાં થાય છે. નિગોદના જીવની વેદનાનું વર્ણન કરવા કેવળજ્ઞાની પણ શક્તિમાન નથી.

કોમળ પોયણીનાં બત્રીસ પાન બરાબર દબાવીને ઉપરાઉપર ચડાવી સાથે રાખેલાં હોય. તેમાં નીરોગી યુવાન ને બળવાન પુરૂષ ઝીણી સોય, જોરથી ભોંકે; ત્યારે સોય એક પાન વીંધી બીજા પાનમાં જાય, તેટલા વખતમાં અસંખ્યાત સમય થાય. અથવા ઝીણું ને જીર્ણ લૂગડું જોરથી ફાડતી વખતે એક તાંતણેથી બીજા તાંતણા સુધી ફાટતાં જેટલી વાર લાગે, તેટલામાં અસંખ્યાત સમય થાય, અથવા આંખ મટમટાવીએ એટલામાં અસંખ્યાત સમય થાય.

અસંખ્યાત સમયની એક આવળી થાય. ૨૫૬ આવળીમાં નિગોદીઆ જીવનો એક ક્ષુલ્લકભવ થાય. તે નાનામાં નાનો ભવ કહેવાય છે. ૪૪૪૬॥ આવળીનો એક શ્વાસોશ્વાસ થાય. તેવા એક શ્વાસોશ્વાસમાં નિગોદનો જીવ ઊત્કૃષ્ટ ૧૭॥ ને જઘન્ય ૧૭ ભવ કરે. કાચી અંતર મુહૂર્તમાં નીરોગી જુવાન પુરૂષ ૩૭૭૩ શ્વાસોશ્વાસ લે; તેટલા વખતમાં નિગોદનો જીવ ૬૫૫૩૬ ભવ કરે.

૧૬૭૭૭૨૧૬ આવળીનું એક મુહૂર્ત થાય. ત્રીસ મુહૂર્તે એક અહોરાત્રિ, ને ૩૦ અહોરાત્રિએ એક માસ, ને બાર માસે એક વર્ષ થાય. અસંખ્યાત વર્ષે એક પલ્યોપમ થાય. દશ કોડાકોડી (ક્રોડને ક્રોડે ગુણીએ તો કોડાકોડી થાય) પલ્યોપમે એક સાગરોપમ થાય. દસ કોડાકોડી સાગરોપમે એક ઉત્સર્પિણી થાય; ને દસ કોડાકોડી સાગરોપમે અવસર્પિણી થાય. ઉત્સર્પિણી ને અવસર્પિણી એ બે મળીને (એટલે વીસ કોડાકોડી સાગરોપમનું) એક કાળચક્ર થાય. અનંત કાળચક્રનું એક પુદગળ પરાવર્તન થાય. એવા અનંત પુદ્ગળ પરાવર્તન નિગોદમાં થાય, તોપણ તે જીવ વ્યવહારરાશિમાં મહા પુણ્યના ઉદયથીજ આવે. તેમાં પણ જેટલા જીવ મોક્ષ પામે તેટલાજ જીવ નિગોદમાંથી નીકળી વ્યવહારરાશિમાં આવે. ને વ્યવહારરાશિમાં આવી ૮૪ લાખ યોનિમાં ફરતો ફરતો પુણ્યસંયોગે મનુષ્યભવ પામી મોક્ષે જાય.

એક સમયમાં દસ મનુષ્ય મોક્ષે જાય, તો તેજ સમયમાં દસ જીવ અવ્યવહાર નિગોદમાંથી નીકળે. ને તે દસમાં એક બે અભવી જીવ હોય. ચૌદરાજલોકમાં અસંખ્યાત પ્રદેશ છે, દરેક પ્રદેશમાં અસંખ્યાત ગોળા છે, ને દરેક ગોળામાં અનંત નિગોદના જીવ છે. અનાગતકાળ ને અતીતકાળના સમય કરીએ, તેમાં વર્તમાનકાળનો એક સમય ભેળો કરીએ, તો તે સર્વ મળી જેટલા સમય થાય, તેના કરતાં પણ અનંત જીવ એક નિગોદના ગોળામાં છે. તે સર્વ જીવ સૂક્ષ્મ એકેંદ્રી છે. ને પાંચે સ્થાવર જીવ તેમાં રહેલા છે. અર્થાત્ સૂક્ષ્મ સ્થાવર અથવા નિગોદના જીવ દાબડીમાં ભરેલા કાજળની પેરે ચૌદરાજલોકમાં ઠાંસીને ભરેલા છે. તે વજ્ર જેવી કઠણ વસ્તુને પણ ભેદીને આરપાર ચાલ્યા જાયછે. ને કોઇના અટકાવ્યા અટકતા નથી. ગાળ્યા ગળતા નથી. ને બાળ્યા બળતા નથી.

## षट् आरक आख्यायिका.

**कालो द्विविधो वसर्पिण्युत्सर्पिणी विभेदतः**
**सागर कोटिकोटीनां विंशत्या स समाप्यते ॥१॥**
**अवसर्पिण्यां षडरा उत्सर्पिण्यांतएव विपरीताः**
**एवं द्वादशभिररै र्विवर्तते कालचक्र मिदं ॥२॥**

કાળના બે ભેદ છે. ૧. અવસર્પિણી. ૨. ઉત્સર્પિણી. વીસ કોડાકોડી સાગરોપમ થાય ત્યારે એક કાળ પૂરો થાયછે. અવસર્પિણીકાળમાં છ આરા છે. ઉત્સર્પિણીકાળમાં પણ છ આરા છે; પણ ઉલટા છે. એમ બાર આરાથી આ કાળચક્ર ફર્યા કરેછે. છએ આરાનાં નામ તથા તેમાં મનુષ્યનું કેટલું આયુષ તથા ઊંચાઇ વીગેરે છે તે નીચે પ્રમાણે છે:

| અનુક્રમ આરાનું નામ. | પ્રમાણ. | આયુષ. | ઊંચાઈ. |
|---|---|---|---|
| ૧ સુષમ સુષમ. | ૪ કોડાકોડી સાગર. | ૩ પલ્યોપમ. | ૩ ગાઉ. |
| ૨ સુષમ. | ૩ કોડાકોડી સાગર. | ૨ પલ્યોપમ. | ૨ ગાઉ. |
| ૩ સુષમ દુષમ. | ૨ કોડાકોડી સાગર. | ૧ પલ્યોપમ. | ૧ ગાઉ. |
| ૪ દુષમ સુષમ. | ૪૨૦૦૦ વર્ષે ઉણો ૧ કોડાકોડી સાગર. | પૂર્વકોડી વર્ષ. | ૫૦૦ ધનુષ. |
| ૫ દુષમ. | ૨૧૦૦૦ વર્ષ. | ૧૦૦ વર્ષ. | ૭ હાથ. |
| ૬ દુષમ દુષમ. | ૨૧૦૦૦ વર્ષ. | ૧૬ વર્ષ. | ૧ હાથ. |

પહેલા આરામાં ચોથે દીન તુવર પ્રમાણ આહારની ઇચ્છા થાય. તથા ૨૫૬ પાંસળીનું શરીર હોય. ૪૯ દીનનું યુગલ થાય ત્યારે તેમનાં માતાપિતા મરણ પામે. મરીને દેવલોકે જાય.

બીજા આરામાં ત્રીજે દીન બોર પ્રમાણ આહારની ઇચ્છા થાય. ૧૨૮ પાંસળીનું શરીર હોય. ૬૪ દીનનું યુગલ થાય એ-ટલે માતાપિતા મરણ પામે. મરીને દેવલોકે જાય.

ત્રીજા આરામાં બીજે દીન આંબળાપ્રમાણ આહારની ઇચ્છા થાય. ૬૪ પાંસળીનું શરીર હોય. ૭૯ દીનનું યુગલ થાય, ત્યારે માતાપિતા મરણ પામે. મરીને દેવલોકે જાય.

ચોથા આરામાં ૩૨ કવળપ્રમાણ આહારની ઇચ્છા થાય. ૩૨ પાંસળીનું શરીર હોય. યુગલ હોય નહીં. મરીને ચારે ગતિમાં કે મોક્ષમાં જાય.

આ પાંચમા આરાને અંતે દુપ્પસહ સૂરી થશે. તેનું બે હા-થનું શરીર થશે. બાર વર્ષે દીક્ષા લઇને આઠ વર્ષ ચારિત્ર પા-ળશે. દસ વૈકાલિક, અનુયોગદ્વાર, કલ્પસૂત્ર, ઓઘનિર્યુક્તિ, એ-ટલા આગમનો વેત્તા થશે. વીસ વર્ષે અઠમનો તપ કરી સૌ-ધર્મ દેવલોકે એક પલ્યોપમની આયુસ્થિતિએ ઉપજશે. તે વખતે ફલ્ગુશ્રી સાધ્વી, નાગિલ શ્રાવક, ને સત્યશ્રી શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ પહેલા બે પહોરની અંદર અનશન કરી દેવલોકે જશે. ત્યાર પછી બે પહોરે વિમલવાહન રાજા તથા સુમુખ પ્ર-ધાન કાળ કરશે. ત્યાર પછી પાછલે પહોરે અગ્નિનો વરસાદ થશે તેથી સર્વ બળી ભસ્મ થશે. એમ ૨૦૯૦૦ વર્ષ, ૩ માસ, ૫ દીન, ૫ પ્રહર, ૧ ઘડી, ૨ પળ ને ઉપર અડતાળીસ અક્ષરનો ઉચ્ચાર કરીએ એટલો કાળ જૈનધર્મ વર્તશે. પછી પ્રલયકાળ વાયરો વાશે. ચંદ્ર બારગુણો શીતળ ને સૂર્ય બારગુણો આકરો થશે. ને છઠ્ઠો આરો બેસશે. ૧૬ પાંસળીનું શરીર થશે.

છઠ્ઠા આરામાં ભસ્મ, ક્ષાર, વિષ, અગ્નિ ને વીજળીના મેઘ વરસશે. પ્રત્યેક મેઘ સાત દીન ચાલશે. લોકોનો ઘણો રોગથી

ક્ષય થશે. પર્વત, ખાડા, નદી, સર્વ સરખાં થઇ જશે. વૈતાઢ્ય પર્વતની મૂળમાં ગંગા તથા સિંધુ નદીને કાંઠે ૭૨ બીલ છે; તેમાં છએ ખંડના મનુષ્ય તથા તિર્યંચ આવીને રહેશે. રથનાં ચીલા જેટલી ગંગા, ને સિંધુ નદી વહેશે. તેમાં માછલાં ઘણાં ને પાણી થોડું રહેશે. બીલમાં રહેનારા પ્રાણીઓ રાત્રે બાહાર નીકળી નદીમાંથી મત્સ્યાદિક કાઢી નદીની રેતીમાં તે દીવસના તડકાથી પકવશે, તેને સૂર્યાસ્તે કાઢીને ઉદરપૂરણા કરશે. છઠ્ઠા આરાને અંતે પુરૂષનું વીસ વર્ષનું, ને સ્ત્રીનું ૧૬ વર્ષનું આયુષ થશે. તેમાં પણ પુત્રના પુત્ર દેખશે. ૭ વર્ષની સ્ત્રી ગર્ભ ધારણ કરશે. પિતા પુત્ર, માતા પુત્ર, સ્ત્રી પુત્રી, ગુરૂ શિષ્ય, બાળક વૃદ્ધ, ઉંચ નીચ, વીગેરેનો તફાવત રહેશે નહીં. ખાવાનું નહીં મળે, એટલે પિતા પુત્રનું ને પુત્ર પિતાનું ભક્ષણ કરશે. પહેરવાનું, પાથરવાનું, રહેવાનું, ને રાંધવાનું કાંઇ મળશે નહીં. સર્વ મનુષ્ય નગ્ન રહેશે. સર્વ પ્રકારનાં દુઃખ પડશે. વ્યવહાર ને આચારનો નાશ થશે. એ રીતે ૨૧૦૦૦ વર્ષનો છઠ્ઠો આરો અવસર્પિણીનો પૂરો થયા પછી ઉત્સર્પિણીનો પહેલોઆરો તેના જેવોજ બેસશે. એ બંને આરાનાં મનુષ્ય તથા તિર્યંચ પ્રાણીઓ નરક તથા તિર્યંચગતિમાં જશે. પછી ઉત્સર્પિણીનો બીજો આરો બેસશે. ત્યારે પુષ્કરાવર્ત મેઘ સાત દીન સુધી વરસશે. તે પૃથ્વીને શીતળ કરશે. પછી ક્ષીરોદક મેઘ વરસશે. તેથી પૃથ્વીમાં વનસ્પતિ ઊગશે. પછી ઘૃતોદક મેઘથી પૃથ્વીમાં ચીકાસ આવશે. શુદ્ધોદકથી ધાન્ય પ્રમુખ થશે. રસોદકથી રસ થશે. એમ ૩૫ દીન સુધી પાંચ જાતના મેઘ વરસશે. એટલે બીલમાં રહેનારા પ્રાણીઓ બહાર નીકળશે. તેમનાં આયુષ, બળ, રૂપ, આદિ પ્રતિદિન વૃદ્ધિ પામશે. ને તેઓ માંસાહાર તજીને ફલાહાર કરશે. બીજા આરાને અંતે સાત કુલકર થશે. તેના

૨૧૦૦૦ વર્ષમાં ત્રણ વર્ષ ને સાડાઆઠ મહીના બાકી રહેશે ત્યારે સાતમા કુલકર સમુચિને ત્યાં ભદ્રા રાણીની કુંખે શતદ્વારપુરમાં શ્રેણિક રાજાનો જીવ નારકીમાંથી નીકળીને પહેલો તીર્થંકર થશે. મહાવીરસ્વામીની પેઠે તેનું સાત હાથનું શરીર ને ૭૨ વર્ષનું આયુષ થશે. એમ પશ્ચાદનુંપૂર્વીએ બીજા ત્રેવીસ તીર્થંકર થશે. એટલે ચોવીસમો તીર્થંકર ઋષભદેવ જેવો થશે. તથા તે ચોવીસે તીર્થંકરોનાં આયુષ, દેહમાન, અંતર, લાંછન, વર્ણ, કલ્યાણકના દિન, વીગેરે સર્વ મહાવીરથી ઋષભદેવ સુધી ઉત્ક્રમ (ઉલટાં) સમજવાં. ચોવીસમા તીર્થંકર મોક્ષ પામ્યા પછી કલ્પવૃક્ષ પ્રગટ થશે. ને સર્વ યુગલીઆં થશે. તે યુગલિક ધર્મ કોડાકોડી સાગરોપમ સુધી ચાલશે, ત્યાર પછી ઉત્સર્પિણી પૂરી થશે. એવી રીતે અવસર્પિણી તથા ઉત્સર્પિણી મળીને વીસ કોડાકોડી સાગરોપમનું એક કાળચક્ર થશે. એવાં અનંત કાળચક્ર ગયાં ને જશે. પાંચ ભરત ને પાંચ ઐરવતમાં એવી રીતે અનાદિ કાળથી ચાલ્યા કરે છે. એક કાળચક્રના બે કોડાકોડી સાગરોપમમાં ધર્મ હોયછે.



# જીવોનું અલ્પ બહુત્વ.

સર્વથી થોડા ગર્ભજમનુષ્ય છે. તેથી સતાવીસ ગણી ગર્ભજમનુષ્યની સ્ત્રી છે. અઢી દ્વીપમાં ગર્ભજમનુષ્યના સ્ત્રી પુરૂષની વસ્તી ૨૯ આંકની છે. એટલે ૭૯૨૨૮૧૬૨૫૧૪૨૬૪૩૩૭૫૯૩૫૪૩૯૫૦૩૩૬ એટલી વસ્તી છે. તેથી બાદર તેઉકાય પર્યાપ્ત અસંખ્યાત ગુણા. તેથી અસંખ્યાતગુણા અનુત્તર વિમાનના દેવતા છે. તેથી પહેલા ત્રણ ગ્રૈવેકે અસંખ્યાતગુણા. તેથી વચલા ત્રણ ગ્રૈવેકે અસંખ્યાતગુણા. તેથી નીચલા ત્રણ ગ્રૈવેકે અસંખ્યાતગુણા. તેથી અચ્યુત દેવતા અસંખ્યાતગુણા. તેથી આરણ સં૦ તેથી પ્રાણુત સં૦ તેથી આણુત સં૦ આણુતથી ૭ મી નારકી અસંખ્યાતગુણી. તેથી ૬ ઠી અસંખ્યાતગુણી. તેથી સહસ્રાર અસંખ્યાતગુણા. તેથી મહાશુક્ર અસંખ્યાતગુણા. તેથી ૫ મી નારકી અસંખ્યાતગુણી. તેથી લાંતક અસંખ્યાતગુણા. તેથી ૪થી નારકી અસંખ્યાતગુણી. તેથી બ્રાહ્મ અસંખ્યાતગુણા. તેથી ૩જી નારકી અસંખ્યાતગુણી. તેથી માહેંદ્ર અસંખ્યાતગુણા. તેથી સનત્કુમાર અસંખ્યાતગુણા. તેથી ૨જી નારકી અસંખ્યાતગુણી. તેથી સમૂર્છિમમનુષ્ય અસંખ્યાતગુણા. તેથી ઈશાનદેવ અસંખ્યાતગુણા. તેથી ઈશાનદેવી અસંખ્યાતગુણી. (૩૨ ગુણી છે). તેથી સૌધર્મદેવ સંખ્યાતગુણા છે. તેથી સૌધર્મદેવી ૩૨ ગુણી છે. તેથી ભવનદેવ અસંખ્યાતગુણા. તેથી ભવનદેવી ૩૨ ગુણી છે. ને ભવનદેવીથી ૧ લી નારકી અસંખ્યાતગુણી છે.

નારકીથી ખેચર પંચેંદ્રિતિર્યંચ પુરૂષ અસંખ્યાતગુણા છે. તેથી તેની માદા (સ્ત્રી) ત્રિગુણી છે, તેથી સ્થળચર સંખ્યાતગુણા છે. તેથી તેની સ્ત્રી ત્રિગુણી છે. તેથી જળચર સંખ્યાતગુણા. તેથી

તેની સ્ત્રી ત્રિગુણી છે. તેથી વ્યંતરદેવ સંખ્યાતગુણા છે. તેથી તેની દેવી ૩૨ ગુણી છે.

તેથી જ્યોતિષીદેવ સંખ્યાતગુણા છે. તેથી તેની દેવી ૩૨ ગુણી છે. તેથી ખેચર નપુંસક સંખ્યાતા છે; તેથી સ્થળચર નપુંસક સંખ્યાતા; ને તેથી જળચર નપુંસક સંખ્યાતા છે. તેથી ચૌરેંદ્રિ પર્યાપ્ત સંખ્યાતગુણા. તેથી પંચેંદ્રિ પર્યાપ્ત વધારે ( વિશેષાધિક). તેથી બેઇંદ્રિ પર્યાપ્ત વધારે. તેથી તેઇંદ્રિ પર્યાપ્ત વધારે. તેથી પંચેંદ્રિ અપર્યાપ્ત સંખ્યાતગુણા. તેથી ચૌરેંદ્રિ અપર્યાપ્ત વધારે. તેથી તેઇંદ્રિ અપર્યાપ્ત વધારે. તેથી બેઇંદ્રિ અપર્યાપ્ત વધારે. તેથી પ્રત્યેક વનસ્પતિ (બાદર) અપર્યાપ્ત અસંખ્યાતગુણી. તેથી બાદર નિગોદ પર્યાપ્ત અસંખ્યાત. તેથી બાદર પૃથ્વીકાય પર્યાપ્ત અસંખ્યાત. તેથી બાદર અપકાય પર્યાપ્ત અસંખ્યાત. તેથી બાદર વાયુકાય પર્યાપ્ત અસંખ્યાત: તેથી બાદર તેઉ અપર્યાપ્ત અસંખ્યાત. તેથી પ્રત્યેક વનસ્પતિ અપર્યાપ્ત અસંખ્યાત. તેથી બાદર નિગોદ અપર્યાપ્ત અસંખ્યાત. તેથી બાદર પૃથ્વી અપર્યાપ્ત અસંખ્યાત. તેથી બાદર અપ અપર્યાપ્ત અસંખ્યાત. તેથી બાદર વાયુ અપર્યાપ્ત અસંખ્યાત. તેથી સૂક્ષ્મ તેઉ અપર્યાપ્ત અસંખ્યાત. (સર્વ લોકવ્યાપી છે માટે.)


તેથી સૂક્ષ્મ પૃથ્વી અપર્યાપ્ત વધારે. તેથી સૂક્ષ્મ અપ અપર્યાપ્ત વધારે. તેથી સૂક્ષ્મ વાયુ અપર્યાપ્ત વધારે. તેથી સૂક્ષ્મ તેઉપર્યાપ્ત સંખ્યાતગુણા. તેથી સૂક્ષ્મ પૃથ્વી પર્યાપ્ત વધારે. તેથી સૂક્ષ્મ અપ પર્યાપ્ત વધારે. તેથી સૂક્ષ્મ વાયુ અપર્યાપ્ત વધારે. તેથી સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્ત સંખ્યાતગુણી. તેથી સૂક્ષ્મ નિગોદ પર્યાપ્ત સંખ્યાતગુણી. તેથી અભવી અનંતગુણા છે.

અભવીથી સમ્યક્દ્રષ્ટિ અનંતગુણા છે. તેથી સિદ્ધ અનંત છે.

સિદ્ધ જીવોથી બાદર વનસ્પતિ પૂર્યાપ્ત અનંત છે. ( કારણ કે એક નિગોદને અનંતમે ભાગે સિદ્ધ છે.)

## ચોવીસ દંડકના જીવોનું અલ્પ વહુત્વ.

સર્વથી થોડા ગર્ભજ પર્યાપ્ત મનુષ્ય છે. તેથી બાદર અગ્નિકાયના જીવ અધિક. તેથી વૈમાનિક દેવતા અધિક. તેથી દસ ભવનપતિ અધિક. તેથી સાત નારકી અધિક. તેથી વ્યંતર અધિક. તેથી જ્યોતિષી અધિક. તેથી ચૌરેંદ્રિ અધિક. તેથી તિર્યંચ-પંચેંદ્રિ અધિક. તેથી બેઇંદ્રિ અધિક. તેથી તેઇંદ્રિ અધિક. તેથી પૃથ્વીકાય અધિક. તેથી અપ્કાય અધિક. તેથી વાયુકાય અધિક. તેથી વનસ્પતિકાય અધિક. એમં એકએકથી અધિક છે.



## सूत्र तथा पूर्व.

**एकादश तहबारह अंगूवंगाणि दश पयन्नाणि**
**छ च्छेया चउ मूला नंदी अणुयोग पणयाला॥१॥**

૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પયન્ન, ૬ છેદ, ૪ મૂળ, નંદી ને અનુયોગ. એમ ૪૫ સૂત્ર હાલમાં ગણાય છે, પ્રથમ ચોરાસી સૂત્રો હતાં, એમ કહેવાય છે. નંદી સૂત્રમાં ઘણાં સૂત્રોનાં નામ લખેલાં છે. હાલના સમયમાં પ્રવર્તમાન ૪૫ સૂત્રોનાં નામ નીચે પ્રમાણે છે.

**૧૧** અંગ—આચારાંગ, સુયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાંગ, અંતગડદશાંગ, અનુત્તરોવવાઇદશાંગ, પ્રશ્નવ્યાકરણ, વિપાકસૂત્ર.

**૧૨** ઉપાંગ—ઉવવાઇ, રાયપશ્રેણી, (રાજપ્રશ્રીય), જીવાગમ, પન્નવણા, જંબુદ્વીપપંન્નતિ, ચંદપન્નતિ, સૂરપન્નતિ, કપ્પિઆ, કપ્પવિડંસીઆ, પુપ્ફીઆ, પુપ્ફચુલીઆ, વન્હિદશા, (વન્હિદશાંગ).

**૧૦** પયન્ના—ચઉસરણ, (ચતુઃશરણ), સંથારાપયન્ન, તંદુલવેયાલીઆ, ચંદાવિજય, (ચંદ્રવેદયક), ગણીવિજય, (ગણિતવીદ્યા) દેવિંદથુઓ, (દેવેન્દ્રસ્તવ), વીરથુઓ, (વીરસ્તવ), ગચ્છાચાર, જ્યોતિકરંડ. આચુઃપચ્ચખાણ. (આતુરપ્રત્યાખ્યાન).

કેટલાક ભકતપરિજ્ઞા, ને મરણસમાધિ, એ બે પયન્નામાં ગણે છે. તથા દેવેન્દ્રસ્તવ, ને વીરસ્તવ, એ બેનું એક પયન્ન ગણે છે, તથા ગચ્છાચાર સંસ્તારક ( સંથારા ), ને ચૂલીકા, એ

ત્રણનું એક પયંન્ન ગણેછે. તથા મહા પ્રત્યાખ્યાન પણ પયન્ન ગણેછે. એમ પણ કુલ ૧૦ થાય.

૬ છેદ—વ્યવહારસૂત્ર, વૃહતકલ્પ, દસશ્રુતસ્કંધ, નિશીથ, મહા નિશીથ, જીતકલ્પ. કેટલાક જીતકલ્પ ભેગું પંચકલ્પ ગણે છે.

૪ મૂળ—આવશ્યક, દસવૈકાલિક, ઉત્તરાધ્યયન, ઓઘનિર્યુક્તિ. કેટલાક પિંડનિર્યુક્તિ મૂળ સૂત્રમાં ગણે છે. તથા ઓઘ નિર્યુક્તિમાં આવસ્યક, વિશેષાવશ્યક ને પાક્ષિક ભેગું ગણે છે.

દ્રષ્ટિવાદ નામે બારમું અંગ હતું તે હાલ વિચ્છેદ ગયું છે. તેમાં ૧૪ પૂર્વ હતાં તે નીચે પ્રમાણે.

ઉત્પાદ, આગ્રાયણી, વીર્યપ્રવાદ, અસ્તિનાસ્તિપ્રવાદ, જ્ઞાનપ્રવાદ, સત્યપ્રવાદ, આત્મપ્રવાદ, કર્મપ્રવાદ, પ્રત્યાખ્યાનપ્રવાદ, વિદ્યાનુપ્રવાદ, અવંધ્ય, પ્રાણાયુ, ક્રિયાવિશાળ, લોકબિંદુસાર

મુનિરાજ ચારિત્ર વિજયજીએ મોકલેલાં ૪૫ સૂત્રનાં અનુક્રમે સંસ્કૃત નામ (સર્વ નામની આદિમાં શ્રી તથા અંતે સૂત્ર સમજવું.)

अंगानि—આચરાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાંગ, અંતકૃતાંગ, અનુત્તરોપપાતિકાંગ, પ્રશ્નવ્યાકરણાંગ, વિપાકાંગ.


उपांगानि—ઉપપાતક, રાજપ્રશ્નાય, જીવાભિગમ, પ્રજ્ઞાપના, સૂર્યપ્રજ્ઞપ્તિ, જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ, કલ્પાવતંસિકા. નિરયાવલિકા, પુષ્પચૂલિકા, વન્હિદશા, પુષ્પકા.

प्रकीर्णसूत्राणि—(પયન્ન), ચતુઃશરણ, ભક્તપ્રત્યાખ્યાન, સંસ્તાર, તંદુલ વૈકાલિક, ચંદ્રવિજય, દેવેન્દ્રસ્તુતિ, મરણસમાધિ, મહાપ્રત્યાખ્યાન, ગણિતવિદ્યા.

छेदसूत्राणि—નિશીથ, વ્યવહાર, દશાશ્રુતસ્કંધ, પંચકલ્પ, જીતકલ્પ, મહાનિશીથ.

मूलसूत्राणि—દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, પિંડવિશુદ્ધિ, આવશ્યક. નંદીસૂત્ર, અનુયોગદ્વાર સૂત્ર.


કુલ ૪૫ સૂત્ર.



# સાધુની અઠ્ઠાવીસ લબ્ધિ.

૧ હસ્તાદિક. ૨ મલમૂત્ર. ૩ શ્લેષ્મ, થુંક. ૪ પ્રસ્વેદ. ૫ કેશનખાદિકમાં સ્પર્શ થવાથી રોગ જાય. ૬ એક ઇંદ્રિયથી સર્વ ઇંદ્રિયોનો વિષય જાણે. ૭ અવધિજ્ઞાન. (ચારે ગતિના જીવોને આ લબ્ધિ થાય). ૮ ઋજુમતિ લબ્ધિ. ( કોઇ જીવના મનની સામાન્ય વાત જાણે. જેમકે ઘડો છે, એમ જાણે; પણ કેવો ઘડો એમ ન જાણે. અથવા અઢી દ્વીપના મનુષ્યનું બાદર પરિણામ જાણે). ૯ વિપુલમતિ લબ્ધિ. (અઢી દ્વીપના મનુષ્યના મનની સર્વ વાંત જાણે. એ લબ્ધિ કેવળજ્ઞાનીનેજ થાય.) ૧૦ ચારણલબ્ધિ. તેના બે ભેદ છે. જંઘાચારણ, ને વિદ્યાચારણ. જંઘાચારણથી જંઘામાં ઉડવાની શક્તિ આવે, તેણે કરીને મેરૂ પર્વતના શિખર સુધી, તે ૧૩ મા રૂચકદ્વીપ સુધી જાય. વિદ્યાચારણથી વિદ્યાના બળે કરી મેરૂ પર્વતના શિખર તથા આઠમા નંદીશ્વરદ્વીપ સુધી જાય. ૧૧ વિષલબ્ધિ. ઝેર અથવા શ્રાપ દઇ કોઇને મારી નાંખે. ૧૨ કેવળલબ્ધિ. ૧૩ ગણધર. ૧૪ પૂર્વધર. ૧૫ અરિહંત. ૧૬ ચક્રવર્તિ. ૧૭ વાસુદેવ. ૧૮ બળદેવની લબ્ધિઓ. ૧૯ વચનલબ્ધિ. (વચન સાંભળીને બીજો ખુશી થાય તેવી લબ્ધિ). ૨૦ કોષ્ઠકબુદ્ધિલબ્ધિ. [ જે ભણે તે ભૂલે નહીં. ] ૨૧ પદાનુસારી લબ્ધિ. [એક પદ ભણવામાં આવે તે ઉપરથી સર્વ પ્રકરણ કહે]. ૨૨ બીજબુદ્ધિ લબ્ધિ. [એક વસ્તુનું સ્વરૂપ જાણવાથી અનેક પ્રકારનું જ્ઞાન થાય]. ૨૩ તેજોલેસ્યા. [ફુંક મારીને બાળી નાંખે]. ૨૪ આહારક લબ્ધિ. [ એક હાથનું સ્ફટિક મણિ જેવું પુતળું પોતાના શરીરમાંથી કાઢીને મરજી માફક કોઈ ઠેકાણે મોકલે, ને ગમે તે વસ્તુ તેનાથી જાણે. પછી તે આકાર પોતાના શરીરમાં પાછો સંહારી ખેંચી લે]. ૨૫ શીતલેસ્યા. તે-

જોલેસ્યાને રોકે. ૨૬ વૈક્રિયલબ્ધિ. [એક વસ્તુમાંથી કરોડો વસ્તુ કરે; રૂપ બદલે; નાનો, મોટો, હલકો, ભારે થાય; ઇત્યાદિ.] ૨૭ અક્ષીણ મહાનસિક લબ્ધિ. (સો સાધુ સુધી ગમે તેટલા સાધુઓ જમે તોપણ આહાર ખૂટે નહીં.) ૨૮ પૂલાક લબ્ધિ. [ધર્મની રક્ષા કરવા માટે ચક્રવર્તિને સેના સહિત ચૂર્ણવત્ કરે]. આ સર્વે લબ્ધિઓ ઘણું કરીને ત્રીજા ચોથા આરામાં ને પાંચમાની શરૂઆતમાં થાય છે.



## अष्ट महासिद्धि.

अणिमा महिमा चैव लघिमा गरिमा तथा
प्राप्तिः प्राकाम्यमीशत्वं वशित्वं चाष्ट सिद्धयः

૧. અણિમા—અતિ સૂક્ષ્મ રૂપ કરી ઝીણા છિદ્રમાં પેસે, અથવા કમળના નાળ માંહે પેસી ચક્રવર્તિની રિદ્ધિ વિસ્તારે. ૨. મહિમા—મેરૂથી પણ મોટું રૂપ કરવાની શક્તિ. ૩. લઘિમા—વાયુથી પણ હલકું શરીર કરવાની શક્તિ. ૪. ગરિમા—વજ્રથી પણ ભારે શરીર કરવાની શક્તિ. ૫. પ્રાપ્તિ—ભૂમિથી આંગળી વડે મેરૂનો સ્પર્શ કરે; તથા સૂર્યના કિરણને હાથ લગાડે. ૬. પ્રાકામ્ય—જમીન ઊપર પાણીની પેરે ડુબકી ખાય, તથા પાણી ઊપર જમીનની પેરે ચાલે. ૭. ઇશત્વ—ત્રણ લોકની ઠકુરાઈ ભોગવે, અથવા તીર્થંકર કે ઇંદ્રની રિદ્ધિ વિસ્તારે. ૮. વશિત્વ—સર્વ જીવને વશ કરવાની શક્તિ.

## नवनिधि.

द्वादश योजन यामा नव योजन विस्तृता
मंजूषाकृतयः प्रादु र्बभूवु र्निधयो नव ॥१॥
नैसर्पः पाण्डुकश्चैव पिंगलः सर्वरत्नकः
महापद्मः कालमहाकालौ माणवशंखकौ ॥२॥
स्कंधावार पुरादीनां निवेशः प्रथमे निधौ
सर्वेषां धान्य बीजाना मुत्पत्तिश्च द्वितीयके ॥३॥
महिलानां नराणां च हास्तिनां वाजिनां तथा

आभरण विधिना सर्वो निधौ पिंगलके भवेत् ॥४॥
चतुर्दशापि रत्नान्युत्पद्यंते सर्व रत्नके
महापद्मे च वस्त्राणां रंगादीनां च संभवः ॥५॥
काले कालत्रयज्ञानं महाकाले च कीर्तितः
स्वर्णरूप्य लोह मणि प्रवालानां च संभवः ॥६॥
युद्ध नीतिः समग्रापि सर्व प्राहरणानि च
तनु त्राणादि योधानां योग्यं माणवके भवेत् ॥७॥
तुर्यांगानि समस्तानि काव्यं चापि चतुर्विधं
निधौ संजायते शंखे नाट्य नाटकयो र्विधिः ॥८॥
तेषु पल्योपमायुष्का वसंति कुल देवताः
निधान समनामानः समये परि कीर्तिताः ॥९॥

प्राहरण=હથીઆર. तुर्यांगानि=વાજીત્રનાં અંગ. समये=સિદ્ધાંતમાં. स्कंधावार=કાંપ. છાવણી.

૧. નૈસર્પનિધાનથી ગઢ નગર વીગેરે સ્થપાય છે. ૨. પાંડુક નિધાનથી ધાન્ય બીજની ઉત્પત્તિ થાયછે. ૩. પિંગલક નિધાનમાં સ્ત્રી, પુરૂષ, હાથી, ઘોડા, આભરણ વીગેરે હોયછે. ૪. સર્વરત્નનિધિમાં ચૌદ રત્નની ઉત્પત્તિ થાયછે. ૫. મહાપદ્મમાં વસ્ત્ર, રંગ ઇત્યાદિ થાયછે. ૬. કાલનિધિમાં ત્રણ કાળનું જ્ઞાન થાયછે. તેમાં જ્યોતિષ, વીગેરે હોય છે. ૭. મહાકાળ નિધિથી સુવર્ણ, લોહ, મણિ, પરવાળાં, આદિની ઉત્પત્તિ થાયછે. ૮. માણવકનિધિથી યુદ્ધનીતિ, શસ્ત્ર, બખતર, આદિ નીપજે છે. ૯.

શંખનિધાનમાં વાજીત્ર, નાટક, ગાયન, એ ઉપજે છે. દરેક નિધાન આઠ પેડા ઉપર હોયછે. આઠ યોજન ઊંચું, નવ યોજન પહોળું, ને બાર યોજન લાંબુ, એવું દરેક નિધાન પેટીના આકારે હોયછે. સર્વ નિધાન ગંગાના મુખને વિષે રહેછે. ચક્રવર્તિ સર્વ દેશ જીતી પાછો આવે, ત્યારે તેની પછવાડે નવે નિધાન ચાલેછે; તથા તે જ્યાં પડાવ નાંખે ત્યાં નિધાન પણ નીચે પાતાળમાં રહેછે.



## संसारनी असारता.

આ કારાગારરૂપી સંસાર દુઃખસાર અને અસાર છે. જીવરૂપ દડી કર્મરૂપ ગેડીથી કૂટાય છે. તેથી ચાર ગતિ, ચોવીસ દંડક, ને ૮૪ ચોરાસીલાખ જીવ યોનીમાં આપણા આત્માઓ અનાદિ કાળથી પરિભ્રમણ કરેછે. માયિક મામલાવાળા, માટીના પાંજરામાં પૂરાએલા, હે પક્ષિ ! પવનથી ચંચળ થએલા કમળમાં રહેલા જળની માફક તારૂં આયુષ ચપળ છે. સંપદ્ શીલરૂપી સરિતના વેગનો વિનાશ કરનાર છે. યૌવનાવસ્થા સંધ્યાકાળના અંબુધરની છાયા સરખી છે. સુહૃદ્ સ્વજનાદિક સ્થાવર જંગમ વસ્તુઓનો સંગમ ખરેખર સુખ ભંગ કરનાર દુસ્તર દુઃખની રમણિક રંગભૂમી છે. શરીર વિપદનું મંદીર છે. વનિતા વિષની વલ્લી ને કૂડ કપટની કોથળી છે. અરે! તારી પોતાની નારી નરકની બારી છે. પુત્ર મિત્ર, ને કલત્ર, સર્વ કલેશનાં કારણ છે. અકૂપારની પેરે સંસાર અપાર છે. તેમાં સુરેંદ્રાદિની સુપદવી સુલભ છે, ને સિદ્ધિસુખનો નિધિ એવું જે સમ્યકૃત્વ તે અતિ દુર્લભ છે. અરે! ભોળા જીવ આ ભવરૂપી નાટકમાં જડ પદાર્થ કર્મરૂપી સૂત્રધાર અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર ને વીર્યવાળા આ ચૈતન્યયુક્ત પ્રાણી પાત્રોને મર્કટની માફક નચાવી રહ્યો છે. માટે દસ દ્રષ્ટાંતે દુર્લભ એવો માનુષ્યભવ ભોગવનાર, હે માનવી! મનરૂપી મયૂરને મોદકારક મેઘરૂપ સમતાભાવ ધારણ કર, કે જેથી મિથ્યાત્વરૂપી મદિરાનો મહામોહ ઊતરી જાય, ને સંસારરૂપી દાવાનળની જ્વાળાઓ બુઝાઈ જાય.

આ સંસારરૂપી અટવીમાં અપસિદ્ધાંતરૂપી ખારા કૂવા ઘણા છે. ને સત્સંયોગરૂપ સુધારસનો એકજ કૂવો છે. તે કૂવો સમ્યક્સત્વરૂપ પર્વતની સુવાસનારૂપ ગુફામાં છે. વળી તેકૂવો પ્ર-

માદ, આળસ, ઇત્યાદિ વેલાઓથી ઢંકાએલો છે, માત્ર પુણ્યવાન પુરૂષો તે કૂવો જોઈ શકેછે; ને તેનું અમૃત પીને ઉત્તમ ધ્યાનથી પ્રાપ્ત થએલા સરલ માર્ગે મોક્ષનગર તરફ જાયછે. વળી તે અટવીમાં મિથ્યાત્વરૂપી મહા સરોવર છે, તેની પાસે વિષયરૂપ વૃક્ષોનું વન છે. તેમાં અજ્ઞાની પુરૂષો આવીને સપડાય છે. કારણ કે, તેમાં કામિનીરૂપ કમલિનીની વાડી છે. વળી તે સરોવરમાં કામાદિક જળ પક્ષીઓ કલ્લોલ કરી રહ્યા છે. તેમાંથી મિથ્યાત્વ પાણી પીધા પછી વિષયવનમાં પ્રેમરૂપ મહાભૂત વળગે છે. તેથી લજ્જારૂપ વસ્ત્રોનો તે અજ્ઞાન પુરૂષો ત્યાગ કરેછે. ને વનમાં ભમતાં ભમતાં કષાયરૂપી તસ્કર તેમનો ધર્મ હરી લેછે; તેમજ રાગ દ્વેષરૂપ સિંહ હાથીઓ તેમને અત્યંત પીડા આપે છે; તેથી તે અજ્ઞાની પુરૂષો અનંત દુઃખ પામે છે. માટે હે ભવ્ય જીવો ! મિથ્થાત્વરૂપ સરોવરનો ત્યાગ કરી સત્સમાગમરૂપી કૂપમાંથી અમૃતપાન કરી અનંત સુખદાયક મુક્તિનગર પ્રત્યે ગમન કરો. અર્હદાજ્ઞાને માત સમાન, સાધર્મિક ને ભ્રાત સમાન, સમ્યક્ત્વ ને સાક્ષાત્ ભગિની સમાન, ગણીને પરીષહરૂપી સુભટ સાથે અહંકારરૂપી ગજ ઉપર બેસીને સુદેવરૂપી ચામર, સુધર્મરૂપી છત્ર, સુગુરૂરૂપી દંડ, સમતારૂપી તરવાર, સુમતિરૂપી ઢાલ, ને શુકલ ધ્યાનરૂપી ભાલો રાખી સંસારરૂપી અટવીમાં ક્રોધ, માન, માયા, ને લોભરૂપી ચાર ચોરને હઠાવી પુણ્યરૂપી સોનાની ને પાપરૂપી લોઢાની બેડી તોડીને મોક્ષનગરનું નિષ્કંટક રાજ્ય જીતી લઇ મુક્તિરૂપી અજરામર નારીને પરણી અનંતકાળ સુધી અનંતસુખ ભોગવો. તથાસ્તુ.

---

## धर्मनी अगत्यता.

न धम्मकज्जा परमत्थिकज्जं ।
न पाणिहिंसा परमं अकज्जं ॥
न पेमरागा परमत्थिबंधो ।
न बोहिलाभा परमत्थि लाभो ॥

અર્થ—ધર્મકાર્યથી બીજું કાર્ય કોઇ ઉત્કૃષ્ટ નથી, પ્રાણિહિંસાથી બીજું કોઇ અકાર્ય નથી, પ્રેમરાગથી બીજો કોઇ મોટો બંધ નથી, સમ્યકૃત્વની પ્રાપ્તિ શિવાય બીજો કોઇ મોટો લાભ નથી.

त्रिवर्ग संसाधन मंतरेण ।
पशोरि वायुर्विफलं नरस्य ॥
तत्रापि धर्मं प्रवरं वदंति ।
न तं विना यद्भवतोऽर्थकामौ ॥

અર્થ—ધર્મ, અર્થ ને કામ એ ત્રણ સિવાય મનુષ્યનું આયુષ પશુની માફક નિષ્ફળ છે. તેમાં પણ ધર્મને શ્રેષ્ઠ કહેછે, કારણકે તે વિના અર્થ ને કામની પ્રાપ્તિ થતી નથી.

वपुः पवित्रीकुरु तीर्थयात्रया
चित्तं पवित्रीकुरु धर्मवाञ्छया ।
वित्तं पवित्रीकुरु पात्रदानतः
कुलं पवित्रीकुरु सच्चरित्रतः ॥

અર્થ—તીર્થયાત્રાથી શરીર, ધર્મની વાંછાથી ચિત્ત, પાત્રદાનથી વિત્ત ને સારા ચરિત્રથી કુલ પવિત્ર કર.

अपि लभ्यते सुराज्यं लभ्यन्ते पुरवराणि रम्याणि।
नहि लभ्यते विशुद्धः सर्वज्ञोक्तो महाधर्मः ॥

અર્થ—સારૂં રાજ્ય ને સુંદર નગર મળે, પણ સર્વજ્ઞ પ્રકાશેલો શુદ્ધ મોટો ધર્મ મળતો નથી.

शृङ्गी यथा क्षारजले पयोनिधौ
वसन्नपि स्वादुजलं पिबेत्सदा।
तथैव जैनामृतवाणी मादरात्
भजेद्गृही संसृति मध्यगोऽपि सन्॥

જેમ સીંગડાંવાળો મત્સ્ય ખારા જળવાળા સમુદ્રમાં રહેછે તોપણ સદા નદીનું મીઠું પાણી પીએ છે, તેમ ગૃહસ્થે સંસારની મધ્યમાં રહીને પણ આદર સહિત જૈનની અમૃતરૂપ વાણીનું સેવન કરવું જોઇએ.

आयुर्वृद्धि यशोवृद्धिर्वृद्धिः प्रज्ञासुख श्रियाम्।
धर्मसंतान वृद्धिश्च धर्मात्सप्तापि वृद्धयः ॥

આયુષ, યશ, વિદ્યા, સુખ, લક્ષ્મી, ધર્મ ને સંતાન એ સાતની વૃદ્ધિ ધર્મવૃદ્ધિથી થાયછે.

छिन्नमूलो यथा वृक्षो गतशीर्षो यथा भटः।
धर्महीनो धनी तद्वत्कियत्कालं ललिष्यति ॥

અર્થ—કપાએલા મૂળવાળું વૃક્ષ, તથા કપાએલા માથાવાળા યોદ્ધાની માફક ધર્મ વગરનો ધનવાન માણસ કેટલો કાળ મહાલશે ?

धर्मोऽयं धनवल्लभेषु धनदः कामार्थिनां कामदः
सौभाग्यार्थिषुं तत्प्रदः किमपरः पुत्रार्थिनां पुत्रदः ।
राज्यार्थिष्वपि राज्यदः किमथवा नानाविकल्पैर्नृणाम्
तत्किं यन्न ददाति वाञ्छितफलं स्वर्गापवर्गावधि ॥

અર્થ—આ ધર્મ ધનની ઇચ્છાવાળાને ધન આપે છે. કામાર્થિને કામ, સૌભાગ્યાર્થિને સૌભાગ્ય, પુત્રાર્થિને પુત્ર, રાજ્યાર્થિને રાજ્ય આપે છે. અથવા મનુષ્યોને નાના પ્રકારની જે ઇચ્છા થાય છે તે સર્વ આપે છે. સ્વર્ગ ને મોક્ષ પર્યંતનું સુખ પણ આપે છે. શું નથી આપતો ?

अवाप्य दुःप्राप्यमिदं नरत्वम्
धर्मं न यत्नेन करोति मूढः ।
क्लेशप्रबंधेन स लब्धमब्धौ
चिन्तामणिं पातयति प्रमादात् ॥

અર્થ—જે મૂઢ આ દોહિલો માનવભવ પામીને જતનાએ કરીને ધર્મ આદરતો નથી તે ઘણી મહેનતે મેળવેલું ચિંતામણિ-રત્ન પ્રમાદથી સમુદ્રમાં નાંખી દેછે.

धर्मः कल्पद्रुमो लोके धर्मश्चिन्तामणिर्नृणाम् ।
धर्मः कामदुघा धेनुः धर्मः किंवाक्षयो निधिः ॥

અર્થ—ધર્મ લોકમાં કલ્પદ્રુમ છે, મનુષ્યોને ચિંતામણિ રત્નછે, ધર્મ કામદુઘા ગાય છે, ને ધર્મ અક્ષયનિધિ છે.

स्वर्णस्थाले क्षिपति सरजः पादशौचं विधत्ते
पीयूषेण प्रवरकरिणं वाहय त्यैन्धभारम् ।

**चिन्तारत्नं विकिरति कराद्वायसोड्डायनार्थं**
**यो दुःप्राप्यं गमयति मुधा मर्त्यजन्मं प्रमत्तः ॥**

અર્થ—જે દુઃપ્રાપ્ય. નરભવ પ્રમાદમાં ગમાવે છે, તે સુવર્ણના થાળમાં કચરો ભરે છે. અમૃતથી પગ ધુવે છે. શ્રેષ્ઠ હાથી ઉપર લાકડાનો ભાર ભરે છે. ને ચિન્તારત્નને કાગડો ઉડાવવા માટે ફૂંકે છે.

**ते धत्तूरतरुं वपन्ति भवने प्रोन्मूल्य कल्पद्रुमम्**
**चिन्तारत्नमपास्य काचशकलं स्वीकुर्वते ते जडाः ।**
**विक्रीय द्विरदं गिरीन्द्रसदृशं क्रीणन्ति ते रासभम्**
**ये लब्धं परिहृत्य धर्ममधमा धावन्ति भोगाशया ।**

અર્થ—જે મેળવેલા ધર્મને તજીને નીચપણે ભોગમાં મચ્યા રહેછે. તે પોતાના ઘરમાંથી કલ્પવૃક્ષને ઉખેડીને આકડાને વાવે છે. તે જડ પુરૂષો ચિતારત્નને નાંખી દઇ કાચને ગ્રહણ કરેછે. ને ગિરીંદ્ર જેવા હાથીને વેચીને ગધેડા ખરીદ કરેછે.

**शर्वरी दीपकश्चन्द्रः प्रभाते रविदीपकः ।**
**त्रैलोक्यदीपको धर्मः सुपुत्रः कुल दीपकः ॥**

અર્થ—રાત્રીનો દીવો ચંદ્ર છે. પ્રભાતનો દીવો સૂર્ય છે. ત્રૈલોક્યનો દીવો ધર્મ છે. ને કુલનો દીવો સુપુત્ર છે.

**धम्मेण कुल पसूइ धम्मेण य दिव्वसव संपत्ती ।**
**धम्मेण धन समिद्धि धम्मेण सुवित्थडा कित्ती ॥**

અર્થ—ધર્મથી સારા કુલમાં જન્મ થાય છે; ધર્મથી દિવ્ય

કાંતિરૂપી સંપત્તિ મળે છે. ધર્મથી ધનની સમૃદ્ધિ થાય છે; ધર્મથી સુવિસ્તર કીર્તિ મળે છે.

દોહરો.

ધર્મે હય ગય સંપજે, ધર્મે રણમાં રાજ;
ધર્મે મનવંછિત લહે, ધર્મે સીજે કાજ.
કુંકુમ કજ્જળ કેવડો, કંકણ કૂર કપૂર;
કોમળ કાપડ કવ્વરસ, એ પુણ્યહ અંકૂર.

**सुकुल जन्म विभूति रनैकधा**
**प्रिय समागम सौख्य परंपरा ।**
**नृप कुले गुरुता विमलं यशो**
**भवति पुण्यतरोः फलमीदृशम् ॥**

અર્થ—ઉત્તમ કુળમાં જન્મ, અનેક પ્રકારનો વૈભવ, પ્રિય સમાગમ, સુખની પરંપરા રાજદરબારમાં ગૌરવ, વિમળયશ, એ પુણ્યરૂપી વૃક્ષનાં ફળ છે.

**अनित्यानि शरीराणि विभवो नैव शाश्वतः।**
**नित्यं संनिहितो मृत्युः कर्तव्यो धर्मसंग्रहः॥**

શરીર અનિત્ય છે, વૈભવ શાશ્વત નથી, મૃત્યુ સદા સમીપ રહેછે, માટે ધર્મનો સંગ્રહ કરવો જોઇએ.

**अहिंसा लक्षणो धर्मः अधर्मः प्राणिनां वधः।**
**तस्माद्धर्माभिलाषिभिः क्रियते प्राणिनां दया ॥**

અર્થ—ધર્મનું લક્ષણ અહિંસા છે. પ્રાણીનો વધ કરવામાં અધર્મ છે. તેથી ધર્મની ઇચ્છા કરનારાઓ પ્રાણી ઉપર દયા કરેછે.

का विद्या कवितां विनार्थिनिजने
त्यागं विना श्रीश्च का
को धर्मः कृपया विना क्षितिपतिः
को नाम नीतिं विना।
कः सूनुर्विनयं विना कुलवधूः
का स्वामिभक्तिं विना
भोग्यं किं रमणीं विना क्षितितले
किं जन्म कीर्तिं विना॥

અર્થ—કવિતા વિના વિદ્યા, માગનારને આપ્યા વિના લક્ષ્મી, દયા વિના ધર્મ, નીતિ વિના રાજા, વિનય વિના પુત્ર, સ્વામીની ભક્તિ વિના કુળવાન સ્ત્રી, રમણી વિના ભોગ, ને કીર્તિ વિના પૃથ્વીમાં જન્મ શા કામનો છે...

यस्मिन्नेवं पिता हिताय यतते भ्राताचमाता सुतः
सैन्यं दैन्यमुपैति चापचपलं यत्राफलं दोर्बलम्।
तस्मिन्कष्टदशा विपाकसमये धर्मस्तु संवर्मितः
सज्जः सज्जन एव सर्वजगत स्त्राणाय बद्धोद्यमः॥

અર્થ—જે કષ્ટદશાના વિપાક સમયે પિતા, ભ્રાતા, માતા ને સુત અહિતને માટે યત્ન કરેછે, બાણથી ચપળ થએલું સૈન્ય દીન થાયછે, ને ભુજાબળ નિષ્ફળ થાયછે. તેવા કાળમાં ધર્મરૂપી સજ્જન તૈયાર થઇ જગતનું રક્ષણ કરવા બખ્તરરૂપે થઈ ઉદ્યમ કરેછે.

त्रैलोक्यं सचराचरं विजयते यस्य प्रसादादिदं
योत्रामुत्र हितावहस्तनुभृतां सर्वार्थ सिद्धिप्रदः।
येनानर्थ कदर्थना निजमहस्सामर्थ्यता व्यर्थिता
तस्मै कारुणिकाय धर्मविभवे भक्तिप्रणामोस्तुमे॥

અર્થ—જેની કૃપાથી આ સ્થાવર જંગમ સહિત ત્રૈલોકય વિજયવંત છે, જે આલોક ને પરલોકમાં હિતકારી છે, ને પ્રાણીઓને સર્વ સિદ્ધિ આપે છે, જેણે પોતાના તેજના પ્રભાવથી અનર્થરૂપી વિટંબનાનો નાશ કર્યો છે, એવા દયામય ધર્મરૂપી દેવને મારો ભક્તિવાળો પ્રણામ હોજો.


धर्मतः सकल मंगलावलिः
धर्मतः सकल सौख्यसंपदः।
धर्मतः स्फुरति निर्मलं यशः
धर्म एव तदहो विधीयताम्॥

અર્થ—ધર્મથી સર્વ મંગલમાળા મળે છે. ધર્મથી સર્વ સુખ સંપદા થાયછે. ધર્મથી નિર્મળ યશ પ્રકાશેછે. તેથી ધર્મનુંજ સાધન કરો.

धर्माज्जन्म कुले शरीरपटुता सौभाग्यमायुर्बलम्
धर्मादेव भवंति निर्मलयशो विद्यार्थसंपत्तयः।
कान्ताराच्च महाभयाच्च सततं धर्मः परित्रायते
धर्मः सम्यगुपासितो भवतिहि स्वर्गापवर्गप्रदः॥

અર્થ—ધર્મથી સારા કુળમાં જન્મ, દેહસૌંદર્ય, સૌભાગ્ય,

આયુષ, બળ, નિર્મળ યશ, વિદ્યા, ધન ને સંપત્તિ મળેછે, ધર્મ અરણ્યમાં ને મહા ભયમાં રક્ષા કરેછે. સારી રીતે ધર્મ આદરવાથી સ્વર્ગ ને મોક્ષના સુખની પ્રાપ્તિ થાયછે.



## શ્રી મહાવીર ચરિત્ર.

વિક્રમ પેહેલાં ૫૪૨ વર્ષે ઊપર આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં બહાર પ્રાંતમાં કુંડલપુર નગરીની પાસે ક્ષત્રિયકુંડ ગામમાં *સિદ્ધાર્થ રાજાની ત્રિસલા નામે મહરાણીની કૂખે પ્રાણુત નામે ૧૦ મા દેવલોકના પુષ્પોત્તર વિમાનથી ચવીને ઊત્તરાફાલ્ગુની નક્ષત્રે ચૈત્ર શુદ તેરશને દીન મહાવીરસ્વામી નામના ચોવીસમા તીર્થંકરે જન્મ લીધો. છપ્પન દિકકુંમારી તથા ચોસઠ ઇંદ્રે જન્મોત્સવ કર્યો.

અનુક્રમે રાજ્યમાં ધન્યધાન્યાદિકની વૃદ્ધિ થઇ; તથા દેવતાથી પણ ભય પામ્યા નહીં; માટે વર્ધમાન તથા મહાવીર એવાં બે નામ પડયાં. અનુક્રમે સિદ્ધાર્થ રાજાનો સામંત સમરવીર ( નરવર્મ ) જે કૌડિન્ય ગામનો હતો, તેની યશોદા અથવા યશોમતી નામની પુત્રીને મહાવીરસ્વામી પરણ્યા. તેને પ્રિયદર્શના અથવા અણોદ્યા નામે દીકરી થઇ; તે ક્ષત્રિયકુંડના જમાલી નામના કૌશિક ક્ષત્રિને પરણાવી. તે જમાલી મહાવીરનો ભાણેજ હતો. મહાવીરસ્વામીના કાકાનું નામ, સુપાર્શ્વ, બેહેનનું નામ સુદર્શના, ને મોટા ભાઇનું નામ નંદીવર્ધન હતું. મહાવીરને અઠ્ઠાવીશ વર્ષનો મૂકી તેના માતા પિતા કાળ કરી ૧૨ મે દેવલોક ગયા. તેથી ગર્ભમાં કરેલા અભિગ્રહ પ્રમાણે દીક્ષા લેવા તૈયાર થયા, પણ તેમના મોટા ભાઈના કહેવાથી બે વર્ષ વધારે ગૃહસ્થાવાસમાં રહ્યા. અનુક્રમે લોકાંતિક દેવના કહેવાથી સંવત્સરી દાન દઇ છઠના તપે ચંદ્રપ્રભા પાલખીમાં બેશી માગશર વદ ૧૩ ના દીવસે મહા આડંબરથી જ્ઞાતખંડ ઉ-

---

* સિદ્ધાર્થનાં બીજાં નામ—શ્રેયાંસ. યશસ્વી. ત્રિશલાનાં બીજાં નામ—વિદેહદિન્ના. પ્રીતિકારિણી.

ધ્યાનમાં જઇ દીક્ષા લીધી. તેજ દીન પાછલે પોહોરે મનઃપર્યય જ્ઞાન ઊત્પન્ન થયું. બીજે દીન કોલ્લાકસંનિવેશ ગામમાં બહુલ નામના બ્રાહ્મણને ઘેર કાંસ્યપાત્રમાં ક્ષીરનું પારણું કર્યું. પછી ગોવાળીયાના, શૂલપાણિ યક્ષના, શરવણ ગામના મંખલીપુત્ર ગોશાળાના, તથા સંગમદેવના ઉપસર્ગ ૧૨ વર્ષ સુધી સહન કર્યા. તેરમે વર્ષે જાંભિક ગામની બહાર ઋજુવાલિકા નદીને તીરે, સામક નામના ગાથાપતિના ક્ષેત્રમાં, વૈયાવર્ત ચૈત્યની પાસે, શાલ્મલી વૃક્ષ નીચે ગૌદોહિકાસને બેઠાં ને છઠનો તપ કરી વૈસાક શુદ ૧૦ ને દીન ઘાતિકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા. ઇંદ્રભૂતિ નામે ગૌતમગોત્રનો બ્રાહ્મણ મગધ દેશના ગોર્બર ગામમાં જનમ્યો હતો; તેના પિતાનું નામ વસુમતી ને માતાનું નામ પૃથ્વી હતું. તેણે યજ્ઞ કર્યો હતો, ત્યાં દેવતાઓ આવ્યા નહીં; પણ મહાવીરસ્વામીના સમોવસરણમાં તેમને જતાં જોઇને બોલ્યો, "જેમ તીર્થજળમાં કાગડો ન જાય, ચંદનને માંખી ન વાંછે, સારા વૃક્ષને ઊંટ ન ઈચ્છે, કૂતરો દુધને ન ચાહે, ને ઘૂવડ સૂર્યને ન ઈચ્છે, તેમ દેવતાઓ યજ્ઞને ઈચ્છતા નથી. ગૌડ, માળવા, સૌરાષ્ટ્ર, ગુર્જર, તૈલંગ ઈત્યાદિ દેશોના પંડિતોને મેં હરાવ્યા છે. તો મહાવીર મને હરાવી શકશે ?" એમ કહીને મહાવીરસ્વામીના સમોવસરણમાં ગયો. પણ મહાવીરસ્વામી કેવળજ્ઞાની હતા. તેથી તેમણે અગાઉથીજ ઇંદ્રભૂતિને બોલાવી તેના મનની વાત કહી. તેથી ઇંદ્રભૂતિ આદિ ૧૧ બ્રાહ્મણો ૪૪૦૦ શિષ્યો સહિત મહાવીરને નમીને જૈનધર્મી થયા. ને તેજ મહાવીરસ્વામીના ૧૧ ગણધર થયા. તેમનાં નામ—

૧. ઇંદ્રભૂતિ. (ગૌતમ) ૨. અગ્નિભૂતિ. ૩. વાયુભૂતિ. એ ત્રણે સગા ભાઈ હતા. ૪. વ્યકત. ૫. સુધર્મા. ૬. મંડિત. ૭. મૌર્ય-

પુત્ર. ૮. અકંપિત. ૯. અચલભ્રાતા. ૧૦. મેતાર્ય. ૧૧. પ્રભાસ. ૧૪૦૦૦ સાધુ, ૩૬૦૦૦ સાધ્વી, ૧૫૯૦૦૦ શ્રાવક, ૩૧૮૦૦૦ શ્રાવિકા. એ પ્રમાણે મહાવીરસ્વામીનો પરિવાર હતો. પહેલું ચોમાસું અસ્થિગ્રામ. (વઢવાણ) માં કર્યું. તથા વિશાલાનગરીમાં બાર ચોમાસાં, રાજગૃહી નગરીમાં નાલંદાપાડે ચૌદ ચોમાસાં, ચંપા તથા પૃષ્ઠ ચંપા નગરીમાં ત્રણ, મિથિલા નગરીમાં છ, ભદ્રિકા નગરીમાં બે, આલંભિકા નગરીમાં એક, અનાર્ય દેશની પ્રણીતભૂમિમાં એક, ને સાવથ્થિ નગરીમાં એક ચોમાસું કર્યું. ને છેલ્લું બેતાળીસમું ચોમાસું અપાપા નગરીમાં હસ્તિપાલ રાજાની જૂની દફ્તર લખવાની શાળામાં કર્યું. ત્યાં પોતાને ભાષા વર્ગણાનાં પુદ્ગળ અધિક હોવાથી સોલ પહોર સુધી દેશના દીધી. ને દેશના દેતાં દેતાં કાર્તિક વદ અમાવાસ્યાની છેલ્લી બે ઘડી રાત્રી બાકી રહી, ત્યારે પદ્માસને નિર્વાણ પામ્યા. તેને બીજે દીન એટલે કાર્તિક શુદિ પડવેને દિન ગૌતમ ગણધર કેવળજ્ઞાન પામ્યા.

મહાવીરસ્વામીનો મામો ચેડા રાજા હતો. તે પોતાના મિત્ર નવલેચ્છ જાતિના રાજા તથા નવમલ્લ જાતિના રાજા એ રીતે અરાડ કાશી કોશલના અધિપતિઓ સાથે મહાવીરસ્વામીને વંદન કરવા આવ્યો. અરાડ રાજા સહિત પૌષધ ઉપવાસ કરી અમાવસ્યાને દિન રહ્યા; તેમણે મહાવીરસ્વામીનું નિર્વાણ જાણી ભાવદીપક ગયો તેથી દ્રવ્યદીપકનો ઉત્સવ કર્યો. ત્યારથી દીવાળી પર્વ લોકોમાં પ્રસિદ્ધ થયું. સુદર્શનાએ પોતાના ભાઇ નંદીવર્ધનને પોતાને ઘેર તેડી જમાડ્યો, ને તેનો શોક સમાવ્યો. ત્યારથી ભાઇબીજનું પર્વ થયું.

મહાવીરસ્વામી ત્રીસ વર્ષ ગૃહવાસમાં રહ્યા. બાર વર્ષ ને સાડા

છ મહીના કેવળીપણે રહ્યા. કૂલ બેતાળીસ વર્ષ વ્રતધારી રહ્યા, ને બહોતેર વર્ષે મોક્ષરૂપી મેહેલમાં પધાર્યા. તેમના નિર્વાણથી બાર વર્ષે ગૌતમસ્વામી તથા વીસ વર્ષે સુધર્માસ્વામી મોક્ષે ગયા. બાકીના નવ ગણધરો મહાવીરસ્વામી છતાં રાજગૃહીમાં મોક્ષે ગયા હતા. રાજગૃહનો શ્રેણિક, ચંપાનો કોણિક, વૈશાલીનો ચેટક (ચેડો), કાશીના નવ મલ્લિક રાજાઓ, કોશલદેશના નવ લેચ્છિક રાજાઓ, પુલાસપુરનો વિજય, અમરકલ્પાનો શ્વેત રાજા, વીતભય પત્તનનો ઊદાયન, કૌશાંબીનો ઊદાયનવત્સ, ક્ષત્રિયકુંડનો નંદીવર્ધન ( મહાવીરસ્વામીનો ભાઇ ), ઊજ્જયિનીનો ચંદ્રપ્રદ્યોત, હિમાલયની ઉત્તરમાં આવેલી પૃષ્ઠચંપાના શાલ ને મહાશાલ એ બે ભાઇ, પોતનપુરનો પ્રસન્નચંદ્ર, હસ્તિશીર્ષનો અદીનશત્રુ, ઋષભપુરનો ધનાવહ, વીરપુરનો વીરકૃષ્ણમિત્ર, વિજયપુરનો વાસવદત્ત, સૌગંધિકનો અપ્રતિહત, કનકપુરનો પ્રિયચંદ્ર, મહાપુરનો બળ, સુઘોષનો અર્જુન, ચંપાનો દત્ત, સાકેતપુરનો મિત્રનંદી; ઇત્યાદિ અનેક રાજાઓ મહાવીરસ્વામીના ભક્ત હતા. મહાવીરનાં અન્ય નામ—ચરમતીર્થંકર, દેવાર્ય, જ્ઞાતનંદન, જ્ઞાતપુત્ર, એવાં હતાં. મહાવીરસ્વામીએ દીક્ષા લીધા પછી ઇંદ્રે આપેલાં દેવદુષ્ય વસ્ત્ર તેર મહીના સુધી પહેર્યાં, ત્યાર પછી નગ્નપણે રહી પોતાનાજ હાથમાં આહાર લેતા, પણ અતિશયના પ્રભાવથી તે કોઇ જોઇ શકતું નહીં. મહાવીરસ્વામી મોક્ષે ગયા પછી ચોથા આરાના ત્રણ વર્ષ ને સાડા આઠ માસ બાકી હતા. જે રાત્રિએ ભગવાન મોક્ષ પામ્યા તેજ રાત્રિએ તેમના ઉત્તરાફાલ્ગુનીય નામના જન્મ નક્ષત્ર ઉપર અઠ્યાસી ગ્રહ માંહેનો ત્રીસમો ભસ્મરાશિ નામનો ગ્રહ બેઠો. તેની સ્થિતિ બે હજાર વર્ષની કહેવાય છે.

# आवती उत्सर्पिणीना शलाकी पुरुषोनां नाम.

(તીર્થંકરોનાં નામ આગળ આવી ગયાં છે.)


૧૨. ચક્રી—દીર્ઘદંત, ગૂઢદંત, શુદ્ધદંત, શ્રીચંદ્ર, શ્રીભૂતિ, શ્રીસોમ, પદ્મ, મહાપદ્મ, દર્શન, વિમલ, અમલવાહન, અરિષ્ટ.

૯. વાસુદેવ—નંદિ, નંદીમિત્ર, સુંદરબાહુ, મહાબાંહુ, અતિબલ, મહાબલ, બલ, દ્વિપૃષ્ટ, ત્રિપૃષ્ટ.

૯. પ્રતિવાસુદેવ—તિલક, લોહજંઘ, વજ્રજંઘ, કેશરી, બળી, પ્રલ્હાદ, અપરાજીત, ભીમ, સુગ્રીવ.

૯. બળદેવ—જયંત, અજીત, ધર્મ, સુપ્રભ, સુદર્શન, આનંદ, નંદન, પદ્મ, સંવર્ષણ.

ત્રિષષ્ટિ શલાકીમાં તીર્થંકર પાંચ વર્ણવાળા, ચક્રી સુવર્ણ વર્ણવાળા, વાસુદેવ શ્યામ વર્ણવાળા, ને બળદેવ ઉજ્વળ વર્ણવાળા હોયછે. તે સર્વે મોક્ષગામી હોયછે.



# વર્તમાન ત્રિષષ્ટિ.

વર્તમાન ચોવીસ તીર્થંકરોમાં ૧૨ ચક્રી. ૯ વાસુદેવ. ૯ પ્રતિવાસુદેવ ને ૯ બળદેવ ઉમેરીએ તો કુલ ૬૩ થાયછે.

૧૨ ચક્રી—૧ ભરત. (ઋષભદેવ ને અજીતનાથની વચે). ૨ સગર. (અજીતનાથ ને શંભવનાથની વચે). ૩ મઘવા. ૪ સનત્ કુમાર. (એ બે ધર્મનાથ ને શાંતિનાથ વચે થયા). ૫ શાંતિ. ૬ કુંથુ. ૭ અર. ૮ સુભૂમ. (અરનાથ ને મલ્લિનાથ વચે). ૯ મહાપદ્‌મ. (મુનિસુવ્રત ને નમિનાથ વચે). ૧૦ હરિષેણ. ૧૧ જય. (એ બંને નમિનાથ ને નેમિનાથ વચે). ૧૨ બ્રહ્મદત્ત. (નેમિનાથ ને પાર્શ્વનાથ વચે).

૯ વાસુદેવ—૧ ત્રિપૃષ્ઠ. (શ્રેયાંસ ને વાસુપૂજ્ય વચે). ૨ દ્વિપૃષ્ઠ. (વાસુપૂજ્ય ને વિમલનાથ વચે): ૩ સ્વયંભૂ. (વિમલનાથ ને અનંતનાથ વચે). ૪ પુરૂષોત્તમ. (અનંતનાથ ને ધર્મનાથ વચે). ૫ પુરૂષસિંહ. (ધર્મનાથ ને શાંતિનાથ વચે). ૬ પુરૂષપુંડરીક. ૭ દત્ત. (એ બંને અરનાથ ને મલ્લિનાથ વચે). ૮ નારાયણ (લક્ષ્મણ). (મુનિસુવ્રત ને નમિનાથ વચે). ૯ કૃષ્ણ. (નેમિનાથ ને પાર્શ્વનાથ વચે).

૯ પ્રતિવાસુદેવ—અશ્વગ્રીવ, તારક, મેરક, મધુકૈટભ, નિસુંભ, બલિ, પ્રલ્હાદ, રાવણ, જરાસંધ.

૯ બળદેવ—અચલ, વિજય, સુભદ્ર, સુપ્રભ, સુદર્શન, આનંદ, નંદન, પદ્‌મ (રામચંદ્ર). રામ (બળરામ).

## મહાવીરનું ભવિષ્ય કથન.

મહાવીરસ્વામી ભગવંત કહે છે.—

મારા નિર્વાણથી ૮૯ પક્ષ ગયા પછી પાંચમો આરો બેસશે. મારા નિર્વાણથી બારમે વર્ષે હે ગૌતમ! તું મોક્ષે જઇશ. ને મારી પાટે ૨૦૦૪ આચાર્યો થશે. તેમાં પ્રથમ સુધર્મા ગણધર થશે. તે મારા નિર્વાણથી વીસ વર્ષે મોક્ષે જશે. સુધર્માની પાટે જંબુ થશે. તે મારા નિર્વાણથી ચોસઠ વર્ષે મોક્ષે જશે. ત્યાર પછી ભરતક્ષેત્રમાં આહારક શરીર, મનઃપર્યયજ્ઞાન, પુલાક લબ્ધિ, પરમાવધિ, ક્ષપક શ્રેણી, ઊપશમ શ્રેણી, કેવળજ્ઞાન, યથાખ્યાત ચારિત્ર, પરિહાર વિશુધ્ધિચારિત્ર, સૂક્ષ્મ સંપરાય ચારિત્ર, એ ત્રણ પ્રકારનું ચારિત્ર, જીનકલ્પ ને મોક્ષમાર્ગ એ દશ વસ્તુઓના વિચ્છેદ જશે. જંબુની પાટે પ્રભવસૂરિ થશે. તેની પાટે સય્યંભવસૂરિ બાર અંગધારી થશે. તે દશ વૈકાલિક કરશે. તેની પાટે ચૌદ પૂર્વી શ્રી યશોભદ્રસૂરિ થશે. તેને સંભૂતિવિજય ને ભદ્રબાહુ એ બે શિષ્ય થશે. ઘણા ગ્રંથ રચનારને નિયુક્તિના કરનાર ભદ્રબાહુ મારા નિર્વાણથી ૧૭૦ વર્ષે દેવલોક જશે. તેના શિષ્ય થુલિભદ્ર થશે. ત્યારે બારદુકાળી પડશે. તે દશ પૂર્વ અર્થ સહિત ને ચાર પૂર્વ અર્થ વિના ભણશે, ને મારા નિર્વાણથી ૨૧૫ વર્ષે દેવલોક પ્રામશે. તે વખતે પહેલું સંઘેણ ને સંસ્થાન તથા સૂક્ષ્મ મહા પ્રાણાયામ ધ્યાન વિચ્છેદ જશે. પછી ૫૦૪ વર્ષે વજ્ર આચાર્ય થશે. ત્યારે દશમું અર્ધ પૂર્વ તથા ચાર સંઘેણ ને ચાર સંસ્થાન વિચ્છેદ જશે. ૬૧૬ વર્ષે પુષ્પ મિત્ર થશે ત્યારે સાડાનવ પૂર્વ વિચ્છેદ જશે. ૬૨૦ વર્ષે આર્ય મહાગિરિ થશે. ૬૦૯ વર્ષે રથવીરપુરમાં દિગંબર મત થશે. મારા નિર્વાણથી ૩૦૦ વર્ષે ઉજ્જયિનીમાં સંપ્રતિ રાજા થશે. તે આર્ય સુહસ્તિસૂરિના ઉપદે-

શથી જાતિસ્મરણ જ્ઞાન પામશે. ને ત્રણ ખંડનો ભોક્તા થશે. સવાલાખ દેવાલય, છત્રીસ હજાર જીર્ણોદ્ધાર, સવાકોડી જીન પ્રતિમા, તથા પંચાણું હજાર ધાતુની પ્રતિમા કરાવશે. ૭૦૦ દાનશાળા તથા ૧૦૦૦ ઉપાશ્રય કરાવશે. ને સર્વ દેશોમાં જૈનધર્મ પ્રવર્તાવશે. ને કાળ કરી દેવલોક જશે. ૪૭૦ વર્ષે* ઉજ્જયિનીમાં વિક્રમાદિત્ય રાજા થશે. તે સિદ્ધસેનસૂરિના ઉપદેશથી જૈની થશે. ને અગ્નિ વીરવેતાલ તેનો સેવક થશે. તે રાજા પૃથ્વીને ઋણ રહિત કરી મારા સંવત્સરને લોપાવી પોતાના નામનો સંવત ચલાવશે. વિક્રમના સંવતથી ૧૩૫ મે વર્ષે શાલિવાહન રાજા પોતાનો શક ચલાવશે. વિ. સંવત ૫૮૫ માં હરિભદ્રસૂરિ થશે. મારા નિર્વાણથી ૯૯૩ વર્ષે કાલિકાચાર્ય થશે. તે કારણના યોગથી ચોથની સંવત્સરી કરશે. મારા નિર્વાણથી ૧૨૭૦ વર્ષે બપ્પભટ્ટસૂરિ થશે તે આમ રાજાને પ્રતિબોધી ગ્વાલીયરના ડુંગરમાં મારી ત્રણ કોટી મૂર્તિ ભરાવશે. ૧૩૦૦ વર્ષે ઘણા ગચ્છ થશે. મારા માર્ગને ડોહોળી નાંખશે ને લોક દુરાચારી થશે. નગર ગામ થશે, ને ગામ શ્મશાન તુલ્ય થશે. રાજાઓ દુષ્ટ થશે. દેવતા દેખાવ આપશે નહીં. જાતિસ્મરણ જ્ઞાન કોઇને થશે નહીં. માબાપ પોતાની દીકરીને વેચીને પેટ ભરશે. વણિક યતિનું ને દેવનું દ્રવ્ય ખાઈ જશે. ઘણા ઉપદ્રવ થશે. મંત્ર તથા ઔષધના પ્રભાવ મંદ પડી જશે. રાજાઓ નીચ કુલના થશે. પ્રધાનો લાંચીયા થશે. સાસુઓ કાળી રાત જેવી ક્રૂર થશે. વહુઓ કાળી સાપણ જેવી ક્રોધી ને વિનયહીન થશે. કુલીન સ્ત્રીઓ વેશ્યાનાં આચરણ શીખશે. અકાળે વૃષ્ટિ થશે. સર્વ વસ્તુઓમાં રસ કસ ઘટી જશે. મનુષ્યની બુદ્ધિ તથા બળ ઘટશે. સાધુ

* એટલે પાંચમો આરો બેઠા પછી ૪૬૯ વર્ષ ને ૪૫ દિવસ.

તથા શ્રાવક પોતાનો વ્યવહાર પાળશે નહીં. મારા નિર્વાણથી ૧૬૫૯ વર્ષે ચૌલુક્ય વંશમાં કુમારપાળ રાજા થશે તે અરાડ દેશનો અધિપતિ ને જૈનધર્મી થશે; ને હેમચંદ્ર આચાર્ય પાસેથી શ્રાવકનાં વ્રત અંગીકાર કરશે, અરાડે દેશમાં અમરપડો વજડાવશે. ગાય, ઘોડા, પ્રમુખને ગળીને પાણી પાશે. એવી રીતે જૈનશાસનની ઉન્નતિ કરશે. વીર સંવત ૧૧૦૦ વર્ષે જીનદત્તસૂરિ તથા અભયદેવસૂરિ નવાંગી વૃત્તિકાર થશે. મારા નિર્વાણથી ૯૮૦ વર્ષે સિદ્ધાંત પુસ્તકારૂઢ થશે. કુમારપાળની ગાદીએ દુષ્ટ રાજા થશે. તેનું રાજ્ય યવન લોકો લઇ લેશે. વીર સંવત ૧૫૦૦માં શ્રી આનંદ હેમવિજયસૂરિ અકબર પાદશાહને ઉપદેશ દઈ હિંસા બંધ કરાવશે. મારા નિર્વાણથી* કેટલેક વર્ષે પાટલીપુર પત્તનમાં મગધસેન નામે ચંડાળને ઘેર યશોદા નામની બ્રાહ્મણીની કૂખે કલંકી જન્મ લેશે. રૂદ્ર, ચતુર્મુખ, ( ચતુર્વક્ત્ર ) ને કલંકી એવાં ત્રણ નામ તેનાં પડશે. તેનું શરીર ત્રણ હાથનું, માથાના વાળ પીળા, માંજરી આંખો, ને સ્વર તીખો થશે. તેના જન્મ સમયે ઉપદ્રવ થશે, ને અરાડમે વર્ષે તેનો રાજ્યાભિષેક થશે. ઘણોજ ક્રૂર ને વિદ્વાન થશે. વિક્રમનો સંવત મટાડીને તે પોતાનો સંવત સ્થાપશે. સાડીવીસ વર્ષનો થશે ત્યારે આબુના રાજાની પુત્રી પરણશે. તેને ચાર પુત્ર થશે. દત્ત, વિજય, મુંજ, ને અપરાજીત. દત્તની રાજધાની દત્તપુર થશે. વિજયની રાજગૃહી થશે. મુંજની અણહિલપુર પાટણ થશે, ને અપરાજીતની અવંતી નગરી થશે, એ ચારેને ગાદીએ સ્થાપીને કલંકી પૃથ્વીને રૂધિરથી નવરાવશે. ને તેના ભંડારમાં નવાણું કોડાકોડી સોનૈયા ભર્યા રહેશે. ચૌદ હજાર હાથી, પાંચ કોડી

* ૧૯૧૪ વર્ષે. (શત્રુંજય માહાત્મ્ય).

પાયદળ, સત્યાસી લાખ ઘોડા; એટલું તેનું સૈન્ય થશે. તેનું ત્રિશૂળ આકાશમાં ચાલશે, ને પાષાણનો ઘોડો ચાલશે. તેના જન્માવસરે મથુરામાં રામ કૃષ્ણનાં દેવાલયનાં ઇંડાં પડશે. ને છત્રીસ વર્ષનો થશે ત્યારે ત્રણ ખંડનો ભોક્તા થશે. નવ નંદ રાજાઓની ડુંગરીઓ તથા નવ થુભ ખોદાવીને તેમાંથી ઘણું ધન કાઢશે; તોપણ લોકો પાસેથી ઘણોજ દંડ લઈ તેમને ઘણા ગરીબ કરશે. લોકોની પાસે વાસણ પણ રહેશે નહીં. તેથી પાંદડામાં જમશે. સાધુ પાસેથી પણ દંડ લેવા તેમને વાડામાં પૂરશે, ને તેમની ઘણી આશાતના કરશે; તેથી ઇંદ્ર વિપ્રના વેષમાં આવીને કલંકીને થપાટ મારશે; એટલે છયાસી વર્ષે મરીને કલંકી નરકમાં જશે. ઇંદ્ર તેના પુત્ર દત્તને ગાદીએ સ્થાપશે. દત્તરાજા દયાળુ થશે, ને આચાર્યના ઉપદેશથી શત્રુંજય પ્રમુખ તીર્થે ઉદ્ધાર કરશે; ને અર્હત્‌નાં ચૈત્યો બંધાવશે.

વળી મારા નક્ષત્રે ભસ્મરાશિ ગ્રહ બેસેછે; તેના જોરથી બે હજાર વર્ષ તથા ૫૦૦ વર્ષ વક્રના મળી કુલ ૨૫૦૦ વર્ષ પછી એટલે વિક્રમ સંવત ૨૦૩૦ પછી જીન ધર્મની ઉન્નતિ થશે. ૧૧૧૧૬૦૦૦ ઉત્તમ આચાર્ય થશે. તેમાં ૨૦૦૪ યુગ પ્રધાન થશે, તથા ૫૫૫૫૫૫૫૫૫ એટલા આચાર્ય, ૬૬૬૬૬૬૬૬૬ સાધુ, ૭૭૭૭૭૭૭૭૭ સાધ્વી, ૮૮૮૮૮૮૮૮૮ શ્રાવક, ૯૯૯૯૯૯૯૯૯ શ્રાવિકા, નરક ગામી થશે.

મારા નિર્વાણથી ૧૦૦૦ વર્ષ પછી પૂર્વ શ્રુતનો વિચ્છેદ જશે.

## तीर्थंकरना भव.

૧. ઋષભદેવના ૧૩ ભવ—ધનાસાર્થવાહ, દેવકુરૂયુગલ, સૌધર્મેદેવ, મહાવિદેહે મહાબલ રાજા, ઈશાનેદેવ, મહાવિદેહે વજ્રજંઘ રાજા, ઊત્તરકુરૂયુગલ, સુધર્મેદેવ, કેશવરાજા, બારમે દેવલોકે દેવ, મહાવિદેહે ચક્રવર્તી, સર્વાર્થસિદ્ધે દેવ, ઋષભદેવ.

૨. અજીતનાથના ૩—વિમલવાહન રાજા, અનુત્તર વિમાને દેવ, અજીતનાથ.

૩. શંભવનાથના ૩—વિપુલવાહન રાજા, સર્વાર્થસિદ્ધે દેવ, શંભવનાથ.

૪. અભિનંદનના ૩—મહાબલરાજા, વિજયેદેવ, અભિનંદન.

૫. સુમતિનાથના ૩—પુરૂષસિંહરાજા, વિજયંતેદેવ, સુમતિનાથ.

૬. પદ્મપ્રભુના ૩—અપરાજીતરાજા, ૮મે ગ્રૈવેયકે દેવ, પદ્મપ્રભુ.

૭. સુપાર્શ્વનાથના ૩—નંદીષેણ, મધ્ય ગ્રૈવેયકે દેવ, સુપાર્શ્વનાથ.

૮. ચંદ્રપ્રભુના ૩—મહાપદ્મરાજા, વિજયેદેવ, ચંદ્રપ્રભુ.

૯. સુવિધિનાથના ૩—પદ્મરાજા. વિજયેદેવ, સુવિધિનાથ.

૧૦. શીતળનાથના ૩—પદ્મોત્તરરાજા, પ્રાણુતેદેવ, શીતળનાથ.

૧૧. શ્રેયાંસનાથના ૩—નલગુપ્તરાજા, શુક્રેદેવ, શ્રેયાંસનાથ.

૧૨. વાસુપૂજ્યના ૩—પદ્મોત્તરરાજા, પ્રાણુતેદેવ, વાસુપૂજ્ય.

૧૩. વિમળનાથના ૩—પદ્મસેનરાજા, સહસ્રારેદેવ, વિમળનાથ.

૧૪. અનંતનાથના ૩—પદ્મધરરાજા, પ્રાણુતેદેવ, અનંતનાથ.

૧૫. ધર્મનાથના ૩—દ્રઢરથરાજા, વિજયેદેવ, ધર્મનાથ,

૧૬. શાંતિનાથના ૧૨—શ્રીષેણરાજા, યુગલ, સુધર્મેદેવ, અશ્વસેન વિદ્યાધર, પ્રાણુતેદેવ, મહાવિદેહે, અચ્યુતેદેવ, વજ્રાયુધચક્રી, ગ્રૈવેયકેદેવ, મેઘરથરાજા, સર્વાર્થસિદ્ધે દેવ, શાંતિનાથ.

૧૭. કુંથુનાથના ૩—સિંહવાહન, સર્વાર્થસિદ્ધે દેવ, કુંથુનાથ.

૧૮. અરનાથના ૩—ધનમતિ, નવમા ગ્રૈવેયકે દેવ, અરનાથ.

૧૯. મલ્લિનાથના ૩—મહાબળરાજા, વિજયંતે દેવ, મલ્લિનાથ.

૨૦. મુનિસુવ્રતના ૩—સુરવિષ્ટરાજા, પ્રાણુતેદેવ, મુનિસુવ્રત.

૨૧. નમિનાથના ૩—સિદ્ધાર્થરાજા, અપરાજીતે દેવ, નમિનાથ.

૨૨. નેમિનાથના તથા રાજીમતીના ૯—ધનરાજા ને ધનવતીરાણી, ૨ સુધર્મ દેવલોકે. ૩ ચિત્રગતિ વિદ્યાધર ને રત્નવતી રાણી. ૪ માહેંદ્ર દેવલોકે. ૫ અપરાજીતરાજા ને પ્રિયમતીરાણી. ૬ આણુત દેવલોકે. ૭ શંખરાજા ને સોમવતીરાણી. ૮ અપરાજીત વિમાને. ૯ નેમિનાથ ને રાજીમતી.

૨૩. પાર્શ્વનાથ તથા કમઠ તાપસના ૧૦—મરૂભૂતિ ને કમઠ. ૨ હસ્તિ ને કુર્કટસર્પ. ૩ સહસ્રારેદેવ ને પાંચમી નરકે. ૪ કરણવેગ વિદ્યાધર ને સર્પ. ૫ અચ્યુતે દેવ ને પાંચમી નરકે. ૬ વજ્રનાભરાજા ને કુરંગ ભીલ. ૭ મધ્ય ગ્રૈવેયકે ને સાતમી નરકે. ૮ સુવર્ણબાહુરાજા ને સિંહ. ૯ પ્રાણુતે દેવ ને ચોથી નરકે. ૧૦ પાર્શ્વનાથ ને કમઠ તાપસ.

૨૪. મહાવીરસ્વામીના ૨૭ ભવ—૧ વિદેહે નયસાર પટેલ. ૨ સુધર્મેદેવ. ૩ ભરતનો પુત્ર. ૪ પાંચમે દેવલોકે દેવ. ૫ કૌંચક બ્રાહ્મણ. ૬ સુધર્મે દેવ. ૭ પુષ્પમિત્ર પુરોહિત. ૮ સુધર્મે દેવ. ૯ અગ્નિદ્યોત વિપ્ર. ૧૦ ઈશાને દેવ. ૧૧ અગ્નિવિપ્ર. ૧૨ સનત્કુમારે દેવ. ૧૩ ભારદ્વજવિપ્ર. ૧૪ ચોથે દેવલોકે દેવ. ૧૫ થાવરધ્વજવિપ્ર. ૧૬ બ્રહ્મદેવલોકે દેવ. ૧૭ વિશ્વભૂતિ રાજા. ૧૮ સ્વર્ગલોકે. ૧૯ ત્રિપૃષ્ઠ વાસુદેવ. ૨૦ સાતમી નરકે. ૨૧ સિંહ. ૨૨ નારકી તથા તિર્યંચનું ભવ ભ્રમણ. ૨૩ વિદેહે પ્રિયમિત્રચક્રી. ૨૪ મહાશુક્રે દેવ. ૨૫ નંદરાજા. ૨૬ પ્રાણુતેદેવ. ૨૭ મહાવીર. (૮૩ રાત્રિ બ્રાહ્મણકુંડ ગામમાં ઋષભદત્ત ને દેવાનંદાના પુત્ર; પછી ક્ષત્રિયકુંડ નગરમાં ઈક્ષ્વાકુકુલે).

## सामायकना ३२ दोष–सजाय.

શુભ ગુરૂ ચરણે નામી શીષ, સામાયકના દોષ બત્રીસ;
કહીશું ત્યાં મનના દસ દોષ, દુષ્મન દેખી ધરતો રોષ.
સામાયક અવિવેકે કરે, અર્થ વિચાર ન હૈડે ધરે;
મન ઉદ્વેગ ઇચ્છે યશ ઘણો, ન કરે વિનય વડેરા તણો.
ભય આણે ચિંતે વ્યાપાર, ફળ સંશય નીયાણું સાર;
હવે વચનના દોષ નિવાર, કુવચન બોલે કરે હુંકાર.
લઇ કુંચી જા ઘર ઉઘાડ, મુખે લવી કરતો વઢવાડ;
આવો જાવો બોલે ગાળ, મોહ કરી હુલરાવે બાળ.
કરે વિકથા ને હાસ્ય અપાર, એ દસ દોષ વચનના વાર;
કાયા કેરાં દૂષણ બાર, ચપલાસન દિશ જોવે ચાર.
સાવધ કામ કરે સંઘાત, આળસ મોડે ઉંચે હાથ;
પગ લાંબે બેસે અવનીત, ઓઠીંગણ લે થાંભો ભીંત.
મેલ ઉતારે ખણુજ ખણાય, પગ ઊપર ચડાવે પાય;
અતિ ઉઘાડું મેલે અંગ, ઢાંકે તેમ વળી અંગ ઉપંગ.
નિદ્રાએ રસ ફળ નિર્ગમે, કરહા કંટક તરૂએ ભમે;
એ બત્રીશે દોષ નિવાર, સામાયક કરજો નરનાર.
સમતા ધ્યાન ઘટા ઉજળી, કેશરી ચોર હુવો કેવળી;
શ્રી શુભવીર વચન પાળતી, સ્વર્ગે ગઇ સુલસા રેવતી.



# पंदर कर्मादान.

इंगाली वण साडी भाडी फोडी सुवज्जए कम्मं॥
वाणिज्जं चेवयदंत लख्ख रस केस विस विसयं॥१॥
एवंखु जंत पीलण कम्मं निल्लंछण च दवदाणं॥
सरदह तलायसोसं असईपोसंच वज्जिज्जा ॥२॥

૧ इंगाली=અંગારકર્મ–ચુનારા, લુહાર, સોની, ભઠીઆરા, કુંભાર, આદિનાં કામ, જે અગ્નિ વિના થતાં નથી.

૨ वण=વનકર્મ–ખેડૂત, માળી વગેરેનાં કામ.

૩ साडी=શકટકર્મ–ગાડીવાન, વહાણુવટી ઇત્યાદિનાં કામ.

૪ भाडी=ભાટકકર્મ–ઘોડા, બળદ પ્રમુખ ભાડે આપવાનું કામ.

૫ फोडी=સ્ફોટકકર્મ–દાણા વગેરે દળવા, ખાંડવા, ભરડવા ઇત્યાદિ ફોડવાનું કામ.

૬ दंत=દાંત. ૭ लख्ख=લાખ. ૮ रस=રસ.

૯ केस=કેશ. ૧૦ विस=વિષ. એ પાંચ જાતના વાણિજ્ય.

૧૧ जंतपीलण=યંત્રપીલણ–ઘાણી ફેરવવી વગેરે.


૧૨ निल्लंछण=નિર્લંછનકર્મ–કાન, નાક વીંધવાનું, ખસી કરવાનું વગેરે કામ.

૧૩ दवदाणं=દવદાનકર્મ–દવ લગાડવો વગેરે.

૧૪ सरदहतलायसोसं=સરોદ્રહ તડાગ શોષણકર્મ—સરોવર, દ્રહ, ઝરા, તળાવ વગેરેને ધાન્ય વાવવા માટે અથવા બીજા કામ માટે સુકવવાનું કામ.

૧૬ અસઈપોસં=અસતીપોષણકર્મ-દાસી, નપુંસક, પશુ, પક્ષી આદિને પોષવાં તે.


આ પંદર કર્મ શ્રાવકે વર્જવાં જોઇએ.



# आवती चोवीसीमां कोना कोना जीव तीर्थंकर थशे तथा तेनां केवां नाम थशे तथा तेमना जीव हाल क्यां छे तेनुं कोष्टक.

| કોનો જીવ. | હાલ ક્યાં છે. | તીર્થંકરનું નામ. |
|---|---|---|
| ૧ શ્રેણિક. | પહેલી નરકે. | પદ્મનાભ. |
| ૨ સુપાર્શ્વ. (મહાવીરનો કાકો) | બીજા દેવલોકે. | સુરદેવ. |
| ૩ ઉદાયી. (કોણિકનો પુત્ર) | ત્રીજા દેવલોકે. | સુપાર્શ્વ. |
| ૪ પોટિલ. | ચોથા દેવલોકે. | સ્વયંપ્રભ. |
| ૫ દ્રઢકેતુ.(મલ્લિનાથનો કાકોજી) | બીજા દેવલોકે. | સર્વાનુભૂતિ. |
| ૬ કાર્તિકશેઠ. (આણંદ ગાથાપતિનો બાપ) | પહેલા દેવલોકે | દેવશ્રુત. |
| ૭ શંખશ્રાવક. | બારમા દેવલોકે. | ઉદયપ્રભ. |
| ૮ આનંદશ્રાવક. | પહેલા દેવલોકે. | પેઢાલ. |
| ૯ સુનંદા. | પાંચમા દેવલોકે. | પોટિલ. |
| ૧૦ શતકંશ્રાવક. | ત્રીજી નરકે. | શતકીર્તિ. |
| ૧૧ દેવકી. | આઠમા દેવલોકે. | મુનિસુવ્રત. |
| ૧૨ કૃષ્ણ. | ત્રીજી નરકે. | અમમ. |
| ૧૩ હરશતકી.(રાવણનો પુરોહિત) | પાંચમા દેવલોકે. | નિઃકષાય. |
| ૧૪ બળદેવ. | છઠ્ઠા દેવલોકે. | નિઃપુલાક. |
| ૧૫ સુલસા. | પાંચમા દેવલોકે. | નિર્મમ. |
| ૧૬ રોહિણી. (બળદેવની માતા) | બીજા દેવલોકે. | ચિત્રગુપ્ત. |
| ૧૭ રેવતી. | બારમા દેવલોકે. | સમાધિ. |
| ૧૮ સભાળ. | આઠમા દેવલોકે. | સંવર. |
| ૧૯ દ્વીપાયન. (દ્વારિકાનો બાળનાર) | અગ્નિકુમાર ભુવને. | યશોધર. |

| | | |
|---|---|---|
| ૨૦ કોણિક. | બારમા દેવલોકે. | વિજય. |
| ૨૧ નારદ. | પાંચમા દેવલોકે. | મલ્લિનાથ. (મલ્લિજીન) |
| ૨૨ અંબડ તાપસ. | બારમા દેવલોકે. | દેવજીન. |
| ૨૩ અમર. | નવમા ગ્રૈવેયકે. | અનંતવીર્ય. |
| ૨૪ સ્વયંબુદ્ધ. | સર્વાર્થસિદ્ધે. | ભદ્રજીન. |



# वर्तमान चक्री तथा वासुदेवनो अनुक्रम.


प्राकृत गाहा—चक्किदुगं हरिपणगं पणगं
चक्की केसवो चक्की
केसव चक्की केसव दु चक्की
केसव चक्की य ॥ १ ॥

संस्कृत गाथा—चक्री द्विकं हरिपंचकं पंचकं
चक्रिणः केशवः चक्री
केशवः चक्री केशवः द्विचक्री
केशवः चक्री च ॥ १ ॥

ભાવાર્થ—પ્રથમ ઋષભદેવના શાસનમાં ભરત ચક્રવર્તી થયો; ને ત્યાર પછી અજીતસેનના શાસનમાં સગર ચક્રવર્તી થયો. એ રીતે બે ચક્રી સાથે થયા. પછી શ્રેયાંસના શાસનમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ, વાસુપૂજ્યના શાસનમાં દ્વિપૃષ્ઠ, વિમલનાથના શાસનમાં સ્વયંભૂ, અનંતનાથના શાસનમાં પુરૂષોત્તમ, ને ધર્મનાથના શાસનમાં પુરૂષસિંહ, એમ પાંચ વાસુદેવ સાથે થયા. પછી ધર્મનાથના શાસનમાં મઘવા ને સનત્કુમાર તથા શાંતિ, કુંથુ ને અર એ રીતે પાંચ ચક્રી સાથે એક પછી એક થયા. પછી અરનાથના શાસનમાં પુંડરીક વાસુદેવ થયો. પછી તેજ શાસનમાં સુભૂમ ચક્રી થયો. પછી તેજ શાસનમાં શ્રીદત્ત વાસુદેવ થયો. પછી મુનિસુવ્રતના શાસનમાં મહાપદ્મ ચક્રી થયો. પછી તેજ

શાસનમાં લક્ષ્મણ વાસુદેવ થયો. પછી નમિનાથના શાસનમાં હરિષેણ તથા જય નામના બે ચક્રી થયા. પછી નેમિનાથના શાસનમાં કૃષ્ણ વાસુદેવ થયા. પછી તેજ શાસનમાં બ્રહ્મદત્ત ચક્રી થયો.

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ મોક્ષે ગયા ત્યારે ત્રીજા આરાનાં ત્રણ વર્ષ ને સાડાઆઠ માસ બાકી હતા. ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીરસ્વામી મોક્ષે ગયા ત્યારે પણ ચોથા આરાનાં ત્રણ વર્ષ ને સાડાઆઠ માસ બાકી હતા. તેથી ચક્રી તથા વાસુદેવ તે કાળમાં થઇ ગયા છે.



# व्रर्तमान त्रिषष्टिनुं विशेष वर्णनं.

"દસ ચક્રી મોક્ષ પામ્યા છે. બ્રહ્મદત્ત ને સુભૂમ એ બે ચક્રી સાતમી નરકે ગયા છે. સર્વે વાસુદેવ મરીને નરકે ગયા છે. પણ સર્વે મોક્ષગામી છે. બલભદ્ર શિવાયના બાકીના આઠ બળદેવ મોક્ષ ગયા છે. બલભદ્ર બ્રહ્મલોક નામના પાંચમા દેવલોકમાં ગયા છે, ને આવતી ઊત્સર્પિણીમાં મોક્ષ પામશે. સર્વે પ્રતિવાસુદેવ નરકમાં ગયા છે. પણ આવતી ઊત્સર્પિણીમાં તીર્થંકરો થશે.

વળી વર્તમાન ત્રિષષ્ટિમાં નવ નારદ થયા છે તેમનાં નામ. ભીમ, મહાભીમ, રૂદ્ર, મહારૂદ્ર, કાલ, મહાકાલ, દુર્મુખ, નિર્મુખ ને કચ્છુલ. નવે નારદ કાળ કરી મોક્ષમાં ગયા છે. દરેક વાસુદેવ વખતે એક નારદ હોય છે.

વર્તમાન ત્રિષષ્ટિના ૫૯ જીવ, ૬૦ શરીર, ૫૨ પિતા, તથા ૬૧ માતા હતી તેની સમજણ--શાંતિ, કુંથુ ને અર, એ ત્રણે એક ભવમાં ચક્રી તથા તીર્થંકર થયા. ને મહાવીર પાછળના એક ભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ હતા. માટે ૫૯ જીવ થયા. ને મહાવીરનાં બે ભવનાં બે શરીર તથા શાંતિ, કુંથુ, ને અર, એ ત્રણના એકેક શરીર; તેથી ત્રિષષ્ટિના ૬૦ શરીર થયાં. નવ વાસુદેવ તથા બળદેવના પિતા એક, પણ માતા જૂદી; તથા શાંતિ, કુંથુ ને અર, એ ત્રણેને ચક્રી તથા અરિહંત એવી બન્ને પદવીમાં એકેક માતા પિતા; ને મહાવીરને એકજ ભવમાં બે માતા પિતા; તેથી સર્વેના ૫૨ પિતા, પણ માતા ૬૧ થાય છે.

---

# स्कंदपुराणना प्रभास खंडमां आवेला गीरनार माहात्म्यनो सार.

## माहात्म्य मूल.

જે વખતે શંકર હિમાલયની પુત્રી ઉમાંને પરણ્યા, ત્યારે હિમાલયના પુત્ર ઉજ્જયંતે શંકરની સારી સેવા બજાવી; તેથી શંકરે તેને વરદાન આપ્યું કે, તું ગિરિરાજ ગિરિ કહેવાઇશ, ને જગતમાં પૂજાઈશ. તે વખતે વિષ્ણુને બીજા દેવોએ પણ તેને આશિષ આપી કે, તું સિદ્ધ થઇશ, ને તને જે સેવશે તે સિદ્ધિ પામશે.

પાર્વતી શંકરને પૂછે છે,—

**देव देव महादेव भक्तानुग्रह काम्यया**
**कथय स्वप्रसादेन गिरिनार महोदयं ॥**

શંકર કહેછે કે, હે પ્રાણ પ્રિયે પાર્વતિ, ગિરિનાર ક્ષેત્રના ગર્ભમાં રહેલું વસ્ત્રાપથ ક્ષેત્ર તથા રૈવત, કુમુદ, ને ઉજ્જયંત એ ત્રણ પર્વતો વિષ્ણુ, બ્રહ્મા તથા શંકરના રૂપે રહેલા છે. તેમાં મૃગીકુંડ, ભવનાથ, ગજપાદ, ભીમકુંડ, ગૌમુખી ગંગા, ને સાક્ષાત્ જગન્માતા અંબાજી, કાલિકા વીગેરે દેવતાઓ બિરાજેલા છે.

# यात्राविधि.

અષ્ટમી, ચતુર્દશી, અમાવાસ્યા, પૂર્ણિમા, સંક્રાંતિ, ને ગ્રહણ, એટલા દિવસે પુણ્ય તીર્થનું સેવન કરવું તે વિશેષ પુણ્ય દેનારૂં છે. તેમાં પણ વસ્ત્રાપથ ક્ષેત્રની યાત્રા કરવામાં માઘ માસની કૃષ્ણ ચતુર્દશીએ અથવા ચૈત્ર વૈશાખમાં જવું એ વધારે પુણ્ય આપે છે. હય ઉપર બેશી યાત્રા કરવી એ મધ્યમ પક્ષ છે. હાથી ઉપર બેશી યાત્રા કરવા જવું નહીં. યાત્રામાં ઉપવાસ કરવાથી સંપૂર્ણ ફળ મળે છે. નક્ત ભોજન કરવાથી તથા એકભુકત કરવાથી અધિક ફળ મળે છે. પગપાળી યાત્રા કરવી. માર્ગમાં મલ સ્નાન કરવું. પગ ઉપર તૈલાભ્યંગ ન કરવો. લાકડી લઇ યાત્રામાં જવું નહીં. બ્રહ્મચર્ય, મૌન, સત્ય, સર્વ પ્રકારની અહિંસા, અસ્તેય, શમ, દયાદિ નિયમો અવશ્ય પાળવા. માર્ગે હળવે હળવે કોઇને પૂછતે પૂછતે ચાલવું. તેલ, મધ, ને પરાન્નનો ત્યાગ કરવો. સત્વગુણની વૃદ્ધિ કરે તેવું પથ્ય હવિષ્યાન્નનું મિત ભોજન કરવું. વ્યાપાર નિમિત્તે યાત્રા કરનારને અરધુ ફળ મળેછે, ને અન્ય નિમિત્તે યાત્રા કરનારને સોલમા ભાગનું ફલ મળેછે. ઘોડે ચડી યાત્રા કરનારનું ફલ નિષ્ફલ જાય છે. બલદની ગાડી ઉપર બેસી કરે તેને વૃષવધનું પાપ લાગે. પાલખીએ બેશી યાત્રા કરે તેને અર્ધ ફલ મળે. પગપાળી યાત્રા કરનારને ચોગણું ફલ મળે. ઉપવાસથી જે ફલ મળે તેથી અર્ધફળ એકભુક્તથી મળે છે. બે વાર જમવાથી ચોથો ભાગ મળેછે.

---

## वस्त्रापथ क्षेत्र.

વ્યાસના મત પ્રમાણે સ્કંદપુરાણનું પ્રભાસક્ષેત્ર ૪૮ ગાઉનું છે. તેની અંદર વસ્ત્રાપથ ક્ષેત્રનો વિસ્તાર ચાર યોજન એટલે સોલ ગાઉનો છે. તેની સીમા ઉત્તરમાં ભાદર નદી, પૂર્વમાં બે યોજન, પશ્ચિમમાં વામનસ્થલી (વનથલી), દક્ષિણમાં બિલેશ્વર (બીલખા) ને ઉજ્જયંત ( ગિરનાર ) છે. શંકર કૈલાસથી અહીં આવ્યા ત્યારે તેમનું દિવ્ય વસ્ત્ર જેટલી જગ્યામાં પડી ગયું તેટલી જગ્યાનું નામ દેવોએ તે દિવસથી વસ્ત્રાપથ એવું ઠરાવ્યું છે. ગયા, રૂદ્રપદ, પ્રભાસ, પુષ્કર, ગોમતી, પિંડનારા, વસ્ત્રાપથ, દામોદર, ભીમકુંડ, હાથીપગલું, ભંવનાથ, નર્મદા, ભવેશ્વર, રામેશ્વર, ઉજ્જયંતી, મહાકાલ, વારાણસી, મથુરા ને યમુના એ એ જગ્યાએ એકવાર પણ યાત્રા પ્રસંગે જે જાય છે તે સર્વ દોષથી મુક્ત થઈ વિષ્ણુપદને પ્રાપ્ત થાય છે. આ વસ્ત્રાપથ ક્ષેત્રમાં સ્વર્ણરેખા નદીને તીરે કીટ, પતંગાદિક પક્ષી, શ્વાન, સુકર વીગેરે અધમ પ્રાણીઓ પણ જો પ્રાણ ત્યાગ કરે તો તે સ્વર્ગમાં જાય છે. આ ભરતખંડમાં આ ક્ષેત્રની ભૂમિમાં જે જન્મ લે છે, તે પોતાના કર્મબંધનથી મુક્તિ પામેછે. જ્યાં સુધી મનુષ્ય મનુષ્યાવતાર લઈ આ વસ્ત્રાપથ ક્ષેત્રમાં આવ્યો નથી ત્યાં સુધી તેને મુક્તિ મળતી નથી. વસ્ત્રાપથ ક્ષેત્રમાં પોતાના પિતૃનું જે શ્રાદ્ધ કરે છે તેના પિતૃઓ હજારો વર્ષ સુધી તૃપ્ત રહે છે. ને પાછો તેમનો જન્મ થતો નથી.

---

# दामोदर तथा रेवती माहात्म्य.

સ્વર્ણરેખા નદીના મધ્યમાં રહેલાં દામોદર તીર્થમાં બલિ રાજાએ યજ્ઞ કરી કાર્તિક માસમાં ઘણાં દાન આપેલાં છે.

હરિચંદ્ર, નહુષ, અંબરીષ વીગેરે મહાત્મા રાજાઓ ત્યાં વિવિધ પ્રકારનાં દાન દઇ વિષ્ણુલોક (વૈકુંઠ)માં ગયા છે. માટે જે કોઇ દામોદરની સમીપે પત્ર, પુષ્પ, ફ્લ, અન્ન, તિલ વીગેરેનું શ્રાદ્ધ ભાક્તથી દાન કરે છે, તે પરમ સ્થાનને પ્રાપ્ત થાય છે. દામોદર સમીપ પાશેર વા મુષ્ટિ અન્ન વિપ્રને આપેછે, તે અશ્વમેધનું ફળ પામેછે. દામોદરવિષ્ણુની પૂજા કરી જે દીપદાન કરે છે, તે પોતાના પિતૃઓના સેંકડો કુલનું તારણ કરેછે. દામોદર સાંનિધ્ય ચાર આંગળ પૃથ્વીનું પણ જે દાન કરે છે, તે સ્વર્ગપુરમાં હજારો યુગ પર્યંત વાસ કરેછે. રેવત રાજાની પુત્રી રેવતીએ એક પુણ્ય સ્થલ જોઇ પોતાના નામથી કુંડ બંધાવ્યો, ત્યાં મધ્યાન્હ કાલે વિષ્ણુ આવે છે, એમ રેવતીએ નિશ્ચય કરેલો છે. અને તેમાં નિરંતર બ્રાહ્મકુંડનું જલ આવે છે. રેવતીકુંડમાં સ્નાન કરી દાન કરે છે, તે વિષ્ણુ લોકમાં જાય છે. સૌભાગ્યવતી સ્રીઓ તેમાં સ્નાન કરવાથી પુત્રવાળી અને સમૃદ્ધિવાળી થઇ વિષ્ણુલોકમાં જાયછે. દામોદરને કાંઠે જે પાંચ પાષાણનું મંદિર કરાવે છે, તે પાંચ હજાર વર્ષ સુધી સ્વર્ગમાં રહેછે. ને દામોદરના મંદિર ઉપર પાંચ વર્ણની જે ધજા ચઢાવે છે, તે પાંચ મન્વંતર સુધી વિષ્ણુપુરમાં વસે છે. ગોમતીમાં પડેલાં અસ્થિ ચક્રરૂપ થાયછે. ગંગામાં પડેલાં અસ્થિ શેવાલરૂપ થાય છે. ને દામોદર કુંડમાં પડેલાં અસ્થિ તે તીર્થમાંજ ગળી જાય છે. રેવતીએ યાદવોના ગોર ગર્ગરૂષિના ઉપદેશથી રેવતીકુંડનો જીર્ણોદ્ધાર કરી તેમાં ૨૭ નક્ષત્રોની સ્થાપના કરી. રેવતીકુંડ, રેવ-

તાચલ, રવિવાર, રેવતી ને રાધાદામોદર એ પાંચ રકાર દુર્લભ છે. દામોદરમાં સ્નાન કરતી વખતે નીચેનો શ્લોક ભણુવો.


**दामोदर दयासिंधो राधिका प्राणवल्लभ ।**
**स्नानेनानंतजन्मोत्थं पापं मे हर केशव ॥**

પોતાનો દેહ નીરોગી ને પુષ્ટ હોય તે છતાં પણ ગંગાદિ તીર્થો તથા દામોદર તીર્થનું જે સેવન કરતા નથી તેવા પાપબુદ્ધિવાળા લોકો આ પૃથ્વીને વૃથા ભાર કરનારાજ કેવળ છે, રેવતીકુંડે નહાતી વખતે નીચેના શ્લોકથી અર્ધ્ય આપવું.

**रेवतीपातसंभूते कुंडे रैवतके गिरौ ।**
**रेवतीबलसंयुक्ते गृहाणार्घ्यं नमोस्तुते ॥**

## भीम कुंडनुं माहात्म्य.

ભીમના પ્રહારથી થયેલું મુક્તિ દેનારૂં ભીમકુંડ છે. ત્યાં ભીમેશ્વર નામના મહાદેવ છે, ભીમે પાતાલ ફોડી જળ કહાડેલું છે. તે ભીમકુંડમાં સ્નાન કરવાથી સર્વ પાપથી મુક્ત થાય છે. ભીમે હેડંબાના પુત્રને તે જગાએ રાખેલો છે. ને તે જગ્યાએ સિદ્ધનાથની પાદુકા છે.



## मृगी कुंडनुं माहात्म्य.

કાન્ય કુબ્જ નામે દેશમાં ચંદ્રવંશી ભોજરાજા હતો. તેને મૃગના મુખવાળી નારી અરણ્યમાંથી મળી. તેના ઉપર મંત્ર ભણીને સારસ્વત નામના બ્રાહ્મણે પાણી છાંટયું. તેથી તે મૃગી પોતાનો તથા ભોજ રાજાનો પૂર્વ ભવ કહે છે. આ ભવથી સાતમે ભવે તું કલિંગ રાજાનો પુત્ર હતો, ને હું વંગ દેશના રાજાની પુત્રી હતી. નાનપણમાં ગાદીએ બેઠા પછી તેં દયા ધર્મ બિલકુલ છોડી દીધો. અનુક્રમે શત્રુને હાથે તું મરી ગયો. અને હું તારી પછવાડે સતી થઇ.. કારણ કે જે સ્ત્રી પોતાના ધણી પછવાડે બળી જાય છે, તે પોતાના ધણીને તારે છે, ને પતિ સહિત સ્વર્ગમાં પૂજાય છે. બીજે ભવે આપણે માલવ દેશમાં બ્રાહ્મણ બ્રાહ્મણી થયાં. તું ક્રોધાદિ સર્વ દુર્ગુણોથી ભરેલો હતો. ને તારા મરી ગયા પછી ધનના મોહથી હું સતી ન થઈ. પણ આપણા પિત્રાઇઓ ધન લુંટી ગયા: પછી હું પણ મરી ગઇ. ત્રીજે ભવે તું તેજ દેશમાં શ્વેત સર્પ થયો, અને હું બ્રાહ્મણી થઈ. પૂર્વ ભવનું સ્મરણ થવાથી તું મારા પતિને કરડયો. હું વિધવા થઇ. અને ઘણાં વ્રત કરી ગોદાવરી તીરે સ્નાન કરવા ગઇ. પણ તું ત્યાં ચોથે ભવે મગર હતો, તેથી મને ગળી ગયો. ને મારાં સગાંઓએ મને નદી કાંઠે કાઢીને બાળી મૂકી. તને કોઇએ ભાલો માર્યો, તેથી સ્ત્રી હત્યાના દોષથી તું પારાધિ થયો. ને હું તેજ વનમાં ક્રૌંચી (ચકલી) થઇ. તેં મને ઓળખી, તેથી તેં મારા પતિ ક્રોંચને માર્યો. કોઈ ઋષિએ તને દીઠો. તેથી તેના કૃપાયુક્ત શ્રાપથી તું રેવતાચલમાં સિંહ થયો, ને હું દૈવયોગે મરીને રેવતાચલની તળેટીમાં મૃગલી થઇ. પૂર્વ જાતિસ્મરણથી સિં-

હ મારી પછવાડે પડ્યો. હું નાશીને ભવનાથ પાસે સ્વર્ણ રેખાના જલનો ગોન્હો હતો ત્યાં પડીને મરી ગઇ. ને મારૂં માથું વાંસમાં ભરાઇ ગયું. સિંહ પણ ત્યાં પડી મરણ પામીને આ ભવમાં તું ભોજ રાજા થયો. સ્વર્ણરેખાને તીરે લઘુશંકા કરતાં કોઈ ઋષિનું વીર્ય પડી ગયું, તે કોઇ મૃગલીએ ખાધું. ને હું મૃગના મુખવાળી મનુષ્ય દેહ ધારણ કરનારી તેની સ્ત્રી થઈ. તેથી મારા પૂર્વ જન્મનું મૃગલીનું માંથું તે વાંસમાંથી કાઢીને કોઇ તેજ તીર્થના જલમાં બોળે, તો મારૂ મોં મનુષ્યની સ્ત્રી જેવું થાય. આ સાંભળી ભોજરાજાએ તેને પોતાની સ્ત્રી તરીકે સ્વીકારી. પછી સારસ્વતે ભોજ રાજાને ગિરનારનું માહાત્મ્ય કહ્યું. (તેનો વિસ્તાર આખા પુસ્તકમાં ચાલ્યો છે. માહાત્મ્ય કહી સારસ્વત પોતાના આશ્રમમાં ગયા. ને વૈષ્ણવોનું ગિરનાર માહાત્મ્યનું પુસ્તક એ રીતે પૂર્ણ થયું. ભોજરાજાને તેની રાણી પછી મુક્તિ પામ્યાં છે એવું પણ તે પુસ્તકમાં આવે છે). મૃગી કુંડ આગળ પિંડદાન કરતી વખતે નીચે પ્રમાણે શ્લોક બોલવો.

**भवान्यासह भूतेश भवच्छेदकभो भव ।**
**भवेभवे चमां पाहि गृहाणार्घ्यं नमोस्तुते ॥**



## भवनाथ माहात्म्य.

મહાદેવજી ભવેશ્વર નામે સ્વર્ણરેખા નદીને તીરે પોતાના ગણો સહિત સ્વયંભૂલિંગે થઇ રહ્યા, ને ભવનાથનો એવી રીતે સ્વયંભૂલિંગે આવિર્ભાવ થયો. તેના દર્શનથી મહા પાપી હોય તોપણ ક્ષણ માત્રમાં શુદ્ધ થાય છે. તો પૂજનથી બ્રાહ્મલોકમાં જાય તેમાં સંદેહ નથી. વિશેષે કરીને માઘ માસની ચતુર્દશી (શિવરાત્રી)એ ભવનાથનાં દર્શન હજારો જન્મના પુણ્યના પુંજો સંગ્રહ કરનારનેજ મળે છે. તે દિવસ બિલ્વપત્રથી અર્ચન કરનાર મુક્તિ પામે છે. ને એકવાર પણ દર્શન કરવાથી સાત જન્મનું પાપ જાય છે. ભવની આજ્ઞાથી સઘળા દેવો ગિરનાર ક્ષેત્રમાં નિવાસ કરી રહ્યા છે, ને ગંગાદિ સર્વે તીર્થો પણ તેજ રૈવતાચલમાં નિવાસ કરી રહેલાં છે. સઘળાં તીર્થમાં પણ અધિક પાપ નાશ કરનારૂં ને જન્મ મરણ હરનારૂં એક ભવનાથનુંજ દર્શન છે. ભવનાથની આજ્ઞાથી સર્વે તીર્થો સ્વર્ણરેખાના જળમાં આવીને વસ્યાં છે. જેમાં સ્નાન કરવાથી બ્રહ્મઘ્ન તથા સુરાપાન કરનાર પણ શુદ્ધ થાય છે એટલુંજ નહિ, પણ આ ભવનાથને સ્વર્ણરેખાના પ્રભાવથી આ ક્ષેત્રમાં રહેલાં કીટ, પતંગાદિ પણ અનાયાસપણે મુક્તિને પ્રાપ્ત થાય છે, તો મનુષ્યો ભવનાથનાં દર્શન કરવાથી ને સ્વર્ણરેખાના જલમાં સ્નાન કરવાથી મુક્તિ કેમ ન પામે? વૈશાખ માસની પૂર્ણિમાએ ભવનાથનું પૂજન કરનાર બ્રહ્માના એક દિવસ સુધી શિવલોકમાં રહે છે.

## દાન માહાત્મ્ય.

આ ભરતખંડમાં મનુષ્ય અવતાર લઇ જે એક પણ ગૌદાન કરે છે, તે ધન્ય કહેવાય છે. ને સર્વે પાપથી મુક્ત થાય છે. જે પોતાના પિતૃઓનો વૃષોત્સર્ગ કરે છે, તે પણ બ્રહ્માના દિવસ પર્યંત બ્રહ્મલોકમાં રહે છે. બળદનું દાન કરનાર શિવપુરમાં, ઘોડાનું દાન કરનાર વિષ્ણુલોકમાં, ગજનું દાન કરનાર નંદન વનમાં, ઉપસ્કર સહિત ઘરનું દાન કરનાર સ્વર્ગમાં, સુવર્ણદાન કરનાર સૂર્યલોકમાં, ને રૂપાનું દાન કરનાર ચંદ્રલોકમાં જાય છે. દેવમંદિરમાં, સુખડ, કપુર, મુખવાસ, સુગંધી દ્રવ્યો સહિત તાંબુલ, ફલ, પુષ્પ ને વસ્ત્રનું દાન કરનાર દેવવૃંદો સહિત વિમાનમાં બેશી ચંદ્રલોકમાં જાય છે. યજ્ઞોપવીત, ધૌતવસ્ત્ર, મૃગચર્મ, તલ ને જવનું દાન પિતૃના ઋણની મુક્તિ માટે કરવું. પોતાના આહારના નિર્માણમાંથી ચોથા ભાગનું અન્ન અતિથિને આપેછે, તે પણ સ્વર્ગમાં આનંદ કરે છે. ગૃહસ્થના ઘરમાં, ખાંડણીઆમાં, ઘંટીમાં, ચુલામાં, વારીદામાં, પાણીઆરામાં, અજાણથી હિંસાદોષ થયો હોય તેની મુક્તિને માંટે પ્રતિદિન વિશ્વદેવાંતે અતિથિને ભિક્ષાનું દાન કરવું.

અન્યાયથી એકઠા કરેલા દ્રવ્યનું દાન કરવું નહીં; તેમજ બ્રહ્મજાતિ વગરનો, સંધ્યાહીન, દ્વિજત્વભ્રષ્ટ, પતિત, તસ્કર, ગુરૂનિંદક, પિતૃમાતૃ પરાઙમુખ, નીચ બ્રાહ્મણ, શૂદ્રી ગમન કરનાર, વેદવિક્રેતા, કૃતઘ્ની, ગ્રામયાચક, સ્ત્રીજીત, સર્પ પકડનાર, નોકરી કરનાર, એટલાને દાન ન દેવું; એ સોળ પ્રકારનું દાન વૃથા છે.

---

## ગૌમુખી ગંગાનું માહાત્મ્ય.

સત્યયુગમાં સત્યધામ નામના ઋષિએ પુષ્કરતીર્થમાં એક પગે ઊભા રહી કૃષ્ણપરમાત્માનું ધ્યાન ધર્યું. એક હજાર વર્ષ-

ને અંતે દેવવાણી થઈ કે, તેં બાલપણમાં તરશી ગાયને લાકડી મારી જલ પીવા દીધું નથી, તેથી હું દર્શન દઈ શકતો નથી. ઋષિ લાકડાં એકઠાં કરી બળી મરવા તૈયાર થયા; ત્યારે ફરી આકાશવાણી થઇ કે, તું રૈવત પર્વતે જા, ને ત્યાં સુવર્ણ ગંગામાં સ્નાન કરી તપ કરીશ એટલે ગૌમુખી ગંગા ઉત્પંન થશે; તેમાં સ્નાન કરીશ એટલે પાપથી મુક્ત થઈશ. સત્યધામે ગીરનાર ઉપર હજાર વર્ષ તપ કર્યું કે તરત સાક્ષાત્ ગંગાજીએ દર્શન દઈ કહ્યું કે, હે દ્વિજવર્ય, તારા તપવડે હું પ્રસન્ન થઈ છું. હું ગૌમુખમાંથી નીકળી છું, માટે મારૂં નામ ગૌમુખીગંગા પ્રખ્યાત થશે. માટે આ ગૌમુખી ગંગામાં નાહીને તું હરિમંદિર પ્રત્યે જા. પછી તે ઋષિ ગૌમુખીગંગામાં સ્નાન કરી વૈકુંઠમાં ગયા. તે દિવસથી આ પરમ પુણ્ય તીર્થ ત્રિલોકમાં પ્રખ્યાત થયું. ને તેમાં સ્નાન કરનારને કલ્પવૃક્ષની માફક તે સુખ દેનારૂં થયું છે.

ગૌમુખીગંગા પાતાળમાંથી નાગરાજે મોકલેલાં છે. ગજપાદને વિષે ઇંદ્રે સ્વર્ગગંગા મોકલેલાં છે. ને બ્રહ્માએ બ્રહ્મકુંડમાં (દામોદરમાં) મર્ત્યલોકની ગંગા સ્થાપેલાં છે. એમ ત્રણે ગંગા આ સ્થલમાં આવી રહેલાં છે. જ્યારે કાર્તિકસ્વામીએ નાગરાજની સ્તુતિ કરી, ત્યારે નાગરાજે આ પૃથ્વી ઉપર આવી નારદના કહેવાથી ગૌમુખી ગંગાનું સ્થાપન કરેલું છે.

---

## ગજપદ માહાત્મ્ય.

ઉજ્જયંતના ઉંચા શિખર ઉપર દશ ક્રોડ તીર્થ રહેલાં છે. પંચેશ્વરથી ગજપદ જવું. તે જગાએ અરાવત હાથીએ પોતાના પાદની સ્થાપના કરી તેમાંથી જલ કાઢેલું છે. તે જગાએ ઇંદ્રે ગંગાજીનું આવાહન કરી તેમાં રાખેલાં છે. તેના જલનું સ્નાન પાન કરનાર પાપથી મુક્ત થાય છે. ત્યાં જે પિંડદાન કરે છે, તેના પિતૃઓની અક્ષય તૃપ્તિ થાય છે. ને ગયા શ્રાદ્ધ જેટલું પુણ્ય થાય છે. ત્યાં વાસવેશ્વરનું દર્શન કરવું. તે મહાદેવ ઇંદ્રે સ્થાપેલા છે.

તે ગજપદ આગળ સુવર્ણ, રૂપ્ય, કસુંબ આદિ વસ્ત્રનું દાન કરવું; ને શ્રીશંકરની તુષ્ટિ માટે હેમનો યથાશક્તિ ગજ કરાવી દાન કરવાથી સર્વ પાપથી મુક્ત થાય છે. પછી સર્વ પંચામૃતથી ભાસવેશ્વરનું પૂજન કરવું.

---

## वनथली माहात्म्य.

વિષ્ણુએ વામનનું રૂપ ધરી બલિરાજા યજ્ઞ કરતા હતા ત્યાં આવી ત્રણ પગલાં પૃથ્વી માગી. બલિએ હા પાડવાથી વામને રૂપ વધારી એક પગલું પૃથ્વીપર, બીજું આકાશપર ને ત્રીજું બલિરાજા ઉપર મૂકી તેને પાતાલમાં કાઢ્યો. ને મનુંના પુત્રને પૃથ્વી આપી. પછી ગર્ગઋષિની સલાહથી પોત્તાનાં નામની પ્રસિદ્ધિને માટે વિશ્વકર્મા પાસે વામનસ્થલી બંધાવી; ને ત્યાં વામનેશ્વરની તથા સિદ્ધેશ્વરની સ્થાપના કરી. ત્યાં સૂર્યકુંડમાં સ્નાન કરી વામનેશ્વર તથા સિદ્ધેશ્વરની જે પૂજા કરે છે, તે વિષ્ણુલોકમાં જાય છે. વામનસ્થલીમાં સંક્રાંતિ, ગ્રહણ, પૂર્ણિમા, અમાવાસ્યા, અગિઆરશ, વીગેરે પુણ્ય દિવસે. સ્નાન કરી તે જગાએ પિતૃનું શ્રાદ્ધ કરવું. તેથી પિતૃની અક્ષય તૃપ્તિ થાય છે.

---

## स्वर्ण रेखानुं माहात्म्य.

જગતની આદિએ એક દિવસ બ્રહ્મા વસ્ત્રાપથક્ષેત્રના પર્વત ઉપર એકચિત્તથી જપ કરવા બેઠા હતા ત્યારે મહામંત્રથી મંત્રેલું જળ પોતાના હાથે પર્વતના શૃંગ ઉપર મૂકયું. તેજ વખત તે જળ પર્વતના નાળાંની સાથે પ્રવાહરૂપ થઇ વહેવા લાગ્યું. તે પર્વતના પ્રભાવથી તેમાં સ્વર્ણરૂપ ચળકતી રેતી તે જળ સાથે દેખાવાથી તેનું નામ સ્વર્ણરેખા પ્રખ્યાત થયું.

---

## दातारनो महिमा.

( શંકર પાર્વતીને કહેછે. )

સત્યયુગમાં માંધાતા રાજાનો પુત્ર મુચુકુંદ હજાર વર્ષ સુધી લડાઇ કરી દૈત્યોને માર્યા પછી દેવતાઓના વરદાનથી રૈવતાચલની ગુફામાં સુઈ રહ્યો છે. દ્વાપરયુગમાં યાદવો પોતાના ગોર ગર્ગઋષિની નપુંસક શબ્દ વાપરીને મશ્કરી કરશે. તેથી ગર્ગઋષિ શંકરનો તપ કરશે. શંકર તેને યદુકુળનો નાશ કરનાર કાલયવન નામનો પુત્ર આપશે. તે નારદની ઉશ્કેરણીથી ત્રણ ક્રોડ સૈન્ય લઈ કૃષ્ણ ઉપર ચડાઈ કરશે. કૃષ્ણ મથુરાં તજીને નાશી જશે. ને દ્વારિકા વસાવી કાલયવન તરફ જશે. કાલયવન તેની પાછળ પડશે. કૃષ્ણ નારદની સૂચનાથી મુચુકુંદની ગુફામાં જશે. કાલયવન ત્યાં આવી કૃષ્ણ સૂતો છે એમ જાણી મુચુકુંદને લાત મારશે. મુચુકુન્દ કોપ કરી નેત્રના તેજથી તેને બાળી નાખશે. પછી મુચુકુન્દ પોતાના મોક્ષને માટે ને કાલયવનને વરદાન આપવા માટે કૃષ્ણની વિનંતિ કરશે. તે ઉપરથી કૃષ્ણ કહેશે કે, યવનો કાલયવનની પૂજા કરશે. ને તું (મુચુકુન્દ) પણ જન્માન્તરમાં દ્વિજને ઘેર જન્મીને મુક્તિ પામીશ.

---

## अंबिका माहात्म्य.

(સારસ્વતઋષિ ભોજરાજાને કહે છે.)

બલિના અનુગ્રહ માટે વિષ્ણુએ વામનનો અવતાર લીધો. તેમણે ગિરનાર ઉપર આવીને જગદંબા આગળ બલિદાન ધરી કુમારજનની, પાર્વતી, વેદમાતા, અષ્ટાદશ ભુજા, કાત્યાયની એવા શબ્દો વાપરી પૂજા કરી છે. સાત માસ સુધી જે તેની સ્તુતિ કરે છે તેની સર્વ કામમાં સિદ્ધિ થાય છે. ગીરનારમાં ગિરિ, ગિરીશ, ગંગા, ગિરિજા, ને ગુરૂ એ પાંચ રત્નો રહેલાં છે.

---

## जीर्णदुर्ग माहात्म्य.

પૂર્વે સૂર્યવંશી ચંદ્રકેતુ નામે રાજા હતો. તેણે સાઠ હજાર વર્ષ સુધી ભૂમંડલનુ રાજ્ય કર્યું. તેને હમેશાં વૈકુંઠ તથા કૈલાસમાં જવાનો નિયમ હતો. એક દીવસે હરિ નારાયણે તેને વૈકુંઠમાં કહ્યું કે તમારે વૃદ્ધાવસ્થામાં અત્રે આવવાનો કલેશ થાય છે. માટે રેવતાચલ જે સર્વ પર્વતોમાં શ્રેષ્ઠ છે ને જે સર્વ દેવતાની તેજના અંશથી ઉત્પંન થયો છે, ત્યાં જઇ નગર વસાવો, ને ત્યાંજ રહો. હુ ને શંકર બંને જણ ત્યાં નિવાસ કરીને રહીશું. આ ઉપરથી ચંદ્રકેતુએ રેવતાચલ આવી નગર વસાવ્યું. ને તે નગર કલિયુગમાં જીર્ણદુર્ગના નામથી પ્રસિદ્ધ થયું. તે જીર્ણદુર્ગમાં નંદા, પૂર્ણા, રકતદંતી, શ્યામા, ભદ્રા, જયા, કત્યાયની, માત્રિકા, ને સિદ્ધા, એવી નવ દુર્ગા રહેલાં છે.

---

## वसिष्ठ तीर्थ माहात्म्य.

જીર્ણદુર્ગની ઇશાન દિશામાં સ્વર્ણરેખા નદીને તીરે વસિષ્ટે દુસ્તર તપ કર્યો, તેથી શંકરે પ્રસન્ન થઈને વરદાન આપ્યું કે, આ સ્થલે જે તપ કરશે તેને હું પ્રસન્ન થઈશ. ને આ જગ્યાનું નામ વસિષ્ઠ તીર્થ પડશે. હું પણ અહીં તમારી પાસે રહીશ. ને અહીં જે સ્નાન કરશે તે સિદ્ધિને પ્રાપ્ત થશે. તે ઠેકાણે વામને પણ સિદ્ધેશ્વર નામના શિવ સ્થાપેલા છે.

---

## पर्वत माहात्म्य.

પૂર્વે યુગાદિમાં સર્વ પર્વતો પાંખવાળા હતા. તે ઉડતા ને પોતાની મેળે ઇચ્છા પ્રમાણે પડતા. પણ મેરૂ, મંદરાચલ ને કૈલાસ, એ ત્રણ પર્વતો બ્રહ્માના વચનથી સ્થિર રહ્યા છે.

---

## જ્ઞાન માહાત્મ્ય.

સઘળાં તીર્થો જલે ભરેલાં છે, અને સઘળા દેવો પાષાણ ને મૃન્મય મૂર્તિવાળા છે. જ્યાં સુધી પરમાત્માને જ્ઞાન વડે જે દેખતો નથી તે કદી પણ ત્યાં સુધી તત્પદને પામતોજ નથી.

---

## ગાયનું માહાત્મ્ય.

શ્રી વિષ્ણુ ગોલોકમાં રહેતા હતા, ત્યારે જગતના કલ્યાણને અર્થે શું કરવું એમ વિચારતાં તેમના રોમકૂપમાંથી કોટી ચંદ્રની કાંતિ સમાન તેજ પ્રગટ થયું. તેમાંથી તેમણે સુરભિ ઉત્પન્ન કરી. ધેનુના દર્શનથી સર્વ પાપ નાશ પામે છે. તેના રોમાંચને વિશે તેત્રીસક્રોડ દેવતા તથા ગંગાદિ સર્વ તીર્થો રહેલાં છે. તેના સ્પર્શથી સર્વ તીર્થયાત્રાનું ફળ મળેછે. નમસ્કારથી યજ્ઞફળની પ્રાપ્તિ થાય છે. પ્રાચીન મુનિઓ ગાયની પૂજાથી તપની સિદ્ધિ પામ્યા છે. ધેનુની પૂજા કરવી તે સર્વ ધર્મમાં ઉત્તમ ફળ કહેવાય છે. પંચગવ્ય (ઘી, દુધ, દહીં, છાણ, મૂત્ર) નું નિત્ય પાન કરવાથી બ્રહ્મહત્યાદિ પાપ કરનાર પણ પવિત્ર થાય છે. વસિષ્ઠ ઋષિના આદેશથી ધેનુની સેવા કરવાથી અયોધ્યાના સૂર્યવંશી દિલીપ રાજાને રઘુ નામનો ચક્રવર્તી પુત્ર થયો.

---

## ગીરનારા બ્રાહ્મણનું માહાત્મ્ય.

પૂર્વે રેવતાચળમાં આવી વિષ્ણુએ, પાપ નાશ કરનાર તીર્થમાં વિપ્ર વિના કેમ ચાલશે એમ વિચારી પોતાના મુખમાંથી એક વિપ્ર ઉત્પન્ન કર્યો. તેથી ચિંતાતુર થઇ સૂર્યને બોલાવ્યા. સૂર્યે પણ તેમની આજ્ઞાથી બીજા આઠ વિપ્રો ઉત્પન્ન કર્યા. એમ નવ દ્વિજના નવ ભેદ થયા, પણ દૈવયોગથી ત્રણ ત્યાં રહ્યા. પ-

છી નારદે વિષ્ણુની આજ્ઞાથી આકાશમાર્ગે હિમાલયની તળેટીમાં જઇને વિષ્ણુના અંશમાંથી નીકળેલા ઋષિઓને લાવીને તેમની કન્યાઓ ઉપરના નવ તથા શંકરથી પેદા થયેલા ત્રણ, એમ બારે વિપ્ર સાથે પરણાવીને કુળદેવીના ઠપકાથી તેમની કન્યાના મામાઓનાં પણ ત્યાં વિષ્ણુએ દર્શન કરાવ્યાં. વસ્ત્રાપથમાં રહેનારા ચંદ્રકેતુ રાજાએ તે પરણેલા વિપ્રોને કેટલાંક ગામ આપી પોતાના રાજ્યમાં રાખ્યા. વિષ્ણુએ પણ વરદાન આપ્યું કે, હે ગિરિનારાયણ વિપ્રો તમે આ સ્થળે તીર્થ રૂપ થશો. મારી ચતુર્ભુજ મૂર્તિ તમને પ્રીતિપાત્ર થશે. આ તીર્થમાં તમારી પૂજા કરવાથી તીર્થનુ ફળ મળશે. આ દામોદર તીર્થમાં તમારી આજ્ઞા શિવાય જે સ્નાન કરશે, તેને તેનું ફળ મળશે નહિં, એમ કહી વિષ્ણુ અંતર્ધાન થયા.

---

## पचीस तत्वनुं माहात्म्य.

પ્રથમ પ્રકૃતિ ઉપન્ન થઈ. તેમાંથી બુદ્ધિ, અહંકાર, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, ને શબ્દ એ સાત ઉત્પન્ન થયાં, એમ આઠ પ્રકારની પ્રકૃતિ; શ્રોત્ર, ત્વચાં, ચક્ષુ, જીભ્હા, ને પ્રાણ, એ પાંચ જ્ઞાનેંદ્રિય; વાક્, પાણિ, પાદ, વાયુ, ને ઉપસ્થ, એ પાંચ કર્મેંદ્રિય તથા અગિઆરમું મન; પૃથ્વી, અપ, તેજ, વાયુ, ને આકાશ, એ પંચભૂત એમ સર્વ મળી ૨૪ તત્વ કહેવાય છે. પચીસમો તત્વ આત્મા જ્ઞાનાભ્યાસથી ઓળખાય છે.



# सौराष्ट्रनो इतिहास.

ઇસવીસનની સાતમી સદીમાં હ્યુએનસાંગ નામનો ચીનનો મુસાફર હિંદુસ્તાનમાં પ્રવાસ કરવા આવ્યો હતો. તેણે સૌરાષ્ટ્રનું વર્ણન આપ્યુંછે તે ઉપરથી તથા ભાલનો ભાગ જોવાથી એમ અનુમાન થાયછે કે, સૌરાષ્ટ્ર દેશ અસલ ટાપુ હશે. પ્રાચીન પુસ્તકોમાં સૌરાષ્ટ્રનું કુશદ્વીપ એવું નામ આપેલું છે, તેથી પણ આ બાબતને ટેકો મળેછે. કૃષ્ણવાસુદેવના વખતમાં કુશદ્વીપમાં આનર્ત નામનો રાજા હતો. તે ઉપરથી કુશદ્વીપના કેટલાક ભાગને આનર્ત કહેતા. આનર્તના પુત્ર રેવત ઉપરથી ગીરનારને અસલ રેવતાચલ કહેતા. રેવતની પુત્રી રેવતી જે કૃષ્ણના ભાઈ બલભદ્રને પરણી હતી, તેના નામ ઉપરથી હાલ રેવતીકુંડ પ્રસિદ્ધ છે. કૃષ્ણ તથા પાંડવોના વખતમાં મગધ દેશમાં કોઇ સહદેવ નામનો રાજા હતો, તેની ૩૫ મી પેઢીએ અજાતશત્રુ રાજા થયો. તેના વખતમાં ગૌતમ બુદ્ધ થયો. અજાતશત્રુની છઠ્ઠી પેઢીએ નંદરાજા થયો. નંદનો સાળો રૌદ્રાક્ષ જુનાગઢનો સૂબો થયો; તેણે સુત્રાપાડા પાસેનું કદવારનું દેવળ ચણાવ્યું. નવમા નંદની ગાદીએ મૌર્યવંશનો ચંદ્રગુપ્ત રાજા થયો. ઈ. સ. પૂર્વે ૩૨૭ વર્ષે ગ્રીસના સિકંદર બાદશાહે હિંદુસ્તાન ઉપર સ્વારી કીધી. ત્યાર પછી તેનો સરદાર સેલ્યુકસ ગ્રીક એશિઆનો હાકેમ થયો, તે અરસામાં ચંદ્રગુપ્ત રાજા મગધદેશના પાટલીપુત્ર (પટના) માં રાજ્ય કરતો હતો. તેના સાળા પુષ્પગુપ્તે ગિરનારની તલેટીમાં ઇ. સ. પૂર્વે

૩૦૦ વર્ષ ઉપર સુદર્શન નામનું તળાવ બંધાવ્યું. ચંદ્રગુપ્તનો પુત્ર બિંદુસાર થયો. તેને સો પુત્ર હતા, તેમાંનો અશોક નામનો પુત્ર ગાદીએ બેઠો. (ઈ. સ. પૂ. ૨૬૩ થી ૨૨૩). તેના લેખ *ગિરનારમાં, પેશાવર પાસેના કપર્દીગિરિમાં, ઓરીસામાં ધવળી ગામ આગળ, અને દિલ્લી તથા અલ્હાબાદમાં લાઠ ઉપર છે. અશોકના સૂબા યવનતુશસ્પે સુદર્શન સરોવરને વધારે શોભાયમાન કર્યું. (ઈ. સ. પૂર્વ ૨૪૦). અશોકનો પુત્ર કુણાલ થયો. ને કુણાલનો પુત્ર સંપ્રતિ થયો. સંપ્રતિ રાજાએ સ્વદેશ તથા પરદેશમાં હજારો જૈનદેવળો બંધાવ્યાં. ગિરનાર ઉપર એક દેરૂં છે તેને હાલ પણ સંપ્રતિ રાજાનું દેરૂં કહેછે. ઈ. સ. પૂ. ૧૪૦ માં બાકત્રિયાના રાજા મિનેન્ડરનું રાજ્ય સૌરાષ્ટ્ર ઉપર હતું. તે પછી શક અથવા શાહ કહેવાતા લોકો બાકત્રીયાના રાજ્યનો નાશ કરી પશ્ચિમ હિંદુસ્તાનમાં ઉતરી પડયા. તેઓમાં કનિષ્ક કરીને બૌદ્ધધર્મી રાજા થયો. તેણે કાશ્મીરમાં રાજ્ય સ્થાપી ત્યાં કનિષ્કપુર નામનું નગર વસાવ્યું. ને સૌરાષ્ટ્રમાં આવી કનકાવતી, કનકવતી વીગેરે નગરીઓ સ્થાપી હશે. મહાવીર સ્વામીના નિર્વાણ પછી ૪૭૦ મેં વર્ષે પરમારવંશમાં વિક્રમ રાજા થયો. તેનો અમલ સૌરાષ્ટ્રમાં પણ હતો. વિક્રમે પોરવાડ વણિક ભાવડશા શેઠને મહુવા બંદર જાગીરમાં આપ્યું. ભાવડના પુત્ર જાવડશાહે શત્રુંજય તથા ગિરનારનો તેરમો ઉદ્ધાર કર્યો. (સંવત ૧૦૮. ઇ. સ. ૫૨). કનિષ્કના વંશમાં મહાક્ષત્રપ રૂદ્રદામા થયો. રૂદ્રદામાએ પોતાની

* ગીરનારના લેખનું ઈંગ્રેજી ભાષાંતર જેમ્સ બરજેસ સાહેબે સોરઠી તવારીખ તથા ઈન્ડીયન એન્ટીકવરીમાં પુરેપુરૂં આપેલ છે. આ લેખ દામોદરજી જવાના ટોડાની પાજના રસ્તા ઉપર જમણી બાજુએ એક મહોટા પહાડી ખડક ઉપર જુની પાલી ભાષામાં કોતરેલા છે.

તીજોરીમાંથી લાખો સોનૈયા કાઢી પોતા તરફના સૌરાષ્ટ્રમા સુખા કુલૈયના પુત્ર સુવીસાક પલ્હવ પાસે ઇ. સ. ૧૨૯ ની મોટી રેલથી નાશ પામેલું સુદર્શન સરોવર ફરીને બંધાવ્યું.* સુવીસાકે આશરે ઇ. સ. ૧૩૭ માં તે કામ પૂરૂં કર્યું. ઈ. સ. ૪૨૦ માં ખેડાના દેવાદિત્ય નામના બ્રાહ્મણની દીકરી સુભગાનો પુત્ર શિલાદિત્ય સૂર્યદેવતાની સહાયતાથી વલભિપુરનો રાજા થયો. ભરૂકચ્છ (ભરૂચ)ના રાજા વેરે પરણાવેલી પોતાની બહેનના દીકરા શ્રીમલ્લદેવના ઉપદેશથી જૈનધર્મ પાળીને શિલાદિત્યે શત્રુંજય તથા ગિરનારમાં ઘણું દ્રવ્ય ખરચ્યું. શિલાદિત્યના વખતમાં ધનેશ્વરસૂરિએ શત્રુંજય માહાત્મ્યં રચ્યું.

કુમાર ગુપ્તના પુત્ર સ્કંદગુપ્તે સૌરાષ્ટ્રનું રાજ્ય શક અથવા ક્ષત્રપ લોકો પાસેથી જીતી લીધું, ને ઈ. સ. ૪૪૯ માં પરણુદત્તના પુત્ર ચક્રપાલિતને સૌરાષ્ટ્રનો અધિકારી નીમ્યો.+ તે અરસામાં અતિવૃષ્ટિથી સુદર્શન તલાવ ફાટી ગયું. તેથી તેણે ઇ. સ. ૪૫૬ ના ચૈત્ર વૈશાખમાં ૧૫૦ ફુટ લાંબી, ૧૦૨ ફુટ પોહોળી ને ૩૫ ફુટ ઉંચી પાળ બાંધી. એ પાળ ક્યારે તૂટી તે નક્કી નથી. સ્કંદગુપ્ત પછી તેના વંશજોનું જોર નરમ પડવાથી ભટ્ટારક નામના તેમના સેનાપતિએ વલભિપુરમાં આવી ત્યાં રાજ્ય કર્યું હતું, એમ કહેવાય છે.

વલભિપુરમાં વસનારા પાલીના વાણીયા કાકુની કન્યાની કંચનની કાંશકી શિલાદિત્યે જોર જુલમથી લઈ લીધી. તેથી કાકુએ ક્રોડ સોનૈયાની લાલચ આપી પંજાબમાં ગુજરાત ગામમાં રહેનારા જ્યોર્જીયન લોકો પાસે વલભિપુરનો નાશ કરાવ્યો,

* આ વીશેનો લેખ અશોકના લેખની થડમાંજ છે.

+ આ બાબતનો લેખ પણ અશોકના લેખવાળા પથ્થર પાસેજ છે.

એમ કેટલાક કહેછે. તે વખતથી તે દેશનું નામ ગુજરાત (ગુર્જરાષ્ટ્ર) પડ્યું.

ભાવનગરની પાસે આવેલા વળાગામમાં પીલુડીનું વન છે, તેમાં અસલનાં વલભિપુરની ઘણી નિશાનીઓ જોવામાં આવેછે. તેનો નાશ. અર્વાચીન ઇતિહાસ કર્તાઓ ઈ. સ. ના સાતમા સૈકામાં થયાનું લખેછે.

વલભિપુરનો નાશ થયા પછી ચોરા લોકોએ દેવપાટણમાં રાજ્ય સ્થાપ્યું. ત્યાં દૈવકોપે દરિઓ ફરી વળવાથી એ લોકોમાં થી જે બચ્યા તેઓએ વઢીઆર પરગણામાં કચ્છના રણની પાસે પંચાસર નગર સ્થાપ્યું. કલ્યાણીના સોલંકી વંશના રાજા ભુવડે ચાવડારાજા જયશિખરને હરાવ્યો. ત્યાર પછી તે પંચાસરમાં પોતાનો પ્રતિનિધિ મૂકી ગયો. પણ જયશિખરના પુત્ર વનરાજે જૈનમુનિ **શીલ**ગુણસૂરિના આશ્રયથી અણહિલપુરમાં રાજ્ય સ્થાપ્યું (ઈ. સ. ૭૪૬). ને પંચાસરથી પાર્શ્વનાથની મૂર્તિ લાવીને ત્યાં પધરાવી. વનરાજ ને તેની પછીના રાજાઓની સત્તા સૌરાષ્ટ્ર તથા કચ્છ સુધી જામી ગઈ હતી. ચાવડા રજપૂતો સૂર્યવંશી ગોહીલ અથવા ગીલોટ જાતના હતા. છેલ્લા ચાવડા રાજા સામંતસિંહને સંતાન નહિ હોવાથી તેની બહેન લીલાદેવીનો પુત્ર મૂળરાજ જે સોલંકી ભુવડની પાંચમી પેઢીએ હતો તે પાટણની ગાદીએ આવ્યો. (ઇ. સ. ૯૪૨). તેના વખતમાં સોરઠની ગાદીએ ગૃહરિપુ રાજા હતો. તે ગિરનાર તથા પ્રભાસપાટણના યાત્રાળુઓને હરકત કરતો હતો. તેથી મૂળરાજે તેને હરાવ્યો તથા કચ્છનો રાજા લાખોપૂલાણી જે ગૃહરિપુની મદદે આવ્યો હતો તેને માર્યો. ગૃહરિપુએ જુનાગઢનો

ઉપરકોટનો કિલ્લો બાંધ્યો. એમ દ્વયાશ્રય નામના પુસ્તકમાં લખ્યું છે. સિંધમાં હાલ જ્યાં નંગરઠઠ્ઠા છે ત્યાં સામી નગર હતું. તે નગરમાં કૃષ્ણકુમાર સાંબથી ઉતરી આવેલા યાદવો, રાજ્ય કરતા હતા. ત્યાંથી ચુડચંદ્ર નામનો યાદવ જુનાગઢની પાસે વનથલીમાં આવી ઇ. સ. ૮૭૫ માં પોતાના મામા વાળારામની ગાદીએ બેઠો. ચુડચંદ્ર પછી તેના પુત્ર હમીરનો પુત્ર મૂળરાજ ઈ. સ. ૯૦૭ માં થયો. મૂળરાજનો પુત્ર વિશ્વવરાહ ઇ. સ. ૯૧૫ માં ગાદીએ આવ્યો. તેનો પુત્ર ગૃહરિપુ જેને સોલંકી મૂળરાજે હરાવ્યો તે ઇ. સ. ૯૪૦ માં વનથલીની ગાદીએ આવ્યો હતો. તે વખતે જુનાગઢ નામ હતુંજ નહિ. માત્ર ઉપરકોટને ગઢ કહેતા હતા. ઉત્તરમાંથી વનથલી ઉપર ચઢી આવતા દુશ્મનના લશ્કરને રોકી દેવામાં અને બીજી કોઈ દીશાએથી મજબુત હુમલો થાય ત્યારે નાશીને રક્ષણાર્થે ભરાઇ બેસવાના ઉપયોગ સારૂ આ કિલ્લો બંધાવ્યાનું સંભવેછે. ભાટ લોકોના કવિતોમાં મૂળરાજને ગિરનારનો રાજા કહેલો છે. ગૃહરિપુ પછી રાહકવાટ સોરઠની ગાદીએ ઈ. સ. ૯૮૨ માં આવ્યો.

રાહકવાટના મામાનું નામ ઉગોવાળો હતું, તે તળાજાનો રાજા હતો અને બહુ બળવાન હતો. એક વખત વનથળીમાં રાહની કચેરીમાં ઉગાવાળાના પરાક્રમની બહુ પ્રશંસા થતી હતી ત્યારે રાહે અદેખાઈમાં કહ્યું કે એ બધું જોર વનથળીની અર્થાત્ પોતાની મદદથી છે. નહીં તો ઉગોવાળો કંઈ ગણત્રીમાં નથી. આથી ઉગાવાળાને ગુસો આવ્યો. અને પોતે એક હાથે તાળી પાડી શકે તેમ છે એમ કહી કચેરીમાંથી ઉઠી ગયો, અને તળાજે ચાલતો થયો.

રાહકવાટનો સમકાલીન ભદ્રેસર યાને શીયાળ બેટનો રા-

જા વીરમદે પરમાર હતો. તે ઘણોજ બળવાન હોઇને ઘણા રાજાઓને પોતાની દરબારમાં કાષ્ઠના પાંજરાની અંદર કેદ કરી રાખતો હતો. છેલ્લે સોરઠના રાજા રાહકવાટને પણ યુક્તિ પ્રયુક્તિથી પકડી એજ પાંજરાને સ્વાધીનકીધો.

આ ખબર સાંભળી તળાજેથી એક બારોટ શીયાળબેટમાં રાહને જોવા આવેલ તેની સાથે તેણે નીચેનો દુહો પોતાના મામા ઉગાવાળાને કહાવ્યો.

છાતી ઉપર શેયડો, માથ ઉપર વાઢ;
ભણુંજોવાળા ઉગલા, કટ પાંજરે કવાટ.
તું કહેતો તંક આવ્ય, તાળી તળાજા ધણી;
વાળા હવે વજાડય, એકે હાથે ઉગળા.

ઉપરનો દુહો બારોટે રાહની મરજી મુજબ તળાજે ઉગાવાળા પાસે જઇને કહ્યો કે તરત ફોજ એકઠી કરી ઉગોવાળો શીયાળબેટ ઉપર ચઢી આવ્યો. અને વીરમદે પરમારને હરાવી રાહકવાટ અને બીજા બધા કેદ થએલ રાજાઓને મુક્ત કરી પોતપોતાના રાજ્યમાં મોકલ્યા.

આ પ્રમાણે સ્વપરાક્રમથી એક હાથે તાળી પાડી શકવાની વાત. ઉગાવાળાએ સિદ્ધ કરી આપી.

ઉગાવાળાએ લાત મારી કાષ્ઠનું પાંજરૂં તોડી નાંખી રાહકવાટને છૂટો કર્યો પણ તે વખતે તેની લાત વાગવાથી રાહકવાટે એમ જાણ્યું કે મારૂં અપમાન થયું, તેથી ચિત્રાસર આગળ તેણે ઉગાવાળા સાથે લડાઇ કરી. તેમાં રાહકવાટે પોતાના મામા ઉગાવાળાને મારી નાંખ્યો. તેનો પાળીઓ ઉભો કરવામાં આવ્યો. તે સાંભળી ઉગાવાળાની બહેન પોતાના ભાઇના પાળીયાનાં દ-

ર્શન કરવા આવી, પણ ત્યાં ઘણા પાળીયા હોવાથી ભાઈનો પાળીયો ઓળખી શકી નહીં. તેથી ઈશારત કરવા બોલી એટલે ઉગાવાળાનો પાળીયો પોતાની ભગિનીને માથું નમાવતો હોય તેમ જરા નમ્યો. તે સ્થિતિમાં હાલ પણ તે પાળીયો બાબરીઆવાડમાં રોહિસા પાસે જોવામાં આવેછે.

ઈ. સ. ૧૦૦૩ માં રાહકવાટની ગાદીએ તેનો પુત્ર રાદચાસ બેઠો. રાદચાસે અણહિલપુરના રાજાની રાણીઓ ગિરનાર યાત્રા કરવા આવી હતી તેમને કંઇ અપમાન આપ્યું. તેથી પાટણના રાજાએ ચઢાઈ કરી વનથળી લઇ લીધું. ને ઉપરકોટ ઉપર ઘેરો ઘાલી ઢાંકેલા યોદ્ધાઓને ગઢ ઉપર ચઢાવી રાદચાસને મારી નાંખ્યો. (ઈ. સ. ૧૦૨૦). આ વખતથી ઉપરકોટનો ગઢ જુનાગઢના નામથી પ્રસિદ્ધ થયો. રાદચાસની રાણી સતી થઈ, ને તેનો નોંઘણ નામનો કુંવર બોડીધરના આહીર દેવાઇતને ઘેર ગુપ્તપણે રહ્યો. જુનાગઢમાં એવખત પાટણ તરફથી થાણદાર રહેતો હતો. તેને છાના સમાચાર મળવાથી એ કુંવરનો નાશ કરી રાહનાવંશનો અંત આણવા અને સોરઠને કાયમપણે પાટણને તાબે રાખવાના ઈરાદાથી તેણે દેવાઇતને બોલાવ્યો. દેવાઈતે પોતાની સ્ત્રી ઉપર નોંઘણે જુનાગઢ મોકલવાનો પત્ર લખ્યો; પણ ખાનગી સંદેસો પોતાના દીકરાને મોકલવાનો કહેવરાવેલ તે ઉપરથી તેની પત્નીએ પોતાનો તરતનો પરણાવેલો વાસણ નામનો પુત્ર વરરાજાના પોશાકમાં મોકલ્યો. તે જાણે પરભવમાં દેવાંગનાને પરણવાના પરમ હર્ષમાં હોય એવી સ્થિતિમાં મૃત્યુવશ થયો. પછી દેવાઇતે લગ્નને બહાને થાણદારને પોતાને ઘેર બોલાવીને તેને મારી નાંખ્યો. ને આહીરની મદદથી નોંઘણને ગાદી ઉપર સ્થાપ્યો. (ઈ. સ. ૧૦૨૦).

નોંઘણે દેવાઇતની પુત્રી જાસલ ઉપર જુલમ ગુજારનાર સિંધના સરદાર હમીર સુમરાને સિંધમાં જઇને હરાવ્યો. દેવાઇતે પોતાના રાજાનો કીમતી જાન પોતાના વહાલા પુત્રનો ભોગ આપી બચાવ્યો તેથી તે સોરઠનું રાજ્ય પામ્યો એ પ્રજા ધર્મનો તેમજ રાજાએ જાસલને મદદ કીધી એ તેની ભુજનો આ જેવો તેવો દાખલો ન ગણાય.

સિંધથી સોરઠમાં આવીને નોંઘણ ખોડીઆર માતાનાં દર્શન કરવા શેત્રુંજીના કિનારે આવેલા ધારી ગામમાં ગયો. ત્યાં પોતાની અમૂલ્ય વીંટી ગલધરે તલાવમાં પડી જવાથી તે તલાવ ખાલી કરવા માંડયું પણ તેમાં ફતેહમંદ થયો નહિં. ઇ.સ.૧૦૨૪ માં મહુમદ ગીજનીએ સોમનાથ ઉપર સ્વારી કરી ઘણું દ્રવ્ય લીધુ; સુવર્ણની સાંકળે લટકતા દીપથી દીપ્યમાન થયેલા દેવલમાં દાખલ થઇ, નવપુટ ઉંચાલિગને તોડી, ગંડાવાના કીલ્લા* ઉપર છાપો મારી ભીમદેવને નસાડી દુલ્લભસેનને અણુહિલવાડની ગાદી ઉપર બેસાડી ગીજની ગયો. ઈ. સ. ૧૦૯૪ માં અણુહિલવાડની ગાદીએ સિદ્ધરાજ જયસિંહ આવ્યો. તે વખતે જુનાગઢમાં નોંઘણ રાજ્ય કરતો હતો. ને તેજ વખતે જુનાગઢ સોરઠની રાજધાની થઈ. સિદ્ધરાજે નોંઘણને મોંમાં તૃણ લેવાની ફરજ પાડી હતી તેથી તેનું વેર લેવાને તેનો પુત્ર રાખેંગાર બીજો જે ઈ. સ. ૧૦૯૮ માં સોરઠની ગાદીએ આવ્યો તેણે સિદ્ધરાજ માલવામાં હતો ત્યારે પાટણ ઉપર સ્વારી કરી, તેના દરવાજા તોડીને દ્વાર જુનાગઢમાં લાવ્યો. ને તેને કાલવે દરવાજે ચઢાવ્યા. વળી રાણકદેવી નામે સિંધના રાજાની કુંવરી જે અપશુકન વાળી હોવાથી વગડામાં રખડતી મૂકવામાં આવી હતી ને જેને લઇને હુડમતીઆનો કું-

* કચ્છવાગડનો કંથકોટ કે ગણદેવી હશે.

ભાર જુનાગઢ પાસેના મજેવડી ગામમાં આવી વસ્યો હતો તેને પ્રથમ સિદ્ધરાજે વેરે વંશાવ્યા છતાં રાખેંગાર પરણ્યો. આથી સિદ્ધરાજે સૈન્યની સગવડતા સારૂ ઠામેઠામ વાવ, તળાવ, ધર્મશાળા બંધાવી, અગાઉથી રસ્તો તૈયાર કરાવી, વઢવાણુથી સાયલા તથા સરધારને રસ્તે ગોંડળ આવ્યો, ને ત્યાંથી વીરપુર ને જેતપુર આવી જુનાગઢ ઉપર સ્વારી કરી. સિદ્ધરાજના કોઇ સગાવેરે પરણાવેલી રાખેંગારની બહેનના દીકરા દેહલ ને વીહુલના દગાથી સિદ્ધરાજે અફીણુને બહાને ૧૪૦ સિપાઇને પોઠમાં ભરી ઉપરકોટમાં પોંચાડી દીધા. ને પોતે દરવાનને મારી કિલ્લામાં પ્રવેશ કીધો. ઉપર જઈ રણશિંગુ કુંક્યું, એટલે રાખેંગાર મહેલમાંથી લડવા નીકળી પડયો, પણ અંતે રાખેંગાર મરાયો. સિદ્ધરાજે તેના પાંચ વર્ષના ડગાયચા નામના કુંવરને રાણુકદેવીની નજરં આગળ રાક્ષસી ક્રૂરતાથી મારીને કેર વરસાવ્યો. મોટો પુત્ર જેનું નામ માંઢેરા હતું, તે મા, મા, કરતો પોતાની માતા પછવાડે સંતાઇ ગયો, ત્યારે માંતાએ નીચેનો દુહો કહ્યોઃ—

માંઢેરા તું મ રોય, આંખ્યો મ કર રાતીઓ;
કુળમાં લાગે કલંક, મરતાં મા ન સંભારીએ.

તે સાંભળી સિદ્ધરાજે તેને જીવતો મૂકયો. રાણુકદેવીને પાટણ લઇ જઈ પોતાની પટરાણી કરી રાખવા ઘણું સમજાવી પણ તેણે માન્યું નહીં. તેથી આખરે તેના મોટા પુત્રને પણ તેના દેખતાં માર્યો, આથી રાણુકદેવીએ પોતાના પતિ રાખેંગારની પાઘડી ખોળામાં મૂકી ચિતામાં પ્રવેશ કરી કહ્યું, હે ભોગાવા, મને રાખેંગારે ભોગવીછે, ને હવે તું ભોગવ. સિદ્ધરાજે પોતાની પછેડી તેના ઉપર ફેંકી. પણ રાણુકદેવીએ કહ્યું,

જો મારી સાથે પરભવમાં પરણુવા ચાહતો હોય તો તું પણ ચિતામાં પ્રવેશ કર. સિદ્ધરાજે ના પાડી. તેથી પોતે બળીને સતી થઈ. તેની દેરી હાલ પણ વઢવાણુમાં છે.

વનરાજનો વણિક મંત્રી ચાંપો જેણે ચાંપાનેર વસાવ્યું હતું તેના વંશમાં સાજન થયો. સાજનને સૌરાષ્ટ્રનો કારભાર સિદ્ધરાજે સોંપ્યો હતો તે દરમીયાન તેણે બારવરસની સોરઠની ઉપજ પાટણ મોકલી નહિ. પણ ગિરનાર ઉપર નેમિનાથનું દેરૂં ફરી બંધાવવામાં ખરચી. કોઇએ ચાડી ખાવાથી સિદ્ધરાજ સોરઠમાં આવ્યો. તે ઉપરથી જુનાગઢના શ્રાવકોએ અગાઉથી સિદ્ધરાજને આપવા માટે ટીપ કરવા માંડી. તે વખતે વનથલીમાં ભીમો કુડલીઓ નામે વાણિઓ જે પોતાના પુન્ય પ્રતાપથી ઘણો પૈસાદાર હતો તેણે એકલાએ સિદ્ધરાજ માગે એટલું નાણું આપવા સાજન આગળ કબુલ કર્યું.

અનુક્રમે ગિરનાર ઉપર હવા ખાવાને બહાને સાજન સિદ્ધરાજને તેડી ગયો. તે વખતે ડુંગર ઉપર ચડવાનાં પગથીઆં તથા નેમિનાથનું દેરૂં તથા બીજાં દેરાં જોઈ સિદ્ધરાજ અત્યંત હર્ષ પામ્યો. તેણે કહ્યું, આ દેરાં કરાવનારને ધન્યછે. સાજનદે બોલ્યો; રાજાજી, આપને ધન્યછે. આપનો પૈસો મેં એમાં વાપર્યોછે. મારા ખાનગી કામમાં ખરચ્યો નથી. સાજનને પુષ્કળ ધન આપી તથા તેની પ્રશંસા કરી શત્રુંજય તથા ગિરનારનાં તીર્થ તેને સોંપી સિદ્ધરાજ પાટણ ગયો. હવે ભીમો વાણીઓ લાખો રૂપિઆ લઈ જુનાગઢના સંઘ આગળ આવીને કહે છે; મેં સાજનને રૂપિઆ આપવાના કહ્યા હતા તે મારે જોઇએ નહિ. માટે તેને તમે શુભ કામમાં ખરચો. શ્રાવકોએ પછી તે

રૂપિઆ ખરચી ભીમકુંડ બાંધ્યો. તથા જીર્ણોદ્ધાર વગેરેમાં બાકીના રૂપિઆ વાપર્યા. સિદ્ધરાજે શત્રુંજયની યાત્રા કરીને બ્રાહ્મણોએ બદ સલાહ આપી તોપણ શત્રુંજય તીર્થ મંડન ઋષભનાથના દેવાલયના ખરચ ખુંટણ વાસ્તે બારગાંમ આપ્યાં. સિદ્ધરાજ પાટણ ગયો કે તરત જુનાગઢના લોકોએ થાણદારને કાઢી મુકી નોંઘણ ત્રીજાને ગાદીએ બેસાડ્યો (ઇ. સ. ૧૧૨૫). ત્રીજા નોંઘણ પછી રાહ કવાટ બીજો ઇ. સ. ૧૧૪૦ માં ગાદીએ બેઠો. ઇ. સ. ૧૧૪૨માં સિદ્ધરાજ રાણકદેવીના શ્રાપથી સંતાન વગર પંચત્વપણાને પામ્યો. તેથી ભીમદેવના પુત્ર ત્રિભુવનપાળનો પુત્ર કુમારપાળ ગુજરાતનો રાજા થયો. તેણે પાટણમાં કુમારવિહાર નામે જીનાલય તથા મહારૂદ્ર બંધાવ્યો. કુમારપાળે પોતાના ગુરૂ હેમાચાર્યના આશ્રય તળે રહીને સોમનાથનું દેરૂં સમરાવ્યા પછી શત્રુંજય, ગિરનાર તથા તારિંગાની યાત્રા કરી અત્યંત પૈસો ખરચ્યો. ગિરનાર ઉપર ભીમકુંડની પાસેનું દેરૂં હાલ પણ કુમારપાળનું દેરૂં કહેવાય છે. ખંભાત તથા ધંધુકામાં પણ સરસ દેરાં કરાવ્યાં. શ્રીમાલી વણિક ઉદાયન મંત્રીના પુત્ર બાહડે શત્રુંજયની યાત્રા કરીને પાલીટાણાની પાસે વહાડપુર ગામ વસાવ્યું. બાહડના ભાઇ વાગ્ભટ મંત્રીશ્વરે તે ગામમાં ત્રિભુવનપાળવિહાર નામનું જીનાલય બાંધ્યું. કુમારપાળે પણ શત્રુંજય જવાનો રસ્તો સમરાવ્યો. ને ગોઠી તથા ભાટના ભરણ પોષણ માટે જમીન આપી. ઇ. સ. ૧૧૫૭ માં બાહડ શાહના હાથે શત્રુંજયનો ચૌદમો ઉદ્ધાર થયો. શત્રુંજય માહાત્મ્ય જે ઇ. સ. ૪૨૦ માં ધનેશ્વર સૂરિએ સૌરાષ્ટ્રના રાજા શિલાદિત્યની વિનંતિથી વલભિપુરમાં બનાવીને વાંચ્યું હતું તેમાં પણ બાહડના ઉદ્ધાર વિષે અગાઉથી લખેલું છે. દેવપાટણમાં પણ કુમારપાળે દેરૂં કરાવેલું છે, તથા ત્યાં ભદ્રકાળીના લેખમાં

લખેલુંછે કે કાન્યકુબ્જ દેશમાં નંદીશ્વરે શિવની આજ્ઞાથી ભાવ બૃહસ્પતિ નામના બ્રાહ્મણના રૂપમાં જન્મ લીધો. ભાવ બૃહસ્પતિએ બલ્લાલ, ધારાનગર તથા જાંગલ દેશના રાજારૂપી હાથીઓના કુંભસ્થળ ઉપર ફરનાર સિંહસમાન કુમારપાળને સોમનાથનું દેરૂં સમરાવવા વિનંતિ કરી. તેથી કુમારપાળે ભાવબૃહસ્પતિને જીર્ણોદ્ધારના કામમાં મુખ્ય ગંડ (ગોર) નીમ્યો. ને જે દેરૂં સોમરાજે (ચંદ્રે) સુવર્ણનું, રાવણે રૂપાનું, કૃષ્ણે લાકડાનું, ને ભીમદેવે પથરનું કરાવ્યું હતું, તે દેરૂં કુમારપાળે સમરાવ્યું. ને તેનું મેરૂપ્રાસાદ એવું નામ પાડ્યું. તથા ભાવ બૃહસ્પતિને બ્રહ્મપુરી ગામ અર્પણ કર્યું. કુમારપાળને પુત્ર ન હોવાથી તેના પછી તેના ભાઇ મહીપાળનો દીકરો અજેપાળ ઇ. સ. ૧૧૭૩ માં ગુજરાતની ગાદીનો વારસ થયો. તેણે કુમારપાળનાં બંધાવેલાં ઘણાં દેરાં તોડી નાંખ્યાં. ગિરનાર આગળના કુમારપાળના દેરાની આસપાસની દેરીઓ તે વખતે તોડી નાંખી હોય એમ લાગેછે. અજેપાળ પછી બાળ મૂળરાજ ઇ. સ. ૧૧૭૬ માં રાજા થયો. તેના વખતમાં શાહાબુદ્દીન ગોરીએ હિંદુસ્તાન ઉપર સ્વારી કરી. ઇ. સ. ૧૧૭૮ માં ભોળોભીમ ગાદીએ આવ્યો. તેને દિલ્હીના રાજા પૃથુરાજ ચોહાણ સાથે લડાઇ થઇ તેમાં ગિરનારનો રાજા ચુડાસ્મા જયસિંહ ભીમની મદદે આવ્યો હતો. આ જયસિંહ ઉપર આવી ગએલા રાહકવાટ બીજાનો પુત્ર હતો. તે કનોજના રાજા જયચંદ્રનો સગો હતો. અને ત્યાંથી સોરઠ આવતાં તેણે ગ્વાલિઅર જીતી લઇ મેવાડના રાજાને હરાવ્યો હતો. જયસિંહ મૃત્યુવશ થવાથી તેની ચિતામાં તેની રાણી બળીને સતી થઈ. જયસિંહ પછી રાયસિંહ, (ઇ. સ. ૧૧૮૦ માં) ને તે પછી ગજરાજ અથવા મહીપાળ બીજો ઇ. સ. ૧૧૮૪ માં જુનાગઢની ગાદીએ

આવ્યો. ગજરાજની મોતીનાદે નામની પુત્રી સીરસાના રાજા વછરાજના પુત્ર મલખાંને પરણી હતી. ગજરાજ પછી જયમલ ગાદીએ આવ્યો. (ઇ. સ. ૧૨૦૧) તેને ઘણા રાજાઓ ઘોડાની ભેટ કરતા. તેના પછી ઇ. સ. ૧૨૩૦ માં મહેપો ગાદીએ આવ્યો. મહિપોના વખતમાં કાઠી લોકોએ તેના પ્રધાન મોતીચંદને હરાવી ઢાંક તાબેનાં ગામડાં લઇ લીધાં. ભોળોભીમ જૈન જતિ અમરસિંહનો ભકત હતો. શાહાબુદીનના સરદાર કુતુબુદીને ઇ. સ. ૧૧૯૮ માં ગુજરાત પર ચઢાઈ કરી, ત્યારે ભોળાભીમે તેને અજમેરમાં ઘેર્યો હતો પણ તેમાં તે ફાવ્યો નહિ; આખરે તેને નાશી જવુ પડ્યું ને ઇ. સ. ૧૨૧૪ માં મરી ગયો. આ પ્રમાણે સોલંકી (ચૌલુકય) વંશનો અંત આવ્યો.

આનક અથવા અર્ણોજ નામનો રજપૂત કુમારપાળનો મસીઆઈ ભાઇ હતો. કુમારપાળે તેની ચાકરીના બદલામાં વ્યાઘ્રપલ્લી ગામની જાગીર આપી હતી. આનકનો પુત્ર લવણપ્રસાદ ભીમદેવના વખતમાં મંત્રીપદ પામ્યો. તેણે પોતાના દાદાના નામ ઉપરથી ધોળકા ગામ પોતાની જાગીર પાસે વસાવ્યું. લવણપ્રસાદને મદનરાગણી સ્રીથી વીરધવળ પુત્ર થયો. તેણે પૃથુરાજની સામે ભીમદેવને મદદ કરી; ને ધોળકામાં પોતાની રાજધાની સ્થાપી. વીરધવલે વસ્તુપાળ અને તેજપાળ નામના બે વણિક પુત્રોને પોતાના મંત્રી ઠરાવ્યા. ધોળકા (ધવલકપૂર) નું તખ્ત લવણ પ્રસાદને સોંપી તથા ધોલકા તથા ખંભાતનો અધિકારી વસ્તુપાળને ઠરાવી વીરધવળ અને તેજપાળ મોટું સૈન્ય લઇ સૌરાષ્ટ્રમાં સ્વારી કરવા નીકળ્યા તે વખતમાં વીરધવળની સ્રી જયતલદેવીના ભાઈ સાંગણ તથા ચામુંડ વનથલીમાં રાજ્ય કરતા હતા. તેમને હરાવી ૧૪૦૦ ઘોડા તથા કોટી ધન લઈ ભેટ ત-

૨૬ ચાલ્યા. ત્યાંથી પણ અપાર દ્રવ્ય લઈ વેલાકૂલ (વેરાવળ) ના રાજા ભીમસિંહ પ્રતિહારનો પરાજય કરી ધોલકે આવ્યા. ત્યારપછી ૧૪૦૦ રજપુતોને લઈ તેજપાળ ગોધરાના રાજા ધુંધળનો પરાજય કરી તેને વીરધવળની કચેરીમાં પકડી લાવ્યો. ત્યારપછી દક્ષિણના યાદવ વંશના રાજા શ્રીધનને તથા તેની કુમકે આવેલા લાટદેશ (નર્મદાની દક્ષિણનો દેશ) ના તથા મારવાડના રાજાઓને ભરૂકચ્છ (ભરૂચ) આગળ હરાવ્યા. આ વખતે વસ્તુપાળ પણ નિરાંતે બેસી રહ્યો નહોતો. ખંભાતના અસલના રાજાઓથી ઉતરી આવેલો શંખ નામનો ચાંચીઓ ઘોઘાબંદરની પાસે વડવા બંદરમાં રાજ્ય કરતો હતો. તેણે પોતાનો મિત્ર સદીક જે ખંભાત બંદરનો મોટો શાહુકાર હતો, ને જે વસ્તુપાળને નમતો નહોતો, તેની મદદે આવીને વસ્તુપાળ સાથે યુદ્ધ કર્યું. પણ આખરે તેમાં હાર્યો. પછી વસ્તુપાળ તથા વીરધવળ તથા તેજપાળ ત્રણે ધોળકામાં આવ્યા. તે વખતે ઉપરા ઉપરી જય મળવાથી ધોળકાનો દેખાવ ઘણોજ હર્ષયુકત ને પ્રફુલ્લિત હતો. જ્યારે ગુલામવંશના પાદશાહ સુલતાન્ મવઝુદીનની ફોજ ગુજરાત જીતવા આવી, ત્યારે વસ્તુપાળે એક લાખ લડવૈયા લઇને આબુ આગળ તેને હરાવી. તોપણ સુલતાનની બીક હમેશને માટે દૂર કરવા સારૂ તેની મા ગુજરાતને રસ્તે મક્કે હજ કરવા ગઇ તે વખતે જતાં આવતાં વસ્તુપાળે તેની સારી બરદાશ કરી. તે ઉપરથી સુલતાને વસ્તુપાળને કહાવ્યું કે, તમે ઇનામ માગો. વસ્તુપાળે કહ્યું કે, તમારે ગુજરાત દેશને હેરાન કરવો નહિ. સુલતાને તે કબૂલ કર્યું. આ પ્રમાણે પરાક્રમી તથા ડાહ્યા મંત્રીઓએ ગુજરાતનું રાજ્ય વીરધવળના વખતમાં ઘણું સમૃદ્ધિવાળું તથા બળવાન કર્યું. આખો સોરઠ તાબે કર્યો એટલુંજ નહિ, પણ મ-

હારાષ્ટ્ર સુધીના સર્વ રાજાઓને ખંડીઆ કર્યા. સેંકડો રાજાઓ વારંવાર લાખો રૂપિઆની ભેટ મોકલતા હતા. ગુજરાતના રાજ્યને આવી સ્થિતિમાં મૂકી વીરધવળે દેહત્યાગ કર્યો. તે એવો તો ધાર્મિષ્ટ, ન્યાયી, અને દયાળુ હતો કે તેની ચિતામાં તેના ૧૦૮ ચાકરો બળી મુઆ. વસ્તુપાળે તેના પુત્ર વીશળદેવને ગાદીએ બેસાડયો. મેરૂ તુંગાચાર્યની સ્થવિરાવલી પ્રમાણે વીશળ વાઘેલો (વ્યાઘ્રપલ્લીપતિ) ઇ. સ. ૧૨૪૩ માં ગુજરાતની ગાદીએ બેઠો—

વસ્તુપાળ તેજપાળના લેખો ગિરનારમાં ઘણાછે, તે ઉપરથી તથા કેટલાક ગ્રંથો ઉપરથી માલુમ પડે છે કે તેમણે નીચે પ્રમાણે ધર્મનાં કાર્ય કર્યાં છે.

| | |
|---|---|
| ૧૩૦૦ જીનપ્રાસાદ શિખર બંધ કરાવ્યા | ૩૬ ગઢ. |
| ૩૨૦૨ જીર્ણોદ્ધાર. | ૮૪ સરોવર. |
| ૧૦૦૦૦૦ મહાદેવનાં લિંગ સ્થાપ્યાં. | ૪૦૦ પાણીનાં પરબ. |
| ૧૦૫૦૦૦ નવાં જીનબિંબ કરાવ્યાં. | ૪૬૪ વાવ. |
| ૮૪ મશીદ. | ૯૦૦ કુવા. |
| ૯૮૪ ઔષધશાળા. | ૭૦૦ ધર્મશાળા. |

છત્રીસ લાખ દ્રવ્ય જ્ઞાન ભંડારમાં.
અઢારક્રોડ ને છન્નુ લાખ દ્રવ્ય શત્રુંજય તીર્થે.
અઢારક્રોડ ને ત્યાસી લાખ ગીરનાર તીર્થે.
બારક્રોડ નેત્રેપનલાખ આબુ તીર્થે. (સંવત ૧૨૮૬ થી ૧૨૯૨સુધી)

કુલદ્રવ્ય ત્રણ અબજ તેરક્રોડ બોતેર લાખ અરાડ હજાર આઠસેં પુણ્યના કામમાં ખરચ્યું. તીર્થયાત્રા કરવામાં તેમની સાથે સાત લાખ માણસ હતાં.

વસ્તુપાળે સંવત ૧૨૯૮માં, ને તેજપાળે સંવત ૧૩૦૮માં સ્વર્ગારોહણ કર્યું.

## गिरनार उपर वस्तुपाल तेजपालना देरावहारना जमणी तरफना द्वार उपर नीचे प्रमाणे संस्कृतमां लेख छे.

श्रीपार्श्वनाथायनमः स्वस्ति श्री विक्रम संवत् १२९८ वर्षे फाल्गुन सुदी १० बुधे ठा. चंडपात्मज ठा. श्रीचंद्र प्रासादांगज ठा. श्री सोमतनुज ठा. आसाराज नंदनस्य ठा. श्रीकुमारदेवी कुक्षीसंभूतस्य श्रीमालदेवी तनुजस्य श्री पालाग्रजात्मज महामात्य वस्तुपालस्यात्मजे यजेमहं श्री ललिता देवीकुक्षी सरोवर राजहंसायमाने महं. श्रीजयसिंहे संवत् ७९ वर्षे पूर्वे स्तंभतीर्थे मुद्रा व्यापारान् व्याप्टन्नवति सति संवत् ७०७ वर्षे श्रीशत्रुंजयोज्जयंत प्रभृति महातीर्थ यात्रोत्सव प्रभावाविर्भूत श्रीमदेवाधिदेव प्रासा दासादित संघाधि पत्येन सौत्सुकयकुळ नभस्तल प्रकाशनेक मार्तंडमहाराजाधिराज श्रीलवणप्रसाद देव भूः अस्तंभन कपूर स्तंभतीर्थदर्भवतीधवलक्कक प्रमुख नगरेषु तथा अ-

न्यसमस्तस्थानेष्वपि कोटिशो अविनव धर्म स्थानानि प्रभूत जीर्णोद्धारा श्च कारिताः तथा सचिवेश्वर श्री वस्तुपालेन इहस्वयं निमापित श्री शत्रुंजय महातीर्थावतार श्रीमदादि तिर्थकर ऋषभदेव स्तंभनक पुरावतार श्री पार्श्वनाथदेव भत्य पुरावतार श्री महावीरदेव प्रशस्ति सहित कस्मिरावतार श्री सरस्वती मूर्तिदेव कुलिका चतुष्टय जिनयुगल अश्वाव लोकना सास्व प्रद्युम्न शिखरेषु श्री नेमिनाथ देवालंकृत देवकुलिका चतुष्टय दुर्गाधिरूढ स्वपितामह श्री सोमनिजपित्री ठा. आसारांज मूर्तिद्वितय चारु तोरण त्रय श्री नेमिनाथ देव आत्मीय पूर्व जाग्रजानुज पुत्रादि मूर्ति समन्वित मुखोद्घाटनकस्तंभ श्री अष्टापद महातीर्थ प्रभूति अनेक कीर्तन परंपरा विराजते श्री नेमिनाथ देवाधिदेव विभूषित श्रीमत् उज्जयंत महातीर्थे आत्मनस्तथा स्वधर्म चारिणोप्राग्वाटज्ञातीय ठा. काह्ड पु>याः ठा. पानकुक्षि संभूताया महं श्री ललिता देव्या अथो विभ्रिहि श्री नागेंद्र गच्छे भट्टारक श्री महेंद्रसूरि संताने शिष्य श्री शांतिसूरि शिष्य श्रीं

आनंदसुरि श्री अमरसूरि पदे भट्टारक श्री हरिभद्रसूरि 'पद्यलंकरण प्रहु श्री विंजयसेनसूरि प्रतिष्ठित श्री अजितनाथ देवादि विंशति तीर्थंकरालंकृतोयं अभिन वसमंडप श्री संमेतशिखर महा तीर्थावतार प्रासादःकारितः इत्यादि.

---

મહેપો પછી ઇ. સ. ૧૨૫૩ માં રાખેંગાર ત્રીજો ગાદીએ આવ્યો. રાખેંગારે પોતાના વજીર કલ્યાણ શેઠને મારી નાંખ્યો, તેથી તેનો દીકરો લવો દિલ્લી નાશી ગયો; તેણે બાદશાહને ગુજરાત જીતવાની ઉશ્કેરણી આપી, તે દરમીયાનમાં રાખેંગારે કોઇ મહેરનીબાઈ ઉપર જુલમ ગુજાર્યો, તેથી તેનાં સગાંઓએ તેને ઘાયલ કરી મારી નાંખ્યો. કલ્યાણ શેઠની જગોએ માલણ મહેતાને, ને તે મરાયા પછી તેના દીકરા મહીધરને ખેંગારે દીવાનગીરી આપી હતી. રાખેંગાર પછી રામંડળીક પહેલો થયો. ઈ. સ. ૧૨૬૦. તેના વખતમાં અલાઉદ્દીન ખીલજી તરફથી આલગખાને ગુજરાતપર ચડાઇ કરીને સોમનાથનું દેરૂં તોડયું. મંડળીકે તેના લશ્કરના એક ભાગને હરાવ્યો. તેથીજ તેને રેવતી કુંડના લેખમાં મોગલનો જીતનાર કહ્યો છે. ત્યાર પછી નોંઘણુ ચોથો થયો. (ઇ. સ. ૧૩૦૬). તે પછી મહીપાળ ત્રીજો (ઇ. સ. ૧૩૦૮) ને તે પછી રાખેંગાર ચોથો ઈ. સ. ૧૩૨૫ માં થયો. તેના વખતમાં મહુમદ તઘલખે જુનાગઢ તાબે કરી તેને કેદ કર્યો. ને પછીથી ખોરાસાનો વીરો મદદે આવવાથી તેને છોડી

મૂકયો. આ ખેંગારે અઢાર બેટ કબજે કર્યા. તથા ૮૪ રાજાઓને જીતી લીધાં હતા એમ કહેવાય છે. તેના પછી જયસિંહ, (૧૩૫૧), તે પછી મહીપાલ ચોથો, (૧૩૬૯), ને તે પછી મોકલસિંહ ઇ. સ. ૧૩૭૩ માં જુનાગઢનો રાજા થયો. મોકલસિંહના પ્રધાન ગદાધરના પુત્ર વિજયનાથે ધંધુકામાં વાવ બંધાવી. તે વીશેનો લેખ તે વાવમાં છે. તેના વખતમાં ફીરોજશાહ તઘલખે જુનાગઢમાં થાણુદાર નીમ્યો, તેથી તે વનથલીમાં રહેવા લાગ્યો. જુનાગઢની ગાદીએ મોકલસિંહ પછી ઈ. સ. ૧૩૯૭ માં મંડળીક બીજો થયો. ને તે પછી તેનો ભાઇ મેલક થયો. (ઈ. સ. ૧૪૦૦). આ રાજાને ઉપર કોટના લેખમાં જીર્ણદુર્ગનો યાદવરાણો કહેલો છે. ગુજરાતના પાદશાહ અહમુદશાહે અમદાવાદ વસાવી ઇ. સ. ૧૪૧૩ એટલે સંવત ૧૪૬૯ માં પ્રથમ વનથળીને ઘેરો ઘાલ્યો, પણ ત્યાંના ૧૮ રાજકુમારો જુનાગઢમાં નાશી જવાથી જુનાગઢને ઘેર્યું. પણ મંડળીક ગીરનારમાં નાશી જવાથી અહમુદનું કંઇ વળ્યું નહિ. મીરાતે સીકંદરીમાં આ લડાઇની હકીકત આપી છે, તેમજ તેમાં મરાએલ રાહ તરફના શૂરવીરોનાં પાલીઆઓ વનથળીમાંથી મળી આવેલા હાલ જુનાગઢ સંગ્રહસ્થાનમાં જોવામાં આવે છે.—

ઈ. સ. ૧૪૧૫ થી ૧૪૪૦ સુધી જયસિંહ ત્રીજો રાજા થયો. રેવતીકુંડના લેખમાં લખેલું છે કે આ જયસિંહે ઝાંઝરમેર આગળ યવન લોકોને હરાવ્યા. તેના પછી મહીપાળ ચોથો થયો. તે ધર્મદ્રઢ હતો અને યાત્રાળુઓની સારી બરદાસ રાખતો.

મંડળીક ત્રીજો પોતાના પિતા મહીપાળની ગાદીએ ઇ. સ. ૧૪૫૧ માં આવ્યો. તે વીર પુરૂષ ભીમ ગોહેલના પુત્ર અર્જુનની પુત્રી કુંતાદેવીને પરણ્યો હતો. અર્જુનનો ભાઈ દુદો જે અર્થીલાનો

રાજા હતો તે આ મંડળીકને હાથે રણસંગ્રામમાં મરાયો—અને તેના વંશજોએ લાઠીમાં રાજ્ય સ્થાપ્યું. એટના રાજા સાંગણ વાઘેલને પણ મંડળીકે હરાવ્યો.

સીંથા ગામમાં કુવાના રાજપુત્ર ભીમસિંહજીની કુંવરીને તથા બીજી ચંદ્રવંશી ઝાલા તથા સૂર્યવંશી ગોહેલ રાજપુત્રીઓને ત્રીજો મંડળીક પરણ્યો હતો, તોપણ તેને કંઇ સંતાન નહોતું. સોમનાથપાટણનો રાજા વીંજલવાજો તેનો મિત્ર હતો. તે કોહોડીઓ હતો, તેથી એક વખત ગીરનારની જાત્રા કરી દામોદરકુંડમાં નાહીને સોનાનો હાથી બ્રાહ્મણોને આપી પોતે મંડળીકથી છાનો જેતલસર ગયો. સોનાનો ભાગ પાડતાં બ્રાહ્મણો લડી પડયા. તે વાત કાને પડવાથી મંડળીક પોતાના મિત્ર વીંજલવાજાને મળવાને નીકળ્યો. વડાલ અને કાથરોટા વચ્ચે એક માણસ જે ગંગા નદીનું પાણી હમેશાં મંડળીકને માટે લાવતો હતો તે મળ્યો. તે ગંગાજળ મંડળીકે પોતાના ઉપર રેડી દીધું* અને ભીને લુગડે હર્ષભેર મિત્રનો મેળાપ કરવા ચાલ્યો. દૂરથી વીંજલવાજાએ ના કહી તોપણ મંડળીક તેને ભેટી પડ્યો. તેના સ્પર્શથી વીંજલવાજાનો કોહોડ મટી ગયો.

એ વખતમાં નરસિંહ મહેતો થઈ ગયો. તેનું મંડળીકે અપમાન કર્યું, તેથી અથવા તો પોતાના મંત્રી વીશળ વાણિયાની‡ સ્ત્રી મદનમોહનાની તથા સરસાઇ પાસેના મોણીઆ ગામની નાગબાઇ નામની ચારણીઆણીની લાજ લીધી, તેના શ્રાપથી જુનાગઢનું રાજ્ય મુસલમાનના હાથમાં ગયું, એમ વહેમની વૃદ્ધિ કરનાર ભાટ લોકો કહેછે. પોતાનું અપમાન કરતી વખત

* હાલ ત્યાં ઝરોછે તે ગંગાજળીયો કહેવાય છે.

‡ વીશલવાવ બંધાવનાર.

નાગબાઇ નીચેના દુહા બોલ્યાનું કહેવાયછે.

ગંગાજળ ગઢેશા, પંડ તહારૂં હું તું પવીત્ર;
બીજાને રગત ગયાં, મને તો વાલા મંડળીક.
નહી રહે રાની રીત, રાપણું રહેશે નહીં;
ભમતો માગીશ ભીખ, ત્યારે મું સંભારીશ મંડળીક.

ગમે તેમ હોય પણ ઇ. સ. ૧૪૬૭ માં ગુજરાતના પાદશાહ મહુમદ બેગડાએ* જુનાગઢ ઉપર સ્વારી કરી. મંડળીક જખમી થવાથી ઉપરકોટમાં ભરાઈ બેઠો. ને મહુમદ નજરાણો મળવાથી અમદાવાદ ગયો. પણ ઇ. સ. ૧૪૭૨ માં મોટી સેના લઇ ફરી ચડાઇ કરી. મંડળીક બહાદુરાઇથી લડ્યો, પણ આખરે તાંબે થયો. મહુમદે તેના કુંવર ભૂપતસિંહને સીલબગસરાની ચોવીસી આપીને તાતારખાનને થાણુદાર નીમી જુનાગઢનું નામ મુસ્તફાબાદ પાડ્યું. ઉપરકોટમાં દેરાંની મસીદ કરીને શહેરની આસપાસ દીવાલ બાંધી. અમદાવાદથી સૈયદ, કાજી, અને બીજા તવંગર મુસલમાનોને તેડાવીને તેમને મહુમદે મુસ્તફાબાદમાં વસાવ્યા, ને જીર્ણદુર્ગના છેલ્લા રજપૂત રાજા મંડળીકને વટલાવી તેનું નામ ખાજહાં પાડીને અમદાવાદ પકડી ગયો. મંડળીકની ઘોર માણેકચોક પાસે કંદોઇઓળમાં હાલ હયાત છે. અતિ વિષયીને એવું વિષ સમાન ફળ મળે તેમાં નવાઇ નથી. ચુડાસમા રજપૂતોએ સોરઠ ઉપર આશરે ૬૦૦ વર્ષ રાજ્ય કર્યું. તે પછી મુસલમાનોનો અમલ બેઠો..........................તાતારખાન પછી મહુમદ બેગડાનો શાહજાદો મીરઝાં ખલીલ જુનાગઢનો બીજો થાણુદાર નીમાયો. તેણે ખલીલપુર વસાવ્યું. ત્રીજો થાણુદાર મલીક ઇયાઝ પોર્ટુગીઝ લોકોના હુમલા અટકાવવાને માટે ઘણે ભાગે દીવમાં રહેતો. તેની કબર ઉનામાં છે. ચોથો થાણુદાર તા-

*જુનાગઢ ને ચાંપાનેર એ બે ગઢ જીત્યા તેથી બેગડો કહેવાય છે.

તારખાંગોરી થયો. તેના વખતમાં જામરાવળે હાલાર જીતીને નવાનગર બાંધ્યું. ભૂપતસિંહ પછી નોંઘણ ઈ. સ. ૧૫૨૫ માં જાગીરદાર થયો, ને નોંઘણ પછી ૧૫૫૧ માં શ્રીસિંહ થયો. તાતારખાં ગૌરીના મૃત્યુ પછી તેનો દીકરો અમીનખાં ગોરી જુનાગઢનો પાંચમો થાણુદાર થયો. ગુજરાતના સુલતાન બહાદુરશાહને જીતીને અકબર આગ્રે ગયો ત્યારે તેના હુકમથી વજીરખાંએ સોરઠ જીતવાનો પ્રયત્ન કર્યો. પણ નિષ્ફળ થયો. કારણ કે મીરઝાં ખલીલ. જે બહાદુરશાહ પહેલાં સુલતાન મુજફ્ફર થયો હતો તે ૧૫૮૩ માં નાશી ગયો. તે વખતે આખા ગુજરાતમાં અંધેર ચાલતું હતું. તેથી અમીનખાં સ્વતંત્રપણે સોરઠમાં રાજ્ય કરવા લાગ્યો. પણ ૧૫૯૧ માં નવરંગખાન, સૈયદ કાસમ અને ગુજરખાંએ જુનાગઢને ઘેરો ઘાલી તાબે કર્યું.

આ વખતે શ્રી સિંહનો પુત્ર ખેંગાર પોતાની સીલં બગસરા ને ચોરવાડની જાગીરમાં નાશી ગયો. ત્યાં તે ૧૬૦૮ માં ગુજરી ગયો. તેના વંશજો હાલ પણ ત્યાં જોવામાં આવેછે. ઇ. સ. ૧૫૯૧ થી સોરઠ ખાલસા સરકાર થયું, ને થાણુદાર મટી ફોજદાર થયા. નવરંગખાન સોરઠનો પહેલો ફોજદાર થયો. તેના પછી મીરજાં ઈસા તારખાં પ્રખ્યાત ફોજદાર થયો. આજમખાં કે જેના વખતમાં ઝાલાવાડના રાણુપુરનો કિલ્લો બંધાયો તેના પછી મીરજાં ઈસા તારખાં ૧૬૪૨ માં ગુજરાતનો સૂબો નીમાયો. તેના વખતમાં જુનાગઢનો કિલ્લો સમરાવ્યો. ત્યાર પછી કુતુબુદ્દિન નામના ફોજદારે ઈ. સ. ૧૬૬૪ માં જામરાય સિંહજીને શેખાપાટ આગળ યુદ્ધમાં મારી નવાનગર જીતી લઈ તેનું નામ ઈસ્લામનગર પાડી ખાલસા કર્યું. તેથી તેને સોરઠના કેટલાક મહાલ જાગીરમાં મળ્યા. ઈ. સ. ૧૬૬૬ થી ૧૬૮૬ સુધી સરદારખાં

જુનાગઢનો ફોજદાર થયો; તે ૧૬૭૦ માં પોતાના દીકરા દીલીરખાંને ફોજદારી આપી ઈડર ગયો હતો.

સરદારખાંએ ઈ. સ. ૧૬૮૧ માં સરદારબાગ બનાવી તેમાં પોતાનો મુકરબો કર્યો. પણ પોતે સિંધમાં નગરઠઠ્ઠાનો સૂબો નીમાયો, ને ત્યાંજ ગુજરી ગયો. સરદાર તલાવ પણ તેણે ખોદાવ્યું. ઈ. સ. ૧૬૭૩ માં મહારાજા જસવંતસિંહના વચે પડવાથી રાયસિંહજીના પુત્ર જામ તમાચીને નવાનગર પાછું સોંપાયું. પણ ત્યાં મોગલરાજ્ય તરફથી ફોજદાર રહેવા લાગ્યો. પણ ઇ. સ. ૧૭૦૭ માં ઔરંગજેબનું મૃત્યુ થયું એટલે ૧૭૦૯ માં જામે ફોજદારને કાઢી મુકયો. ૧૭૧૪ માં મારવાડના મહારાજા અજીતસિંહે પોતાની પુત્રી ફરૂકશિઅર બાદશાહને પરણાવી. તેથી પોતે ગુજરાતનો સૂબો થયો. તેનો પુત્ર અભેસિંહ સોરઠનો ફોજદાર થયો. અજીતસિંહની વતી અમદાવાદમાં વજેરાજ ભંડારી રહેતો હતો. અને અભેસિંહની વતી જુનાગઢમાં ફતેસિંહ કાયસ્થ રહેતો.

શાહજહાં બાદશાહની કચેરીમાં અફઘાનીસ્તાનનો વતની બહાદુરખાં બાબી કરીને એક પ્રખ્યાત પુરૂષ હતો. તેણે પોતાના દીકરા શેરખાંને ગુજરાતમાં મોકલ્યો. ગુજરાતના સૂબા મુરાદબક્ષે શેરખાંને હાકેમ નીમ્યો. શેરખાંનો એક દીકરો સફદરખાં ઈ. સ. ૧૬૯૦ માં પાટણનો મદદનીશ હાકેમ થયો. ને બીજો દીકરો મુબારિઝ વડનગરનો ઉપરી નીમાયો. ૧૭૦૪ માં સફદરખાં વીજાપુરમાં નીમાયો. ને ૧૭૦૬ માં તેણે દુર્ગાદાસ ઠાકોરને હરાવ્યો. તેથી પાટણમાં બીજીવાર નીમાયો. સફદરખાંનો એક દીકરો જવાંમર્દખાં ઈ. સ. ૧૭૧૬ માં રાધનપુરમાં નીમાયો, અને બીજો દીકરો સલાબત મહમદખાં મહારાજા અજીતસિંહ

તથા સુરત અને ખંભાતના ઉપરી હૈદર કુલીખાં વચેનો કજીયો પતવવા ગોહીલવાડમાં નીમાયો. હૈદર કુલીખાં સાથે કંઇ તકરાર થવાથી બાબી મુસલમાનોને આ વખત પાલણપુરમાં આશ્રય લેવાની ફરજ પડી. જ્યારે તકરાર બંધ પડી ત્યારે સફદરખાંને ગોધરામાં, સલાબત મહુમદખાંને વીરમગ્રામમાં, અને તેના દીકરા મહુમદ બહાદુરને પ્રથમ અમદાવાદમાં ને પછી મહીકાંઠામાં વીરપુર અને સાદરામાં નોકરી મળી. ત્યાર પછી ગુજરાતની સુબેદારી માટે નીઝામઉલમુલ્ક ને હૈદરકુલીખાં વચે તથા પછીથી હામીદખાં ને સુજાતખાંની વચે ગરબડાટ મચી રહ્યો. તે દરમીયાનમાં બાબી કુટુંબે પોતાની સત્તા વધારી. જ્યારે દીલ્લીથી સરબુલન્દખાં હામીદખાં સાથે લશ્કર લઇને ગુજરાતમાં આવ્યો, ત્યારે સલાબત મહુમદખાં ઘોઘાની જાગીર સાથે વીરમગામનો ઉપરી ઠર્યો. ૧૭૨૩ માં ભાવસિંહજીએ પીલાજી ગાયકવાડની બીકથી સિહોરથી વડવાબંદર જઈને ત્યાં ભાવનગર સ્થાપ્યું. તે હળવદના રાજાની દીકરીને પરણ્યો હતો ને જામતમાચીને ગાદી અપાવવામાં સામેલ હતો. ઈ. સ. ૧૭૨૮ ના અરસામાં જુનાગઢનો ફોજદાર અસદઅલી ગુજરી જવાથી સલાબત મહુમદખાંએ પોતાના દીકરા શેરખાંને જુનાગઢ મોકલ્યો. પણ દિલ્લીના પાદશાહે અસદઅલીના દીકરાને નીમ્યો. તેથી શેરખાંને ઘોઘે જવું પડ્યું. જવાંમર્દખાં ગુજરી ગયા પછી તેના એક દીકરાને સમીમુજપુરની જાગીર મળી, ને બીજાને રાંધણુપુરની ફોજદારી મળી. વીરમગામના દેસાઇ ઉદેકરણના ખુનનું કામ ચાલતું હતું તેવામાં સલાબત મહુમદખાં ઇ. સ. ૧૭૩૦ માં પાલડીમાં મરી ગયો; તેજ વરસમાં મહારાજા અભયસિંહ ગુજરાતનો સૂબો થયો. શેરખાંએ અમદાવાદ જઇને તેને હાથીની

ભેટ આપી, ને પોતાના બાપની ઘોઘાની જાગીર મેળવી. પીલાજી ગાયકવાડનું ડભોઇમાં ખૂન થયા પછી શેરખાં વડોદરામાં ફોજદાર નીમાયો. પીલાજીના ભાઇ મહાદજી ગાયકવાડે વડોદરા કબજે કર્યું ત્યારે શેરખાં વીરમગામનો ફોજદાર થયો, પણ ભાવસિંહજી દેશાઇના કાવતરાથી દામાજી ગાયકવાડે વીરમગામ લઇ લીધું. તેથી શેરખાં પોતાના સગાં ભેગો રહેવા માટે ખેડે ગયો. ઈ. સ. ૧૭૩૬ માં મહારાજા અભયસિંહના મદદનિશ રતનસિંહ ભંડારીએ શેરખાંને અમદાવાદમાં બોલાવી ઘણા માન સાથે પેટલાદમાં નીમ્યો. ઇ. સ. ૧૭૩૮ માં મોમીનખાંએ અમદાવાદને ઘેરો ઘાલી રતનસિંહ ભંડારીને કાઢી મુકયો, ને પોતે ગુજરાતનો સુબો થયો.

તેની સાથે અણબનાવ હોવાથી શેરખાં બાલાસિનોર રહેવા લાગ્યો. જુનાગઢના ફોજદાર સોરાબખાંને રતનસિંહ ભંડારીએ ધંધુકા પાસે ધોળીની લડાઇમાં કતલ કર્યો હતો તેથી તેની જગોએ મોસનખાંની નીમણુક થઈ. અને મોસનખાંની પછી મીરહજબર અલીખાં ફોજદાર થયો. આગલા જવાંમર્દખાં બાબીનો દીકરો જે તેજ નામથી ઓળખાતો હતો તેણે મોમીનખાંને મદદ કરી હતી, તેના બદલામાં તે પાટણનો અધિકારી થયો. ને તેના ભાઇ જોરાવરખાંને ખેરાળુ પરગણું સોંપાયું. આ પ્રસંગે શેરખાં બાબી પણ મોમીનખાંને સલામ ભરવા આવ્યો. તે ઉપરથી તેને હજબર અલીખાંના નાયબ ફોજદારની જગો મળી. મોમીનખાંનો ભત્રિજો હીમતઅલી સોરઠનો ફોજદાર થયો, તે વેળા દામાજી ગાયકવાડના સરદાર રંગોજીએ બોરસદ કબજે કર્યું. મોમીનખાં ગુજરવાથી ફીદાઉદીનખાં અમદાવાદનો કામચલાઉ સુબો થયો. રંગોજીનો પક્ષ લેવા માટે ફીદાઉદીનખાંની ઇતરા-

જી થવાથી શેરખાં બાલાસિનોરમાં રહેવા ગયો. ને દામાજીના ભાઈ ખંડેરાવ ગાયકવાડે અમદાવાદ ઉપર ચઢાઈ કરી ત્યારે જવાંમર્દખાં જે મોગલનો હુકમ બતાવી અમદાવાદનો ધણી થઈ પડયો હતો તેની મદદમાં શેરખાં આવ્યો. ૧૭૪૪ માં ફખરૂદૌલા ગુજરાતનો સુબો થઇને અમદાવાદ આવ્યો ત્યારે શેરખાં તથા ઈડરના મહારાજા રાયસિંહજીની મદદ માગીને જવાંમર્દખાં તેની સામો થયો. ખંડેરાવ ગાયકવાડે રંગોજીને બદલે ત્ર્યંબકરાવને પોતાનો ડેપ્યુટી બનાવ્યો. તેથી રંગોજીએ શેરખાંની મદદ માગી. શેરખાંએ તે ઉપરથી મહુધા ને નડીયાદ લૂટયાં. પણ આખરે શેરખાં તથા રંગોજી એ બંનેને કપડવંજમાં આશ્રય લેવાની જરૂર પડી. ખંડેરાવ ગાયકવાડે બોરસદને ઘેરો ઘાલ્યો. તે વખતે શેરખાં, રંગોજી તથા રાયસિંહજી ત્રણે જણે તેનો બચાવ કર્યો. પણ અંતે ફાવ્યા નહીં. તેથી શેરખાં જુનાગઢમાં આવતો રહ્યો, ને રાયસિંહજી ઇડર જતો રહ્યો. આ વખતે બાલાસિનોરમાં શેરખાંનો દીકરો સરદાર મહમદખાં રાજ કરવાં લાગ્યો, ને શેરખાં જુનાગઢમાં રાજ્ય કરવા લાગ્યો. શેરખાંની ગેરહાજરીમાં તેની સ્ત્રીઓ લાડડીબીબી ને અમીનબીબી જુનાગઢનો સઘળો કારભાર ચલાવતી. પણ પોતે હવેથી નવાબ બહાદુરખાં એવું નામ ધારણ કરી સ્વતંત્ર થયો. બહાદુરખાં નવાબ જ્યારે ગુજરાતમાં ગયા ત્યારે વસંતરાય નામના પુરવીયાએ જુનાગઢ પોતાને હસ્તગત કર્યું. પણ દલપતરામ દિવાને તેને કાઢી મૂકયો.

દલપતરામના ગુજરી જવા પછી જગન્નાથ ઝાલા તથા તેનો ભાઇ રૂદરજી જુનાગઢમાં સત્તાવાળા થઇ પડયા. આરબ લોકોને ચઢેલો પગાર નહીં મળવાથી ઉપરકોટ કબજે કરીને હુલડ

મચાવી રહ્યા. તેમની પાસેથી યુક્તિથી જગન્નાથ ઝાલાએ દારૂગોળો બહાર નંખાવી દીધો, ને ગોંડલના કુંભોજી પાસેથી ધોરાજી બદલ રૂપિઆ લઇને આરબ લોકોને આપ્યા. છેવટે ઘણાખરા આરબને જુનાગઢ મૂકી જવું પડ્યું. ઇ. સ. ૧૭૫૮ માં નવાબ બહાદુરખાન (શેરખાં) ગુજરી જવાથી, તેની ગાદીએ મહોબતખાં બેઠા. પણ તેની ફોઇ સુલતાનબીબીએ તેને ઉપરકોટમાં કેદ કરી પોતાનાં પૌત્ર મુજફરખાંને નવાબ ઠરાવ્યો. તેથી શમી મુજપુરના નવાબ બીજા જવાંમર્દખાંએ મહોબતખાંને છોડવવાના બહાનાથી જુનાગઢ ઉપર ચઢાઇ કરી. ગોંડલનો જાડેજા કુંભોજી વચે પડ્યો, તેણે મહાબતખાં પાસે પોતાના નામ ઉપર ઉપલેટા લખાવી લઇ એવો ઠરાવ કરી આપ્યો કે સુલતાનબીબીએ પોતાના પૌત્રો સહિત ઉબેણને કાંઠે રાણપુરમાં રહેવું. ત્યાર પછી આરબ લોકોએ પોતાના પગાર માટે ફરી ઝગડો કર્યો, ને ઉપરકોટમાં ભરાઇ બેઠા. આ વખતે માંગરોળનો અમરજી નામનો નાગર જમાદાર સાલમીન તથા પોરબંદરના કેટલાક આરબો લઇને અરાડવર્ષની ઉમરે જુનાગઢમાં પેટને અર્થે નોકરી ખોળવા આવ્યો. આરબલોકોને વશ કરવાનું કામ પ્રથમ તેને સોંપવામાં આવ્યું, તેમાં તે ફતેહમંદ થયો, ને વાઘેશ્વરી દરવાજો કબજે કર્યો એટલુંજ નહિ પણ આરબલોકોને અરધો પગાર ચુકવી ઉપરકોટમાંથી કાઢ્યા.

સુલતાનબીબી વેરાવળ હાથ કરવા ગઇ હતી પણ શેખમિયાંને સુંદરજી દેસાઈ તેને કાઢી મુકીને તે બંદરના રાજ્યકર્ત્તા થઇ પડ્યા હતા. તેમને પણ અમરજીએ કેદ કર્યા. શેખમિયા માંગરોલ નાશી ગયો. ત્યાં જઇને અમરજીએ સીલ, દીવાસા મહીયારી, ને બગસરા લઈ લીધાં, ને જુનાગઢને પોતાના રાં

જયનો અર્ધ ભાગ આપવાને શેખમિયાંને ફરજ પાડી. નવાબ મહોબતખાંના કોઇએ કાન ભંભેરવાથી અમરજી દીવાન તથા તેનો ભાઇ દુલભજી બંને કેદમાં પુરાયા. પણ પછી ૪૦૦૦૦ કોરીનો દંડ કરી તેમને છોડી મુકવામાં આવ્યા. અમરજી દીવાન જેતપુર જઇ રહ્યા. નવાબ સાહેબે માંગરોળ ઉપર ચડાઈ કરી, પણ તેમનું કંઇ ચાલ્યું નહિ. તેથી અમરજીને મનાવીને ફરીને દીવાનગીરી આપી. અમરજી દીવાને માંગરોળના શેખમિયાંને તાબે કર્યો; ને તરતજ સુતરાપાડા જીતી લીધું. ઈ. સ. ૧૭૬૮માં ભાવનગરના રાવળ વખતસિંહજીને તળાજાના કોળી લોકો સામે મદદ કરી.* ૧૭૭૦ માં બાંટવાનો શેરઝમાનખાં જે મહાબતખાંનો કાકો હતો તેણે જુનાગઢ ઉપર ચઢાઇ કરી. પણ નિષ્ફળ થયો. તેજ વર્ષમાં અમરજીએ જેતપુરના વાલાકુંપોને દીલખાણીઆ લેવામાં મદદ કરી. પછી હાસમખાં પાસેથી કુંતીયાણા લઇને તેને મજેવડી આપ્યું; ને પોતાના ભાઈ દુલભજીને કુંતીઆણામાં મૂકયો. પછી માળીઆના મિયાણા, બાબરીઆ લોકો, તથા ઉનાના કસબાતી લોકોને તાબે કર્યા.

ગોંડલના જાડેજા કુંભોજીને ધોરાજી તથા ઉપલેટાની બીક લાગી, તેથી તેણે નવાબ સાહેબને આડું અવળું સમજાવી મરાઠા લશ્કરની સાથે પોતાનું લશ્કર ભેગું કરી પોતે અમરજીની સામે થયો. પણ અંતે કંઈ વળ્યું નહીં. ઇ. સ. ૧૭૭૪ માં નવાનગરના જામજસાજીના કારભારી મેરામણ ખવાસે ઓખાના વાઘેર લોકો સામે લડવાને અમરજીની મદદ માગી. વાઘેરનું મથક પોસિત્રા હતું તેને અમરજીએ લઇ લીધું; ને લુંટનો સઘળો ખજાનો કબજે કર્યો.

* ત્યારપછી ખંભાતના નવાબને તળાજા સોંપાયું. પણ ૧૭૭૩ માં વખતસિંહજીએ તેની પાસેથી ખરીદ કર્યું.

આ વખતે મહોબતખાં ગુજરી ગયા એવી ખબર પડતાં-વારનેજ જુનાગઢ આવી તેના આઠ વરસના શાહેજાદા હામીદખાંને ગાદી ઉપર સ્થાપીને આ બહાદુર દીવાન ઝાલાવાડમાં મુલકગીરીની ચઢાઇ કરવા નીકળ્યો. તેની ગેરહાજરીમાં નવાબસાહેબની મા સુભાનકુંવરે બાંટવાંના મુખત્યારખાં સાથે મળીને વનથળીનો કિલ્લો હાથ કર્યો. ને અમદાવાદના સુબા મહીપતરાય તથા આબુરાયની મદદ માગી પણ એટલામાં અમરજી દીવાન આવી પહોચ્યો. તેથી મહીપતરાયે જે ખંડણી ઉઘરાવી હતી તે અમરજીને સોંપી દીધી. ને મુખત્યારખાં બાંટવે નાશી ગયો. ઈ. સ. ૧૭૭૬ માં પેશવા તથા ગાયકવાડના સુબેદાર અમૃતરાવ તથા થોભણ ખંડણી ઉઘરાવવા જેતપુર સુધી આવ્યા. પણ જાડેજા કુંભોજી વચે પડયો ને અમરજી આગળ તેમનું કંઇ ચાલ્યું નહિ. મોરબીના ઠાકોર વાઘજીએ વાગડમાં ચઢાઇ કરવામાં મદદ માગવાથી અમરજી રણ ઓળંગી વાગડમાં લુટફાટ કરવા લાગ્યો. પણ કચ્છના રાવે ભેટ મોકલી સભ્યતાથી તેમ ન કરવા સંદેશો મોકલ્યો, તેથી અમરજી દીવાન પાછા ફર્યા. પછી અમરેલીમાં જઈ ગાયકવાડના સુબેદાર જીવાજી શામરાજને હરાવી તેને પોતાની પાડોશમાંથી કાઢી અમરેલીનો કિલ્લો તોડી પાડયો. ત્યાર પછી માંગરોળના શેખમિયાં સામે પોતાના ભાઇ દુલભજીને મોકલ્યો. અમરજીની વહુ ગુજરી ગઇ તે પ્રસંગે શેખમિયાં ખરખરો કરવા આવ્યો ત્યારે તેણે એવું વચન આપ્યું કે હવેથી જુનાગઢના રાજ્યને હરકત પહોંચાડવી નહીં. ઈ. સ. ૧૭૭૮ માં પોતાના સુબેદાર જીવાજી શામરાજનું વેર લેવાને ફતેસિંહ ગાયકવાડ ચઢયો, ને જેતપુર સુધી આવી પહોંચ્યો. પણ આસપાસના રાજા એકઠા થઈ જવાથી તેણે અમરજીને કો-

મતી પોશાક મોકલ્યો, ને તે ઉપરાંત ચઢેલી જમાબંધી માફ કરી.

પોરબંદરના રાણા સુલતાનજીએ પ્રેમજી લવાણા નામે પોતાના પ્રધાનની ઉશ્કેરણીથી બર્ડામાં બંડ ઉઠાવ્યું. પણ અમરજી ત્યાં આવી પહોંચ્યો. તેથી રાણાએ પોતાના હાથમાં આવેલો એક વહાણનો કીંમતી માલ તેને સોંપી દીધો. જાડેજા કુંભોજીની મદદ કરી સીંધી લોકો પાસેથી દેવડાને ખાગસરીના કીલ્લા લઈ લીધા. પછી અમરજી દીવાનજીએ ઈ. સ. ૧૭૮૨ માં ઉના દેલવાડાના કસબાતી શેખતાહીરને હરાવી પ્રભાશંકર નામના નાગરને ત્યાં રાખ્યો. આ નાગરથી મુજફ્ફરાબાદ (જાફ્રાબાદ) ના હબશી તથા દીવના પોર્ટુગીઝ લોકો ઘણા બીહીતા હતા. આ વખતે ગુણીયલ અમરજીની ગંજાવર કીર્તિ આખા ગુજરાતમાં ગાજી રહી હતી. પણ હવેથી તેની પડતી આવી. નવાબને સમજાવીને પોરબંદરના રાણા સુલતાનજીની તથા જામનગરના પ્રધાન મેરામણ ખવાસની સેના સાથે પોતાની સેના એકત્ર કરી ગોંડલનો જાડેજા કુંભોજી કુતિયાણામાં લુંટફાટ ચલાવવા લાગ્યો. પણ પાંચપીપળાના રણક્ષેત્રમાં અમરજીએ તે સર્વેને હરાવ્યા. તેથી સર્વે પોતપોતાને સ્થાને વીખરાઇ ગયા. આ લડાઈમાં માંગરોળના શેખમિયાં અમરજી તરફ હતા. અમરજીએ ઘણીજ હોશીઆરીથી પોરબંદરના રાણાને એવો તો ત્રાસ પમાડયો કે દેવડાનો કીલ્લો જે પાંચપીપળાની લડાઈ પછી તોડી પાડયો હતો તે રાણાએ પોતાના ખરચે પાછો બાંધ્યો. ત્યાર પછી નવાબસાહેબને સાથે લઇને અમરજી ઝાલાવાડ ને ગોહીલવાડમાં ખંડણી લેવા નીકળ્યા. પણ નવાબસાહેબ મંદવાડનો ઢોંગ કરી જુનાગઢ તરફ વળ્યા ને ગોંડલમાં કુંભોજીના મેમાન તરીકે રહ્યા. ત્યાં કુંભોજીએ એવી તો કાનમાં ફુંક મારી કે અમરજીને

મારી નાંખવાને કાવતરૂં રચાયું. તેથી અમરજીના જુનાગઢ આવવા પછી મહોબતખાંની વિર્ધવા રાણીએ રાધનપુરના નવાબની દીકરીનું ઘરેણું દેખાડવાને બહાને તેને મહેલમાં બોલાવી તરકટથી આરબો પાસે મરાવી નાંખ્યો. અને તેના ભાઇ દુલભજી અને દીકરા રણછોડજીને કેદ કર્યા. પણ અમરજીના મિત્ર મહાદજી સિંધીઆના ભાઇ રૂપોજી સિંધીઆ તથા મોરારરાવ ગાયકવાડ જે તે વખતે ગોહીલવાડમાં હતા તેમની ભલામણ તથા આરબોના દબાણને લીધે તેમને છોટી મુકવામાં આવ્યા. જુનાગઢની વતી મહુવામાં મુકેલા થાણુદારને ભાગનગરના રાવળ વખતસિંહજીએ કાઢી મૂક્યો. અમરજીના ગુજરી ગયા પછી જુનાગઢમાં ઘણું અંધેર જામી રહ્યું. આરબ લોકો નવાબને રંગમહેલમાં પોતાને તાબે રાખવા લાગ્યા. તેમના મુખ્ય જમાદાર ગુલશાને મરાવી નંખાવીને નવાબ છુટા થયા. પણ આરબ લોકોએ વનથળી કબજે કર્યું. આ વખતે પોરબંદરના રાણાના પ્રધાન પ્રેમજી લુવાણાને બોલાવંવાનો પ્રયત્ન કર્યો, પણ નિષ્ફળ ગયો. તેથી અમરજીના ભાઇ દુલભજી તથા દીકરા રઘુનાથજીને બોલાવી તેમને દિવાનગીરી આપી. આ વર્ષે નવાબ સાહેબ સમી મુજપુરના નવાબ ધાજીઉદ્દીનની દીકરીને મોરબીમાં દબદબાથી પરણ્યા.

ચોરવાડનો સંગજી રાયજાદો પાલીઆદમાં કપાઇ મુઓ; તેની સાથે સગપણનો હક ધરાવીને પોરબંદરના રાણાએ ચોરવાડ લીધું. ને સને ૧૭૮૮ માં વેરાવળ પણ કબજે કર્યું. પણ હામીદખાં નવાબે પોતાના દીવાનોની મદદથી વેરાવળ પાછું લીધું, ને રાણાને નજરાણો ને દંડ આપવાની જરૂર પાડી. તથા મોકાજીરાયજાદાને કુંભોજીની સલાહથી ધોરાજી રહેવા દીધો. સુતરા પાડાના

કસબાતીએ નવાબ સાહેબની ઉશ્કેરણીથી દીવાન રણછોડજીને પ્રથમ ત્યાંથી કાઢી મુકેલ તે કસબાતીઓ એ પ્રગણાના ધણી થઇ બેસવાથી તેમને કઢાવી મુકી એ દીવાનને નવાબ સાહેબ તરફથી ત્યાં પાછો રાખવો પડ્યો. હામીદખાંને દીવાન રણછોડજી વચ્ચે અણુબનાવ ચાલતો હતો. તેવામાં ત્રણ લાખ જામશાઇ કોરીના દેવાને પેટે કુંભોજીએ ગોંડલ, જેતલસર, વગેરે ગામો પક્કે પાચે લખાવી લીધાં. સને ૧૭૮૮ માં કેશોદના રાયજાદા ડાઘોજીએ બાંટવા ઉપર ચઢાઇ કરી, તેથી એદલખાં તથા મુખતીઆરખાંએ દીવાન રઘુનાથજીની મદદ માગી. તે ઉપરથી તેમના ભાઇ દીવાન રણછોડજી તથા કાકા દુલભજીએ ડાઘોજીને હરાવ્યો. અંતે પોતાના સિપાઇઓનો પગાર ચુકાવવા માટે એકલાખ જામશાઈ કોરી માટે ડાઘોજીએ નવાબસાહેબને કેશોદ વેચ્યું.

ઈ. સ. ૧૭૯૦ ની સાલમાં હીમ પડવાથી પાકને નુકશાન થયું, ને ૧૭૯૧ ની સાલમાં કાળ પડ્યો. તથા બળીઆથી હજારો જીવની ખુવારી થઇ. તેજ સાલમાં આરબલોકો ચોરવાડને કબજે કરી બેઠા. તેમને દીવાન રણછોડજીએ હરાવી કાઢી મૂકયા. ૧૭૯૨ માં જમાદાર હામીદસિંધી ગાયકવાડનું લશ્કર લઇ ખંડણી ઉઘરાવવા આવ્યો તેને જુનાગઢના લશ્કરે હરાવ્યો, ને પોતે કપાઇ મુઓ. ઈ. સ. ૧૭૯૩ માં કલ્યાણશેઠ તથા ગોંડલના કુંભોજીની સલાહથી નવાબ સાહેબે નાગરવાડાની મસીદમાં ચારસેં માણસનો જમાવ કરીને દીવાન રઘુનાથજી તથા તેના ભાઇઓને તથા બીજા નાગરોને *કેદ કરી ના-

---

* નાગરવાડાની મસીદથી લશ્કર મોકલી મોરારજીને પકડયો. ને એક નાનો છોકરો જે પ્રભાશંકરને વહાલો હતો તેને પ્રભાશંકરને ઘેર કપટથી મોકલ્યો. પ્રભાશંકર માંદો હતો તેથી તે છોકરાને તેણે પોતાની પાસે સુવાડ્યો. છોકરાને શીખવ્યું હતું તે પ્રમાણે તેણે પ્રભાશંકરને ઘાયલ કર્યો. ને તેની વહુ વચ્ચે પડી

ગરવાડો લુટયો, ને રઘુનાથજીના કપટી મસલતીઆનું માથું પોસ શુદી પડવાંની રાત્રે કાપી નાંખ્યું. આ ઉપરથી દીવાન રણછોડજીએ કોડીનારને પાટણ લઈ લીધાં. છેવટે નાગરોને કેદમાંથી છોડયા. ને રણછોડજી દીવાન જામ સાહેબની નોકરીમાં રહ્યો. તેમાં તેને પડધરી ને આટકોટ જાગીરમાં મળ્યાં. અને તેના કાકા દુલભજી ભાવનગરમાં ગયા. ત્યાં તેને પણ ચાર ગામની જાગીર મળી. રણછોડજીના નાના ભાઇ દલપતરામને પણ લીંબડીના ઠાકોરે નોકરી આપી.

નાગર લોકોનું જોર પડી ભાગ્યા પછી વણિક કલ્યાણશેઠ તથા ગુજરાતના નાગર માધવરાય ખુશાલરાયને દીવાનગીરી મળી. ને નવાબ સાહેબે જુનાગઢના નાગર તથા સોમપરા બ્રાહ્મણ પાસેથી દશલાખ કોરીનો દંડ લીધો. ૧૭૯૪ માં ભાવનગરના રાવળ વખતસિંહે ચિતળમાંથી જુનાગઢનું થાણું ઉઠાડી મુકયું. કલ્યાણશેઠ સાથે ટંટો થવાથી માધવરાયે વનથલી વશ કર્યું. પણ નવાબ સાહેબની ફરમાશથી દીવાન રણછોડજીએ તેને હરાવ્યો. ૧૭૯૫ માં રાજકુંવર બાઇએ બહાદુરખાંને જન્મ આપ્યો.

૧૭૯૬ માં ભુજના વજીર જમાદાર ફતેહમહમદે હાલાર ઉપર ચઢાઇ કરી. પણ કલ્યાણશેઠ, દીવાન રણછોડજી તથા હળવદના રાજસાહેબ વચે પડયા. તેથી સલાહ થઇ.

રાવળ વખતસિંહે કુંડલા તથા રાજુલા લઈ લીધું, તેથી નવાબ સાહેબે ભાવનગર ઉપર ચઢાઇ કરી. ઢસા આગળ આખો દિવસ યુદ્ધ ચાલ્યું. પણ છેવટે વખતસિંહે એક લાખ પંદર હ-

તેને પણ ઘાયલ કરી. આમ કરવાનું કારણ એ હતું કે રઘુનાથજીએ નવાબને પ્રથમથી કહી રાખ્યું હતું કે પ્રભાશંકર તથા મોરારજીને પ્રથમથી મારી નાંખવા કે જેથી શાંતિથી રાજ્ય ચલાવાય.

જાર રૂપિઆ આપવા ને નવાબ સાહેબે કુંડલા ને રાજુલા પરગણાં આપવાં એવા કોલ કરારથી તહનામું થયું. ૧૭૯૭ માં જુનાગઢ સરકારે માળીઆ જીત્યું. ૧૭૯૮ માં જમાદાર હામીદના દીકરા આમીન સાહેબે પોતાના પિતાનું વેર વાળવા ગાયકવાડનું લશ્કર લઇ મજેવડીમાં આવીને તેનો કિલ્લો તોડયો. ને ત્રણ ગણી ખંડણી લઇ પાછો ગયો. ૧૭૯૯ માં કલ્યાણશેઠે સાયલાના ઠાકોરની મદદે જઇ પંચાણના ધાંધલપુર ઉપર ચઢાઈ કરી. પણ તે ફાવ્યો નહીં. ઇ. સ. ૧૮૦૦ માં પોતાતા સિપાઇઓને પગાર આપવાને માટે કલ્યાણશેઠે બાંટવાના મુખત્યારખાં બાબીની સાથે ધ્રાફા, હાલાર ને પોરબંદરના ગામોમાં લુંટફાટ કરી; ને કુંતીઆણા કબજે કર્યું પણ નવાબ સાહેબના સંદેશાથી દિવાન રઘુનાથજી તથા દીવાન રણછોડજીએ કુંતીઆણાને ઘેરો ઘાલી લઇ લીધું. ને કલ્યાણશેઠને તેના કુંટુંબ સહિત કેદ કર્યો. અને તેનો દીકરો દીવમાં નાશી ગયો.

ઓગણીશમી સદીની શરૂઆતમાં દીવાન રઘુનાથજીએ પોતાના ભાઇ રણછોડજીને કુંતીઆણા સોંપીને ગોંડળના કુંવર દેવાજી સાથે ખંડણી ઉઘરાવવા માટે ઝાલાવાડ ઉપર સ્વારી કરી. રણછોડજી દીવાન પણ ઉના તથા ચોરવાડ નવાબ સાહેબ માટે જીતી લીધા પછી લીંબડીમાં આવી મળ્યો. ૧૮૦૩ માં રણછોડજી દીવાને ઝાલાવાડમાંથી બમણી ખંડણી લીધી; તેમાં ગાયકવાડની તરફથી શીવારામ ગાર્દી સામો થયો પણ તેનું કાંઇ વળ્યું નહીં. ૧૮૦૪માં ગાયકવાડના દિવાન બાબાજી આપાજીએ વનથલીને ઘેરો ઘાલ્યો પણ દીવાન રણછોડજીએ તેને હેરાન કર્યો, ને તેની ઉઘરાવેલી ખંડણી છીનવી લીધી. ૧૮૦૫ માં દીવાન રણછોડજીએ રાજકોટ સુધી ખંડણી ઉઘરાવી. નવાબ સા-

હેબે દીવાન રઘુનાથજીને કુંતીઆણા ગીરવી આપ્યું, તેથી ૧૮૦૬ માં બંને ભાઈઓ ચાર લાખ રૂપિઆ ચુકવી આપી ત્યાં રહેવા ગયા. ૧૮૦૭ માં કર્નલ વોકરે બાબાજી આપાજી સાથે કાઠીઆવાડમાં આવીને સર્વે રજવાડાઓની ખંડણી હમેશને માટે મુકરર કરી. ૧૮૦૯ સુધી વોકર સાહેબ રહ્યા તે વખતમાં રેવાશંકર જુનાગઢ સરકારમાં મુખ્ય કારભાર ચલાવતો. ૧૮૧૧ માં નવાબ સાહેબ હામીદખાં મૃત્યુ વશ થયા. કહાનદાસ તથા જમાદાર ઉમર મુખાસને બાહાદુરખાંને પાટણથી લાવીને ૧૮ વર્ષની ઉમરે જુનાગઢની ગાદીએ બેસાડ્યા. કુંતીઆણેથી રઘુનાથજીને બોલાવીને તેને દીવાનગીરી સોંપી. ૧૮૧૨ માં કેપ્ટન કર્નાક તથા ગંગાધર શાસ્ત્રીએ જામસાહેબને હરાવી જુનાગઢ પાસે લાલવડ સુધી આવી નજરાણું માગ્યું.

દીવાન રઘુનાથજીએ તેમની સાથે અમરેલી જઈને કોલકરાર કરવા શરૂ કર્યા. રણછોડજી દીવાને મુકુંદરાયને ત્યાંથી કાઢી મૂક્યો હતો, તથા રાજકુંવરબાઈએ વેંત જેટલી પણ જમીન આપવાની ના પાડવાથી રઘુનાથજીએ રાજીનામું આપ્યું હતું. તે છતાં પણ ગાયકવાડના દીવાન વિઠ્ઠલરાવે લાંચ આપીને જુનાગઢના કારભારીઓને ફોડ્યા; ને અમરેલી તથા કોડીનાર પરગણાં નવાબ સાહેબ પાસેથી લખાવી લઇ અમરેલીનો કિલ્લો ફરીને બંધાવ્યો. ૧૮૧૩ માં પૂછડીઓ તારો દેખાયો, ને દેશમાં દુકાળ પડ્યો. ૧૮૧૪ માં* ઉંદરીઆવરસની મરકી તથા દુકાળથી ઘણાં માણસો યમરાજાના ધામમાં પોંચી ગયાં. ૧૮૧૫ માં જમાદાર ઉમર મુખાસનનું જોર વધ્યું તેથી નવાબ સાહેબને ભય લાગ્યો. નેટીવ એજન્ટ સુંદરજી સવજી, દીવાન રઘુનાથજી, તથા

* આ ઉંદરીઆ સાલમાં અસંખ્ય ઉંદરોએ પાકમાં ઘણો બગાડ કર્યો. ૧૮૪૦ માં પણ ઉંદરોનાં ધાડાં વળી પડયાં હતાં.

રણુછોડજીની સલાહુથી કર્નલ બેલેન્ટાઇને જુનાગઢ આવી ઉમર સુખાસનને ટીંબડી ને પીપરીયા ગામ આપ્યાં. ને નવાબ સાહેબને ભયમાંથી મુક્ત કર્યા. તેના બદલામાં ૧૮૧૭ માં નવાબ સાહેબે ધંધુકા, રાણુપુર, ઘોઘા ને ઘોલેરાની જોર તલબી લેવાનો હક કંપની સરકારને લખી આપ્યો.

૧૮૧૮ માં બ્રિટીશ સરકારની મદદથી સુંદરજી સવજી જુનાગઢનો દીવાન નીમાયો. ૧૮૧૯ માં કાઠીયાવાડમાં ધરતીકંપ થયો. ને દિવાન રઘુનાથજીએ આ ફાની દુનીઆનો ત્યાગ કર્યો. ૧૮૨૦ માં ગાયકવાડે કાઠીઆવાડના રજવાડા ઉપરનો હક અંગ્રેજને સોંપી દીધો. તેથી અમરેલીનો સુબો જે અત્યાર સુધી સ્વતંત્ર સત્તા ધરાવતો હતો, તે ટોપીવાળાના હાથમાં આવ્યો. ૧૮૨૧ માં જુનાગઢ સ્વસ્થાને પોતાનો જોર તલબીનો હક અંગ્રેજ સરકારની મારફત લેવાનો ને તેના ખર્ચને માટે તેનો ચોથો હિસ્સો અંગ્રેજ સરકારને આપવાનો તેમની સાથે કરાર કીધો. ૧૮૨૦ માં નવાબ સાહેબ કચ્છના રાવની કુંવરી કેસરબાઇને પરણ્યા. તે પ્રસંગે પોલિટિકાલ એજન્ટ કેપ્ટનં બારનેલ તથા તેનો નેટીવ એજન્ટ છોટમલાલ બાપાજી જે અમદાવાદનો નાગર હતો તે જુનાગઢમાં હાજર હતા.

૧૮૨૨ માં વાલાબાવા રાણીંગને મારીને તેના હાથમાંથી એટ સાહેબને નવાબ સાહેબે છોડાવ્યો. ને તેનું વિસાવદર પરગણું જુનાગઢમાં જોડાવી દીધું. ૧૮૨૩ માં નવાબ સાહેબનો ધર્મગુરૂ અહમદખાં ગુજરી ગયો ને તેના દીકરા યુસફખાંને બે ગામ બક્ષીસ મળ્યાં. ૧૮૨૪ માં ધોરાજી વિગરે ઠેકાણે જમાલખાંટે જુનાગઢના સિપાઇઓ લઇ લૂટફાટ કરવા માંડી; પણ છેવટે તે પકડાયો. તેની ૨૦૦૦૦ કોરી દંડ થઈ, તથા નવાબ સા-

હેમનો પણ ૫૦૦૦ કોરી દંડ થયો. આ વખતે ગોવિંદજી ઝાલા દીવાન હતો. કારણ કે સુંદરજી સવજી ૧૮૨૩ માં ગુજરી ગયો હતો. ૧૮૨૫ માં કાઠીઆવાડમાં દુકાળ પડયો.

૧૮૨૮ માં બ્લેની પોલિટિકાલ એજંટ થયો. ૧૮૩૧ માં સંવત ૧૮૮૭ નો સતાશીઓ કાળ પડયો. ઈ. સ. ૧૮૩૪ માં સદાશીવરાવની દીવાનગીરીમાં ખડીઆના બલોચને નવાબ સાહેબે હરાવી તાબે કર્યો. ૧૮૩૫ માં અનંતજીનો ભાંઇ અમૃતલાલ અમરચંદ દીવાન થયો. ૧૮૩૬ માં નથુરામ અમરજી બુચ દીવાન થયા. ૧૮૩૮ માં અંગ્રેજ સરકારની સલાહથી સતી થવાનો ઘાતકી ચાલ સોરઠમાં બંધ કરવામાં આવ્યો. ૧૮૪૦ માં બહાદુરખાંએ કાળ કર્યો. તેથી તેમના પુત્ર હામીદખાં ૧૨ વર્ષની ઉમરે ગાદી નશીન થયા. ૧૮૪૨ માં સોનરેખની રેતીમાંથી સોનું કરવાના પ્રયોગ કરવામાં આવ્યા હતા. પણ ખરચ ઉપજ કરતાં વધી જવાથી તે કામ છોડી દેવામાં આવ્યું એમ સર જયોર્જ લીગ્રેન્ડ જેકબ સાહેબ કહેછે. તે વર્ષમાં અનંતજી અમરચંદદીવાન થયા. ૧૮૪૭ માં ઓખાના વાઘેર વીઘો માણેક તથા રબારી રૂડાએ કેપ્ટન લોકને ગોળીથી માર્યો. પણ પાછળથી બંને પકડાયા. ૧૮૫૦ માં અતિવૃષ્ટિ થવાથી ઘણાં ગામડાં રેલમાં તણાઈ ગયાં. હોશીઆર અને ચાલાક નવાબ ૧૮૫૧ માં ૨૩ વર્ષની નાની વયમાં બહેસ્તનશીન થયા ને તેમની ગાદીએ તેમના ભાઈ મહોબંતખાં ચૌદ વર્ષની ઉમરે રાધણપુરથી આવીને બેઠા. તેમણે કર્નલ લેંગની સલાહથી પ્રથમ કાઉન્સીલથી રાજ ચલાવ્યું. પણ એકવીશ વર્ષની ઉમરે આવ્યા ત્યારે અનંતજી અમરચંદ તથા મીયાં હામદને દીવાન નીમ્યા. રાધણપુરના નવાબ જોરાવરખાંની દીકરી કમાલબખ્તા, સામતખાં બાબીની પુત્રી સરદારબખ્તા, તથા જુ-

નાગઢના રહીશ શેખ હાસમભાઈની દીકરી લાડડીબીબી એ રીતે ત્રણ સ્ત્રીઓ મહોબતખાં પરણ્યા. બીબી કમાલબખ્તા જે બાદશાહી ઠાઠથી રહેતાં હતાં, તેના કુંવર હામદખાંને સરકારે ખોટો ઠરાવ્યો. તેથી તે રાધણપુર ગયાં ને ત્યાંજ ગુજરી ગયાં. સરદાર બખ્તાને કંઇ સંતાન સાંપડ્યું નહીં. ને લાડડીબીબીને બહાદુરખાં કુંવર ૧૮૫૬ માં જનમ્યા, બીજી બે સ્ત્રીઓથી રસુલખાં ૧૮૫૮ માં જનમ્યા, તથા એદલખાં ૧૮૬૭ માં જનમ્યા. વળી ૧૮૫૯ માં નાનીબુને તાજબખ્તા કુંવરી જન્મ્યાં, તેને બાટવાના બાબી રૂસ્તમખાંના ભાઇ શેરબુલંદખાંને ૧૮૭૩ માં પરણાવ્યાં. નવાબ સાહેબની મા નાજુબીબી સાહેબ તથા તેની બેનપણી ચાઇતીબુ અનંતજી દીવાનની વિરૂદ્ધ હતાં. તેથી તેઓએ ખટપટ મચાવી. પણ પોલિટિકાલ એજંટ ફોરબસ સાહેબે ૧૮૬૦ માં ડુંગરશી દેવશીને દીવાન નીમ્યો. ચાઇતીબુના માનીતા લુવાણા કેશવજીને વીરજીની મદદથી ડુંગરશી ૧૪ મહિના સુધી ટકી રહ્યો. પણ ૧૮૬૧ માં ઝાલા ગોકળજી સંપત્તિરામ દીવાન થયા. ૧૮૬૭ માં વાઘેર લોકોની માંછરડા પાસે ટોબરના ડુંગર ઉપર પૂર્ણ હાર થઇ, પણ કેપટન હેબર્ટ ને લાટુચ તેમાં મરી ગયા. ડુંગરશી શેઠ ઉપર વાઘેરને મદદ આપવાનો આરોપ મુકાયો. અને ડોસા પારેખના ખુનના કેસમાં ડુંગરશી, કેસવજી તથા મીયાં હામીદ રાજકોટમાં કેદ થયા. ૧૮૭૦ માં મુંબઇના ગવર્નર ફિટઝરાલ્ડ સાહેબે રાજકુમાર કોલેજ સ્થાપી. તેજ સાલમાં ભાવનગરના ઠાકોર સાહેબ જસવંતસિંહજી તથા ગોંડલના ઠાકોરસાહેબ સગરામજી દેવલોક પામ્યા. કોનન બારીસ્ટરની મદદથી કેશવજીએ જુનાગઢ સ્ટેટ સામાં ઘણાં લખાણ છપાવ્યાં. પણ ૧૮૭૧ માં દશ

વર્ષની કેદ ભોગવી રહ્યા પછી બે મહિને મરી ગયો, ને તેનો ભાઇ વીરજી પણ ઉપરકોટના કેદખાનામાં બારીએથી પડી મરણ પામ્યો. ૧૮૭૨ માં રાણીસાહેબનો કુંવર ડયુક ઓફ એડીંનબરો આવ્યો ત્યારે નવાબ સાહેબ મુંબઈ પધાર્યા. તેજ વર્ષમાં કાઠીયાવાડ જ્યુડીશીઅલ એસિસ્ટંટની નવી જગો નીકળી.૧૮૭૩ માં રાજસ્થાનિક કોર્ટ સ્થપાઇ. ૧૮૭૪ માં ભોપાળની બેગમને જી. સી. એસ. આઇ. નો કિતાબ આપવાના પ્રસંગે નવાબ સાહેબ ફરી મુંબઈ ગયા ને ત્યાં પ્રીન્સ ઓફ વેલ્સની મુલાકાત થઇ. ૧૮૭૫ માં વઢવાણના ઠાકોર સાહેબ રાજસિંહ ગુજરી ગયા. ૧૮૭૭માં મહારાણી સાહેબે કૈસરેહિંદની પદવી ધારણ કરી તે પ્રસંગે નવાબ સાહેબ દીલ્લી પધાર્યા ત્યારે તેમનું ૧૧ તોપનું માન વધારી ૧૫ તોપનું કર્યું. આ વર્ષમાં ઘણો ઓછો વરસાદ પડયો. ૧૮૭૮ માં રાવબહાદુર ગોકુળજી ઝાલા ગુજરી જવાથી ખાનબહાદુર સાલેહિંદી સી. આઇ. ઇ. દીવાન થયા. આ વર્ષમાં ઘણો વરસાદ પડવાથી પાકને નુકસાન પોચ્યું ને ટાઢો કાળ પડ્યો. તેમાં વળી તીડનો ઉપદ્રવને તાવની સખત બીમારી ચાલવાથી જુનાગઢની વસ્તીનો પાંચમો ભાગ પંચત્વપણાને પામ્યો. ૧૮૮૦ માં ગવર્નર સાહેબ સર જેમ્સ ફર્ગ્યુસને ભાવનગર ગોંડલ રેલવે ઉઘાડી. ૧૮૮૧ માં ભાવનગરવાળા બાપાલાલ નાયબ દિવાન થયા. તેજ સાલમાં દાજીરાજને વઢવાણનો કુલ અખત્યાર સોંપ્યો. ૧૮૮૧ માં મૈયાનું તથા ૧૮૮૨ માં મકરાણીનું હુલડ થયું. ૧૮૮૨ના સપ્ટંબરની ૨૯ મી તારીખે નવાબ સાહેબ સર મહોબતખાનજી કે. સી. આઈ. ઈ. સ્વર્ગવાશી થતાં કુંવર બહાદુરખાનજી ગાદીનશીન થયા. તેમના વખતમાં વઝીર બહાઉદ્દીનભાઈ હાશમભાઇ સી. આઇ. ઇ.

એ તથા દીવાન હરિદાસ વિહારીદાસે રાજ્યની સારી સેવા બજાવી. મહોબત મદ્રેસા, બહાદુરખાનજી હાઈસ્કુલ, જુનાગઢ તરફની રેલ્વે, વગેરે આ નવાબ સાહેબના વખતમાં થયાં. સંવત ૧૯૪૭ ના કાર્તિક માસમાં લોર્ડ હેરિસના હસ્તથી બહાદુરખાનજીને જી. સી. એસ. આઇ. નો કિતાબ મળ્યો. ને સંવત ૧૯૪૮ ના પોષવદ ૭ ને ગુરૂવારે બહાદુર બાબી બહાદુર ખાનજી દેવલોક પામવાથી નવાબ સાહેબ મહમદ રસુલખાનજી ગાદીપતિ થયા. તેમના વખતમાં લેપર એસાઇલમ સ્થપાયું. ને વઝીર સાહેબ બહાઉદ્દીનભાઈ કે જે સંવત ૧૯૦૧ ની સાલથી રાજ્યની સેવા બજાવતા આવ્યાછે તેમને સને ૧૯૯૩ ના નવંબર માસની તા. ૨૩ મી એ લોર્ડ હેરીસે સી. આઈ. ઈ. નો ચાંદ રાજકોટ મુકામે પહેરાવ્યો.

તા. ૧૧ મી એપ્રિલ સને ૧૮૯૩ ને રોજ જૈન લોકો ત-
રફથી મુંબઇના ગવર્નર લોર્ડ હેરિસ, જી. સી. :
આઇ. ઇ.ને ગીરનાર ઉપર માનપત્ર આપ્યું
તે પ્રસંગે વંચાયલી ગીરનારની કવિતા.

---

## GIRNAR.

Grand Girnár, pious place of pilgrims pure,
Miraculous mount of prime devotion, sure;
Prodigeous pile of prehistoric plays
Of mystic myths in prediluvian days;
In mirth to welcome weary trav'llers meets,
With stony steps and halting houses greets;
And gives them gifts of foliage, fruits and flowers,
Elysian air, and plants of marv'llous powers.
Medic'nal fluid, converting into gold
All baser metals, as some ancients hold;
Elixirs, keeping verdant bloom of life,
And free from old age, death and temp'ral strife.
Panaceas, healing every human pain,
Philosopher's stone and jewels that bring the rain.
The Damodarji viaduct, shrine and pool,
God Bhavnáth close to †Gazel pond so cool;
The ‡Golden stream with lymph of silver bright,

---

†Mrigi Kund. ‡Suvarna Rekhá.

In sinuous spray enchants both ear and sight.
Stupendous Nemnáth's fortress shines sublime;
Olympian, orient, consecrated clime.
Pyramid'l pagods pealing blithesome bells,
High domes, gay spires, celestial anch'rite cells.
Of Mairuk's vaulted roofs the sculpt'ral art
Would fill with wonder e'en an angel's heart.
The subterraneous statue, sprinkling drops
Of nectar, marked with Samprat's elbow props.
Kumárpál, prince of Gujarát, full of fame,
To ' group of shrines bequeaths his hallowed name.
Twin brothers, Vastupál and Tejpál made
A triad of temples. Samprat, Shigrám paid
Their def'rence due to Arhats' doctrines dear,
By building sanctuaries glitt'ring here.
Old Kund of Bheem reflects the azure sky,
And wild voracious vultures soaring high;
Whose water washes worsh'ppers' filth away
And makes them fit to enter shrines and pray.
The feet of Ráma the foe of Rávan fell,
Achárjis' lib'ral harbour, *Bhairav knell.
The thousand trees where §Krishna's Cousin got
Omniscient vision, and salvation sought.
Retreats of rare repute replete with rites

*Bhairav jap. §Neminátb.

Religious, right reveal romantic sights.
Absorbed in meditation of the soul
Live monks and friars to reach the highest goal.
Observing vows monastic multi-from,
With fixed mind, defying cold, heat or storm.
Embalmed by breeze empyreal Ambá's crest,
Dattátri, Gorakh summits, Kál'ká's nest.
The *od'rous Diamond orchard, Pándavs' cave
‡Gourd reservoir, grim grove of Bharat brave.
Of Rájul's spouse ethereal footmarks gleam,
And idols blissful carved in marble beam.

## JUNAGAD.

Heroic remnant of the mighty throne
Of Akbar or Aurungzeb reigns alone
In province fertile of majestic fame,
With nature's bounty, Nawáb's noted name.
The princely station backed with view supreme,
And pond'rous portals flanked with fulgent scheme
Of edifices vying with cherubs' realms
Surprise the tourist with gigantic gems
Of pomp palatial, architecture fair,
Erected by illustrious Sherkhán's heir.

*Ratanbág. ‡Kamandala Kund.

The Reay Gate passed, the huge jail comes in ken,
Horrific to the hearts of hellish men,
With lofty ramparts filled with sons of crime
And turrets echo all-well's awful chime.
Mausoleums massive, facing nymph of fount,
Of Sires revered of yore, preserve account,
In sacred mem'ry, lights of Bábi race,
Immortalised by deeds of godly grace.
Tall Sále Hindi towers attract the gaze
Of passers-by engulfed in arch amaze.
Dispens'ries, Offices, Courts, Schools, by score,
Symbols of occidental lustrous lore;
Grain mart and Moonlight-square* of this great town
Possess no small share of its chief renown.
Rá Khengár's bulwark,¶ Ránik's arbour dear,
Whose matchless charm allured King Sidhráj here.
James Fergusson bridge, which spans the Kálwá rill,
Prince Victor's Leper Lodge, Saint Dátár's Hll
The Sardár Sakkar gardens, redolent green,
Transparent tank of Fairies‡ wondrous scene.
All point to peerless feats of fibre fine,
Achieved by glorious Junágad divine.
Fresh fields of fragrant Flora, soothing shades,
Conspicuous quarries clean, and gladd'ning glades.

---

*Chandani Chauk. ¶Upper Kote. ‡Parinu Taláv.

Primeval vistas, dens, bewild'ring dales,
Supernal springs and wells, cliffs, rocks and rails;
Magnificent mosques, set strings of splendid shops,
Big balconied buildings, tiled and terraced tops.
Thus stands the topmost seat of Sorath's crown
Bedecked with stately mansions, gorgeous gown.
Here comes Lord Harris, Bombay's brilliant star
For public weal, in Káthiáwád afar.
Ye lepers! taste sweet fruits of mercy deep,
Now in your darling home with rapture leap.
Long live Victoria Empress Gracious Most,
Long live Rasulkhán righteous royal host;
From Rasul Alláh, choicest blessings flow,
And man on man benignant boons bestow.

**D. P. Barodia, B. A.**

11th. April 1893. Assistant Master,

Báhádurkhánji High School, Junágad.

**अद्य मे सफलं जन्म अद्य मे सफलाः क्रियाः ।**

**व्यासः सफलो मेऽद्य रैवताचलकीर्तनात् ॥**

**॥ संपूर्णोऽयं ग्रंथः ॥**

**॥ शुभं भूयात् वाचकवृंदस्य ॥**

## શ્રીગીરનાર માહાત્મ્યના અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનારનાં મુબારક નામ.

| નકલ. | નામ. |
|---|---|
| | **મુંબાઈ.** |
| ૫૦ | શેઠ. ફકીરચંદ પ્રેમચંદ. |
| ૨ | ઝવેરી. માણેકચંદ પાનાચંદ |
| ૨ | શા. ઘેલાભાઇ કરમચંદ. |
| ૧ | શા. જસરાજ હેમજી. |
| ૧ | શા. કેસવજી ચાંપસી. |
| ૧ | શેઠ. વમલશી મોતીચંદ. |
| ૧ | શા. ઝવેરચંદ હુરજીવન. |
| ૧ | શા. અમરતલાલ મોહનલાલ |
| ૧ | શા. લલ્લુભાઈ ધરમચંદ. |
| ૧ | શા. મોહનલાલ હેમચંદ. |
| ૧ | શા. રૂપચંદ ઝવેરચંદ. |
| ૧ | શા. મુળચંદ બલાખીદાસ. |
| ૧ | શા. પ્રેમચંદ વીરપાળ. |
| ૧ | શા. પુનમચંદ મગનચંદ. |
| ૧ | શા. રઘુરામ ઊમેદરામ. |
| ૧ | શા. ખીમજી હીરજી. |
| ૧ | શા. લખમીચંદ વહ્લવદાસ. |
| ૧ | શા. ટોકરશી કાનજી. |
| ૧ | શા. નાગશી કલ્યાણજી. |
| ૧ | શા. દાકતર. જમનાદાસ પ્રેમચંદ. |
| ૧ | શા. વાડીલાલ વીરચંદ. |
| ૧ | શા. હેમચંદ ચાંપશી. |
| ૧ | શા. ખીઅસી ખેતસી. |
| ૧ | શા. ભીખા અંબાવીદાસ. |
| | **અમદાવાદ.** |
| ૧૫ | શેઠ. મનસુખભાઇ ભગુભાઇ. |
| ૧૫ | શેઠ. સારાભાઇ મગનભાઇ. |
| ૧૦ | શેઠ. દલપતભાઇ ભગુભાઇ. |

| નકલ | નામ. |
|---|---|
| ૧૦ | શેઠ. જમનાભાઇ ભગુભાઇ |
| ૨ | પરી. ફકીરચંદ કસ્તુરચંદ. |
| ૨ | શા. છગનલાલ ઇચ્છારામ. |
| ૧ | શા. લલ્લુભાઇ માણેકચંદ. |
| ૧ | શા. પ્રેમાભાઇ હીરાભાઇ. |
| ૧ | શા. મોહનભાઇ મગનલાલ. |
| ૧ | શા. પોપટલાલ મોહકમચંદ. |
| ૧ | શા. પોપટલાલ મનસુખરામ. |
| ૧ | શા. હીરાચંદ રતનચંદ. |
| ૧ | શા. નથુભાઇ દોલતરામ. |
| ૧ | શા. પ્રેમચંદ આલમચંદ. |
| ૧ | શા. સાંકળચંદ ઝવેરચંદ. |
| ૧ | શા. છક્કડલાલ છોટાલાલ. |
| ૧ | શા. ભગુભાઇ જેઠાચંદ. |
| ૧ | શા. દોલતચંદ મોતીચંદ. |
| ૧ | શા. મગનલાલ ચુનીલાલ. |
| ૧ | ઝવેરી. કાળીદાસ અમીચંદ. |
| ૧ | શા. જેઠાલાલ ફુલચંદ. |
| ૧ | શા. ચુનીલાલ દોલતચંદ. |
| ૧ | શા. છગન વખતચંદ. |
| ૧ | શા. માહાસુખરામ નરસીંદાસ. બી. એ. એલ. એલ. બી. |
| ૧ | દલાલ. ડાહ્યાભાઇ ઘેલાશા. |
| ૧ | શા. જેસંગભાઇ સાંકળચંદ. |
| ૧ | સોદાગર. ડાહ્યાભાઇ જમનાદાસ. |
| ૧ | શા. પ્રેમચંદ પુરૂસોત્તમદાસ. |
| ૧ | શા. લલ્લુભાઈ રૂપચંદ. |
| | **જુનાગઢ.** |
| ૨ | કૃષ્ણરાવ વામનરાવ. |

| નકલ. | નામ. |
|---|---|
| ૧ | શેઠ. નથુભાઈ કીરપારામ. |
| ૧ | ચોકસી. નાથા દેવચંદ. |
| ૧ | ગોરજી. રતનચંદ લાધાજી. |
| ૧ | શેઠ. મોતીચંદ જેચંદ. |
| ૧ | શા. કરમચંદ નીહાલચંદ. |
| ૧ | શેઠ. આણંદજી રૂગનાથ. |
| ૧ | સુંદરજી મેહેતાજી. |
| ૧ | હરીનારણ જોગલેકર. |
| ૧ | ફોજદાર. પોપટલાલ ખેમચંદ. |
| ૧ | દેશાઈ.દયાળજી ભીખાભાઈ. |
| ૧ | કાસીરામ જયશંકર. |
| ૧ | મહેતાજી. ભવાન જગજીવન. |
| ૧ | રેવાશંકર બાપુજી. |
| ૧ | દાકટર. સેહેસકરણ કચરા. |
| ૧ | માસ્તર. માનશંકર હરીદાસ. |
| ૧ | વોરા. હીરાચંદ લખમીચંદ. |
| ૧ | પરસરામ સદાલીંગ. |
| ૧ | બરોડીઆ. ઉમેદચંદ દોલતચંદ. |

**નરોડા.**

| નકલ. | નામ. |
|---|---|
| ૧ | શા. રામચંદ હરગોવંન. |
| ૧ | શા. મુલચંદ ગગલ. |
| ૧ | શા. નાનચંદ ખેમચંદ. |
| ૧ | શા. અંબાલાલત્રીકમલાલ. |
| ૧ | શા. ચુનીલાલ મુળચંદ. |

**ઓગણજ.**

| નકલ. | નામ. |
|---|---|
| ૧ | શા. દલસુખરામ મીઠા. |
| ૧ | શા. અમથાલાલ દલસુખ. |
| ૧ | શા. લલ્લુભાઈ ભાઇચંદ. |
| ૧ | શા. કાલીદાસ કસ્તુરચંદ. |

**ડભોડા વડોદરા.**

| નકલ. | નામ. |
|---|---|
| ૧ | શા. જેઠાલાલ પરસોતમ. |
| ૧ | શા. ચુનીલાલ પરસોતમ. |

| નકલ. | નામ. |
|---|---|
| ૧ | બરોડીઆ.વાડીલાલ દોલતચંદ. |
| ૧ | શા. ત્રીકમલાલ દલસુખ. |
| ૧ | મહેતાજી. સદાસીવરામ. |

**રાધનપુર.**

| નકલ. | નામ. |
|---|---|
| ૧ | માસ્તર. જીવતલાલ કરમચંદ. |
| ૧ | શેઠ.પરશોત્તમ નાહાલચંદ. |
| ૧ | પારેખ. મનસુખ સરૂપચંદ. |
| ૧ | ભણસાલી. ભૂખણ મંછા. |
| ૧ | શા. ખેતસી મકન. |
| ૧ | શેઠ. રૂપસી સરૂપચંદ. |
| ૧ | વકીલ. ભુદરદાસ વછરાજ. |
| ૧ | શા. પરસોતમ ભોગીલાલ. |
| ૧ | વકીલ.ઇચ્છારામ ભાઇચંદ. |
| ૧ | શેઠ. મેઠા હઠીસંગ. |
| ૧ | શેઠ.સીવલાલ બાહાદરચંદ. |

**મોરબી.**

| નકલ. | નામ. |
|---|---|
| ૧૩ | જૈનધર્મ પ્રવર્તક શાખાસભા. |
| ૧ | સંઘવી. જગજીવન માણેકચંદ. |
| ૧ | વોરા. ડાહ્યા ભીમજી. |
| ૧ | વકીલ. ઓધવજી પ્રાગજી. |
| ૧ | શા. જગજીવન વસરામ. |
| ૧ | શા. અજરામલ જેવંત. |
| ૧ | શા. જીવરાજ રૂગનાથ. |
| ૧ | વકીલ. નાગજી મદનજી. |

**ડભોઈ.**

| નકલ. | નામ. |
|---|---|
| ૧ | શા. છોટાભાઈ બાપુભાઇ. |
| ૧ | શા. છોટાલાલ દલપતરામ. |
| ૧ | શા. મગનલાલ જીવાચંદ. |
| ૧ | શા. ખુશાલચંદ પ્રેમચંદ. |
| ૧ | શા. માણેકચંદ મનસુખરામ. |

| નકલ. | નામ. |
|---|---|
| ૧ | શા. છોટાલાલ વીરચંદ. |
| ૧ | શા. દલસુખ હરીલાલ. |
| ૧ | શા. મગનલાલ અમથાભાઈ. |
| ૧ | શા. નાથાભાઈ જીવાચંદ. |
| ૧ | શા. છોટાલાલ ચુનીલાલ. |
| ૧ | શા. હરીલાલ અંબાઈદાસ. |
| ૧ | શા. મગનલાલ દલપતરામ |
| ૧ | શા. દોલાભાઈ હરખચંદ. |
| ૧ | શા. ચુનીલાલ હરીલાલ. |
| ૧ | શા. રૂપચંદ જગજીવંન. |
| ૧ | શા. સવાઈચંદ કેસુર. |
| ૧ | શ્રીજૈન સુમતિસુબોધક સભા. |
| | **વડોદરા.** |
| ૧૦ | ઝવેરી.માણેકલાલ ઘેલાભાઈ |
| ૧ | શા. નાથાલાલ લક્ષ્મીચંદ. |
| ૧ | રા. રા. બાલાભાઈ મંછારામ. બી. એ. |
| | **કરાંચી.** |
| ૧ | શા. માણેકચંદ સુંદરજી. |
| ૧ | શા. ખેતસી નરસંગ. |
| ૧ | શા. ટોકરશી તેજસી. |
| ૧ | શા. ચેલા શામજી. |
| ૧ | શા. મયરાજ. |
| | **પાટણ.** |
| ૧૦ | નગરશેઠ.હેમચંદ વસ્તાભાઈ |
| ૧૦ | વકીલ. લલ્લુ હીમચંદ. |
| ૧ | શા. લલ્લુ સરૂપચંદ. |
| ૧ | શા. ચુનીલાલ ગોપાળ. |
| | **ભાવનગર.** |
| ૨૫ | શ્રી જૈનધર્મ પ્રસારકસભા. |
| ૧ | શેઠ. દીપચંદ ગોડીદાસ. |
| ૧ | સલોત. દયાલ જુઠા. |
| ૨ | વડવાનો ઊપાશ્રય. |
| | **સીહોર.** |

| નકલ. | નામ. |
|---|---|
| ૨ | શા. નીઆળચંદ ગોપાળજી. |
| ૧ | શા. રાઘવજી થોભણ. |
| ૧ | લોંકાગચ્છ. હા. શા. ભીમજી કલાણજી. |
| | **કેલીકટ.** |
| ૧ | શા. કસ્તુરચંદ રૂપચંદ. |
| ૧ | મેતા. પુરશોતમ અમરશી. |
| ૧ | શા. નેણશી કુશલચંદ. |
| | **પાટડી.** |
| ૧ | ભોજક. હરજીવન પ્રેમચંદ. |
| ૧ | શા. હુકમચંદ કુબેરદાસ. |
| ૧ | શા. કુંવરજી મુલજી. |
| | **કચ્છજખઊ.** |
| ૧ | શા. વેરસી વશાઈઆ. |
| ૧ | શા. આણંદજી જીવરાજ. |
| | **પુના.** |
| ૧૦ | શા. સરૂપચંદ કેવલચંદ |
| ૨ | શા. મુલચંદ લાલચંદ. |
| ૧ | શા. બેચરદાસ નાનચંદ. |
| | **કપડવંજ.** |
| ૧ | પંરી. બાલાભાઈ દલસુખ. |
| ૧ | દોશી. કરમચંદ વીરચંદ. |
| ૧ | દોશી. જમનાદાસ ખુશાલ. |
| | **માણસા.** |
| ૧ | વેસ્ટલાઈબ્રેરી. |
| ૧ | પટવારી. ગીરધરલાલ વિઠ્ઠલદાસ. |
| ૧ | શા. હાથી મુલચંદ. |
| | **વેરાવલ.** |
| ૧૦ | શેઠ. છગનલાલ તારાચંદ. |
| ૧ | શ્રી જૈનજ્ઞાન વર્ધકશાલા. |
| ૧ | શ્રી. જૈનશાલા. |
| ૧ | શેઠ. પાનાચંદ વાલજી. |
| | **ખેડા.** |

ખેડા
૧૦ શ્રી જૈનશાળા.
૨ શા. ઊમાભાઈ જેઠાલાલ.
૨ શ્રી જનોદય સભા.

કવેટા.
૧ શા. કેસવજી લહેરાભાઈ.
૧ શા. જેઠાલાલ ડાહ્યાભાઈ.

રાજકોટ.
૧ દોશી. વનીચંદ લખમીચંદ
૧ સંઘવી, પુલચંદભાઈ.
૧ શા. લખમીચંદ ઊત્તમચંદ.
૧ શા. જાદવજી ખુશાલચંદ.

કટોસણ.
૨ કામદાર. નાહાલચંદ નાગરદાસ.
૧ શા. લાડકચંદ વીરચંદ.

ઊમરકોટ.
૧ શા. લાલચંદ હેમચંદ.
૧ વરધીચંદજી રામચંદ જૈનધર્મશાળા.

માંડલ.
૧ શા. ધનજી પુરૂષોતમ.
૧ વોહોરા. ભાઇચંદ શોભાગ્યચંદ

જલાલપુર.
૧ શા. રાયચંદ લખાજી.
૧ શા. પુલચંદ રામાજી.

આંબલીઆરા.
૧ શા. ગીરધર ખેમચંદ.
૧ પટેલ. મગનલાલ નરોતમ.
૧ દાકતર. ચુનીલાલ સુંદરજી.

ગવાલીઅર.
૧ શેઠ. ધીરજમલજી જીતમલ.
૧ પંડીત. ચુનીલાલજી.

સાણંદ.
૧ મેતા. દેવકરણ અદેકરણ.
૧ શ્રીજૈનબોધ બુદ્ધિપ્રકાશકસભા.

બેરાણુ.
૧ નગરશેઠ. ખેમચંદ વીરચંદ.
૧ મેતા. ટોકરલીલ છગનલાલ.

ચુડા.
૧ શ્રી તપાસંઘ.
૧ શા. અમુલખ મુલચંદ.

પાલણપુર.
૧ મેહેતાજી. મુલચંદ સુરચંદ
૧ કોઠારી. મુળચંદ દોલજી.

મહુવા.
૧૦ મનીઆર. અભેચંદ વખતચંદ.
૧ પરી. માણેકચંદ ભાણજી.

કડોદ (બારડોલી).
૧. શા. ગુલાબચંદ ટેકાજી.
૧ શા. ખુશાલ નાથાજી.
૧૦ રાયબહાદુર ધનપતસિંહજી વિદ્યાશાળા—પાલીટાણા.
૧૦ શેઠ. મોતીચંદ જેચંદજી. રાતા, સુરત.
૧૦ મગનલાલ પુજાવંત—ઉદેપુર.
૧૦ રતનજી પ્રેમચંદ—એડન.
૪ હુરખજી વેલજી—કલકત્તા.
૪ ભોગીલાલ દલીચંદ—સાયણ.
૩ શ્રીજૈનવિદ્યાશાળા—માંગરોલ.
૨ લાલા. નાનકચંદ કહાનચંદ ગુજરાવાળા પંજાબ.
૨ સીંધીજી. પુનમચંદજી. ખરેડી.
૨ વોરા. મયાચંદ હીરાચંદ સોલાપુર.
૨ દોશી. ગાંડા મુલજી. તલાજા.

પરચુરણ.
૧ શા. ડુંગરસી હરીભાઈ. પ્રાં-

તીજ.

૧ દોસી. મુલચંદ માલા. દેપલા.
૧ શા. સુંદરજી પાનાચંદ. બીડજ.
૧ શા. ઘેલાભાઈ દુલવજી. વલસાડ.
૧ શા. નાગજી લવજી. દશાડા.
૧ સંઘવી. લલુભાઈ સાંકળચંદ. રાંધેજા.
૧ મા. ભાઈચંદ બેચર. અકોલા.
૧ માહારાણાશ્રી. નારાયણદેવજી પુસ્તક શાળા. ધરમપુર.
૧ કારભારી. જાદવજી ખુશાલદાસ. ખીરસરા.
૧ છગન સવચંદ. જેતપુર.
૧ શા. ધીરજી ધારસી. ભોઈકા.
૧ શા. ઉમેદરામ ગુલાબચંદ. તાસગામ.
૧ મહેતાજી. લલુ ત્રીભોવન. વગેથર.
૧ વોહરા. હરીચંદ દીપચંદ. ઘોડા.
૧ શા. લાલચંદ ખેમચંદ. છાવણી ઈંગોલી.
૧ શા. સખારામ દુલભદાસ. ધૂલીઆ.
૧ શા. જેઠાલાલ પરભુદાસ. દરાપરા.
૧ શા. મુલચંદ દયારામ. ઇગતપુરી.
૧ કોઠારી. ભગવાન કેસવજી. હલવદ.
૧ દીવાન. નથમલજી જુવારમલજી. જેપુર.
૧ શેઠ. મથુરદાસ ભગવાનદાસ.

માલવા.

૧ રણછોડદાસ હરીવલ્લવદાસ. આગરા.
૧ વાડીલાલ તારાચંદ. મુનસફ. ધંધુકા.
૧ પુરસોતમ મલુકચંદ જૈનલાઈબ્રેરી. વડોદરા. મહીકાંઠા.
૧ વકીલ. મુલચંદ ચતુરદાસ. વઢવાણ કાંપ.
૧ નગરશેઠ. ઓધવજી ઠાકરસી. વઢવાણ શહેર.
૧ વોરા. છગન પ્રેમજી. ગોંડલ.
૧ સા. મોતીલાલ મુલચદ સરાફ. જેકુબાબાદ.
૧ શ્રી જૈનશાલા. વનથલી.
૧ ગેનમલ. મેઘરાજ. બાગમાર. ભીવરી.
૧ વોહારા. લાડકચંદ હીરાચંદ. કીડી.
૧ શેઠ. નારાયણદાસ લક્ષ્મણદાસ. હીંગાણા.
૧ મહેતા. આતમારામ પ્રેમજી બાંવા.
૧ ભંડારી. હનવંતચંદજી. સીરીચંદ્રજી. જોધપુર.
૧ નગરશેઠ. ફતેચંદ કુસલાજી. ઈંદોર.
૧ શેઠ. બાહાદરચંદજી વખતાવરચંદજી. અજમેર.
૧ ઝવેરી. કેસરીચંદજી બાલમુકંદજી. દીલ્લી.
૧ બાબુ. ધનપતસિંહજી રાયબાહાદુર. મુર્શીદાબાદ.
૧ બદ્રીદાસ કાળકાદાસ. કલકત્તા.

૧ શા. પાનાચંદઉજમચંદ.ગાંભુ.
૧ શા. ચુનીલાલ હાથીભાઇ. અહમદનગર.
૧ ગાંધી. ધર્મદાસ નારાયણ. ખાનદેશ.
૧ શા. ઘેલાભાઇ શીવજી. પારેલ.
૧ મહેતા. લલુ ઘેલા. ધોલેરા.
૧ કંન્ટ્રાકટર. ડાહ્યાભાઈ જીવાભાઈ. જેતલસર.
૧ શા. વાડીલાલ હરગોવનદાસ. ધ્રાંગધ્રા.
૧ શા. કાલીદાસ હરીચંદ. ધારીસણા.
૧ ચાંદમલજી ઢઢા., બીકાનેર.
૧ શ્રી જૈનશાલા. વલાદ.
૧ શા. જીવા વેલજી. સાંતમ. નવસારી.
૧ વોરા. નાગર પુરશોતમ. સુંદરીઆણું. રાણપુર.
૧ શા. ગોરધનદાસ બેચર. જંબુસર.
૧ શા. ચિંતામણ વલભદાસ. એવલા.
૧ શા. ત્રિભુવનદાસ ઘેલાભાઈ. વાવલી. જીલ્લે જંબુસર.
૧ પરી. મોઘજી મોનચંદ. કુદગામ. સતારા.
૧ શેઠ ઓતમચંદ હીરજી. પ્રભાસપાટણ.
૧ શેઠ પોપટલાલ અમરચંદ. ખંભાત.
૧ શા. જમનાદાસ દામજી. પોરબંદર.
૧ ગોરજી. ગુણચંદજી લાલચંદજી. વઢવાણ સીટી.

# અશોકના લેખનું ભાષાંતર.

## શાસન ૧.

દેવના પ્રિયદર્શી રાજાનું આ શાસન છે. જીવહિંસા તદન બંધ કરવી જોઇએ; જેમાં હિંસા થાય તેવા યજ્ઞો કરવા નહીં. મોટો સમાજ એકઠો કરવા દેવો નહીં. કારણ કે દેવના પ્રિય પ્રિયદર્શી (અશોક) રાજા આવા મોટા સમાજને દોષરૂપ ગણે છે. ખરેખરી તો એક સમાજ છે જેને દેવના પ્રિય પ્રિયદર્શી રાજા કબુલ રાખેછે. આગળ ધર્મશાંસન બહાર પાડવામાં આવેલું છે કે સત્કર્મમાં પ્રાણીઓ મારી શકાયં; અને આજસુધી આવી રીતિ ચાલતી આવી છે, પણ તે રીતિ હવે કબુલ નથી; તેથી આ ધર્મશાસન બહાર પાડવામાં આવે છે કે હવેથી પ્રાંણીઓને મારવાં નહીં.

## શાસન ૨.

દેવના પ્રિય પ્રિયદર્શીરાજાના સઘળા મુલકોમાં તથા પાસેના દેશ ચોળ, પાંડ્યદેશ, સત્યપુત્ર, કેરલપુત્ર, તામ્રપર્ણી (લંકા) માં તથા યવન રાજા એન્ટિયોકસ તથા તેના સામંત રાજાઓ હોય તે સર્વને માલુમ થાય કે રાજાએ બે બાબતો કરી છે. એક, મનુષ્યના સુખના ઉપાય, તથા બીજા, પશુઓના સુખના ઉપાય. એ બંને ઉપાયને માટે મનુષ્ય તથા પશુઓને ઉપયોગી જે જે ઔષધિઓ જે જે સ્થાને નથી તે તે ઔષધિઓ મંગાવીને ત્યાં ત્યાં રોપાવી છે. તેમજ ફળ મૂળ જે ઠેકાણે નથી ત્યાં તે મંગાવી રોપાવેલાં છે. તથા મનુષ્યના અને પશુઓના ઉપયોગ સારૂ માર્ગમાં કૂવા ખોદાવ્યા છે તથા ઝાડ વવરાવ્યાં છે.

## શાસન ૩.

દેવના પ્રિય પ્રિયદર્શી રાજા કહે છે કે ગાદીએ બેઠાં મને

બાર વર્ષ થયાં ત્યારે મેં એ પ્રમાણે આજ્ઞા કરી કે, જે લોકો ધર્મના નિયમથી બંધાયલા છે તે ગમે તો પરદેશના હોય અથવા મારી પ્રજા હોય તોપણ તેમણે નીતિનાં બંધન જેવાં કે માતા-પિતા, મિત્ર, દાસ ને બાળક સંબંધી તથા બ્રાહ્મણ અને શ્રમણ સંબંધી કર્તવ્ય અમલમાં લાવવા સારૂં પાંચ વર્ષ પ્રાયશ્ચિત્ત કરવું. ઉદારતા સારી છે. જીવતાં પ્રાણીને પીડા નહીં કરવી એ સારૂં છે. ઉડાઉપણું ને નિંદાથી દૂર રહેવું એ સારૂં છે. શ્રદ્ધાવાળા લોકોને આ સ્થાને ગણાવેલા સદ્ગુણ સંબંધી દાખલાથી અને ખુલાસાથી સમાજ પોતેજ ઉપદેશ આપશે.

## શાસન ૪.

ઘણો કાળ થયાં હિંસા ઘણી થાય છે; જ્ઞાતિમર્યાદા રહેતી નથી; બ્રાહ્મણ શ્રમણનું માન રહેતું નથી; માટે દેવના પ્રિય પ્રિયદર્શી રાજા ગજાદિક સહિત સ્વારી કહાડી, વાજીત્ર વજડાવી તથા આતસબાજી ફોડાવી અગાઉ કોઇ દિવસ નહીં આપેલો એવો હુકમ આપે છે કે, પ્રાણી હિંસા કરવી નહીં. બ્રાહ્મણ શ્રમણનું માન રાખવું. માબાપની સેવા કરવી તથાવૃદ્ધની સેવા કરવી. આ અને બીજાં ધર્માચરણ દેવના પ્રિય પ્રિયદર્શી રાજાએ વધાર્યાં છે. અને હજુ પણ વધારશે. દેવના પ્રિય પ્રિયદર્શીના પુત્ર પૌત્રાદિકો પણ પ્રલય પર્યંત ધર્મ તથા શીલ પાળી આ ધર્માચરણની વૃદ્ધિ કરશે. કારણ કે જે દુઃશીલ હોય છે તે પોતે પણ ધર્મ પાળી શકતો નથી. ધર્માચરણની વૃદ્ધિ થાય તથા ઘટાડો ન થાય એમાં સારૂં છે એમ ધારી આ લખેલું છે. આ બાબતની વૃદ્ધી થાઓ. હાની ન થાઓ. ગાદીએ બેઠે બાર વર્ષ થયા પછી દેવના પ્રિય પ્રિયદર્શી રાજાએ આ લખાવેલું છે.

શાસન ૫.

દેવના પ્રિય પ્રિયદર્શી રાજા ફરમાવે છે કે કોઈનું કલ્યાણ કરવું એ કઠણ છે તથા પાપ કરવું એ સહેલું છે. માટે મેં જેમ સુભ કૃત્ય કર્યાં છે તેમ મારા પુત્ર, પૌત્ર તથા પ્રપૌત્રાદિક પણ દરેક સમયે ઘણાં સારાં કામ કરશે. લોકો પણ તેજ પ્રમાણે ચાલશે તો સુખી થશે. જે આ માર્ગને તજશે તે દુઃખ પામશે. પાપ સુકર છે. માટે મારા રાજ્યના તેરમા વર્ષમાં સર્વ ધર્મના લોકોમાં નીતિની દેખરેખ રાખવા સારૂં સદ્‌ગુણીની વૃદ્ધિ થવા, અને યવન, કાંબોજ, ગંધાર, રાષ્ટ્રિક અને પિનેનિકના સુધર્મી લોકોમાં સુખની વૃદ્ધિ કરવા સારૂં મેં ધર્મમહામાત્ર નીમ્યા છે. તેઓ લડવૈયા લોકોમાં, બ્રાહ્મણ, શ્રમણ તથા બીજા લોકોમાં બિનહરકતે સારાં લોકનું કલ્યાણ થવા સારૂં, બંધિવાનોના બંધ તોડાવવા સારૂં અને પૂરેલાને બહાર કાઢવા સારૂં પવિત્ર ગુરૂએ આપેલા જ્ઞાનના સાધનવડે ફરશે. પાટલી પુત્ર શહેરમાં અથવા બહાર જ્યાં મારાં ભાઈ બહેન અથવા સગાંવહાલાં હશે, ત્યાં પણ તેઓ જશે. આ ધર્મમહામાત્ર જે નીતિની દેખરેખ માટે નીમવામાં આવ્યા છે તેઓ જેજે સ્થાનોએ નીતિનો કાયદો સ્થપાયો છે ત્યાં ત્યાં પુણ્યવાન અને સદ્‌ગુણી જનોને ઉત્તેજન આપશે. આવા ઇરાદાથી આ શાસન લખ્યું છે તે મારી પ્રજાએ માનવું.

શાસન ૬.

પ્રાચીનકાળમાં પ્રજાના હિત ઉપર ધ્યાન આપવામાં આવ્યું હોય તેમ જણાતું નથી. તેમજ કોઈ અમલદારોએ પણ ધ્યાન આપ્યું નથી. માટે હવે મારા રાજ્યમાં સ્ત્રીઓ ઉપર, ધર્મસ્થાન ઉપર, યાત્રાળુ ઉપર, વ્યાપાર ઉપર તથા બાગબગીચા ઉપર મેં

ચોકીદાર રાખેલાછે, અને હરેક રીતે મારી પ્રજાનાં સુખમાં વધારો થાય તેમ કર્યું છે. હું અને મારા મેહામાત્રં જે જે જાહેર કરીએ તે મંજૂર થવા માટે સભામાં મૂકવામાં આવશે. મંજૂર થયા પછી મને ખબર આપવામાં આવશે. આવી આજ્ઞા મેં સર્વ ઠેકાણે કરી છે. જગતનું હિત કરતાં કરતાં મને સંતોષ થતો નથી. આખી દુનીઆને આબાદ કરવી એ ઘણોજ સ્તુતિપાત્ર પ્રયત્ન છે. જ્યારે સર્વ લોકો આ લોકમાં સુખી થાય અને અંતે સ્વર્ગમાં જવા શક્તિમાન થાય ત્યારેજ હું તેમનું ઋણ છુટું. આવા ઋણુથી મુક્ત થવા માટે મારા સઘળા યત્ન છે. આવા વિચારથી આ નીતિનું શાસન લખાવવામાં આવ્યુંછે. આ ઘણુ કાળ સુધી ટકો. મારી પાછળ મારા પુત્ર, પૌત્ર તથા પ્રપૌત્ર આખી દુનીઆના ભલાને માટે યત્ન કરો. પણ આ કામ અત્યંત શ્રમવિના બને તેવું નથી.

### શાસન ૭.

દેવપ્રિય પ્રિયદર્શી રાજા એવી ઈચ્છા રાખેછે કે સર્વ ધર્મગુરૂઓ સંપથી રહે. તેઓ ઇચ્છે કે અમે જેવા નિયમ પાળીએ છીએ તેવાજ નિયમ બીજા લોકો પાળે તથા રાખે. પણુ સર્વ મનુષ્યના મત તથા ઈચ્છાઓ જૂદી જૂદી હોય છે. માટે કેટલાએક બધું પાળે, તેમજ કેટલાએક થોડું પણુ પાળે; તોપણુ એટલું તો ખરૂં કે નિયમ, દાન ઇત્યાદિ ઘણાં છે. તેમજ સંયમ, ભાવશુદ્ધિ, કૃતજ્ઞતા, દ્રઢભક્તિ એ શ્રેષ્ઠ છે.

### શાસન ૮.

આગળના વખતમાં રાજાઓ મૃગયા (શિકાર) વગેરે મોજશોખ માટે મુસાફરી કરતા. પણુ દેવ પ્રિય પ્રિયદર્શી રાજાને તો ગાદીએ બેઠા પછી દસમે વર્ષે જ્ઞાન થયું કે સર્વ યાત્રાઓ

કરતાં ધર્મયાત્રાજ શ્રેષ્ઠ છે. જેમાં બ્રાહ્મણ શ્રમણનું દર્શન થાય. તથા તેમને દાન અપાયે. વૃદ્ધ જનોનું દર્શન થાય તથા તેમને સુવર્ણની બક્ષીસ આપી શકાય. પોતાના દેશના લોકોની મુલાકાત લઇ શકાય. ધર્મનો બોધ આપી શકાય. તથા તે વિશે પૂછપરછ થઈ શકે. પોતાનો અગાઉનો વિચાર ફેરવીને ધર્મયાત્રા સ્વીકારી, તેથી દેવપ્રિય પ્રિયદર્શી રાજા પોતે ઘણા રાજી થયા છે.

### શાસન ૯.

દેવ પ્રિયદર્શી રાજા કહે છે કે કંઈ હરકત હોય, પુત્ર પ્રસવે, પ્રવાસ કરવો હોય તથા એ શિવાય બીજા ઘણા પ્રસંગ આવે ત્યારે મનુષ્યો નાનાં મોટાં માંગલિક કૃત્યો કરે છે. જે માણસો આવાં નિરર્થક અને ક્ષુદ્ર અનેક મંગળ કરે છે તે મૂઢ છે. માંગલિક કૃત્યો તો અવશ્ય કરવાં જોઇએ. પણ એવાં મંગળ કૃત્યોનું બહુજ થોડું ફળ છે. ધર્મમંગળ એજ મહામંગળ છે. એ મંગળમાં નીચેની બાબતો છે. નોકર ચાકરની ખબર રાખવી. ગુરૂની સારી રીતે સેવા કરવી. જીવને સારી રીતે નીયમમાં પ્રવર્તાવવા. બ્રાહ્મણ તથા ભિક્ષુકોને સારૂં દાન આપવું. એ તથા એવા પ્રકારનાં બીજાં સત્કર્મ કરવાં એનું નામ ધર્મમંગળ છે. આ મંગળ કરવાનો બોધ બાપ હોય તો બાપે, દીકરાએ, ભાઇએ, કે ઉપરીએ જયાં સુધી સામા માણસના મનમાં ઉતરે ત્યાં સુધી કરવો. આગળ કહ્યું છે કે દાન કરવું તે સારૂં છે પણ જેવાં ધર્મ સબંધી દાન તથા અનુગ્રહ છે તેવાં બીજાં કોઇપણ દાન કે અનુગ્રહ નથી. શુભ અંતઃકરણવાળા મિત્રે, જ્ઞાતિલાએ તથા સલાહકારે પ્રસંગ આવે ત્યારે કહેવું કે ઉપર કહેલાં કામ સારાં છે માટે તે કરવાં. આ સઘળું જે કરે છે તે અંતે સ્વર્ગે જાય છે. સ્વર્ગે લઇ જનારાં આ કામ જરૂર કરવાં જોઇએ.

## શાસન ૧૦.

જો દેવપ્રિય પ્રિયદર્શી રાજાની પ્રજા ધર્મસેવન ન કરત અથવા ધર્માજ્ઞાને ન અનુસરત તો તે યશ કે કીર્તિને પરમલાભકારી ન ગણત. પરંતુ તેની પ્રજા ઉપર પ્રમાણે પ્રવર્તે છે માટે તે યશ અથવા કીર્તિને ચાહેછે. દેવપ્રિય પ્રિયદર્શી રાજા જે કંઇ પરાક્રમ કરેછે તે કેવળ પરલોકને માટે કરેછે. તેથી પોતે બિલકુલ કલંકમુકત રહે ખરો. કલંક તો પાપજ છે. પરંતુ જો માણસ સર્વ કામ મૂકી દઈ આ કામને વાસ્તે અત્યંત પરિશ્રમ લે, તો ભલે તે ઉંચી કે નીચી પંક્તિનો હોય તોપણ તેનાથી આ કામ બનવાનું નથી. તેમાં પણ ઉંચી પદવીના માણસથી તો આ કામ બનવું ઘણુંજ અશકય છે.

## શાસન ૧૧.

દેવના પ્રિય પ્રિયદર્શી રાજા એમ કહેછે કે જેવું ધર્મદાન, ધર્મચર્ચા, ધર્મસંબંધી ઉદારતા કે ધર્મનો સંબંધછે એવું કોઇ પણ દાન નથી. ધર્મદાન વગેરેમાં નીચેની બાબતો છે ...... ..... નોકર ચાકરની સારી બરદાશ રાખવી, માતાપિતાની ભક્તિ કરવી, મિત્ર, ઓળખીતા, જાતિભાઇ, બ્રાહ્મણ તથા ભિક્ષુકોને સારી રીતે દાન દેવું. તથા જીવની રક્ષા કરવી. આ શુભ કર્તવ્ય છે એમ બાપે, દીકરાએ, ભાઇએ, મિત્રે, ઓળખીતા માણસે, જાતિભાઇએ તથા પાડોશીએ પણ કહેવું. આ પ્રમાણે જે કરેછે આ જગતમાં સર્વની પ્રીતિને પાત્ર થાયછે તથા પરલોકમાં પણ અનંત પુણ્યનું ફળ ભોગવે છે.

## શાસન ૧૨.

દેવ પ્રિય પ્રિયદર્શી રાજા સર્વ સંપ્રદાયના ભિક્ષુકમંડળ તથા ગૃહસ્થનો દાન માનાદિથી સત્કાર કરે છે. દેવપ્રિય પ્રિયદર્શી રા-

જા એમ માને છે કે, જે દાન કે પૂજાથી સર્વ સંપ્રદાયની યશોવૃદ્ધિ થાય તેના જેવું બીજું કોઈ દાન કે પૂજા નથી. સંપ્રદાયનું બળ અનેક રીતે વધી શકે છે. પણ સંપ્રદાયના ઉદ્ગમનું મૂળ તો એજ છે કે વાચા નિયમમાં રાખવી. કારણ કે તેથી પોતાના સંપ્રદાયની પ્રશંસા અથવા પર સંપ્રદાયની નિંદા ન થાય, તથા પ્રસંગ વિનાનું હલકું ભાષણ ન થાય. પ્રસંગ આવે ત્યારે એક સંપ્રદાયવાળા મનુષ્યોએ બીજા સંપ્રદાયવાળાને માન આપવું. જેઓ પ્રસંગે એક બીજાના સંપ્રદાયને ઉત્તેજન આપે છે તેઓ પોતાના સંપ્રદાયને વધારે છે, ને પરસંપ્રદાયનો ઉપકાર કરે છે. જે આથી વિરૂદ્ધ વર્તે છે તે પોતાની સંપ્રદાયનો ક્ષય કરે છે, તથા પર સંપ્રદાયનો અપકાર કરે છે. તથા હું મારા સંપ્રદાયની ઉન્નતિ કરૂંછુ એમ સમજી જે પોતાના સંપ્રદાયની કેવળ સ્તુતિ કરે છે તે પણ પોતાના સંપ્રદાયનો અત્યંત નાશ કરે છે. માટે સર્વ સંપ્રદાયવાળાએ હળીમળીને રહેવું એ સારૂં છે. તેઓ એકબીજાના ધર્મથી વાકેફ થાય તથા એકબીજાને મદદ કરે એવી દેવપ્રિય પ્રિયદર્શી રાજાની ઈચ્છા છે. કારણ કે, સર્વ સંપ્રદાયવાળા બહુશ્રુત તથા........... થાય જેથી સર્વ સંપ્રદાયનો યશ વધે તથા તેમને માન મળે એવા દાન શિવાય બીજા દાન કે પૂજનને તે માનતો નથી. આટલા સારૂ ધર્મ મહામાત્ર, સ્ત્રીઓ વિષે તપાસ રાખનારાઓ, સન્યાસીઓ આદિકની સાર સંભાળ રાખનારાઓ તથા એવા બીજાઓ કામે લગાડયા છે. આમ કરવાનું ફળ એટલુંજ કે, પોતાના સંપ્રદાયની વૃદ્ધિ થાય તથા ધર્મ પ્રકાશ પામે.

## શાસન ૧૩.

( અક્ષરો ઘણાખરા ઘસાઇ ગયા છે. )

શાસન ૧૪.

આ ધર્મલિપી દેવપ્રિય પ્રિયદર્શી રાજાએ લખાવેલી છે. કોઇ ઠેકાણે સંક્ષેપમાં લખાયેલી છે, કોઈ ઠેકાણે મધ્યમ રીતે તથા કોઇ સ્થાને વિસ્તારથી લખાયેલી છે. બધે ઠેકાણે બધું લખેલું નથી: દેશ મોટો છે માટે મેં જે લખાવ્યું છે તે ઘણું છે. કેટલીક બાબતો વિષયની મધુરતાને લીધે ફરી ફરીને લખી છે. કારણ કે. તે બાબતોને લોક વિશેષ પ્રીતિથી ગ્રહણ કરે. જો આ કોઈ સ્થાને અપૂર્ણ અથવા અયોગ્ય લખ્યું હોય તો તેનું કારણ એમ ધારવું કે અસલ સાથે તેની નકલ મળવી નહીં હોય અથવા તો કોતરનારે ભૂલ કરી હશે.

---

## સ્કંદગુપ્તના લેખનું ભાષાંતર.

જેણે બલિરાજા પાસેથી પોતાના પ્રીતિપાત્ર ભકતોને ભોગવવા યોગ્ય ઘણા કાળથી સંગ્રહ કરેલી સમૃદ્ધિને ઈંદ્રના સુખને માટે હરી લીધીછે, ને જે કમળમાં રહેનારી લક્ષ્મીનું વાસગૃહ છે તે અતિશય વિજયી તથા દુઃખ હરનાર વિષ્ણુનો જય થાઓ. તે પછી રાજાઓને ઘટે તેવા ગુણનો ભંડાર, શોભાયમાન વક્ષસ્થળવાળો, જેણે પોતાની ભુજાવડે પરાક્રમ કરેલાં છે તથા જે પુષ્કળ લક્ષ્મીવાન છે તે સ્કંદગુપ્તનો જય થાઓ. તે સ્કંદગુપ્ત માન અને ગર્વરૂપી ફૂલેલી ફણાવાળા નૃપરૂપી સર્પોને ગરૂડની બાણ સમાન તથા તેમનું વિષ ઉતારનાર છે. તેણે પોતાના પિતાના દેવલોક પામ્યા પછી ચાર સમુદ્રમાં ઉત્પંન થયેલાં રત્નોથી ભરપૂર એવી ચો તરફ વસેલા દેશવાળી પૃથ્વીને તાબે કરી શત્રુઓને નમાવ્યા. એ રાજાનો યશ પ્રસરતી વેળાએ જેમનો ગર્વ મૂળથી ગયો હતો તેવા

મ્લેચ્છ દેશમાં વસનાર તેના શત્રુઓ જીતાયેલા જેવાજ હતા, અને લજ્જાને લીધે તેઓ પોતાનાં મુખ રાજાને દેખાડી શકતા નહોતા. લક્ષ્મીએ ડહાપણથી વિચારીને તથા ગુણદોષનાં કારણો ધ્યાનમાં લઇને સર્વ રાજકુમારોનો અનાદર કરી સ્વયંવરમાં સ્કંદગુપ્તને પસંદ કર્યો. તેની પ્રજામાં કોઇપણ અધર્મના માર્ગે ચાલનાર, દુઃખી, દરિદ્રી, દંભી, લોભી, દંડયોગ્ય કે પીડિત નહોતું. એમ તેણે સઘળી પૃથ્વીને જીતીને શત્રુઓનો ગર્વ ભંગ કરી તથા સર્વ મુલકમાં રક્ષક નીમીને આ પ્રમાણે અનેક પ્રકારે વિચાર કરવા માંડ્યો. લાયક, બુદ્ધિશાળી, વિવેક, વિચાર ને સ્મરણશક્તિવાળો, સત્ય, સરલતા, ઉદારતા ને નીતિયુક્ત, મધુરતા, વિદગ્ધતા ને યશવાળો, પ્રીતિયુક્ત, પુરૂષત્વવાળો, નિષ્કપટ, સકલ કર્તવ્ય કર્મમાં તત્પર, સર્વ જનના કલ્યાણની કાળજી રાખનાર, એવો કોઇ મનુષ્ય મારા અમલદારોમાં હશે? વળી તે નીતિમાર્ગે દ્રવ્યનો સંગ્રહ કરવામાં, સંગ્રહિત દ્રવ્યનું રક્ષણ કરવામાં, તથા તેનો યોગ્ય રસ્તે ઉપયોગ કરવામાં સમર્થ હશે? જે આખા સૌરાષ્ટ્ર દેશ ઉપર અમલ ચલાવી શકે એવો મારા અમલદારોમાં કોણ છે? અરે હા, યાદ આવ્યું. આ બધો બોજો ઉઠાવવાને સમર્થ પર્ણદત્તજ છે. આ પ્રમાણે કેટલાએક દિવસ સુધી વિચાર કરી અંતે દ્રઢ નિશ્ચય કરીને પર્ણદત્તને કેટલીએક આજીજી સાથે સૌરાષ્ટ્રના રક્ષણને માટે નીમ્યો. જેમ પશ્ચિમ દિશાના અધિપતિ તરીકે વરૂણને નીમીને દેવતાઓ નિશ્ચિંત થયા, તેમ પશ્ચિમ દિશામાં સૌરાષ્ટ્ર ઉપર પર્ણદત્તને નીમીને સ્કંદગુપ્ત રાજા નિશ્ચિંત થયો. પર્ણદત્તને એક પુત્ર હતો તેનામાં ખરૂં પુત્રપણું હતું. તે બીજો પર્ણદત્ત હોય તેવો હતો. તથા તેને તેના બાપે પોતાના આત્માની પેરે ઉછેર્યો હતો. તેનું મન શાંત તથા

આકૃતિ કામદેવના જેવી રૂપાળી હતી. તેનું મુખ તળાવમાં ખીલેલા ફૂલ સરખું હતું. પોતાને ઘટે તેવી અનેક તરેહની રમતોથી તે હમેશાં ખુશીમાં રહેતો. શરણે આવેલા લોકોનો રક્ષક હતો. તેનું નામ ચક્રપાલિત હતું. તે લોકપ્રિય હતો. તથા પોતાના ઉત્તમ ગુણો વડે તેણે પોતાના પિતાની કીર્તિ વધારી. ક્ષમા, અમલ, વિવેક, નીતિ, ગર્વરહિતશૌર્ય,......દાન, ખુશમિજાજ, ડહાપણ, ઋણમુકિતપણું, ચંચળાઇ, સૌંદર્યતા, દુષ્ટને દંડ દેવો, ધૈર્ય, ઉદારતા એ સર્વ ગુણો તેનાથી કોઇ દિવસ છુટા પડતા નહીં. જેની ઉપમા આ ચક્રપાલિતને અપાય તેવો કોઈ પણ માણસ જગતમાં નથી. પણ સર્વ ગુણ તેમાં છે, માટે તેની ઉપમા બીજાને અપાય છે. આ તથા બીજા ગુણોની પરીક્ષા કરીને તેને તેના બાપે સૌરાષ્ટ્રની સરદારી સોંપી ત્યારથી તેણે પોતાના પૂર્વજો કરતાં પણ સારી રીતે શેહેરનું રક્ષણ કર્યું. તેણે પોતાની ભુજાઓના પરાક્રમ શિવાય કોઇ બીજા ઉપર આધાર રાખ્યો નથી. તેણે ગર્વથી કોઇને દુઃખ દીધું નથી. શહેરમાં જે દુષ્ટ જન હતા તેને શિક્ષા કરી. સર્વ પ્રજાનો તેના ઉપર ભરોંસો હતો. તે પ્રજાના ગુણદોષની પરીક્ષા કરીને તેમની સાથે હસતેમોહોડે વાત કરીને તથા તેમને યોગ્ય સન્માન આપીને પોતાનાં બાળબચ્ચાંની માફક રાજી કરે છે. એક બીજાને ઘેર જવા આવવાથી તથા કુલાચાર પ્રમાણે તેમનો આદરસત્કાર કરવાથી તેણે લોકોની પ્રીતિમાં વધારો કર્યો છે. તે બ્રાહ્મણપણું જાળવી રાખનાર, સમર્થ, પવિત્ર ને દાનશીલ છે. તે જે દર્શનીય પદાર્થ મળે તેનો ધર્મ ને અર્થને હરકત ન આવે તેવી રીતે ઉપભોગ કરે છે. પર્ણદત્તનો દીકરો નીતિવાન થાય એમાં કંઇ આશ્ચર્ય નથી. કારણ કે મોતીનાં ઝુમખાં તથા પાણીમાં થતાં કમળ

જેવાં શીતળ ચંદ્રમાંથી કદી પણ ગરમી ઉત્પન્ન થશે ? ઋતુના ક્રમ પ્રમાણે ઉનાળો ઊતરી જ્યારે ચોમાસું આવ્યું ત્યારે ગુપ્તના કાળથી ગણતાં ૧૩૬ ની સાલમાં ભાદરવા સુદ ૧ ની રાત્રીએ લાંબા વખત સુધી ઘણો વરસાદ વરસ્યો. જેથી, સુદર્શન તળાવ એકદમ ફાટયું. રૈવત પર્વતમાંથી નીકળેલી આસધળી નદીઓ તથા રેતીથી ચળકાટ મારતી પળાશિની (સોનરેખ) નદી જે આજ ઘણા કાળ સુધી બંધનમાં રહી હતી તે આજ હર્ષ પામી આગળની માફક ઊતાવળી પોતાના પતિ (સમુદ્ર) તરફ ચાલતી થઇ. વરસાદ થવાથી હર્ષ પામેલા સમુદ્રને જોઇ તેનું પ્રિય ચાહનાર ઊજ્જયંત પર્વતે પાણીમાં ઊગેલા કમળથી શોભાયમાન નદીરૂપી હાથ લાંબો કર્યો. કેટલાક રાતમાં જાગી ઉઠેલા તથા કેટલાએક પાછલી રાત્રે જાગેલા લોકો ખેદ પામી ચિંતા કરવા લાગ્યા કે હવે શું કરવું ? તેટલામાં સુદર્શન તળાવ અદર્શન થયું (નાશ પામ્યું). લોકો કહેવા લાગ્યા કે સુદર્શન તળાવ જે હાલ દેખાતુંજ નથી તે. ફરી કોઈ દીવસ સમુદ્રનો દેખાવ આપશે..............ચક્રપાલિત પિતાનો ભક્ત હતો તેથી રાજાના તથા શહેરના હિતને વાસ્તે ૧૩૭ની સાલમાં...............ઉનાળાના મારા (ચૈત્ર)..........પહેલે દિવસે ઘણોએક શ્રમ તથા પૈસા ખરચી....

## રૂદ્રદામાના લેખનું ભાષાંતર.

સિધ્ધ, આ સુદર્શન તળાવ ગિરનાર પર્વતના પડધાર..... માટી તથા પથ્થરથી લાંબુ પહોળું તથા ઉંચુ પથરાની સાંધ માલમ ન પડે તેવી રીતે મજબુત ચણેલી પાળવાળું છે. તેથી તે ડુંગરની ધારની બરોબરી કરે છે. તેના બંધ ઘણા સજ્જડ છે...... તેને એક સ્વાભાવિક પુલ છે. તથા તેને પાણી જવા માટે રસ્તા

રાખેલા છે તેની ત્રણ શાખા છે.....વગેરે ઉપકારોથી ઘણું જ વૃદ્ધિ પામ્યું છે. આ તળાવ પ્રાતઃકાળે નામ લેવા યોગ્ય મહાક્ષત્રપ સ્વામિચષ્ટા રાજાના માત્ર ...... (મહાક્ષત્રપ જયદામાના) પુત્ર જેનું નામ મોટા પુરૂષો પણ વારંવાર લે છે તે રૂદ્રદામાના ૭૨ મા વર્ષમાં માર્ગશીર્ષ વદી પડવાને દિવસે...... જ્યારે પૃથ્વી સમુદ્ર જેવી થઇ હતી ત્યારે ઉજ્જયંત પર્વતમાંથી વહેતી સુવર્ણ જેવી ચકચકિત રેતીવાળી સોનરેખ, પળાશિની વગેરે નદીઓના વધેલા પુરના વેગને લીધે પુલ...........ફાટે નહીં તેને માટે જોઈએ તે જેવી યુકિતઓ કરી રાખ્યા છતાં પણ પર્વતનાં શિખર, ઝાડ, અગાશી, ઘર, જયસ્તંભ, બારણાં વગેરેનો નાશ કરનાર પ્રલયકાળ સમાન ભયંકર અત્યંત વેગવાળા પવનને લીધે ઉછળતા પાણીમાં ભાગી ગયેલ.........પથરાઓ, ઝાડનાં મૂળ, તથા વેલાઓનાં જાળાં આવી પડ્યાં, તેથી પુલ તૂટયો તથા તેમાં મથાળેથી નદીનાં તળસુધી ચારસે વીસ હાથ લાંબો, તેટલોજ પહોળો, તથા પંચોતેર હાથ ઊંડો રસ્તો પડી ગયો. જે માર્ગે સઘળું પાણી નીકળી જવાથી એ તળાવ મારવાડ જેવું અત્યંત દુર્દર્શન થયું........સારૂં મૌર્યવંશી રાજા ચંદ્રગુપ્તના સુબા વૈશ્યજાતિ પુષ્પગુપ્તે બંધાવ્યું હતું. તથા મૌર્યવંશી યવન રાજાના (સેવક) યવન રાજા તુશસ્પે નહેરોથી સણગાર્યું હતું. રાજાને કરાવવી ઘટે તેવી કરાવેલી નહેર જે તે પુલના ફાટેલા ભાગમાં નજરે પડી તેથી મોટો પુલ..........જન્મથીજ મોટો લક્ષ્મીવાન હોવાથી સઘળા વર્ણોએ શરણે જઈ જેને પોતાના રક્ષણને માટે સ્વામી તરીકે સ્વીકાર્યો છે. સંગ્રામમાં સન્મુખ આવેલા પોતાના બરોબરીઆ શત્રુને મારવા શિવાય જીવતાં સુધી કોઈપણ મનુષ્યવધ નહીં કરવાની જેણે પ્રતિજ્ઞા લીધેલી છે. દાનાદિ ગુણ

............જે દયાવાન તથા પોતાની મેળે શરણે આવેલા લોકોનું વિશેષપણે રક્ષણ કરનાર છે. પૂર્વ પશ્ચિમ આકરાવંતી, અનૂપ દેશ, આનર્ત, સુરાષ્ટ્ર, શ્વભ્ર, મરૂકચ્છ, સિંધુ, સૌવીર, કુકુર, અપરાંત, નિષાદ વગેરે સર્વ દેશો જેમાંનાં નવાં શહેરોના તથા બજારના માણસો પણ ચોર, સર્પ, પશુ, રોગ વગેરે ઉપદ્રવથી મુકત છે. જેઓ પોતાના પરાક્રમથી મેળવેલી રાજભક્ત પ્રજાવાળા છે; જેઓમાં તેના પ્રભાવને લીધે........ઇષ્ટવસ્તુ મળી શકે છે; તેઓનો જે સ્વામી છે. સર્વ ક્ષત્રીઓની અંદર મળેલી વીર પદવીને લીધે ગર્વ પામી તાબે નહીં રહેલા યોદ્ધાઓનો જેણે બળાત્કારે જડમૂળથી નાશ કર્યો. દક્ષિણાપથના રાજા સાતકર્ણિને ખુલ્લી રીતે બે વાર જીતીને પોતાનો નિકટનો સંબંધી હોવાથી જીવતો છોડી દઈ જેણે યશ મેળવ્યો.........જે વિજયી તથા પદભ્રષ્ટ થયેલા રાજાઓને ફરીને બેસારનાર છે. યોગ્ય ઉદારતાથી જેણે ધર્મની ઉત્કૃષ્ટ પ્રીતિ મેળવી છે. વ્યાકરણ, તર્ક, સંગીત, નીતિ વગેરે મોટી વિદ્યાઓનો અભ્યાસ કરવાથી, તેમને યાદ રાખવાથી, તેમનો સારાંશ સમજવાથી તથા તેમનો ઉપયોગ કરવાથી જેણે પુષ્કળ યશ મેળવ્યો છે. હાથી, ઘોડા, રથને ફેરવવા, ઢાલ, તરવાર વગેરેથી યુદ્ધ..........જેનું કામ શત્રુની સેના ઉપર ટુંકું તથા સહેલું જણાયછે. દાનમાન આપવાનો તથા અપમાન નહીં કરવાનો જેનો સ્વભાવ છે. જે દીર્ઘદ્રષ્ટિ છે. જેનો ખજાનો યોગ્ય ભેટ તથા કરથી આવેલાં સોનું, રૂપું, હીરા, વૈદૂર્યમણિની પુષ્કળતાથી ઉભરાઈ જાયછે. જેની ગદ્યપદ્યાત્મક વાણી સ્ફુટ, કોમળ, મધુર, વિચિત્ર, મનોહર શબ્દ તથા ગંભીર અર્થયુકત, ને અલંકારવાળી છે. ઉત્તમ લક્ષણ જણાવનાર કદ, ઉંચાઈ, અવાજ, ચાલ, બળ, વગેરેથી જેની આકૃતિ મનોહર છે. જેણે પોતાના

પરાક્રમથી મહાક્ષત્રપની પદવી મેળવી છે. રાજકન્યાઓના સ્વયંવરમાં જેના કંઠમાં અનેક વરમાળા રોપાયેલી છે. તે મહાક્ષત્રપ રૂદ્રદામાએ હજાર વર્ષ સારૂં ગાય........બ્રાહ્મણ........ સારૂં પોતાના ધર્મ તથા કીર્તિની વૃદ્ધિ વાસ્તે શહેરની તથા દેશની પ્રજાને કર, વેઠ તથા પ્રીતિનાં કામોથી પીડા...........પોતાના ભંડારમાંથી અથાગ દ્રવ્ય ખરચી થોડા વખતની અંદર હતો, તેથી ત્રણ ગણો લાંબો પહોળો તથા મજબૂત પૂલ બંધાવી સુદર્શન તળાવને વધારે સુદર્શન કર્યુંછે. આ કામમાં તે રાજાના મંત્રીઓ તથા અમલદારો જોકે કારભારીને યોગ્ય ગુણવાળા છે તોપણ ફાટ ઘણીજ મોટી હોવાથી ઉત્સાહભંગ થઇ તેમણે એ પૂલ ફરી બાંધવાનું કામ શરૂ કરવાની ના પાડી. આથી નિરાશ થયેલી પ્રજામાં શોકનો પોકાર ઉઠયો. ત્યારે આ જગાએ સૌરાષ્ટ્ર તથા આનતના રક્ષણને માટે નીમેલો, ધર્મ તથા અર્થને અનુસરીને પ્રજાની પ્રીતિમાં વધારો કરનાર, શક્તિવાન, ઈંદ્રિયો વશ રાખનાર, સ્થિર મનવાળો, ગભરાય નહીં એવો, પોતાના ધણીના ધર્મ ને કીર્તિને વધારનાર, જે કુલૈયનો પુત્ર સુવિશાખ પેલ્હવ છે તેણે આ કામ પુરૂં કર્યું.

---